

॥હરિઃૐ॥



## પૂજ્ય શ્રીમોટાના

# વહાલા ઝીણાભાઈ

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥



# પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૨૦૦૫ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૦૭ | ૧૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૨ | ૨૦૦૦ |
| ચોથી | ૨૦૧૫ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૮ + ૨૫૮ = ૨૭૬

❑ કિંમત : **રૂ. ૨૦/-**

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા, કુરુક્ષેત્ર, રાંદેર,
સુરત - ૩૯૫ ૦૦૫, ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪/૨૭૭૧૦૪૬

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** (મો.) ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. : ૦૯૩૨૭૦૩૬૪૧૪

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનું ગોકુળિયું ગામ એટલે લવાછા, વહાલા ઝીણાકાકાની જન્મભૂમિ. લવાછા ગામના સૌ સ્વજનોને આશ્રમ પ્રત્યે અપાર લાગણી અને ભાવના. પોતાના ખેતરનો પાક ઉતરે એટલે આશ્રમ માટે અલગ ભાગ કાઢી લે. યુવાનો આશ્રમે આવે તો કામે લાગી જાય. સંકટ સમયની સાંકળ એટલે લવાછાના યુવાનો. પૂ. ઝીણાકાકા પ્રત્યે અત્યંત માન, આદર અને પૂ. કાકાના હાથે જ ઘડાયેલા. આશ્રમનું કામ કરે તો જ ચા પીવે. ફક્ત દર્શન કરવા આવે તો ચા પણ ન પીવે એવી શિસ્તના પાલક યુવાનો. ગામ લવાછાના સ્વજનોની કદરભાવના કરતા પૂ. ઝીણાકાકાના જીવન અને કવન વિશેનું અત્યંત માહિતીસભર પુસ્તક **'પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ'**ની આ ચોથી આવૃત્તિનું પ્રકાશન અમો

**લવાછા ગામના સૌ સ્વજનોને**

અત્યંત માન અને આદરપૂર્વક સમર્પણ કરતા આભાર વ્યક્ત કરીએ છીએ.

તા. ૧૨-૧૧-૨૦૧૫ **ટ્રસ્ટીમંડળ,**
નૂતન વર્ષ, **હરિઃૐ આશ્રમ, સુરત**
કારતક સુદ ૧, સં. ૨૦૭૨

॥ હરિઃૐ ॥

# એક અવસર

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ પોતાની સાધના જે પ્રકારે ગુપ્તપણે કરી, તે જ રીતે સદ્‌ગત શ્રી ઝીણાભાઈ મકનજી પટેલ-ઝીણાકાકાએ પોતાનું જીવન અને કાર્ય સભાનતાથી ગોપાવેલું રાખ્યું છે.

સુરત સ્ટેશનના પ્લૅટફૉર્મ ઉપર પૂજ્ય શ્રીમોટાની અને શ્રી ઝીણાકાકાની જ્યારે ‘નજરો નજર મળી’ એ ધન્ય પળે શ્રીમોટામાં શ્રીરામસ્વરૂપનાં દર્શન થયાં, તે ક્ષણે જ જાણે પોતે દીક્ષિત થયા હોય તેમ ક્રમશઃ સંપૂર્ણ સેવકભાવે તેઓ વિકાસ પામતા ગયા. હરિઃૐ આશ્રમ, સુરતના પ્રારંભ કાળની તે સમયની પરિસ્થિતિ અને સંજોગોની જે આછીપાતળી માહિતી સ્વજનો પાસે છે, તેટલા ઉપરથી પણ શ્રી ઝીણાકાકાએ પસાર કરેલ સમર્પિત જીવનની ઝાંખી થઈ શકે છે.

શ્રી ઝીણાકાકા પોતે ભલે ખૂબ ઓછું અને ખપ પૂરતું જ બોલતા, પરંતુ તેમના હાથપગ અને હૈયું સદાય ભાવભરી વાણી પ્રસારતાં રહેતાં. આશ્રમ માટે - આશ્રમમાં તેઓએ જે જે યજ્ઞકાર્ય કર્યું છે, તે અવર્ણનીય છે. તેમના દેહાંત પછી જે કાંઈ થોડુંક સાહિત્ય ખાસ કરીને પૂજ્ય શ્રીમોટાના પત્રો વગેરે મળી શક્યું, તેના આધારે એક નાનકડી અંજલિ સ્વરૂપે આ પ્રકાશન થઈ શક્યું છે.

આ પુસ્તકના પ્રકાશનમાં અમેરિકા નિવાસી એક સ્વજને પોતાનો આર્થિક સહયોગ આપ્યો છે, તે બદલ અમો તેમના

ખૂબ ખૂબ આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પ્રેમભાવે, સ્વઉમળકાથી શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે, તે બદલ અમો તેમના આભારી છીએ.

અલ્પ કાળમાં આકાર પામતા આ કાર્યમાં જે કાંઈ ઊણપ દેખાય તેને સ્વજનો ઉદારભાવે નિભાવી લેશે એવી પ્રાર્થના. સદ્‌ગત શ્રી ઝીણાકાકાના મહાન ઉચ્ચ આત્માની સ્મૃતિમાં થયેલું આ પ્રકાશન એ અમારા માટે એક અવસર છે. તેને પ્રકાશિત કરતાં અમે ધન્યતા અને કૃતજ્ઞતાની લાગણી અનુભવીએ છીએ.

સદ્‌ગત શ્રી ઝીણાકાકાને પૂજ્ય શ્રીમોટાએ વર્ષો પહેલાં સને ૧૯૭૨માં **'કૃપા'** પુસ્તકમાં જે **'ભાવાંજલિ'** આપેલી છે, તેથી વિશેષ તો અમે શું લખી શકીએ ! એ ભાવથી એ જ અંજલિને અત્રે પુનઃપ્રકાશિત કરીએ છીએ.

તા. ૬-૫-૨૦૦૫ **ટ્રસ્ટીમંડળ,**

હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# ભાવાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

## વહાલા ઝીણાભાઈને ચરણે ...

(અનુષ્ટુપ)

આશ્રમની પહેલાંયે જેની પસંદગી થઈ,
કેવા કેવા તબક્કામાં તપશ્ચર્યા કર્યા કરી. ૧

નિર્મોહી પૂર્ણ નિર્લોભી, સદ્ભાવ ધારી જીવને,
જે જે મળે બધાંનેયે ચાહ્યા કરે ખરા દિલે. ૨

પ્રત્યેક કર્મને માટે શી તે તત્પરતા ધરે !
જેનું તેનું ચીંધ્યું કર્મ ઉત્સુક કરવા હૃદે. ૩

ભાગીને છૂટવા વૃત્તિ કશામાંથી ન એમને,
પૂરા ઉત્સાહી ખંતીલા મળેલાં કર્મને વિશે. ૪

ગમે ત્યારેય શા પોતે તૈયાર, સાબદા રહે,
નીરોગી, સાવ નિષ્ક્રોધી, કર્મની પટુતા દિલે. ૫

બધાંયે કર્મની કેવી શી આવડત એમને !
ના કશું કરવાની ના એમને મુખ નીકળે. ૬

આશ્રમ કાજ તો કષ્ટો કેવાં કેવાં સહ્યાં ચહી,
ફરિયાદતણો શબ્દ કાઢ્યો એક્કે ન મુખથી. ૭

જેના વિના કદી ચાલે નહીં આશ્રમ કો રીતે,
સાથે સાચવનારા શા બધાંનાય સ્વભાવને. ૮

જાત નીચોવી નાંખી છે સમર્પણે જ ભાવથી,
જેને સમયની ટાંચ વર્તાતી જ કદી નથી. ૯

ગમે તે કામ છો સોંપો છતાં તત્પર શા સદા !
લેવા ઉપાડી પ્રેમેથી ને તે પાર ઉતારવા, ૧૦

સર્વને રાખવા રાજી પોતે શા વિજયી જ છે !
નિરભિમાની શા જેને, માનકેરી પડી ન છે ! ૧૧

સદાયે હસતા કેવા ! કર્મ વ્યાસંગમાં રમે,
નવરું બેસી ર્‌હેવાનું જેને કદીય ના ગમે. ૧૨

કશા વિશે ન ચિંતા છે, કશાની ચણચણાટી ના,
કોઈનુંયે નકારાત્મક પોતે બોલ્યા નથી કદા. ૧૩

‘પ્રાણ આશ્રમના પોતે, છતાં પોતે ન કૈં જ છે’,
એ રીતે જીવતે વર્તે, પોતે નિઃસ્પૃહી સાવ છે. ૧૪

‘મરતાંનેય કદી ક્‌હે ના મેર’ એવા મનુષ્યને,
સંસારે વિરલા કોક ઝીણાભાઈ સમા મળે. ૧૫

પ્રતિષ્ઠા, કીર્તિની જેને સ્‌હેજે પડી નથી જગે,
સંબંધ આગવો પોતે બાંધવાનું ન તે ચહે. ૧૬

મહત્ત્વ આગવું ક્યાંયે પોતાનું દેખવા ન દે,
અન્યાય કેટલા કેવા પ્રેમે સહ્યા કરેલ છે. ૧૭

ખોટી રીતે થયા જેઓ ગુસ્સે તો એમના પરે,
તેવાની પર સદ્‌ભાવ, પ્રેમ તે નિત્ય ઠાલવે. ૧૮

વઢીને ધૂળ કાઢી છે ઝીણાભાઈની જેમણે,
સેવા એવાનીયે પોતે હર્ષે હર્ષે કરી જ છે. ૧૯

ભણ્યા ભલે ન છે પોતે, કિંતુ સાચું ભણેલ છે,
જીવન જે રીતે જીવે તે ભણતર, યોગ્ય છે. ૨૦

કળા, કુનેહ સૌ કર્મે, હોશિયારી બધી રીતે,
છતાં ચ્હેરા પરે એવું કળાયે છે ન કો' રીતે. ૨૧

કોઈને કૈં કહેવાની સ્પષ્ટ ચોખ્ખું ખરેખરું,
-હિંમત તેમનામાં ના એવા છે સાવ શા ભીરુ ! ૨૨

વિનયશીલ, મર્યાદા ઓળંગે નવ કોઈની,
નમ્રતા એમના જેવી મળે ભાગ્યે જ કોકની. ૨૩

એવા મને મળ્યા પોતે સંભાળવા જ આશ્રમ,
એવાને ચરણે હર્ષે ધરું ભાવાંજલિ પદ. ૨૪

'કૃપા', પ્રથમ આવૃત્તિ **-મોટા**

❑

॥ હરિઃૐ ॥

# બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રી ઝીણાકાકાના દેહત્યાગ પહેલાંથી જ સુરત, હરિઃૐ આશ્રમનાં સૌ સ્વજનોની એવી ભાવના હતી કે પૂજ્ય શ્રી ઝીણાકાકા વિશે એક પુસ્તિકા તેમના દેહાવસાન પછી પ્રગટ કરવી. નાની પુસ્તિકા જેટલી પણ એમના જીવનની વિગતો મળશે કે કેમ તે પણ એક શંકા હતી, કારણ કે પૂજ્ય શ્રી ઝીણાકાકાએ કદી પણ પોતાના પૂર્વજીવનની વાતો કરી ન હતી. પૂછવા છતાં તે વાતને ટાળી દેતા અથવા તો એવી રીતે જવાબ આપતા કે પૂછનારને જ એમ થાય કે આનાથી વિશેષ કંઈ જાણવા મળે તેવું નથી. હા, પૂજ્ય શ્રીમોટાની વાત હોય કે શ્રી ભીખુકાકાની વાત હોય કે આશ્રમની વાત હોય તો તેઓ ખૂબ જ હોંશે હોંશે વાત કરતા. 'હું' શબ્દ તો એમની વાણીમાંથી ભુસાઈ જ ગયો હતો. તેઓ હંમેશાં 'અમે' શબ્દ જ વાપરતા. આમ, આ પુસ્તકની વિગતો માટે અમે બધાં મૂંઝવણમાં હતાં, પરંતુ જ્યારે 'વહાલા ઝીણાભાઈ'નું કામ હોય ત્યારે પૂજ્ય શ્રીમોટા થોડા બેસી રહે ? ધુમ્મસમાં દૂરથી એમ જ લાગે કે રસ્તા ઉપર આગળ કેમ વધવું ? પરંતુ જેમ જેમ આગળ ચાલતા જઈએ તેમ તેમ રસ્તો સૂઝતો જાય. એવું જ ધુમ્મસ અમારા માનસપટ ઉપર છવાયેલું હતું, પરંતુ જેમ જેમ લખાતું ગયું તેમ તેમ પૂજ્ય શ્રીમોટા પ્રકાશ પ્રેરતા ગયા અને નવું નવું લખવાનું અમને સાંપડતું ગયું. ઘણી વખત વચ્ચે અટકી પડાતું હતું અને અચાનક કંઈક મળી આવતું ત્યારે ખૂબ જ આનંદ થતો.

સૌ પ્રથમ અમે પૂજ્ય શ્રી ઝીણાકાકાના મોટા ભાઈ, શ્રી ગાંડાભાઈનો ખૂબ આભાર માનીએ છીએ, જેઓને દમ-શ્વાસની બીમારીને કારણે બોલવામાં તકલીફ પડતી હોવા છતાં અમને પૂજ્ય

શ્રી ઝીણાકાકાના બચપણ અને યુવાવસ્થાની વિગતોથી માહિતગાર કર્યા. તે ઉપરાંત, પૂજ્ય શ્રી ઝીણાકાકાના બાળગોઠિયા લવાછાના શ્રી રામભાઈ પરાગભાઈ પટેલે બચપણની વાતોથી વાકેફ કર્યા. આશ્રમના પાયામાં ધરબાયેલા લવાછાના શ્રી ગાંડાભાઈ જીવણભાઈ પટેલ અને શ્રી સુખાભાઈ જી. પટેલે પણ  કેટલીક વધુ વિગતો પૂરી પાડી. લવાછાના (હાલ ઓલપાડ) શ્રી રઘાભાઈ પીરજીભાઈ પટેલે ૧૯૫૪માં શરૂ થયેલા જપયજ્ઞની અને નીરાબનની સચોટ માહિતી પૂરી પાડી. આડમોરના શ્રી કુબેરભાઈ મૂળજીભાઈ પટેલે પણ નીરા સોસાયટીનો ઈતિહાસ પૂરો પાડ્યો. આ બધાના અમે ખૂબ ખૂબ આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાના શ્રી ઝીણાકાકા ઉપરના પત્રોનો આધાર મળ્યો ના હોત તો ખરેખર તો કશું જ લખાત નહિ. તે ઉપરાંત, પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોમાં વર્ણવેલાં આધ્યાત્મિક પંથનાં લક્ષણો ઉપરથી જ સર્વ કાંઈ લખાયું છે. પૂજ્ય શ્રી ઝીણાકાકાના જીવનના પ્રસંગોને આ લક્ષણોથી સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

પૂજ્ય શ્રી ઝીણાકાકાને પૂછયું હતું કે ‘તમે કઈ રીતે સાધના કરી હતી ?’ તેના જવાબમાં તેમણે કહ્યું, ‘અમે સાધના કરી જ નથી. અમે મોટાનું કામ જ કર્યું છે.’ આ વાક્યમાં જ સાચો જવાબ સમાઈ જાય છે, જે શ્રી ઝીણાકાકાની ‘સહજ સાધના’ પ્રકરણમાં આવી જાય છે. શ્રીસદ્‌ગુરુ પ્રેમભક્તિ સિવાય એમણે બીજી કોઈ સાધના કરી ન હતી. એ તેમની વાતો ઉપરથી સ્પષ્ટ જણાઈ આવતું. તેઓ બોલતા ઓછું અને તેમાં પણ પૂજ્ય શ્રીમોટા વિશેના પ્રસંગો એટલા ભાવથી તેઓ બોલતા કે તેમાં રહેલી તેમની ગુરુભક્તિની સુવાસ સાંભળનારને તરબતર કરી દેતી.

શ્રી ભીખુકાકાને કેમ ભુલાય ? એમના નિમિત્તથી જ આપણે બધાં પૂજ્ય શ્રીમોટાને મળ્યાં. એમનું ‘જીવન ઝરમર’ પુસ્તક વાંચીએ ત્યારે જ એમના ભવ્ય જીવનનો ખ્યાલ આવે. પૂજ્ય શ્રીમોટા માટેની

એમની અનન્ય ભક્તિ  વિવિધ પ્રસંગોમાં જણાઈ આવે છે. સુરત, હરિઃૐ આશ્રમ સ્થાપવામાં એમની તનતોડ મહેનતને આપણે ભૂલી જઈએ અને એમને યાદ કરવાની કોઈ નિશાની પણ ના રાખીએ તો આપણા જેવા નગુણા બીજા કોણ હોઈ શકે ? સૂર્યનું તેજ તારલાઓથી ઝાંખું નથી પડતું, તેમ આ તારલાઓની સ્મૃતિ જાળવવાથી પૂજ્ય શ્રીમોટાનું મહત્ત્વ કોઈ કાળે ઓછું ના થઈ શકે. સ્વામી વિવેકાનંદને કારણે શ્રીરામકૃષ્ણ પરમહંસની મહત્તા ઓછી થઈ કે વધી છે ? શ્રી ભીખુકાકાના પ્રકરણ વગર આ પુસ્તક બની જ ના શકે.

ડૉ. શ્રી મનસુખભાઈએ ભક્તિભાવે પૂજ્ય શ્રી ઝીણાકાકાના અવાજને પોતાના હૃદયમાં અને ટેપમાં કેદ કરી રાખ્યો છે. પૂજ્ય શ્રી ઝીણાકાકાના સ્વમુખે આશ્રમના પ્રસંગો બોલાયેલા છે. તેનો ઉપયોગ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. તે માટે ડૉ. શ્રી મનસુખભાઈનો આભાર માનવાનો ના હોય. તેઓ તો હાટડી માંડીને બેઠા જ છે. જેને લૂંટવું હોય તે લૂંટી શકે છે.

પુસ્તકમાં લીધેલા અમુક ફોટાઓ માટે અમે અમેરિકા નિવાસી, પૂજ્ય શ્રીમોટાના હૃદયમાં વસતાં, ૮૧ વર્ષની ઉંમરે પણ પૂજ્ય શ્રીમોટાની શક્તિનાં દર્શન કરાવતાં પૂજ્ય મંજુબહેન ધીરુભાઈ મહેતાનો આભાર માનીએ છીએ.

આ પુસ્તકના કોઈ લેખક નથી. ઘણાં સ્વજનોનો સંકલન કરી લખવાનો આ સંયુક્ત પ્રયાસ માત્ર છે. જે કંઈ થયું તે પૂજ્ય શ્રીમોટાની કૃપાથી. તે સિવાય થવું અશક્ય છે.

**- સંકલનકર્તા**

તા. ૬-૫-૨૦૦૫ **ડૉ. અનિલભાઈ ભાલોડિયા**

**સુરત.**

❑

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના પરમ ભક્ત અને મૂક સેવક પૂજ્ય શ્રી ઝીણાકાકા પોતાના જીવન અને કાર્ય અંગે વ્યક્ત થવામાં ભારે સંયમી રહ્યા હતા. તેઓશ્રીના દેહાવસાન બાદ તેમના વિશાળ ચાહક વર્ગ અને તેમના પ્રત્યે જેઓ સવિશેષ રીતે આદર અને ભક્તિભાવ ધરાવતા હતા, તે પૈકી કેટલાંક સ્વજનોએ સદ્‌ગતના જન્મથી દેહાંત સુધીના અને ખાસ કરીને પૂજ્ય શ્રીમોટા સાથેના તેમના જોડાઈ ગયેલા તાણાવાણાને શબ્દસ્વરૂપ આપી **'પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ'** પુસ્તકનું સને ૨૦૦૫માં હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા પ્રકાશન કરાયું હતું.

આ પુસ્તકને સ્વાભાવિક રીતે સ્વજનોએ આવકાર્યું અને તેની પ્રતો અપ્રાપ્ય બની. એટલે આ પ્રકાશનની ચોથી આવૃત્તિ પ્રગટ કરીએ છીએ ત્યારે પ્રથમ આવૃત્તિ સમયે જે જે સ્વજનો તે કાર્યમાં સક્રિય થયાં હતાં, તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. ડૉ. અનિલભાઈ ભાલોડિયા અને તેમના સાથી વર્ગનો તે માટે ખાસ ઉલ્લેખ કરીએ છીએ.

બીજી આવૃત્તિના પ્રકાશનમાં એક બે વિગતોની સ્પષ્ટતા કરેલ છે. પ્રથમ આવૃત્તિમાં જ્યાં જ્યાં પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહમાંથી અવતરણો લેવાયાં હોવાનું જણાયું છે, ત્યાં ત્યાં તે લખાણને **ઈટાલીક્સ**માં લેવાયું છે.

બીજું શ્રી ઝીણાકાકાના દેહાંત પહેલાં તેઓશ્રી સાથે જે વાર્તાલાપ કરાયો-વીડીયો ટેપ કરાયો-તેના કેટલાક અંશાનો

**'અંતિમ ઇચ્છા'**ના પ્રકરણનો ઉમેરો કરાયો છે. શ્રી ઝીણાકાકા આજીવન નિર્મોહી રહ્યા. આપણે સૌ સ્વજનો તેમને માર્ગદર્શક બનાવી તેમના જીવનમાંથી પ્રેરણા મેળવી શકીએ એવી શક્તિ અને મતિ પૂજ્ય શ્રીમોટા આપણને અર્પે એવી પ્રાર્થના સાથે આ ચોથી આવૃત્તિ રજૂ કરીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

તા. ૧૨-૧૧-૨૦૧૫ **ટ્રસ્ટીમંડળ,**
નૂતન વર્ષ, સં. ૨૦૭૨ **હરિઃૐ આશ્રમ, સુરત**
કારતક સુદ એકમ

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | જન્મ | ૧ |
| ૨. | અભ્યાસ | ૬ |
| ૩. | ગરીબી | ૧૦ |
| ૪. | ભક્તિના સંસ્કાર અને લગ્નમાંથી મુક્તિ | ૧૩ |
| ૫. | તરવાડાનું કામ અને માનું મૃત્યુ | ૧૬ |
| ૬. | જીવનપ્રવાહ બદલાયો - નીરામંડળીમાં | ૨૧ |
| ૭. | નિમિત્ત - શ્રી ભીખુકાકા | ૨૪ |
| ૮. | શ્રીસદ્‌ગુરુનો પ્રથમ સ્પર્શ | ૨૭ |
| ૯. | ‘તે હું જ છું’ | ૩૧ |
| ૧૦. | મૌનસાધનાની શરૂઆત અને હનુમાનનાં દર્શન | ૩૫ |
| ૧૧. | શ્રીસદ્‌ગુરુ | ૪૦ |
| ૧૨. | ખુલ્લા થવાની સાધના | ૪૩ |
| ૧૩. | શ્રીસદ્‌ગુરુનું દ્વિતીય મિલન | ૫૦ |
| ૧૪. | શ્રી ઝીણાભાઈની સ્વીકારાત્મક ભૂમિકા | ૫૫ |
| ૧૫. | કુરુક્ષેત્ર, જપયજ્ઞમાં સેવા અને...પાવન પગલાં | ૬૦ |
| ૧૬. | આશ્રમ માટે પસંદગી | ૬૪ |
| ૧૭. | આશ્રમની તૈયારી | ૬૭ |
| ૧૮. | શ્રીસદ્‌ગુરુની એકનિષ્ઠ સેવામાં | ૭૧ |
| ૧૯. | પ્રથમવાર નડિયાદ આશ્રમ અને શ્રીસદ્‌ગુરુની કસોટી | ૭૪ |
| ૨૦. | ગુરુ,શિષ્યને મળવા આવ્યા અને શિષ્યની સંભાળ | ૭૮ |
| ૨૧. | ચેતનની પ્રાણપ્રતિષ્ઠા, સંસારત્યાગનો હુકમ | ૮૨ |

| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૨. | કુરુક્ષેત્રમાં કાયમી નિવાસ. ધૂણીવાળા... | ૮૬ |
| ૨૩. | ફકીરી - શ્રીસદ્ગુરુશરણે | ૯૨ |
| ૨૪. | અભયની કેળવણી | ૯૬ |
| ૨૫. | વ્યાકુળતા - લગની | ૯૮ |
| ૨૬. | હરિઃૐ આશ્રમ, સુરતનું ભૂમિપૂજન-નિર્માણ કાર્ય | ૧૦૨ |
| ૨૭. | પ્રેમલક્ષણા ભક્તિ અને સહજ સાધના | ૧૦૯ |
| ૨૮. | તું તો મારો આશ્રમ છે | ૧૧૪ |
| ૨૯. | મુશ્કેલીના દિવસો | ૧૧૯ |
| ૩૦. | ગોકુળિયું ગામ લવાછા | ૧૨૫ |
| ૩૧. | ટેન કમાન્ડમેન્ટસ્ | ૧૩૨ |
| ૩૨. | પ્રસંગો - શ્રીમુખેથી | ૧૩૪ |
| ૩૩. | આશ્રમ માટે ભિક્ષા | ૧૫૩ |
| ૩૪. | યાત્રાઓ | ૧૫૮ |
| ૩૫. | સહજ સાધના ભલી.. શ્રી ઈંદુકુમાર દેસાઈ | ૧૭૩ |
| ૩૬. | તો આપણે ખોટા - શ્રી રમેશભાઈ ભટ્ટ | ૧૭૭ |
| ૩૭. | ભાવાંજલિ | ૧૮૨ |
| ૩૮. | એક અનોખો ઉત્સવ | ૨૧૧ |
| ૩૯. | શરીર સાથે યુદ્ધ | ૨૧૮ |
| ૪૦. | યુદ્ધમાં વિજય | ૨૨૬ |
| ૪૧. | અંતિમ પ્રયાણ | ૨૨૮ |
| ૪૨. | અંતિમ ઇચ્છા | ૨૩૭ |
| ૪૨. | શ્રી ઝીણાકાકાના જીવનની ઘટનાઓ | ૨૪૨ |

॥ હરિ:ૐ ॥

## વિભૂતિયોગ

(અનુષ્ટુપ)

*કૈં જે વિશેષ જાણીતા વિશ્વમાં તે થયા ન છે,*
*પ્રતિષ્ઠા જે થયેલામાં છો ના તેમનું સ્થાન છે.*

*પોતાના કરતાં એવાં ઘણાં બીજાને અર્થ તે,*
*હર્ષે ફના થયેલા છે છતાં જાણ્યું ન કોઈએ.*

*પોતાને માટ ઉચ્ચાર્યો એક્કે શબ્દ ના કદી,*
*અજાણ્યા એકલા પોતે આવ્યા તેવા ગયા મરી.*

*સંસારથી તરી એવા અદૃશ્ય વીર કોઈક,*
*એવાય શા વિભૂતિને યોગ્ય છે પાત્ર લાયક !*

*ચિંતા ફિકર જેની સૌ શ્રીહરિ વ્હોરી લે શિરે,*
*એવા તે ભક્તને મારા લાખો કોટી પ્રણામ છે.*

**- શ્રીમોટા**

'જીવનગીતા', અધ્યાય-૧૦, ચોથી આ., પૃ. ૨૩૧

❑

# પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

# ૧. જન્મ

લવાછાગામ, સુરતથી ઉત્તર પશ્ચિમે ૨૨ કિ.મિ. દૂર દાંડીગામ જતાં છેવાડે દરિયાકાંઠાથી દોઢબે કિ. મિ. દૂર વસેલું છે. ૨૦ના દાયકામાં લવાછામાં જવા માટે ગાડા રસ્તો જ હતો. તેમાં વળી ચોમાસામાં તો કાદવવાળી જમીનમાં બળદગાડું પણ ખૂંપી જાય. ભરતીના સમયે ભરતીનાં પાણી પણ ગામની સીમમાં ઘૂસી જાય. ૧૯૮૨ સુધી તો ગામમાં માત્ર ફાનસ અને દીવાથી જ કામ ચલાવવું પડતું હતું.

લવાછાની વસ્તી, આશરે ત્રણસો ચારસોની હતી. તે જુદા જુદા લવાછા ટેકરા-૧, લવાછા ટેકરા-૨, નરસંગ ફળિયું, મોટું ફળિયું, ઉતારા ફળિયું, વડવાળું ફળિયું, ચોર્યાસી ફળિયું, આમ, સાત ફળિયાંઓમાં વહેંચાયેલી હતી, ગામમાં મોટે ભાગે માટીનાં કાચાં મકાનો હતાં. મકાનોમાં દીવાલો માટીની અથવા તાડનાં ઝાડનાં પાનથી ચટાઈ બનાવીને અને છત મોટે ભાગે દેશી નળિયાં અથવા તાડનાં ઝાડનાં પાનથી છાવરવામાં આવતી અને ભોંયતળિયામાં કાદવમાટીનું લીંપણ કરવામાં આવતું. ત્યારે ટેકરા ફળિયામાં ચાર ધોરણ સુધીની પ્રાથમિક શાળા હતી. ગામની મુખ્ય વસ્તી કોળી પટેલોની હતી. એકબે ઘર આહીર, હળપતિ અને અન્ય કોમોનાં હતાં. ગામમાં મુખ્ય વ્યવસાય ખેતીવાડી અને પશુપાલનનો હતો. ગામમાં બે તળાવ હતાં, પરંતુ પીવાનાં પાણી માટે તો દૂર દૂર મીઠા પાણીના કૂવા હતા ત્યાં જવું પડે.

ગામની પણાવાળી જમીનમાં મુખ્યત્વે ચોખા અને બાજરીની આકાશી ખેતી થતી. અનુકૂળ વરસાદ થાય તો પાકે. નહિતર દુકાળ. ગામમાં વડલા, લીમડા, સંઘેરા, દેશી બાવળ તથા

વિલાયતી બાવળનાં ઝાડ ઉપરાંત, ખજૂરીનાં ઝાડ દરેક ખેતરોમાં અને ફળિયાંમાં હતાં.

ખજૂરીનાં ઝાડમાંથી તાડીનું કેફી પીણું બનાવીને ઘેરે ઘેર પિવાય. તેમાંય વળી કાંઠા વિસ્તારની પ્રજા એટલે માંસમચ્છી પણ સામાન્યતઃ ખવાય. વળી, ગામમાં ગોળમાંથી દેશી દારૂ બનાવીને સુરત-ઓલપાડ વેચવાનો ધંધો પણ ચાલતો હતો.

એક પારસી બાવાની ખખડધજ નાની બસ કુદિયાણાથી સુરત આવવા માટેનું એક માત્ર વાહન હતું. જે દિવસમાં એક જ વાર આવજા કરતી અને તેનું ભાડું ચાર આના હતું. તે સિવાય તો સુરત જવું હોય તો ૨૨ કિ.મિ. પગે ચાલીને કે બળદગાડામાં.

ગામમાં ડૉક્ટર તો ક્યાંથી મળે ? સામાન્ય બીમારી તાવ-એવું તો કડવીનાઈનો કડવો રસ એવા દેશી ઉપચારથી કુદરતના ભરોસે જ સારી થતી. બાજુના ગામમાં-કુદિયાણામાં માત્ર એક ડૉક્ટર હતા.

આમ, લવાછાનું ગ્રામજીવન કુદરતના ખોળે ધબકતું હતું. આવું ગામ ભવિષ્યમાં પૂજ્ય શ્રીમોટા માટે ભાવનાથી જોડાઈને ગોકુળિયું ગામ બની રહેવાનું હતું.

આવા લવાછા ગામના ‘મોટું ફળિયું’ મહોલ્લામાં શ્રી મકનજીભાઈ પ્રેમાભાઈ અને તેમનાં પત્ની જીવીબહેન સુખેથી સંસાર ગુજારતાં હતાં. પોતાની બાર વીઘા જમીન હતી. લાકડાના મેડાવાળું અને દેશી નળિયાંના છાપરાવાળા માટીની દીવાલવાળા ઘરમાં રવેશ તથા આગળ એક ઓરડો અને પાછળ રસોડા તરીકે વપરાતો એક ઓરડો હતો. પાછળ ખુલ્લો વિશાળ વાડો હતો. એક ગાય, ત્રણ ભેંસો અને બળદની એક જોડ અને ગાડું ઘરની પાછળ વાડામાં બાંધેલાં રહેતાં.

મકનજીભાઈ ગામમાં જ નરસંગ ફળિયામાં શ્રી બાવજીભાઈ ભાણાની દીકરી જીવીબહેનને પરણ્યાં હતાં. પ્રથમ પુત્ર ગાંડાભાઈ છ વર્ષના અને પુત્રી દેવીબહેન ચાર વર્ષનાં થયાં હતાં.

ગામમાં મકનજીભાઈ પ્રતિષ્ઠિત વ્યક્તિ ગણાતા હતા. ગામમાં કે કુટુંબમાં લડાઈ, ઝઘડો કે બીજા મતભેદો ઊભા થાય ત્યારે તેના નિરાકરણ માટે લોકો મકનજીભાઈ પાસે આવતા અને સમાધાન કરી હસતાં હસતાં પાછા ફરતા. મકનજીભાઈનો સ્વભાવ ન્યાયપ્રિય અને ઉદાર હતો. મકનજીભાઈ જ ગામના ન્યાયાધીશ હતા. ગામની પટલાઈ પણ એમની પાસે જ હતી, પણ પછીથી એમણે એમના પિતરાઈ ભાઈને પટલાઈ સોંપી દીધેલી. તે વખતે ગામમાં કોઈ મારામારી, ઝઘડા કે એવું કંઈ થાય ત્યારે ઓલપાડ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા કોઈ જતું નહિ, પરંતુ ગામમાં જ મકનજીભાઈ પાસે ન્યાય કરાવતા. ખૂન, હત્યા એવા ગંભીર કેસમાં જ ઓલપાડ સુધી લોકો જતા. એટલો બધો લોકોને મકનજીભાઈના ન્યાયમાં વિશ્વાસ. વળી, મકનજીભાઈ ઘરનું કામ પડતું મૂકીને પણ આવા જે કોઈ ન્યાય કરાવવા આવેલા હોય એનું કામકાજ પહેલાં પતાવી આપે એવા પરગજુ હતા. પતિપત્ની બંને પોતે ભૂખ્યાં રહીને પણ બીજાને જમાડે એવાં પરગજુ હતાં. કોઈને બે પૈસાની જરૂર પડે તો આપતા પણ ખરા. ગામવાસીઓ મકનજીભાઈને એક ભલા માણસ તરીકે ઓળખતા હતા. સારામાઠા પ્રસંગે ઊભા રહે એવા માણસ.

ગામમાં ઠેર ઠેર ખજૂરીનાં ઝાડ. એટલે લગભગ દરેક ઘરમાં પુરુષો નીરો-તાડી ઉતારવાનું-તરવાડાનું કામ જાણે. ઘરના વાડામાં જ બેત્રણ ખજૂરીનાં ઝાડ. એટલે ઘરે જ તાડી બનતી અને મકનજીભાઈ સાંજ પડે ખેતીકામમાંથી પરવારી તાડી પીને થાક

ઉતારે. ઘરમાં માંસમચ્છી પણ ખવાતાં હતાં.

જીવીબહેન ખૂબ જ ઉદ્યમી અને કામગરાં હતાં. પતિને ખેતીવાડીમાં હાથ આપે. ઘરમાં ઢોરનું છાણવાસીદું અને ઘરનાં બીજાં કામ તો ખરાં જ. ઘર પણ લીંપીગૂંપીને ચોખ્ખું રાખતાં. સવારથી સાંજ સુધી બસ કામ, કામ ને કામ. કામમાંથી વચ્ચે વચ્ચે નાકમાં છીંકણીના સડાકા મારી લે. કોઈથી ગભરાય નહિ એવાં નીડર. દિલનાં ચોખ્ખાં અને સ્પષ્ટ વક્તા હતાં. જીવીબહેનનાં માતુશ્રીને જળદેવીમા પ્રસન્ન હતાં. માતાજી પધારે ત્યારે જે કોઈ વ્યક્તિ માર્ગદર્શન માટે સવાલ પૂછે તેનો જવાબ પણ આપતાં.

૧૯૨૬ના મે મહિનાની છઠ્ઠી તારીખે, વૈશાખ સુદ ચૌદશને બુધવારે જીવીબહેનની કૂખે ત્રીજું સંતાન, પુત્રરત્નનો જન્મ થયો. તેનું નામ રાખ્યું હતું 'ઝીણાભાઈ', પણ વહાલથી બધાં 'ઝીણિયો' કહીને બોલાવતાં.

પૂજ્ય શ્રીમોટાનું બાળપણનું એક નામ 'ઝીણિયો' પણ હતું. પરમાત્માનો કેવો સંજોગ. બાળસ્વરૂપે એક 'ઝીણિયો' લવાછા ગામમાં અને એક 'ઝીણિયો' સાવલી ગામમાં. બંનેનું પ્રથમ મિલન ૧૯૫૪માં થયું અને નાનો 'ઝીણિયો' મોટામય થઈ રહ્યો.

શ્રી મકનજીભાઈના ઉદાર માનસથી માથે પૈસાનું દેવું થતું જતું હતું. શ્રી ઝીણાભાઈના જન્મ પછી જીવીબહેને કાળક્રમે એક દીકરી બહેનાબહેન અને સૌથી નાના દીકરા કેવળભાઈને જન્મ આપ્યો હતો.

## પિતાની છત્રછાયા ગુમાવી

૧૯૩૦માં શ્રી મકનજીભાઈ બીમાર પડ્યા ત્યારે રાંદેરમાં પારસીબાવા દાક્તર હતા. એમની દવા ચાલુ કરી હતી. એક

દિવસ મકનજીભાઈની તબિયત વધુ બગડતાં ઘરનાં બધાંયે દવા લેવા જવાનો આગ્રહ કરવા છતાં તેમણે ના જ પાડી હતી કે 'હવે મને સારું થાય એવું લાગતું નથી. દવા લેવી નથી.' પરંતુ બધાંના આગ્રહને વશ થઈને દવા લેવા ગયા. દવા લઈને આવ્યા. આવીને ખેતરની ચારેકોર ફર્યા. પછી ઘેર ચાલ્યા. સામે મહોલ્લાના જ એક મિત્ર પર્વતભાઈ મળી ગયા. મકનજીભાઈએ તેમને ભલામણ કરી કે 'મારા પોયરાઓને જો જો.' પર્વતભાઈએ સામું કહ્યું પણ ખરું કે 'એવું શું બોલો છો ? મરી થોડા જવાના છો ?' પરંતુ મકનજીભાઈને અણસાર આવી ગયો હતો.

મકનજીભાઈ ઘેર ગયા. એક પગથિયું ચડ્યા અને બીજું પગથિયું ચડવા જતાં જ ઢળી પડ્યા. પર્વતભાઈએ તરત જ પકડી લીધા અને ઘરમાં સુવડાવી દીધા. એમનું શરીર ઠંડું પડવા લાગ્યું હતું. ઘરનાં બધાં હાથપગ ઉપર સૂંઠ ઘસવા લાગ્યાં. મકનજીભાઈને એમની બહેન 'કંકુ' ખૂબ વહાલી હતી. એટલે થોડી વાર પછી એને યાદ કરી બોલ્યા કે 'કંકુડી'. આથી, તરત જ કોટવાળને બોલાવી બળદગાડામાં બહેનને તેડવા માટે એના સાસરે હાથીસા ગામ મોકલ્યા. જે લગભગ પોણા કલાકે આવી પહોંચ્યા અને બહેને કહ્યું , ભાઈ, ભાઈ, મકનજીભાઈએ સાંભળ્યું અને બોલ્યા, 'કોણ કંકુડી.' બહેને કહ્યું, 'હા.' બસ, ભાઈબહેનના નિર્મળ પ્રેમને કારણે જ જાણે મૃત્યુ અટકી રહ્યું હોય તેમ બહેનની 'હા' સાંભળતાં જ મકનજીભાઈનું પ્રાણપંખેરું ઊડી ગયું.

મકનજીભાઈના મૃત્યુના સમાચાર સાંભળી ગામ આખું ભેગું થયું હતું. બધાંની આંખમાં આંસુ. આજુબાજુના ગામના લોકો પણ રડતા હતા. આવી હતી એમની સુવાસ.

***

## ૨. અભ્યાસ

શ્રી મકનજીભાઈના અકાળ અવસાનથી ત્રણ દીકરા અને બે દીકરીઓને ઉછેરવાની કઠિન જવાબદારી જીવીબહેન ઉપર આવી પડી. ગામમાં જ નરસંગ ફળિયામાં પિયર અને બાજુમાં જ કુટુંબીઓ એટલે બધાંની મદદ મળી રહેતી. ખેતીવાડીનું કામકાજ બીજા દ્વારા કરાવતાં. જેમ તેમ કરી સંતાનો મોટાં થવાં લાગ્યાં. એ જમાનામાં ગામમાં લગ્ન આવે એટલે નાનાંમોટાં બધાં છોકરા-છોકરીઓનાં લગ્ન ગોઠવાઈ જાય. શ્રી ગાંડાભાઈનાં લગ્ન દામકા ગામે થયાં હતાં, પણ પાછળથી આ બાળલગ્ન ફોક થયું હતું. શ્રી દેવીબહેનનાં લગ્ન ભાંડુત ગામે થયાં હતાં, પરંતુ એ વિધવા થવાથી કરંજ ગામે નાતરું કર્યું હતું.

શ્રી મકનજીભાઈનો સ્વભાવ પરગજુ હતો. ગાંઠના પૈસા ખર્ચીને પણ જરૂરતમંદને મદદ કરવી એવી એમની નીતિને કારણે એમના અવસાન સમયે તે સોંઘવારીના જમાનામાં ઘણું કહેવાય એવું નવસો રૂપિયાનું દેવું હતું. આ દેવું ચૂકવવા એમના અવસાન પછી અઢી વીઘા ખેતર વેચીને જીવીબહેને તે દેવું ચૂક્તે કર્યું.

ઝીણિયો છ વર્ષનો થયો એટલે ટેકરા ફળિયામાં બે કિ.મિ. દૂર આવેલી ૧ થી ૪ ધોરણની પ્રાથમિક શાળામાં તેને ભણવા બેસાડ્યો ત્યારે શાળાનો ફક્ત એક જ ઓરડો હતો અને તેમાં જ ૧ થી ૪ ધોરણના વિદ્યાર્થીઓ ભણતા. શાળાનો સમય ૧૦ થી ૫ અને બપોરે ૧ થી ૨ રિસેસ રહેતી. આ એક કલાકની રિસેસમાં જમવા માટે છોકરાં દોડતાં દોડતાં ખેતરોમાંના કેડી રસ્તે ઘેર આવે અને જલદી જલદી જમીને દોડતાં પાછાં શાળાએ પહોંચે અને પેટમાં પણ દુઃખી આવે. ચોમાસામાં કીચડમાં ચાલીને

જવાનું. મોટા ભાઈ-ગાંડાભાઈ પણ ભણવામાં સાથે જ હતા. તે કાળમાં માસ્તર પણ કડક સ્વભાવના હતા. 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે રમઝમ' એ ન્યાયે ભણાવવાનું. એક દિવસ પણ ગેરહાજર રહી ના શકાય. વિદ્યાર્થી ગેરહાજર રહ્યો એટલે બીજા છોકરાંઓને મોકલી ટીંગાટોળી કરી બોલાવી મંગાવે અને પછી મેથીપાક ખાવાનો. ઘરમાં માબાપ પણ માસ્તર જેવાં કડક એટલે નિશાળમાં ગેરહાજર વિદ્યાર્થી સંતાવા ગામના ઝાડ ઉપર ચડ્યો હોય.

પરંતુ ઝીણિયો બધાથી અલગ હતો. ખૂબ જ શાંત અને અભ્યાસમાં એકાગ્ર હોવાથી હોશિયાર હતો. શાળાની હાજરી અને લેશનની નિયમિતતાથી શિક્ષકનો પ્રીતિપાત્ર હતો.

ઝીણિયો સાતેક વર્ષનો થયો ત્યારે એક દિવસ બપોરે જમવાની રિસેસમાં આવીને કહેવા લાગ્યો, 'બા, બા, મને એક પૈસો આપને.' બા કહે, 'તું શું કરીશ ?' તો ઝીણિયો કહે, 'હું ટીપણું જોવડાવવાનો'.બા કહે, 'અહીં તપખીર લેવાનો પૈસો નથી અને તને ટીપણાની પડેલી છે ?' ઝીણિયો કહે, 'તું આપને ?' પછી જીવીબહેને એક પૈસો આપ્યો. ટીપણું જોવાવાળાએ પૈસો લઈને ચોપડી ઉપર મૂક્યો અને પછી જોઈને કહ્યું, 'મા, આ પોયરો તારો નથી.' આ સાંભળી ભોળાં જીવીબહેન ખિજવાઈ ગયાં. એમના મનમાં થયું કે એ મરી જવાનો. એટલે પેલા ટીપણાવાળા ભાઈએ સમજાવ્યું કે 'છોકરો તારો છે. એને કંઈ થવાનું નથી, પણ એ સાધુની સાથે ગમે ત્યાં નાસી જશે, પણ તમારે ત્યાં નહિ રહે. ગમે ત્યાં ભક્તિ કરવા કે કોઈ ગુરુની સેવા કરવા નીકળી જશે, પણ તમારી સાથે નહિ રહે.' આ સાંભળીને જીવીબહેનના જીવને નિરાંત વળી અને સંતોષ થયો.

શાળામાં બાળભક્ત ધ્રુવ, પ્રહ્‌લાદની વાર્તા સાંભળી નાનકડા ઝીણિયાના બાળમાનસ ઉપર ભક્તિની છાપ ઊપસવા માંડી. રજાના દિવસે બંને ભાઈઓ ઢોર ચરાવવા જાય. ઘરકામમાં માને મદદ પણ કરે. ફુરસદના સમયમાં મિત્રો સાથે ગ્રામ રમતો પણ રમી લેતા.

એક દિવસ ઝીણિયો શાળાએથી આવી દફતર મૂકીને સૂઈ ગયો, પછી બેભાન થઈ ગયો. જીવીબહેનનો જીવ તાળવે ચોંટી ગયો. ગામમાંથી એમનાં બા કે જેમને જળદેવી આવતાં હતાં એમને બોલાવી લાવ્યાં. એમણે કહ્યું, ‘તારે કંઈ ગભરાવા જેવું નથી. બાર વાગ્યે આ બાળક બોલશે. એટલે ચિંતાનું કોઈ કારણ નથી.’

રાત્રે બરાબર બાર વાગ્યા અને ઝીણિયાએ આંખો ખોલી અને બોલ્યો, ‘મા, મને પાણી આપ.’ પાણી આપ્યું તો પીધું. પછી ખાવાનું માગ્યું. ખાવાનું આપ્યું. પછી ફરી સૂઈ ગયો.

ગાંડાભાઈ હવે યુવાવસ્થામાં આવ્યા હતા. જીવીબહેનને થયું કે ગાંડાભાઈ હવે ખેતી સંભાળી લે તો સારું. એવામાં જીવીબહેન બીમાર પડ્યાં. તે કાળમાં ગામમાં તો દવાખાનું મળે નહિ. પીંજરતમાં એક હેડમાસ્તર નાડીવૈદું જાણતા હતા. તેમણે કહ્યું કે ડબલ ન્યુમોનિયા થઈ ગયો છે, પણ કાળજી રાખીને દવા કરશો તો મટી જશે. ત્રણ મહિના સુધી દવા કરવી પડી ત્યારે જીવીબહેનની તબિયત સારી થઈ. ત્યાં સુધી ત્રણચાર મહિના એકલા ઝીણિયા અને ગાંડાભાઈ બે જણાએ જ શાળાએ જવાનું બંધ રાખી ઘરનું ગાડું ગબડાવ્યું.

ત્રણ મહિના સુધી શાળાએ ગેરહાજર રહ્યા. એટલે શાળાના

માસ્તર સાહેબ જાતે ઝીણાભાઈના ઘરે આવ્યા. સાહેબે કહ્યું, 'તમે બંનેએ ભલે ત્રણ મહિના  રજા પાડી. એટલે તમારાથી કદાચ પાસ તો નહિ થવાય, પણ કાલે પરીક્ષા તો આપી જ જજો. બીજે દિવસે બંને ભાઈઓએ પરીક્ષા આપી અને બંને પાસ પણ થઈ ગયા. એવા બંને હોશિયાર હતા.

પતિના અકાળ અવસાનથી પાંચ સંતાનોને મોટા કરવાની જવાબદારીને પહોંચી વળવા માટે જીવીબહેને બધાંથી મોટા શ્રી ગાંડાભાઈને શાળામાંથી ઉઠાડી લેવાનો નિર્ણય કર્યો, પરંતુ નાનો ઝીણિયો કહે, 'મારે પણ નથી ભણવું. ગાંડાભાઈ વગર હું નિશાળે ના જઉં. વળી, ઘરમાં કામ કરવાવાળી મા એકલી અને આપણાથી કેમ ભણાય ?' બંને ભાઈઓ ભણવામાં હોશિયાર. એટલે શાળામાંથી માસ્તર સાહેબો પણ સમજાવવા માંડ્યા કે 'જીવીબહેન, છોકરાંઓને ઉઠાડી ના લો, ભણવા દો,' પણ પરિસ્થિતિ સામે લાચાર થઈને જીવીબહેને ભાઈઓનું ભણતર છોડાવી દીધું.

ઝીણિયાએ જે ખરું ભણવાનું હતું તે ભણી લીધું હતું. તેના હૃદયમાં ભક્તિનાં બીજ વવાઈ ચૂક્યાં હતાં. પછી બીજું શું ભણવાનું બાકી રહ્યું ?

તેથી જ પૂજ્ય શ્રીમોટાએ ભાવાંજલિમાં કહ્યું છેને કે :-

*'ભણ્યા ભલે ન છે પોતે, કિંતુ સાચું ભણેલ છે,*
*જીવન જે રીતે જીવે તે ભણતર, યોગ્ય છે.'*

***

# ૩. ગરીબી

શ્રી મકનજીભાઈનું અકાળ અવસાન અને અવસાન સમયે થઈ ગયેલા દેવાને કારણે જીવીબહેનને અઢી વીઘા જમીન પણ વેચી દેવી પડી. પાંચ સંતાનોનું ભરણપોષણ કરવાનું અને માત્ર ખેતીની આછીપાતળી આવકને લીધે જીવીબહેન અને સંતાનોને ગરીબીની આકરી તાવણીમાં તવાવું પડ્યું.

ગરીબ માને એકલે હાથે ઝઝૂમતી જોઈને શ્રી ગાંડાભાઈ અને શ્રી ઝીણાભાઈ પણ નવદસ વર્ષની કુમળી વયે જ શરીરશ્રમનું કામ કરવા લાગ્યા. માને ઘરકામમાં મદદ કરવી. ઢોર ચરાવવા. છાણવાસીદું કરવું. ખેતરમાં વાવવું, લણવું, નીંદવું વગેરે કામમાં બંને ભાઈઓ જોતરાઈ ગયા.

જીવીબહેન પાસે રોકડા પૈસા મળે નહિ એટલે એમના ખેતરમાં મજૂરીએ કોઈ જલદી આવે નહિ. બધાંને લણણીનો સમય થયો હોય ત્યારે એમના ખેતરમાં વાવણી માંડ થતી હોય. વળી, આકાશી ખેતી એટલે ચોખા, બાજરી વગેરે પણ વરસાદ થાય તો જ પાકે. દુષ્કાળ જેવા સમયમાં ઢોરના ઘાસચારાની પણ અછત પડે. મહામુસીબતે જીવન ટકી રહેતું.

વર્ષમાં કપડાંની એક જોડ સિવડાવવાની, તેમાં જાડાં કપડાંની ધોતી અને કેડ સુધીનું અડધી બાંયવાળું બાંડિયું. તે ફાટે તો થીંગડું મારવાનું. મેલું થાય તો રાત્રે ધોઈને સવારે પહેરી લેવાનું.પૈસા હોય તો બીજી જોડ સિવડાવેને ? ઘરનું થોડુંઘણું દુઝાણું, પણ દૂધ વેચવું પડે એટલે છોકરાંઓને ખાવા ના મળે.

ઘરના ખર્ચને પહોંચી વળવા તેમને બીજાનાં ખેતરોમાં કપાસનાં કાલાં વીણવા, નીંદામણ કરવા જેવી છૂટક મજૂરી કરવા

જવું પડતું. ગામમાં મજૂરીનું કામ ના મળે તો વળી પાસેના ગામ કુદિયાણા અને ભાંડુત ગામે પણ ઘાસ કાપવા કે એવી મજૂરીએ જતા. સવારથી જ મજૂરીએ ચડવું પડે તે સાંજ સુધી. રોટલા પણ સાથે જ બાંધી જવા પડતા. આખા દિવસની મજૂરીના માંડ પાંચ આના મળતા. લાકડાં ફાડવાં કે જમીન ખોદવી જેવાં મજૂરીકામ પણ કરતા. શરૂઆતમાં તો જીવીબહેન અને ગાંડાભાઈ એમ બે જ જણ મજૂરીએ જતાં, પણ જરા મોટા થતાં ઝીણાભાઈ પણ માને મદદરૂપ થવા મજૂરીએ જવા માંડ્યા.

એકવાર ઝીણાભાઈએ એમના ગામના એક મિત્ર સાથે લાકડાં ફાડવાંનો વેપાર પણ કર્યો. જે ઝાડ કાપવાનાં હોય તે ઉચ્ચક રકમ નક્કી કરી લાકડાં કાપી ફાડીને રાત્રે ગાડામાં ભરે. રાત્રે ઝીણાભાઈ ગાડું લઈને નીકળે તે સવારે સુરત-રાંદેર આવી પહોંચતા. તે બળદગાડામાં જોડવા માટે પણ બળદ તો એક જ હતો. એક બળદ હાથીસાવાળાં ફોઈને આપેલો હતો, પરંતુ લાકડાં વેચવામાં પણ ખાસ કંઈ મળતર ના થતાં, એ વેપાર પણ બંધ કરી દેવો પડ્યો.

બેઉ ભાઈઓ ઉંમરમાં નાના હતા, પણ સમજણ, મહેનતમાં મોટા હતા. આવી કારમી ગરીબીમાં માને મદદરૂપ થવા માટે બંને ભાઈઓ દળણું પણ દળતા. અસલ પથ્થરની ઘંટી એટલે નાના હાથથી એકલા તો દળાય નહિ. નાનકડો ઝીણિયો ઉપરથી પકડે અને ગાંડાભાઈ નીચેથી. એમ દળણું દળીને દીવાદાંડી ઉપર પહોંચાડે. નાનકડા હાથથી એક ભાઈ દળેલા લોટનો ડબ્બો ઊંચકી લે અને એક ભાઈ પાણીનો ઘડો. દીવાદાંડી ઉપર લોટ અને પાણી પહોંચાડે ત્યારે ચાર આના મળે. તે જમાનામાં કારમી ગરીબીમાં ચાર આના પણ માને ઘરમાં ટેકારૂપ બની રહેતા.

આવી વિકટ પરિસ્થિતિમાં વળી દુકાળ વખતે તો ઓર તકલીફ. ખેતરમાં કંઈ મળે નહિ, એટલે તળાવ ખોદાય તેમાં મજૂરીએ જતા. ત્યાં વળી ઠેકેદારોની જોહુકમી, અન્યાય વગેરે સહન કરીને દિવસો કાઢવા પડે. તળાવ ખોદવામાં મજૂરી પણ સાવ નજીવી મળે. એક બ્રાસ માટી ખોદવાનો માત્ર સવા રૂપિયો. આટલી નજીવી મજૂરી આપવામાં પણ ઠેકેદારો ગલ્લાંતલ્લાં કરે. બહાનાં કાઢે કે બિલ થાય ત્યારે લઈ જજો. એકવાર પોતાની મજૂરીના હકના પૈસા લેવા માટે ઠેકેદારને ત્યાં ગયા અને હઠ પકડી કે જ્યાં સુધી અમારા પૈસા નહિ આપો ત્યાં સુધી ઊઠીશું નહિ. ત્યારે ઠેકેદારે માંડ માંડ પૈસા આપ્યા.

કેટલીક વાર તો ખેતરની ક્યારીમાં મેથીની ભાજી વાવતા. ગાંડાભાઈ ક્યારી બનાવે અને ઝીણાભાઈ સામેના તળાવમાંથી પાણી ભરી લાવે અને ભાજી ઉગાડે. જીવીબહેન ભાજી ઊગે પછી તેને ટોપલામાં ભરી આજુબાજુનાં ગામોમાં વેચવા જાય અને બે પૈસા કમાય.

***

# ૪. ભક્તિના સંસ્કાર અને લગ્નમાંથી મુક્તિ

શાળાના અભ્યાસમાં ભક્ત પ્રહ્લાદની અડગ ભક્તિ, બાળક ધ્રુવનું તપ અને રાજા નળ-દમયંતીની કસોટીની વાતોએ બાળક ઝીણિયાની ભક્તિમાં પૂર્વના સંસ્કાર જાગૃત કરી દીધા. ભક્ત પ્રહ્લાદ, ધ્રુવ અને નળ-દમયંતીની કથાઓમાં ભક્તિનું જે નિરૂપણ થયું છે, તે ઝીણિયાના હૃદયમાં આરૂઢ થઈ રહ્યું. ભક્તનું તપ અને કસોટી, ભક્તને ભગવાનની મળતી મદદ, ભક્તિથી થતા ચમત્કારો, અશક્યનું શક્ય બનવું વગેરેથી ઝીણિયાના હૃદયમાં ઠસી ગયું કે 'ભક્તિ કરવી એ જ જીવનનું ધ્યેય છે. બાકી બધું અસાર છે.'

શાળા છોડ્યા પછી ઘરની વિકટ પરિસ્થિતિમાં પણ 'ભક્તિ કરવી જોઈએ' એ અંતરાત્માનો અવાજ સંભળાયા કરતો હતો. શ્રાવણ મહિનામાં ગામમાં રામાયણ, મહાભારતની કથાઓના પાઠ ફાનસના અજવાળે થતા. ઝીણિયાના હૃદયમાં બાળ બ્રહ્મચારી હનુમાનની રામભક્તિની સુગંધ બેસી ગઈ હતી. આમ, ભક્તિ માટે લગ્ન ના કરવાનાં અને બ્રહ્મચર્ય પાલનનાં બીજ વવાયાં.

ભગવાં વસ્ત્ર પહેરેલા સાધુને જોઈને તેમના હૃદયમાં નિષ્કિંચન સંન્યાસીની ભાવના જાગતી. એમની સેવા કરવાની, એમને જમાડવાની વૃત્તિ થઈ આવતી. સરળ-ભોળા હૃદયને ખબર ન હતી કે બધા ભગવાં વસ્ત્રધારી ક્યાં સાચા હોય છે ? આપણે પણ સંન્યાસી જેવું જીવન વિતાવવું જોઈએ એવું તેમના હૃદયમાં લાગી આવતું.

શનિવાર એટલે હનુમાનજીનો વાર. શનિવારે ઝીણાભાઈ ઉપવાસ રાખે અને ઘરમાં હનુમાનજીના ફોટા પાસે અખંડ દીવો

સળગાવી રાખે. જ્યારે તક મળે ત્યારે ડભારી ગામમાં આવેલા હનુમાનજીના મંદિરે તેલ ચડાવવા પણ ચાલતાં ચાલતાં જાય. ઘણી વાર સિદ્ધનાથ મંદિરે પણ દર્શન કરવાં જતાં હતાં. હનુમાનજીએ જેમ બ્રહ્મચર્ય પાળી એકનિષ્ઠ રામભક્તિ કરી હતી એમ આપણે પણ બ્રહ્મચર્ય પાળી ભક્તિ કરવી એવી ગાંઠ ઝીણિયાના હૃદયમાં બંધાઈ ગઈ હતી. ભક્ત હૃદયમાં ભક્તિના આદર્શ તરીકે 'હનુમાનજી' સ્થાપિત થઈ ચૂક્યા હતા.

ભક્તિ કરવા માટે ગુરુ કરવા જોઈએ એટલી ખબર. એટલે બાળગોઠિયા શ્રી રામભાઈ સાથે સરસ ગામના મંદિરે બાવા પાસે ગુરુ કર્યાની કંઠી બંધાવી. બાવાએ કાનમાં ફૂંક મારી પ્રતિજ્ઞાઓ આપીને કંઠી બાંધી આપી. આનાથી વિશેષ કોઈ જ્ઞાન ન હતું.

ભજનમંડળીમાં ભજનો કરવાં જુદાં જુદાં ગામ જતા તથા ઘણી વાર ગામના જુદા જુદા મહોલ્લામાં ભજનમંડળી સાથે બેસતા. ભજનોમાં પણ એમને ઘણો રસ હતો.

પૂર્વજન્મનું ભક્તિનું ભાથું અને બાળપણમાં રામાયણમાંથી સાંભળેલી બાળ બ્રહ્મચારી હનુમાનની રામભક્તિની અમીટ છાપને લીધે ઝીણાભાઈએ લગ્ન ના કરવાનું નક્કી કર્યું હતું. તે અરસામાં તો બાળપણમાં જ લગ્ન કરાવી દેતા, પણ ઝીણાભાઈની નાને લીધે લગ્ન અટકી રહેલાં, પરંતુ યુવાન વયે પણ ઝીણાભાઈને સ્ત્રીઓ પ્રત્યે આકર્ષણ ન હતું.

લગ્નની વાત નીકળે એટલે 'હું લગ્ન કરવાનો નથી'. એટલું કહીને બહાર જ નીકળી જાય. ગાંડાભાઈ જેવા સરખેસરખા લગ્ન કરવા સમજાવે તો કહે, 'અમને ગમે નહિ. લગ્ન કરીને બધી ઝંઝટમાં કોણ પડે ? મારે તો ભગવાનની ભક્તિ જ કરવી છે. હું કંઈ એમાં (લગ્નમાં) પડવાનો નથી.'

એક વખત ઝીણાભાઈનાં એક કુટુંબી ફોઈ દામકાથી આવ્યાં. તેમણે જીવીબહેનને પૂછ્યું કે 'તમે ઝીણિયાને પરણાવવાના કે ?' જીવીબહેને કહ્યું, 'હા, પરણાવવાના.' અને ઝીણાભાઈ ખિજવાઈ ગયા. બાને કહે 'મારે નથી પરણવું' પણ જીવીબહેનની હઠ આગળ લાચાર થઈ કન્યા જોવા જવા માટે તૈયાર થયા.

શ્રી ઝીણાભાઈ, ગાંડાભાઈ અને બીજો એક એમનો મિત્ર એમ ત્રણ જણ દામકા ગામે કન્યા જોવા ગયા. જીવીબહેન અને પેલાં ફોઈએ એવું ચોકઠું પણ માંડેલું કે 'ગાંડાભાઈને કોઈ નાતરાની છોકરી ગમી જાય તો એનું ગોઠવી દેજો. ઝીણાભાઈ રહેશે બે વર્ષ' અને થયું પણ એવું જ. ત્યારે દારૂ-તાડીનાં પીઠાં ચાલુ હતાં. એટલે બધાએ મળીને ગાંડાભાઈને તાડી પિવડાવી અને ફરીથી લગ્ન કરવા માટે રાજી કરી લીધા. એટલે લગ્નની વાત ગોઠવવા ગયેલા ઝીણાભાઈની, પણ ગોઠવાઈ ગયું ગાંડાભાઈનું. સાચા ભક્તના હૃદયની ઇચ્છા ભગવાન પૂરી કરે જ છે. આમ, ઝીણાભાઈને લગ્નની ઝંઝટમાં નહિ પડવાની ઇચ્છા પૂરી થઈ. ભગવાને જ જાણે ભક્ત માટે એવા સંજોગો ઉપસ્થિત કરાવી આપ્યા કે લગ્નમાંથી મુક્તિ મળી ગઈ.

***

## ૫. તરવાડાનું કામ અને માનું મૃત્યુ

અઢાર વર્ષની યુવાન વયે શ્રી ઝીણાભાઈએ તેમના મોટા ભાઈ, ગાંડાભાઈ પાસેથી તરવાડાનું સાહસભર્યું કામ બરાબર શીખી લીધું. આમ તો લવાછા ગામનો દરેક યુવાન ઘેર ઘેર તાડી બનતી હોવાથી તરવાડાના કામથી પરિચિત હતો, પરંતુ તરવાડાનું કામ જોખમી, સાહસભર્યું, હિંમતનું અને ખૂબ જ મહેનતનું હોવાથી હર કોઈ યુવાન આ કામ કરી શકતો નહિ.

ઝીણાભાઈમાં ખંત, ઉદ્યમ, સાહસ અને નિર્ભયતાના ગુણો પહેલેથી જ હતા. આવા ગુણો આધ્યાત્મિક પંથે જવા માટે સાધક માટે અનિવાર્ય છે. એમના એ ગુણો તરવાડાના કાર્યમાં ઉપયોગી થઈ પડ્યા.

તરવાડાનું કામ ખજૂરીનાં ઊંચાં ઊંચાં ઝાડ ઉપર ચઢી, ઝાડનો રસ એકઠો કરવાનું હોય છે. ચોમાસાની ઋતુમાં વરસાદને કારણે ખજૂરી ઉપર ચઢતાં લપસી પડાય તેમ હોવાથી આ કામ બંધ રહે છે.

ખજૂરી ઉપર ચઢતી વખતે તરવાડો છાતી ઉપર ચામડાનું જાકીટ પહેરે છે. પાછળ કુહાડી, ફરસી વગેરે સાધન કમર ઉપર ભેરવીને લઈ જાય છે. ઉપર ગયા પછી કામ કરતી વખતે ઝાડ સાથે પગ ભરાવીને પીઠ ઉપર અધ્ધર લટકવા માટે ચામડાનું બનેલું મજબૂત નાડું સાથે લઈ જાય છે. આ નાડા ઉપર શરીરનું વજન આવે છે. એ જો તૂટે તો સીધા જમીન ઉપર પટકાઈ મૃત્યુ પણ આવી શકે.

બે હાથથી ઝાડને પકડી બંને પગને વારાફરતી સીડી ચઢીએ તેમ ઝાડમાં ભરાવતાં ભરાવતાં ઝાડ ઉપર ચઢવાનું હોય છે. આ

કામ માટે મજબૂત બાવડાં અને કસાયેલ પગની જરૂર પડે છે. પ્રથમ કુહાડીથી ઝાડ ઉપર પગ ટેકવવા પગથિયાં જેવા ખાંચા પાડવામાં આવે છે.

ઉપર ચડ્યા પછી જે જગ્યાએથી રસ કાઢવાનો હોય તે કુહાડીથી સાફ કરી પછી ફરસીથી કાપ મૂકવામાં આવે છે. આ કાર્યને 'સીઝવું' કહેવાય છે. એક તરવાડાને ભાગે પંદરથી વીસ ઝાડ આવે છે. સીઝ કર્યા પછી પંદર દિવસ સુધી તપવા દેવામાં આવે છે. ત્યાર પછી દર ત્રીજા દિવસે વારા મુજબ આઠ દસ લિટરનું માટીનું માટલું લઈ સીઝ કરેલી જગ્યામાં ખજૂરીના પાનની નીક બનાવી માટલું ઝાડ સાથે બાંધી દેવાય છે કે જેથી રસ આ નીક દ્વારા માટલામાં એકઠો થાય છે.

આમ, દરરોજ સાંજે પંદર વીસ ઝાડ ઉપર ખાલી માટલીઓ બાંધવી અને વહેલી સવારે રસથી ભરાયેલી માટલીઓ નીચે લાવવી.

**તરવાડા બનવા માટે જરૂરી ગુણો તરવાડામાં હોય છે, પરંતુ બધા તરવાડા ભક્ત નથી બનતા હોતા. શ્રી ઝીણાભાઈ પાસે તો આ બધા ગુણો ઉપરાંત, ખડગ જેવા મજબૂત શરીરમાં ફૂલથીયે કોમળ ભક્તહૃદય હતું.**

શ્રી ઝીણાભાઈ અને તેમના મોટા ભાઈ-ગાંડાભાઈએ બે વર્ષ સુધી ઈચ્છાપોરમાં એક પારસીને ત્યાં તાડી કેંદ્રમાં કામ કર્યું. ત્યાં તેમને મહિને બાવીસ રૂપિયાનો પગાર મળતો. તાડીનું કામ ચોમાસામાં બંધ રહેતું હોવાથી લવાછા આવી ખેતીનું કામ કરતા. અનુકૂળ વરસાદ હોય તો ખેતીમાં બાજરી અને ભાતનો પાક થતો.

બેઉ ભાઈઓના પગારના ટેકાથી જીવીબહેનને પારાવાર ગરીબીમાં થોડી રાહત મળી. એક દિવસ ગાંડાભાઈ કામ કરતા

હતા ત્યારે દૂરથી પોતાની મા ચાલતાં આવતાં હોય એવું લાગ્યું. બેઉ હાથની છાજલી કરીને ધ્યાનથી જોયું તો જીવીબહેન જ હતાં. જીવીબહેનની સંગાથે બીજાં બે બહેન પણ હતાં. ઘરમાં કારમી ગરીબી, પૈસા પૈસાના સાંસા. તેમાંય વળી દીકરીની સુવાવડ થયેલી એટલે એના સાસરેથી દોરા બાંધવાની વિધિ કરવા સાસરિયાં આવવાનાં હતાં. એમને લૂગડાં પહેરાવવાં પડે. નહિતર દીકરીને વળી સાસરે મહેણાં સાંભળવાં પડે. પરિસ્થિતિથી લાચાર, ગરીબ મા ચાલતાં ચાલતાં જ લવાછાથી ઈચ્છાપોર પોતાના દીકરાઓ પાસે પહોંચી ગયાં.

શ્રી ગાંડાભાઈને જોઈને મા રડી જ પડ્યાં. સામાજિક રિવાજ નિભાવવા માટેની લાચારી. ગરીબીની વેદના માના આંસુમાં વહી આવી. રડતાં રડતાં જ ગાંડાભાઈને બધી વાત કરી. શ્રી ગાંડાભાઈએ માને હૈયાધારણ આપી. 'મા, તું રડે શું લેવા ? તું છાની રહેને. પૈસા તને અમે આપીએ.' પણ પોતાના દીકરાઓને જોઈને માનું હૈયું ખૂબ ભરાઈ આવ્યું. ખૂબ રડ્યાં. શ્રી ઝીણાભાઈએ પોતાની પાસે જે પચાસેક રૂપિયા હતા તે માને આપી દીધા. શ્રી ગાંડાભાઈએ પોતાના પારસી શેઠની પાસેથી પૈસા લઈને માને આપ્યા. આમ, બંને ભાઈઓએ માને હિંમત બંધાવી.

જેમ સોનાને સો ટચનું સોનું 'કંચન' બનવું હોય તો વિવિધ ભઠ્ઠીમાંથી પસાર થવું પડે તેમ શ્રી ઝીણાભાઈને પણ આવા હૃદય દ્રાવક સાંસારિક પ્રસંગોમાંથી પસાર થવાનું થયું હતું.

તે કાળમાં દાંડીથી ઘોઘા (ભાવનગર) વહાણ દ્વારા દરિયાઈ રસ્તે અહીંના તરવાડા ભાવનગર જિલ્લામાં તાડીનાં પીઠાં હોવાથી ત્યાં કામ કરવા જતાઆવતા. દાંડીથી ઘોઘાનું બે રૂપિયા ભાડું

હતું. એક વર્ષ લવાછાથી પણ શ્રી ઝીણાભાઈ અને અન્ય બે જણ સૌરાષ્ટ્રમાં મહુવાના એક પારસી બાવાના તાડી કેંદ્રમાં કામ કરવા માટે ગયા. ત્યાં તેમને મહિને પાંત્રીસ રૂપિયા પગાર મળતો. ત્યાં સાતઆઠ મહિના કામ કર્યું. ચોમાસું થતાં લવાછા પાછા ફર્યા.

૧૯૪૭માં આઝાદી પછી મુંબઈ સરકારે દારૂબંધી દાખલ કરી એટલે તાડી ઉત્પાદન બંધ થયું. બંને ભાઈઓ લવાછા પાછા આવીને ખેતીનાં કામમાં લાગી ગયા. એ સમયે આ વિસ્તારમાં વાવેતર માટે ડાંગરની અછત હતી. એટલે રોપાણ માટે ડાંગર બિલિમોરાથી લાવવાનું નક્કી કર્યું. પાછું નાવમાં દરિયા મારફતે લાવવાનું હતું. તે માટે શ્રી ગાંડાભાઈએ રાંદેરના એક ખારવાને તૈયાર કર્યો. શ્રી ઝીણાભાઈ, શ્રી ગાંડાભાઈ અને બીજા એક પિતરાઈ ભાઈ ડાંગર લેવા જવા માટે તૈયાર થયા. બિલિમોરાથી સિત્તેર મણ ડાંગર ભાટ ગામના સ્ટેશને ઉતારી. ત્યાં સ્ટેશન ઉપર એક જોશી બેઠેલો જોયો. તેને શ્રી ગાંડાભાઈએ પૂછ્યું, 'ભાઈ જોને, અમારું પાનું કેમનું ફરે છે ?' જોશીએ જોશ જોઈને કહ્યું કે 'તમારા કામમાં કંઈક વિઘન આવવાનું છે, પણ વિઘન છૂટી જશે.' પરંતુ આ વાત એમના માનવામાં ના આવી. નાવમાં ભાત ભરાતો હતો ત્યારે પોલીસે પકડ્યા, પછી ત્યાંના એક સરપંચ શ્રી છનાભાઈ મારફત પોલીસને સિત્તેર રૂપિયા આપીને પોલીસના સકંજામાંથી છૂટ્યા. સાંજે ભાત ભરેલો મછવો સઢ ચઢાવીને સડસડાટ હંકાર્યો. સવાર સુધીમાં ડભાણિયા ગામે પહોંચ્યા. ત્યાંથી ગાડામાં ભરીને ભાત લવાછા લાવ્યા. લવાછા ગામમાં પોલીસ પટેલ આડો ફાટ્યો. તેને પણ થોડોક ભાગ આપવાનું કહી પતાવટ કરી.

આમ, તાડી કેંદ્રનું કામ બંધ થતાં બંને ભાઈઓએ ખેતીમાં પરિશ્રમ કરીને જીવનનિર્વાહ કર્યો.

સમય જતાં ભાઈઓએ મિલકતના ભાગ વહેંચી છૂટા પડવાનો વિચાર કર્યો. ભાગ વહેંચણીની તકરારમાંથી ઝીણાભાઈ અલિપ્ત રહ્યા. શ્રી ગાંડાભાઈ ખેતરમાં જુદા રહેવા ગયા. ૧૯૪૮માં દશેરાના દિવસે ભાઈઓ આ રીતે જુદા રહેવા ગયા.

શ્રી ઝીણાભાઈ, કેવળભાઈ અને જીવીબહેન સાથે રહ્યાં. જીવીબહેનની પણ હવે ઉંમર થઈ હતી. એમને ઉંમરનો થાક વર્તાતો હતો. કાળી ચૌદશના દિવસે એમને તાવ આવ્યો. દવા લાવ્યા એટલે થોડું સારું લાગ્યું. રાત્રે નવદસ વાગ્યા સુધી દીકરાઓ સાથે બેસીને શાંતિથી વાતો કરી, પછી એમણે કહ્યું, ‘ચાલો ત્યારે હું સૂઈ જઉં.’ તે રાત્રે જીવીબહેન સૂતાં તે સદાયને માટે સૂઈ ગયાં. વહાલી માતાના મૃત્યુને ઈશ્વરની ઇચ્છા સમજી શ્રી ઝીણાભાઈ વધારે વ્યથિત ના થયા.

શ્રી ઝીણાભાઈને મહાત્મા ગાંધી પ્રત્યે ખૂબ માન-આદરભાવ હતો. પ્રત્યક્ષ દર્શન તો નહિ કરેલાં પણ છાપાં દ્વારા અને બીજાઓ દ્વારા એમની મહાનતા વિશે સાંભળેલું અને ફોટાઓ જોયેલા.

૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીએ ગાંધીજીને ગોળી મારીને હત્યા થઈ એ સમાચાર બીજે દિવસે સવારે શ્રી ઝીણાભાઈએ ખેતરમાં કામ કરતા હતા ત્યાં સાંભળ્યા. સમાચાર સાંભળતા એમની આંખમાંથી આંસુની ધારા વહી ગઈ. એમના દિલમાં લાગી આવ્યું કે ‘આટલી મહાન વિભૂતિ આપણા દેશમાંથી જતી રહી અને તે પણ ગોળીથી.’ તે પછી એમને ગાંધીજીનાં સ્વપ્ન પણ આવતાં.

***

## ૬. જીવનપ્રવાહ બદલાયો - નીરામંડળીમાં

૧૯૪૮માં જીવીબહેનનું અવસાન થતાં વહાલ કરે એવી મા રહી નહિ અને ભાઈબહેનો પોત પોતાના સંસારમાં વ્યસ્ત હતાં. એટલે હવે ઈશ્વરભક્તિ માટે શ્રી ઝીણાભાઈને મોકળાશ અનુભવાતી હતી. લગ્ન ના કર્યાં હોવાથી પોતાના સિવાય બીજી કોઈ સાંસારિક જવાબદારીઓ રહી ન હતી. ભક્તહૃદયમાં હવે એક જ સૂર સંભળાતો હતો, 'હવે ઈશ્વરભક્તિમાં લીન થઈ જવું જોઈએ.' પરંતુ ભક્તિનો માર્ગ કોણ બતાવે ? કોઈ સાચા ગુરુ મળી જાય તો જીવન સફળ થઈ જાય. આવો હૃદયથી હૃદયનો પોકાર હૃદયમાં સંભળાયા કરતો હતો.

સંસારી સંબંધો અને મિલકતના માલિકીપણાના ભાવમાંથી નિર્મમ થવાતું જતું હતું. 'ઈશ્વર સિવાય બધું તુચ્છ છે.' એવું લાગ્યા કરતું હતું અને ભક્તિ કરવાનું દૃઢ મનોબળ કેળવાતું જતું અનુભવાતું હતું. ઈશ્વરપ્રાપ્તિની હૃદયના ઊંડાણમાં ધરબાયેલી પ્રબળ મહત્ત્વાકાંક્ષા ધૂંધવાઈ રહી હતી.

સંસારમાં હવે રસ રહ્યો ન હતો. પોતાના ભાગે આવેલી જમીન અને મકાન ભાઈઓને સોંપી. ઊંડે ઊંડે હૃદયમાં નર્મદા કિનારે જઈ શેષ જીવન ઈશ્વરની આરાધનામાં વ્યતીત કરવાની પ્રબળ ઇચ્છા થઈ આવતી.

૧૯૪૮માં આઝાદી મળ્યા પછી મુંબઈ સરકારે દારૂબંધી દાખલ કરી અને નીરા ઉત્પાદનની પ્રવૃત્તિ વિકસાવવાનું શરૂ કર્યું હતું. આ યોજના હેઠળ સરકારે ૧૯૫૦ની સાલમાં સુરતમાં ખજૂરીનાં ઝાડ ભાડે રાખી નીરો ઉત્પન્ન કરી વેચવાનું શરૂ કર્યું.

સૌ પ્રથમ તેમાં શ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રી ભીખુભાઈ હરિભાઈ પટેલ અને શ્રી શાંતિલાલ તમાકુવાળા તેના સંચાલનમાં જોડાયા.

તે પછી ઑક્ટોબર, ૧૯૫૨માં બીજા નવ સભાસદો દ્વારા ચોર્યાસી અને ઓલપાડ તાલુકા નીરા અને તાડગોળ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડની સ્થાપના થઈ. આ નીરામંડળીમાં કાંઠા વિસ્તારના ઘણા ભાઈઓ કામ કરવા જોડાયા. આ નીરામંડળી દર વર્ષે જુદા જુદા ખજૂરીનાં ઝાડવાળા વિસ્તારોમાં કામ કરતી. જેમ કે ડભાલી, સિંગણપોર, અડાજણ, બોરભાઠા, ઈચ્છાપોર, સરસ વગેરે.

નીરાબનમાં શ્રી ઝીણાભાઈ પોતાના નમ્ર અને કર્તવ્યનિષ્ઠ સ્વભાવથી બધાથી અલગ તરી આવતા. તે દિવસોમાં મંડળીના કામદાર ભાઈઓ પણ એક કુટુંબના સભ્ય તરીકે નીરાબનમાં સાથે રહેતા. એકસાથે ભોજનની વ્યવસ્થા કરતા. એક જ રસોડું ચાલતું અને મંડળી તેમને મોર ગામનો રસોઈઓ પણ આપતી. નીરાબનમાં કાંતણ પ્રવૃત્તિ પણ વિકસાવી હતી અને મંડળી તરફથી કાંતવા માટે પૂણી મફત આપવામાં આવતી. સૂવા માટે બે ખજૂરીનાં ઝાડ વચ્ચે માંચડો બનાવી સૂતા. મંડળીમાં સવારે ચાર વાગ્યે અને છ વાગ્યે નીરો ઉતારવાનો રહેતો. બાકીના સમયમાં સફાઈકામ, માટલાં સાફ કરવાં, પાણી છાંટવું, વહેલી સવારે અંધારામાં પેટ્રોમેક્સ સળગાવવી, પીવાનું પાણી ભરવું, સ્નાનાદિ, પોતાનાં કપડાં ધોવાં, ખજૂરીનાં પાનમાંથી ચટાઈ, પંખા બનાવવા જેવી પ્રવૃત્તિઓ-કામકાજ ચાલતાં. સવારે ગોળચણાનો નાસ્તો મળતો અને જમવાનું બધાએ સામૂહિક રસોડે હતું. જમતી વખતે ઓમ સહનાવવતુ...પ્રાર્થના પ્રથમ બોલવામાં આવતી. તથા સાંજે ઢોલ, કરતાલ, મંજીરા લઈ ભજનો ગવાતાં.

શ્રી ઝીણાભાઈને સામાન્ય મનુષ્યની જેમ સાંસારિક રસ ન હતો. એમને ફક્ત હરિભજનમાં જ રસ હતો. તેથી, માત્ર સંતોની કે ભગવાનની વાત નીકળે તો ઉમળકાથી ભાગ લેતા. બાકી, નકામી વાતચીતથી તથા વાદવિવાદથી પર રહેતા. પોતાના ભાગે આવેલું કર્મ નિષ્ઠાથી કર્યે જતા હતા. કર્મપાલનમાં ખંત, એકાગ્રતા, ચીવટાઈ અને સમયપાલન જેવા ગુણો વણાતા જતા હતા. આમ, નીરાબનમાં સમૂહમાં રહીને પણ અંતર્મુખ થઈ શ્રી ઝીણાભાઈ ભક્તિના માર્ગમાં આગળ ધપ્યે જતા હતા.

આ નીરાબનમાંથી જ શ્રી ઝીણાભાઈને અને શ્રી ભીખુભાઈને એકબીજાનો પરિચય થયો હતો, જે આગળ જતાં ગાઢ મૈત્રી સંબંધમાં પરિણમ્યો. શ્રી ભીખુભાઈમાં, તેમના સંપર્કમાં આવનાર વ્યક્તિને ઓળખી જવાની આગવી સૂઝ હતી. શ્રી ઝીણાભાઈનું શાંત, નમ્ર, મૃદુભાષી, કાર્યદક્ષ વ્યક્તિત્વ શ્રી ભીખુભાઈના હૃદયમાં વસી ગયું અને જીવનભર તેમના પ્રશંસક બની રહ્યા.

***

# ૭. નિમિત્ત - શ્રી ભીખુકાકા

કતારગામમાં જન્મેલા, ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહમાં ભાગ લેનાર, ૧૯૩૦માં ધારાસણાના મીઠાના સત્યાગ્રહમાં માથું ફોડાવી જેલયાત્રા કરનાર, તેમ જ ૧૯૩૦-'૪૦-'૪૨ની લડતમાં ભાગ લઈ વર્ષોનો કારાવાસ ભોગવનાર, અજમેરથી અનાથ આશ્રમની યુવતીને પરણીને સમાજમાં સુધારાનો દાખલો બેસાડનાર, ભલભલા રાષ્ટ્રીય કક્ષાના નેતાને પણ ચોખ્ખે ચોખ્ખું સંભળાવી દેનાર સ્પષ્ટ વક્તા, નીડર, સાહસિક, ઉગ્ર વાણીવર્તનવાળા છતાં નિર્મળ અને સરળ હૃદયના, ખાવાના શોખીન, યોગી જેવું તેજસ્વી મુખારવિંદ ધરાવતા, પડછંદ કાયાના સ્વામી, બુલંદ અવાજવાળા, ખંતીલા, વાક્‌પટુ, પૂજ્ય શ્રીમોટામાં અતૂટ શ્રદ્ધા ધરાવનારા અને પોતાનું સર્વસ્વ પૂજ્ય શ્રીમોટાનાં ચરણે અર્પણ કરનારા, એવા શ્રી ભીખુભાઈ હરિભાઈ પટેલ, પૂજ્ય શ્રીમોટાને હરિઃૐ આશ્રમ દ્વારા સુરતમાં સ્થાપિત કરનારા પ્રથમ નિમિત્ત હતા.

આમ તો પૂજ્ય શ્રીમોટા, ૧૯૪૩થી સુરતમાં પગથિયાં શેરીમાં રહેતા. પ્રભાવતીબહેન ચૂનીલાલ કાપડિયાને ત્યાં જતા આવતા. તે સિવાય તેમને સુરતમાં કોઈ પરિચિત ન હતું.

શરૂઆતમાં ભીખુભાઈ કેરી વેચવાનો ધંધો કરતા. વળી, એ તો બે જ જણાં પતિપત્ની. છોકરાં નહિ એટલે પૈસા કમાય તે જાત્રા કરવામાં ખર્ચે. ૧૯૫૧માં દક્ષિણભારતની જાત્રા કરવા નીકળ્યાં. તેમની સાથે મુંબઈથી શ્રીગોદાવરીમાતાના એક ભક્ત રણછોડભાઈ ચોક્કસ જોડાયા. ફરતાં ફરતાં તેઓ તિરુવન્નમલાઈ શ્રીરમણ મહર્ષિના આશ્રમે પહોંચ્યા. ત્યાં કોઈએ તેમને એક ચિઠ્ઠી

આપી. તેમાં લખ્યું હતું કે કોઈ ગુજરાતી ભાઈ આવે તો મને મદદ કરે. આ ચિઠ્ઠી કુસુમ નામની એક ગુજરાતી યુવતીની હતી.એટલે ભીખુભાઈને થયું કે કોઈ આપણી ગુજરાતી છોકરી મુશ્કેલીમાં હોય એમ લાગે છે. પછી તે છોકરીને એક ભાઈ શોધી લાવ્યા. કુસુમે શ્રી ભીખુકાકાને જણાવ્યું કે તેનાં માબાપ આફ્રિકામાં રહે છે અને તેને પોરબંદરમાં ભણવા મૂકેલી છે. સાથે ભણતા એક છોકરા સાથે તેને પ્રેમ થઈ ગયો હતો. એટલે એની સાથે એને લગ્ન કરવાં હતાં, પરંતુ પછીથી તે છોકરાનો વિચાર ફરી જતાં તે દક્ષિણભારતમાં કોઈ જગ્યાએ ભાગી ગયો હતો.

શ્રી ભીખુભાઈએ કુસુમને પૂછ્યું, 'તારે શું મદદ જોઈએ છે ?' કુસુમે કહ્યું, 'આ છોકરો તમે મને શોધી આપો.' ભીખુકાકા કહે, 'અમને કેવી રીતે ખબર પડે કે તે ક્યાં ગયો છે ? અમે થોડા ભગવાન છીએ. તે ગમે ત્યાં ભાગી ગયો હોય તેની અમને શી ખબર હોય ?' પછી કુસુમે જણાવ્યું કે 'મોટા' કરીને એક સંત કુંભકોણમ્‌માં રહે છે. તે બધું જાણે. મને તેમની પાસે લઈ જાઓ. કુસુમ, પૂજ્ય શ્રીમોટાને ઓળખતી હતી, કારણ કે પૂજ્ય શ્રીમોટા મદ્રાસમાં જેને ઘેર ઊતરતા ત્યાં એની બહેનપણી પરણેલી હતી.

પરંતુ કુંભકોણમ્ જતાં પહેલાં તેઓ મદુરાઈ ગયા. કોઈકે બતાવેલું કે ત્યાં બાબા નામના એક મુસલમાન છે. તે આ બધું જાણે છે. આ મુસલમાન પાસેથી પણ કંઈ જવાબ મળ્યો નહિ. એટલે પછી કુસુમને મૂકીને શ્રી ભીખુભાઈ, મદુરાઈમાં બધું જોવા નીકળ્યા. છોકરીને મુસલમાન બાબાને ત્યાં મૂકી ગયા એટલામાં પેલા જે મુસલમાન બાબા હતા તેમણે છોકરીને રૂમમાં પૂરી દીધી, કારણ કે તે છોકરી જુવાન અને રૂપવતી હતી. એટલે પેલાની

દાનત બગડેલી. પછી ભીખુભાઈ ફરીને આવ્યા. આવીને બાબાને પૂછ્યું, 'પેલી છોકરી ક્યાં ગઈ ?' મુસલમાન બાબા કહે એ તો ગઈ. ભીખુભાઈ સમજી ગયા. ભીખુભાઈ આમ જરા સરદાર વલ્લભભાઈ જેવી બુદ્ધિવાળા હતા. તેમણે પેલા મુસલમાનને કહ્યું કે 'તેં જ આ છોકરીને સંતાડેલી છે. તું કબજો અત્યારે આપી દે. નહિતર પોલીસને હમણાં જ લઈને આવું છું.' ભીખુકાકાની ખુન્નસભરી વાણીથી પેલો ગભરાઈ ગયો અને તેણે કુસુમને સોંપી દીધી.

અહીંથી કુસુમને લઈને તેઓ કુંભકોણમ્ જવા નીકળ્યાં અને સાંજે ચારેક વાગ્યે ત્યાં પહોંચ્યાં. તે સમયે પૂજ્ય શ્રીમોટા, શ્રી નંદુભાઈ સાથે નંદુભાઈની મોટરમાં બેસીને ફરવા જવા નીકળતા જ હતા. શ્રી ભીખુકાકાએ પૂજ્ય શ્રીમોટાને કુસુમની મુશ્કેલી વિશેની વાત કરી. પછીથી પૂજ્ય શ્રીમોટાએ કુસુમને કહ્યું, **'કુસુમ, તારાં લગ્ન થવાનાં હશે તો થશે, પણ મારા અને ભીખુભાઈનાં લગ્ન થઈ ગયાં.'** શ્રી ભીખુભાઈને મનોમન થયું કે પુરુષ-પુરુષનાં તે વળી લગ્ન થતાં હશે ? પૂજ્ય શ્રીમોટાએ શ્રી ભીખુભાઈને ભલામણ કરી કે ઢેબરભાઈ અને નારણભાઈ સાથે તમારી ઓળખાણ અને સંબંધ છે. એટલે તમે કુસુમને રાજકોટ લઈ જાઓ અને સોંપી આવો. તે પ્રમાણે શ્રી ભીખુભાઈ પોતાના ખર્ચે રાજકોટ મૂકી આવ્યા.

આમ, શ્રી ભીખુભાઈને પૂજ્ય શ્રીમોટા સાથે સંબંધ બંધાયો અને પછીથી બંને વચ્ચે પત્રવહેવાર શરૂ થયો.

***

## ૮. શ્રીસદ્‌ગુરુનો પ્રથમ સ્પર્શ

શ્રી ઝીણાભાઈના ભક્તહૃદયમાં પહેલેથી જ અફર નિર્ણય થયેલો હતો કે લગ્ન ના કરવાં અને શ્રીરામની ભક્તિ કરવામાં જ જીવન વિતાવવું. એમના હૃદયની આ ભાવના મરી પરવારી ન હતી, પણ એ ભાવનામાં જોઈએ તેટલી ગતિ ન હતી.

પૂજ્ય શ્રીમોટા, ડિસેમ્બર, ૧૯૫૨માં શ્રી ભીખુકાકાને ઘેર સાત દિવસ માટે પધાર્યા. શ્રી ભીખુકાકાએ નીરાબનમાં બધાંને પૂજ્ય શ્રીમોટાનાં દર્શન માટે આમંત્રણ આપ્યું. શ્રી ઝીણાભાઈને પણ દર્શન માટે આવવા કહ્યું, પણ શ્રી ઝીણાભાઈને દર્શન માટે જવાની ઇચ્છા ના થઈ. પૂજ્ય શ્રીમોટાને બધા 'મોટા' તરીકે ઓળખતા. શ્રી ઝીણાભાઈને એમ થયું કે 'મોટા' એટલે પિતાના મોટા ભાઈનું સંબોધન છે. 'મોટા' શબ્દને લીધે એમને પૂજ્ય શ્રીમોટા પ્રત્યે આકર્ષણ ના થયું અને દર્શન માટે ગયા નહિ.

ફેબ્રુઆરી, ૧૯૫૩થી શ્રી ભીખુકાકા, પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોનાં પ્રકાશન માટે ફાળો ઉઘરાવતા અને અંગત વર્તુળમાં વેચવાની પ્રવૃત્તિ પણ કરતા. તેમની પાસેથી શ્રી ઝીણાભાઈએ 'જીવનપગરણ' પુસ્તક વેચાતું લીધું, નીરાબનમાંથી નવરાશ મળતાં પુસ્તક વાંચવાનું શરૂ કર્યું.

અનુભવી પુરુષની વાણી સ્થૂળ અને સૂક્ષ્મ બંનેને સ્પર્શે છે. અનુભવી સ્થૂળ કરતાં સૂક્ષ્મને વધારે સ્પર્શે છે. એનું માધ્યમ જ સૂક્ષ્મ છે.

*સદ્‌ગુરુ શબ્દ ના માત્ર ચેતનનો પ્રવાહ છે,*
*ચેતનની હદે ભક્તિ જન્માવશે ગતિ જ તે.*

**'જીવન પગરણ'** પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટાના 'લેખકના બે બોલ' વાંચતાં વાંચતાં પૂજ્ય શ્રીમોટાનાં શબ્દબાણથી શ્રી ઝીણાભાઈનું ભક્તહૃદય વીંધાવા લાગ્યું. એમના એક એક શબ્દથી શ્રી ઝીણાભાઈના અંતર્ચક્ષુ ખૂલવાં લાગ્યાં.

પૂજ્ય શ્રીમોટાના ધ્યેય વિશેના શબ્દોથી પોતાનું ભક્તિ કરવાનું ધ્યેય અને તે પરત્વેના પુરુષાર્થની ઊણપથી હૃદયમાં લાગી આવ્યું. પૂજ્ય શ્રીમોટાના 'લગની', ગુરુની આવશ્યકતા, શ્રદ્ધા અને જીવનવિકાસ કાજેની ગરજ વિશેના શબ્દોથી પોતાને ભક્તિમય જીવન વિતાવવાની અદમ્ય ઈચ્છા હોવા છતાં પ્રભુની લગની લાગી ન હતી, તેની વેદના તેમના હૃદયને કોરી ખાવા લાગી. તેમની ગુરુની ગરજ પ્રબળ થઈ આવી. ૧૯૫૦માં પૂજ્ય શ્રી નંદુભાઈના મામા શ્રી ગોપાળમામા ૨૮ દિવસ માટે કુંભકોણમ્માં મૌનએકાંતમાં બેઠા ત્યારે નીચે મુજબની પ્રાર્થના તેમને સ્ફુરી આવેલી :-

બાળપણે ખેલ્યો કૂદ્યો, નહિ ભક્તિ-સંસકાર,
સ્વચ્છંદે મહાલ્યો ઘણો, શું કહું વારંવાર !

ચાળીસે પણ ભાન ના, પડી ન પચાસે ફાળ,
સાઠ થયાં પણ શઠ રહ્યો, શું કહું વારંવાર !

કામ, ક્રોધ, મદ, મોહ ને તૃષ્ણાનો નહિ પાર,
ઘડપણમાંયે જુવાનીની, આશા રહી અપાર !

મૃત્યુથી ડરતો નથી (પણ) માથે જમનો ભાર,
છોડ્યાં કોઈ જાણ્યાં નથી, શું કહું વારંવાર !

અપરાધી કૈં જનમનો, પાપતણો નહિ પાર,
નકટો નફ્ફટ લાજ વિણ, શું કહું વારંવાર !

લગની તુજ લાગે નહિ, મારું મન ચંડાળ,
શરણે તુજ આવે નહિ, શું કહું વારંવાર !

પતિત હું કંઈ જન્મનો, ને તું પતિતોદ્ધાર,
તારો ડુબાડો હે ! પ્રભુ ! વીનવું વારંવાર !

મન, મૂરખ ને માંકડું, જંપે નહિ લગાર,
નાસાનાસ કરે બહુ, વીનવું વારંવાર !'

• • •

આ વાંચીને શ્રી ઝીણાભાઈને પોતાથી વેડફાઈ ગયેલા ભક્તિ વિનાના યૌવનકાળ અને પોતામાં રહેલા દોષોનું દર્શન થતાં, તેમની આંખમાંથી પશ્ચાત્તાપનાં આંસુ વહેવાં લાગ્યાં. એમનું હૃદય ઘેરા વિષાદથી આવરાઈ ગયું અને દિવસો સુધી ઊંડું મનોમંથન થયા કર્યું.

શ્રી ઝીણાભાઈના હૃદયમાં ધરબાયેલી ભક્તિની ભાવના જાગ્રત થઈ. તેમનું જીવન સ્વએકાગ્ર અને સ્વકેંદ્રિત બનવા લાગ્યું. તેમનાં બીજાંઓ તરફનાં દૃષ્ટિ, વૃત્તિ, વલણ મોળાં પડવાં લાગ્યાં. હૃદયમાં ત્યાગ, ઉદારતા, વિશાળતા વગેરે ગુણો ખીલવા લાગ્યા.

વેદના, પશ્ચાત્તાપ અને ઊંડા મનોમંથનના ફળસ્વરૂપે શ્રી ઝીણાભાઈના હૃદયમાં મક્કમ નિર્ધાર પ્રગટ્યો કે 'શેષ જીવન હવે ભક્તિમાં જ વિતાવવું છે, કાં તો જીવનને ભક્તિ ખાતર એની પાછળ ફના કરી દેવું છે.'

હવે, શ્રી ઝીણાભાઈને પૂજ્ય શ્રીમોટાનાં દર્શન કરવાં અને તેમને ગુરુપદે સ્વીકારવાની ઉત્કટ તમન્ના જાગી. તેમણે શ્રી ભીખુભાઈને કહી રાખ્યું કે 'હવે, પૂજ્ય શ્રીમોટા આવે તો મને તેમનાં દર્શને લઈ જજો.'

આમ, પૂજ્ય શ્રીમોટાની દિવ્ય ચેતનામાંથી સરી આવેલા શબ્દોથી જ શ્રી ઝીણાભાઈના હૃદયમાં પૂજ્ય શ્રીમોટાનો પ્રથમ સ્પર્શ થયો અને તેમના જીવનનું વહેણ બદલાઈ ગયું.

***

## ૯. 'તે હું જ છું'

કોઈ જીવને ધગધગતા જ્વાળામુખીના જેવી ઉત્કટ તમન્ના પ્રગટી હોય તો તેને ગુરુ ઘેર બેઠા જ મળી આવે છે. જે જે કક્ષામાંથી તેને પસાર કરાવવાનું હોય તે તે કક્ષામાંથી તેને તે કૃપાથી પસાર કરાવે છે.

પહેલી માર્ચ, ૧૯૫૪ના દિવસે પૂજ્ય શ્રીમોટા, અમદાવાદથી સવારે સૌરાષ્ટ્ર એક્સ્પ્રેસ ટ્રેનમાં નીકળી મુંબઈ થઈને કુંભકોણમ્ જવાના છે એવો પત્ર શ્રી ભીખુકાકાને મળ્યો. શ્રી ભીખુકાકાએ તે દિવસે શ્રી ઝીણાભાઈની સાથે આવવાની ઇચ્છા હોવાથી તેમને પણ સાથે લીધા. અને સુરત રેલવે સ્ટેશને બપોરના સમયે રાહ જોઈ ઊભા રહ્યા. ટ્રેન આવીને થોભી, નિયત ડબ્બામાં શ્રી ભીખુકાકાની પાછળ પાછળ શ્રી ઝીણાભાઈ પણ ચડ્યા અને જ્યાં પૂજ્ય શ્રીમોટા, શ્રી નંદુભાઈ સાથે બેઠા હતા ત્યાં પહોંચ્યા.

પૂજ્ય શ્રીમોટા અને શ્રી ઝીણાભાઈની નજર મળી અને એક અદ્‌ભુત દૃશ્ય સર્જાયું. પૂજ્ય શ્રીમોટા એકીટશે શ્રી ઝીણાભાઈને વેધક નજરે જોઈ રહ્યા. શ્રી ઝીણાભાઈ, પૂજ્ય શ્રીમોટાને પગે લાગવા ગયા ત્યાં સામે સાક્ષાત્ યુવાન ધનુર્ધારી શ્રીરામ બિરાજેલા હતા.

કશી વાતચીત ના થઈ. પૂજ્ય શ્રીમોટા, શ્રી ભીખુકાકા સાથે વાતો કરતા રહ્યા, પરંતુ તેમની દૃષ્ટિ તો શ્રી ઝીણાભાઈ ઉપર જ સ્થિર થયેલી હતી. ટ્રેન ઊપડવાનો સમય થયો એટલે બંને નીચે ઊતર્યા અને બારી પાસે ઊભા રહ્યા ત્યારે પણ પૂજ્ય શ્રીમોટાની દૃષ્ટિ તો શ્રી ઝીણાભાઈ ઉપર જ હતી.

‘પરાપૂર્વતણું ભાન નિમિત્ત ઊગતાં હૃદે,
-જાગે અનુભવીને ત્યાં સ્પષ્ટ પ્રત્યક્ષ જીવને.

આગળ પાછળ જે છે પરાપૂર્વનું ચિત્ર જે,
નિમિત્તના જ સંબંધે તે અનુભવીને ઊગે.

પોતે પોતાનું સંપૂર્ણ સ્વરૂપ આગવું જ તે,
જાણી લઈ, રમે તેમાં એકાકારપણે હૃદે.

કિંતુ નિમિત્તમાં કોઈ જ્યારે તે સંકળાય છે,
ત્યારે જે જાણવા જેવું મેળે તેને જણાય છે.’

• • •

*પોતાની એકલાની શક્તિથી જ પ્રાપ્ત નિમિત્તના જીવનને પલટાવી નાખવા અનુભવી સમર્થ છે. નિમિત્તને એટલે કે જીવાત્માને કોઈ ને કોઈ રીતે પોતાના હૃદયમાં આકર્ષી લેવાની તેની ચાલ હોય છે, કાર્યપદ્ધતિ હોય છે.*

કોઈ એક ભણેલા, મોટા ડિગ્રીવાળાએ ભક્તને સવાલ પૂછ્યો કે ‘તમે મને ભગવાનનાં દર્શન કરાવશો ?’ ત્યારે ભક્તે કહ્યું, ‘હા’. એમ જણાવીને તેઓ પેલા ગૃહસ્થને એક ટાંકા પાસે લઈ જઈ તેમાં જોવા કહ્યું અને પૂછ્યું કે ‘પાણીમાં શું જણાય છે ?’ ત્યારે તેમણે જણાવ્યું કે ‘મારું મુખ બરાબર દેખાય છે.’ એનું કારણ શું ?’ તો કહે, પાણી નિર્મળ અને નિર્દોષ થઈ જાય તો દર્શનનો અનુભવ થઈ શકે.

આમ, શ્રી ઝીણાભાઈનું હૃદય નિર્મળ, નિર્દોષ હતું. તેથી, તેમને પૂજ્ય શ્રીમોટામાં શ્રીરામનાં દર્શન થયાં. આવો અનુભવ

થાય તો અનુભવ કાં તો કોઈક એવા આત્માનું દિલ આપણામાં રમતું હોય તેથી કરીને પણ થાય. અને બીજું જો આપણી ભૂમિકા તેવા પ્રકારની તૈયાર થયેલી હોય તોપણ થાય. જો બીજા પ્રકારે થાય તો તેની અસર ચિરંજીવપણે પ્રગટેલી રહ્યા કરે છે.

શ્રી ઝીણાભાઈને પણ 'મોટા એટલે જ ભગવાન' એવી અવિચળ શ્રદ્ધા જન્મી ગઈ અને એ શ્રદ્ધાથી જ જીવનવિકાસની યાત્રા પૂર્ણ કરી ગયા.

*'જ્યારે મનહૃદયમાં, જીવનમાં કંઈ મેળવવાની ભાવના પ્રત્યક્ષ તદાકાર થઈ, એકરૂપ અને એકરસ બની તદ્રૂપ બને છે ત્યારે જે મેળવવાનું હોય છે તેનો અનુભવ પ્રત્યક્ષ હૃદયમાં આપો આપ પ્રગટે છે. આવો અનુભવ જીવનવિકાસને મદદ કરે તે માટે પ્રથમ તો તેવી જ્ઞાનપૂર્વકની યોગ્ય ભૂમિકા અને તેવો રંગ લાગેલો હોવો જોઈએ. જેમ મેલાં કપડાં ઉપર રંગ લાગતો નથી, દીપતો નથી, શોભતો પણ નથી અને કરેલી મહેનત અને ખર્ચેલા પૈસા જાણે નકામા ગયા હોય તેના જેવું બને છે.'* પૂજ્ય શ્રીમોટાનો બાપદાદાનો ધંધો રંગરેજનો હતો અને શ્રી ઝીણાભાઈની યોગ્ય ભૂમિકા હોવાથી આ રંગરેજના રંગે તેઓ રંગાવા માંડ્યા.

*ભગવાનની શ્રદ્ધા કંઈ એકદમ કોઈ જીવમાં સોએ સો ટકા જીવતી થઈ શકતી નથી. કોઈ એવો મહાન આત્મા હોય કે જન્મની સાથે જ પૂર્વજન્મમાં કરેલી સાધનાના પ્રખર સંસ્કાર લઈને અવતર્યો હોય તો તેવા જીવને સવેળા શ્રદ્ધા હૃદયમાં લાગી ગયેલી જાણીએ છીએ.*

*જીવતોજાગતો શ્રદ્ધાવિશ્વાસભાવ કોઈક જ વિરલ વીર જીવમાં પ્રગટતો હોય છે. બાકીનામાં તો એ ધીરે ધીરે અનેક*

*અથડામણો અને અનેક આઘાત પ્રત્યાઘાતોથી જન્મતો હોય છે. એવા સહજભાવે વળગી રહેવાનું તો કોઈ પરમ સદ્ભાગી વિરલા જીવનું કામ છે.* પૂજ્ય શ્રીમોટાનાં પાવન દર્શન શ્રી ઝીણાભાઈના જીવનપરિવર્તનનો અમૂલ્ય અનુભવ પ્રસંગ બની રહ્યો. શ્રી ઝીણાભાઈના હૃદયમાં રમી રહેલા રામનાં દર્શન કરાવીને પૂજ્ય શ્રીમોટાએ પરોક્ષ રીતે બતાવી આપ્યું કે 'તે હું જ છું.'

***

## ૧૦. મૌનસાધનાની શરૂઆત અને હનુમાનનાં દર્શન

૧૯૫૦ના દાયકામાં રાંદેર રોડના કાચા રસ્તાની આજુબાજુ ખુલ્લાં ખેતરો જ હતાં. તાડવાડીના વિસ્તારમાં તાડનાં વૃક્ષો જોવા મળતાં. જહાંગીરપુરાથી વરિયાવ ગામ જવાની પથ્થરવાળી કાચી સડક હતી. હાલ જ્યાં રામ મઢી અને ઈસ્કોન મંદિર છે ત્યાં દેશી બાવળવાળાં ખેતરો હતાં. નાના જહાંગીરપુરા ગામનાં મકાનો વચ્ચે થઈને રાંદેર ગામમાં જવાનો તાપી નદીના કાંઠે કાંઠે કાચો રસ્તો હતો. જે પાળાયોજના આવ્યા પછી લુપ્ત થયો.

કુરુક્ષેત્ર મહાદેવનું નાનું પ્રાચીન મંદિર જર્જરિત અવસ્થામાં હતું. મંદિરની બાજુમાં પૂજારી ઈશ્વરગિરિનું ખખડધજ મકાન હતું. મંદિરની આજુબાજુ ઘાસિયાં ખેતરો હતાં. તે સમયે આ મંદિરે ભાગ્યે જ કોઈ આવતું. અધિક માસની એકાદશીએ મેળો ભરાતો ત્યારે તાપી નદીમાં સ્નાન કરવા સુરતથી લોકો આવતા. મંદિરનો પૂજારી પણ દિવસના પૂજાઆરતી કરવા રોકાતો અને રાત્રે રાંદેરગામ જતો રહેતો. રાત્રે અહીં ચોર લૂંટારાનો ભય રહેતો. તાપી નદીને કિનારે મંદિર પાસે આવેલ સ્મશાન સામે ડાઘુઓને બેસવા માટેની પતરાંવાળી ધર્મશાળા હતી. ૧૯૫૧માં કુંભકોણમ્‌માં શ્રી ભીખુકાકાને હવે ભક્તિનો રંગ લાગ્યો હતો. તેથી, તેઓ પૂજ્ય શ્રીમોટાના માર્ગદર્શન હેઠળ કતારગામ પોતાના મકાનમાં અને ગાંધી આશ્રમ, અમદાવાદની 'મીરાંકુટિર'માં મૌનમાં બેસતા.

૧૯૫૪માં શ્રી ભીખુકાકા, સ્મશાન અને તેની બાજુમાં પાણી હોય તેવી એકાંતવાળી જગ્યાની શોધમાં હતા. તે સમયે ડભોલી-

સીંગણપોરના નીરાબનમાં નીરાઉત્પાદન કેંદ્ર ચાલતું. કોઈએ શ્રી ભીખુકાકાને ડભોલીને સામે કાંઠે આવેલ કુરુક્ષેત્ર મહાદેવ મંદિર અને સ્મશાનવાળી જગ્યા બતાવી, જે તેમને મૌન-જપયજ્ઞ માટે અનુકૂળ લાગી. ત્યાં જઈ શ્રી ભીખુકાકાએ નીરામંડળીમાં કામ કરતા લવાછા ગામના શ્રી રઘાભાઈ, પીરજીભાઈ પટેલ અને ભીખુકાકાના ભાઈશ્રી લલ્લુભાઈના એક નોકરને લઈને સ્મશાનની સામેવાળી ધર્મશાળા સાફસૂફ કરાવી. માદરપાટના કપડાંથી ધર્મશાળાના ત્રણ ભાગ પાડી મૌન માટેની વ્યવસ્થા ઊભી કરી. એક ભાગમાં સૂવા માટેનું ગાદલું રહી શકે અને તેના એક ખૂણામાં જપ કરવા માટેની બેઠકનું આયોજન કર્યું. બીજા વિભાગમાં છ બેડાં પાણી સમાય તેવી પાણીની મોટી પવાલી રહેતી. સ્નાન માટે પણ આ વિભાગનો જ ઉપયોગ થતો. સંડાસ-પેશાબ માટે ઈંટોની બેઠક બનાવી. તગારામાં માટી નાખી તેનો ઉપયોગ થતો. ત્રીજા વિભાગમાં મૌનાર્થીની સેવા કરનાર માટે સૂવા-બેસવાની સગવડ કરી હતી.

શ્રી ભીખુકાકાની સાથે તેમનાં પત્ની- વિદ્યાકાકી અને તેમનાં બા પણ કુરુક્ષેત્રમાં આવીને રહ્યાં હતાં. તે બંનેને રહેવા માટે અને રસોડાની વ્યવસ્થા માટે ધર્મશાળાની દક્ષિણે ઈશ્વરગિરિના ખેતરમાં એક લીમડાના ઝાડ નીચે પતરાંવાળી એક ઓરડી ઊભી કરવામાં આવી હતી. તેમના માટે જમીનમાં ખાડો કરી આજુબાજુ નારિયેળના છતિયાની આડશ ઊભી કરી જાજરૂની વ્યવસ્થા કરી હતી. પાણી ગરમ કરવા માટે ઓરડીની બહારની બાજુએ ઈંટો મૂકીને એક ચૂલો બનાવવામાં આવ્યો હતો.

તે સમયે ભીખુકાકાનો આ જપયજ્ઞ રાંદેર વિસ્તારના લોકો માટે કુતૂહલ પ્રેરક હતો. રાંદેરથી હોડીમાં બેસી સવારે છ વાગ્યે ડૉ. જેભાઈ, હીરાભાઈ સોની, નારુશંકર ભટ્ટ, મોહનભાઈ, ભગતકાકા, વૈદ્યકાકા વગેરે કુરુક્ષેત્ર મહાદેવનાં દર્શન કરવાં આવતા. આસપાસના લોકોને જેમ જેમ ખબર પડવા માંડી કે અહીં જપયજ્ઞ શરૂ થયો છે તેમ તેમ સાંજે પણ કુરુક્ષેત્ર આવવા લાગ્યા. આ કાળમાં અહીં વીજળી આવી ન હતી. એટલે રાત્રે ફાનસથી કામ ચલાવવામાં આવતું.

શ્રી ભીખુકાકાએ પૂજ્ય શ્રીમોટાની સંમતિ લઈ તા. ૧૮-૩-૧૯૫૪ને ગુરુવારે સવારે છ વાગ્યે હરિઃૐની ધૂન અને પ્રાર્થના કરી એકાવન દિવસ માટેનું મૌન શરૂ કર્યું. વિદ્યાકાકી અને શ્રી ભીખુકાકાનાં બા, મૌનાર્થીઓ માટે ચા અને રસોઈનું કામ સંભાળતાં. શ્રી રઘાભાઈ, વપરાશ માટેનું પાણી નદીથી ભરી લાવી પાણીની બે પવાલીમાં ભરી રાખતા. નદીનું પાણી પીવા લાયક ના હોવાથી શ્રી રઘાભાઈ, ચાલીને સરોલી ગામની સામે આવેલ વણકલા ગામના એક કૂવામાંથી માથા ઉપર બેડું મૂકીને ભરી આવતા. આ કામમાં તેમને બે કલાક લાગતા. શ્રી રઘાભાઈનું કામ સાફસફાઈનું, કપડાં ધોવાનું, ધર્મશાળાની સામે પાણી છાંટવાનું તે ઉપરાંત, શાકભાજી, દૂધ અને બીજી જરૂરી ચીજવસ્તુ રાંદેર ગામથી લાવવાનું હતું. મૌનાર્થીને સવારમાં ચૂલા ઉપર પાણી ગરમ કરી એક ગરમ પાણીની ડોલ આપવામાં આવતી. સવારસાંજ બે વખત ચા આપવામાં આવતી. સવારે દસ વાગ્યે અને સાંજે પાંચ વાગ્યે ભોજન આપવામાં આવતું. મૌનાર્થી બદલાય ત્યારે મૌનરૂમ સાફ કરી રૂમને ધૂપ આપવામાં આવતો. મૌનાર્થીના

ઝાડાપેશાબ માટે માટી ભરેલાં અને વારાફરતી ઉપયોગમાં લેવા બે તગારાં રાખવામાં આવ્યાં હતાં. તગારું નદીએ સાફ કરી તડકામાં તપાવવામાં આવતું.

પૂજ્ય શ્રીમોટાએ આ દિવસોમાં કુરુક્ષેત્રમાં દિવ્ય વાતાવરણનું સર્જન કર્યું હતું. જે આવે તે મોટેથી હરિઃૐ બોલતા. નદીમાં હોડીઓ ચલાવતા માછીઓ પણ હરિઃૐના પડકારા કરતા. ચારે તરફ વાતાવરણ હરિઃૐના નાદથી ગુંજી ઊઠતું. આખો કુરુક્ષેત્ર વિસ્તાર ચેતનવંતો બની ગયો હતો.

મૌનમાં શ્રી ભીખુકાકાને નવ દિવસ થયા અને તેમના અંતઃકરણમાં અવાજ સંભળાવા લાગ્યો કે 'બહાર નીકળ, બહાર નીકળ.' એટલે દસમાં દિવસે સવારે છ વાગ્યે કપડાંનો દરવાજો ખોલી બહાર આવી ગયા. આ જોઈને તો શ્રી રઘાભાઈ તો ગભરાઈ ગયા. તે સમયે શ્રી ભીખુભાઈ ખાદીની ચડ્ડી પહેરી ઉઘાડા શરીરે, માથાઉપર ફાળિયું વીંટેલું હતું અને એક હાથમાં કરતાલ અને બીજા હાથમાં આગલા દિવસે આપેલી મોસંબી લઈને ઊભા હતા. શ્રી રઘાભાઈને સાક્ષાત્ હનુમાન ઊભા હોય તેવું લાગ્યું. શ્રી ભીખુકાકા સતત હરિઃૐ, હરિઃૐનું સ્મરણ કરતા હતા. તેમણે સ્લેટ મંગાવી લખ્યું કે કતારગામ બાને પગે લાગવા જવું છે. (બા થોડા દિવસ રહીને કતારગામ જતાં રહ્યાં હતાં)

શ્રી ભીખુકાકા, મસ્તીમાં હરિઃૐ બોલતાં બોલતાં તાપી નદીનાં પાણીમાં થઈને ચાલતાં ચાલતાં સામે કાંઠે આવેલા ડભોલી નીરાબનમાં ગયા. ત્યાં જઈને શ્રી ઝીણાભાઈને ભેટી પડ્યા. શ્રી ઝીણાભાઈને પણ શ્રી ભીખુકાકામાં શ્રીહનુમાનજીનાં દર્શન થયાં. અહીંથી શ્રી ભીખુકાકા ભાવવિભોર અવસ્થામાં તેમને ઘેર

કતારગામ પહોંચ્યા અને તેમનાં માતુશ્રીને પગે લાગ્યા અને ત્યાંથી ઘોડાગાડી દ્વારા કુરુક્ષેત્ર પરત આવ્યા. આવીને કુરુક્ષેત્ર મહાદેવને પગે લાગવા ગયા ત્યારે તેમની પાછળ હીરાભાઈ સોની ઊભેલા હતા. શ્રી હીરાભાઈ સોનીએ જોયું કે શ્રી ભીખુકાકાનું માથું શિવલિંગ સાથે ચોંટી ગયું હતું અને તેમના માથા ઉપર એક પ્રકાશનો પુંજ દેખાયો હતો.

શ્રી ભીખુકાકાનું એકાવન દિવસનું મૌન પૂરું થઈ શક્યું નહિ. તેથી, તે પછી વારાફરતી વિદ્યાકાકી, ચૂનીભાઈ તમાકુવાળા, નારુશંકર ભટ્ટ વગેરેએ મૌનમાં બેસીને એકાવન દિવસ પૂરા કર્યા. તેમાં શ્રી રઘાભાઈ એક દિવસ માટે મૌનમાં બેઠેલા.

શરૂઆતના વીસેક દિવસ પૂરા થતાં શ્રી લલ્લુભાઈને ઘેર કામની ખેંચ પડવાથી તેમના નોકરને પાછો બોલાવી લેવામાં આવ્યો. તેની જગ્યાએ ડભોલી નીરાબનમાંથી શ્રી ઝીણાભાઈને બોલાવવામાં આવ્યા. શ્રી ઝીણાભાઈએ છેલ્લે છેલ્લે મૌનમાં બેસીને જપયજ્ઞનો લાભ લીધો. શ્રી ઝીણાભાઈને મૌનમાં ખૂબ જ આનંદ આવ્યો. આ પ્રસંગ પછી પૂજ્ય શ્રીમોટા સાથે શ્રી ઝીણાભાઈનો પત્રવહેવાર શરૂ થયો.

મૌનના એકાવન દિવસના અંતે નીરાબનમાં પૂજ્ય શ્રીમોટા તરફથી કેરીનો રસ અને પૂરીનું ભોજન રાખવામાં આવ્યું હતું.

આમ, હરિઃૐ આશ્રમનાં મૌનમંદિરો અને શ્રી ઝીણાભાઈના જીવનવિકાસની સાધનાનો પાયો નંખાયો.

***

## ૧૧. શ્રીસદ્‌ગુરુ

*ચેતનનો ઉદય પમાડવાને માટે કોઈ શ્રેયાર્થી જાગ્રત થયો છે અને એને એમાં ચેતન થવાને માટેના ભૂગર્ભની શક્તિ છે. એ ભૂગર્ભની શક્તિ એ જ કારણ નિમિત્ત. એના જીવનનું જે પ્રગટેલું કારણ નિમિત્ત ત્યાં છતું થાય છે એટલે ગુરુ, કારણરૂપી ગુરુ પ્રગટવાનું મૂળ કારણ નિમિત્તમાં જ રહેલું હોય છે. અંદરની ઊંડી લગન અને અદમ્ય તમન્ના હોય તો જ ગુરુ પ્રાપ્ત થાય છે.*

*અનુભવીનો સંપર્ક થતાં 'મને સાચા અનુભવી પુરુષનો સંબંધ થયો છે.' એમ પૂરેપૂરા ચેતી ગયેલા અને હાર્દિક પ્રેમઆદર સાથે તેના પ્રત્યે અભિમુખ થયેલા કોઈ પણ જીવને અનુભવીનો આંતરસ્પર્શ ન્યાલ કરી નાખે છે. આવો જીવ પોતાનું જીવન પલટાઈ જતાં પ્રકૃતિનાં બંધનમાંથી છૂટી જઈ આત્મસ્વરૂપને અનુભવવા ભાગ્યશાળી થાય છે.*

શ્રી ઝીણાભાઈએ જપયજ્ઞના મૌનાર્થીની સેવા કરી. છેલ્લે સાત દિવસ મૌનમાં બેઠા. મૌનમાંથી નીકળ્યા પછી ફરીથી ડભોલી નીરાબનમાં કામે લાગી ગયા ત્યારથી પૂજ્ય શ્રીમોટા સાથે તેમનો પત્રવહેવાર શરૂ થયો. પૂજ્ય શ્રીમોટાને તેમણે લખેલા તા.૧૧-૫-૧૯૫૪ના પત્રના જવાબમાં પૂજ્ય શ્રીમોટાએ લખ્યું કે 'મૌનમાં તમને આનંદ આવ્યો તે હરિની કૃપા. હવે, હરિનું સ્મરણ કરતા રહેજો. અમારાં કામમાં જેટલી થાય તેટલી મદદ કરજો. તમારા ભાઈઓમાં હરિની ભક્તિ વધે. પવિત્રતા વધે. ભાઈચારો વધે. સંપ વધે. એકબીજામાં પ્રેમ વધે. એકબીજાને મદદ કરવાનું દિલ થાય. આવું બધું કરતા રહેજો, પણ હરિને ભજતાં ભજતાં હરિને ભૂલશો નહિ.'

શ્રી ઝીણાભાઈને મૌનમાં અદ્ભુત આનંદ આવ્યો અને નવો ઉત્સાહ, ઉમંગ પ્રગટ્યા. એક નવી જ પ્રેરણા મળી. મૌનમાં થયેલા પૂજ્ય શ્રીમોટાની ચેતનાના સ્પર્શથી પૂજ્ય શ્રીમોટાને ગુરુપદે સ્થાપવાની ગરજ પ્રબળ થઈ આવી.

*સદ્ગુરુ પાસથી લેવા ઝંખના જ્ઞાન-ભક્તિની,*
*એના પરત્વેનો ઊંડો લાગેલો સ્વાર્થ જોઈશે,*
*તો પરસ્પરની સાથે લેણદેણ થયા જશે,*
*ભૂમિકા લાભ લેવાની જાગેલી તો રહે ખરી.*

*સ્વાર્થ લાગ્યા વિના ઊંડો સંધાણ થવું કોઈથી,*
*- કદાપિ શક્ય તે ના છે કોટિ કોઈ ઉપાયથી,*
*અનુરાગ થયા વિના સંબંધ દિલનો ઊંડો,*
*- કશો જ નથી બંધાતો નિશ્ચયે જાણી લેવું તો.*

*ઉત્કટ સ્વાર્થ જે સાથે લાગેલો છે ખરેખરો,*
*સાધવા સ્વાર્થ તે વ્યક્તિતણું જોવાય ના કશું !*
*માત્ર તે સાધવા સ્વાર્થ એકાગ્ર લક્ષ તલ્લીન,*
*- એકધારું રહે કેવું ! એવું ત્યાં સ્વાર્થ - ધોરણ.*

*આપણા સમાજમાં એક તો સત્પુરુષ મળવા જ દુર્લભ છે, અને મળે તો તેને સારી રીતે ઓળખવા દુર્લભ છે. અને ઓળખાય તો તેને સમજવા દુર્લભ છે અને કદાચ સમજાય તો તેનું જ્ઞાનભક્તિપૂર્વક પોતાના જીવનવિકાસને અંગે અનુશીલન પરિશીલન કરવું ઘણું વધારે દુર્લભ છે.*

પૂજ્ય શ્રીમોટાને ગુરુપદે સ્થાપવાની પોતાની અંતરની ઇચ્છા શ્રી ઝીણાભાઈએ પત્ર દ્વારા કરી. જેના પ્રત્યુત્તરમાં પૂજ્ય શ્રીમોટાએ લખ્યું કે 'મારે કોઈ શિષ્ય નથી. તેમ હું કોઈનોય ગુરુ નથી. શિષ્ય થવું સહેલું નથી. મરણ આવે તો તે ભલે પણ મરણને ભોગે પણ ગુરુનાં વચનનું પાલન કરવાનું કોઈ જીવથી આ કાળમાં બની શકે તેવું નથી. બોલવું સહેલું છે, પણ તેમ હોવું કે થવું તે ઘણું મુશ્કેલ છે. જો તમે શિષ્ય છો એમ તમારી જાતને ગણતા હોવ તો શ્રીહરિનું સ્મરણ ગમે તેમ કરીને પણ સતત એકધારું બસ ચાલ્યા જ કરે એવું કરી દો. એટલું વચન પાળી બતાવો તો તો શિષ્ય. બાકી તો ગપ્પાં'.

શ્રી ઝીણાભાઈને પૂજ્ય શ્રીમોટાનાં વચનો હૃદય સોંસરવા ઊતરી ગયાં અને સતત હરિસ્મરણમાં પ્રયત્નશીલ થયા. શ્રી ઝીણાભાઈ, ચોમાસું બેસતાં ડભોલી નીરાબનમાંથી લવાછા આવી રહ્યા.

***

# ૧૨. ખુલ્લા થવાની સાધના

*રોજબરોજની જે તે પ્રક્રિયા સર્વ જે બને,*
*નિવેદ્યા કરવાકેરો અભ્યાસ પાડવાથી જે,*
*થતાં અભ્યાસ તેવો તે જીવંતો જીવને યદા,*
*કેવો હાર્દિક સંબંધ કેળવાતો જતો તદા !*

સાધકના સાધનાજીવનની પ્રથમની શરૂઆત તો એના સર્વ પ્રકારે, સર્વ રીતે, સર્વ ભાવે અને સંપૂર્ણ ભાવે ખુલ્લા થવામાં રહેલી છે. તે પોતાનું જે તે બધું જ એને ચરણકમળે આત્મનિવેદન કર્યા કરે અને જીવનવિકાસને યોગ્ય જ્યાં જ્યાં જે જે પળે વર્તી શકાતું ના હોય ત્યાં ત્યાં તે જાગી જાગીને તેમાં રચનાત્મક કૃપામદદ મળી શકે, તે કાજે લળી લળીને ગદ્‌ગદ કંઠે હૃદયમાં હૃદયથી શ્રીપ્રભુની પ્રાર્થના કરે છે.

સદ્‌ગુરુ આગળ દિલની સરળતા રહ્યા કરવી, દિલનું ખુલ્લું થયા કરવું - એ બધું લખ્યા, વાંચ્યા કે બોલ્યા જેટલું સહેલું નથી. રખેને સદ્‌ગુરુ નારાજ થાય અને કડવા શબ્દ કહે. એટલે દુઃખ લાગે અને તેથી સદ્‌ગુરુ પરત્વેની પ્રેમભક્તિમાં ઓટ આવે એવો જાણેઅજાણે ભય રહેલો હોય છે. હૃદયનો જ્યાં એવો પૂરો પ્રેમભાવ નથી હોતો ત્યાં કદી ખુલ્લા થઈ શકાતું નથી. કુંભાર ઘાટ ઘડવા માટે માટીનો જે લોંદો તૈયાર કરે છે, તેમાં નરમાશ, કુમળાશ, ભીનાશ એટલાં બધાં હોય છે કે કુંભારને તેમાંથી ઈચ્છેલો આકાર ઘડવામાં સરળતા રહે છે. એમ બને તો જ આપણા જીવનવિકાસના માર્ગમાં યોગ્ય ઉઠાવ પણ જન્મી શકે. મુલાયમતાથી ભાવનાનું પ્રાગટ્ય થાય અને તેમાં એકાગ્ર થવાતાં

*અંતર્મુખતા જન્મતી અને જામતી અનુભવાય છે. બહારના વિષયો પરત્વે લક્ષ થવું કે જવું તે ઘટતું જતું અનુભવાય છે. વિશેષ ને વિશેષ અંતરમાં ને અંતરમાં રમતા રહ્યા કરવાનું બની શકે છે, તેવી વેળાની ભૂમિકા ઉપરથી જે જિજ્ઞાસા જાગે છે, તેમાં જે હૃદયની પ્રમાણિકતા, નેકદિલી, પ્રેમભક્તિ અને ભાવનું ઊંડાણ પ્રગટે છે. તેની માત્રા કેવા પ્રકારની હોય છે તે, હાલની આપણી સ્થિતિ ઉપરથી નહિ સમજી શકાય.*

*આત્મનિવેદનમાંથી તો શુદ્ધિ પ્રગટ્યા કરે અને તેમાંથી શક્તિ પ્રગટતી જાય છે. આત્મનિવેદન એ તો ભક્તિનું એક મોટામાં મોટું સાધન છે. સાચા દિલથી થયેલું આત્મનિવેદન જીવનમાં બળ પ્રગટાવે છે અને જે બાબતનું આત્મનિવેદન થઈ શક્યું હોય તે બાબત ફરીથી ના બનવાને માટે આપણને તે જાગ્રત રખાવે છે. આત્મનિવેદનથી પ્રેરકબળ મેળવી લેવાની કળા સાંપડે છે. એટલે આપણે જો ખુલ્લા હૃદયનો મુક્ત એકરાર કરતાં હોઈએ છીએ તો તેમાંથી તો શૌર્ય, હિંમત અને ધીરજ પ્રગટે છે. એવા એકરારમાંથી ફરીથી તેવું કર્મ ના બની શકે તેની જ્ઞાનયુક્ત જાગૃતિ પ્રગટે તો જ તે હૃદયનો સાચો એકરાર ગણાય.*

તા. ૧૫-૭-૧૯૫૪, ગુરુપૂર્ણિમાને દિવસે પૂજ્ય શ્રીમોટાએ શ્રી ઝીણાભાઈને યાદ કરીને પત્ર લખ્યો કે 'ભગવાન ભરોસે રહેવું. એનું ભજનકીર્તન કરવું. કોઈને દગો દેવો નહિ. દારૂ-તાડીને અડવું નહિ. માંસમાટી ખાવાં નહિ. હરિસ્મરણ કરતા રહેશો. દરેક ગુરુવારે ઉપવાસ કરવો. મૌન પાળી શકાય તો સ્મરણ કરતાં કરતાં પાળવું. બધાંના ઉપર સદ્‌ભાવ રાખવો. પ્રેમ રાખવો. વેરભાવ ટાળી દેવો. બધાંને મદદ કરતા થવું.' શ્રી

ઝીણાભાઈ, પૂજ્ય શ્રીમોટાનાં આવાં આવાં સૂચનોનું પાલન કરતા ગયા. હવે, તેમને મૌન-જપયજ્ઞની તાલાવેલી લાગી. તેથી, તેમણે, એકાંતમાં તળાવની સામે આવેલા ખેતરના ઝૂંપડામાં (જ્યાં તેઓ રહેતા હતા ત્યાં) દસ દિવસનું મૌન લીધું. તે વિગત પૂજ્ય શ્રીમોટાને તા. ૨-૮-૧૯૫૪ના પત્ર દ્વારા જણાવી. તેના પ્રત્યુત્તરમાં પૂજ્ય શ્રીમોટાએ લખ્યું કે 'દસ દિવસનું મૌન લીધું છે તે ઉત્તમ અને ગુરુવારનું મૌન લેવાનું પણ રાખજો, પણ હરિસ્મરણ તો કર્યાં જ કરવું. હરિનું સ્મરણ ભૂલશો નહિ. જીવન પવિત્રમાં પવિત્ર રીતે જીવવું. કોઈની અદેખાઈ ના થાય. કોઈનો દ્વેષ ના થાય. કોઈની તરફ વેર ના થાય એમ વર્તવું. બધાંનું ભલું ઇચ્છવું અને કરવું. કોઈનાય દોષ ના જોવા - ના કાઢવા. બધાંના સદ્‌ગુણ જોવા. સદ્‌ગુણ ખોળવા અને સદ્‌ગુણની કદર કરતાં શીખવું. બીજાને કેમ કરીને મદદકર્તા થઈને જિવાય તેમ કરવું. સદાયે આનંદમાં રહેવું. શોક, દિલગીરીને અંદર પેસવા દેવાં નહિ. અમને યાદ કરતા રહેજો.'

લવાછાના આ દિવસો દરમિયાન એક દિવસ એક સાધુ ઘરના ઓટલા પાસે આવીને ઊભા રહ્યા. શ્રી ઝીણાભાઈ તો ભગવાં વસ્ત્ર જોઈને સાધુને પગે લાગ્યા.

આ સાધુએ તેમની પાસે પૈસા માગ્યા. શ્રી ઝીણાભાઈના મોટા ભાઈ-ગાંડાભાઈ કહે, 'પેલા ભાઈ પાસે માગો. એની પાસે તો બહુ પૈસા છે.' સાધુ કહે 'એના પૈસા મારે જોઈતા નથી. રાવણ પાસે તો ઘણું હતું. મારે તો આના (ઝીણાભાઈના) જ પૈસા જોઈએ છે.' શ્રી ઝીણાભાઈનો સ્વભાવ ઉદાર અને સામે ભગવાધારી સાધુ એટલે તરત બે રૂપિયા આપી દીધા. સાધુ પૈસા

લઈ જતા રહ્યા. પછી શ્રી ઝીણાભાઈને હૃદયમાં એટલું બધું થયું કે 'આપણે મોટામાં મોટી ભૂલ કરી કે સાધુને જમાડ્યા નહિ. સાધુને ખોળવા શ્રી ઝીણાભાઈએ એકબે છોકરાઓને પાછળ મોકલ્યા, પરંતુ સાધુ દૂર સુધી દેખાયા નહિ. કોણ આવ્યું હતું સાધુ સ્વરૂપે ? પછીથી પૂજ્ય શ્રીમોટાએ કહ્યું હતું કે 'તે હું જ હતો'.

ચોમાસું પૂરું થતાં હવે સુરતથી હજીરા જતાં બોરભાઠાના નીરાબનમાં કામ કરવાનું હતું. શ્રી ઝીણાભાઈનું પત્રો દ્વારા આત્મનિવેદન પૂજ્ય શ્રીમોટાને થતું રહેતું હતું. પત્રોમાં પોતાની મુશ્કેલીઓ અને અનુભવો જણાવતા રહેતા.

*હજારો માઈલો છેટું ભલે શરીરથી રહ્યું,*
*છતાંય તે બધું જાણે પ્રીછે છે નિજ ભક્તનું.*

બોરભાઠા નીરાબનમાં તા.૨૯-૧૧-૧૯૫૪ અને તા. ૩-૧-૧૯૫૫ના બે પત્રોમાં પૂજ્ય શ્રીમોટાએ લખ્યું કે 'ગુરુવારે કામના સમયે બોલવાનું થાય તો જરૂર બોલવું. આપણે જે કામ માટે ત્યાં રહ્યા છીએ તે કામ ઉત્તમમાં ઉત્તમ રીતે કરવું. કામ કરતાં કરતાં હરિનું સ્મરણ કરવું. એમાં પાછા ના પડવું. કામને માટે બોલવાનું થાય તેટલું બોલવું. બાકી, અમથી અમથી વાતચીત કરવાને માટે ના બોલવું. લસણ અને ડુંગળી બીજાં બધાં તો ખાવાનાં, તો તેનો તમારે વાંધો ના ગણવો. જ્યારે પાછા એકલા રહેવાનું થાય ત્યારે તે ના ખાવું. તમારે ત્યાં (આશ્રમમાં) ઘણી મહેનત કરવાની હોય એટલે ઘણી મહેનત કરનારને માટે ડુંગળી અને લસણ એ તો ઉત્તમ વસાણું છે. માટે, એનો વાંધો ના સમજશો. ડુંગળી અને લસણ ખાવાથી ધર્મ અભડાય છે એ વાત ખોટી છે. ભગવાનનું સ્મરણ કર્યા કરશો. મૌન બને તેટલું પાળવું.

ઝાઝું બોલવાનું નહિ. ઝાઝી વાતચીત કરવાની નહિ. કામને માટે બોલ્યા સિવાય ચાલે જ નહિ એવું હોય તો જ બોલવું. સદાય આનંદમાં રહેવું. કોઈ વાતે દુઃખી થવું નહિ. અશાંત થવું નહિ. નીરા કેંદ્રમાં બધા ભાઈઓને ભગવાનનું નામ લેતાં કરવાં. ભગવાનનું નામ લેતાં લેતાં આપણે નાચવું અને કૂદવું, એમાં શરમ રાખવી નહિ. ભગવાનનું નામ મોટેથી લલકાર્યા કરવું. નીરા કેંદ્રનું કામ ઉત્તમમાં ઉત્તમ રીતે થાય એની કાળજી ઘણી રાખવી.'

સદાયે હરિનું સ્મરણ કરતાં રહેવું. હરિને એક પળ પણ ભૂલ્યા તો એટલું જીવનનું ખરું તત્ત્વ આપણે ગુમાવ્યું. આપણે બધાએ સંપીને રહેવું 'સદ્‌ગુણ કેળવવા. કોઈની ખરાબ વાતમાં ભાગ લેવો નહિ. રસ પણ લેવો નહિ. નકામી નકામી વાતો કરવી નહિ. આપણે ભાગે આવેલું જે કામ હોય તો તે ઉત્તમમાં ઉત્તમ રીતે આપણે કરવું અને બીજાને તેમ કરવાને પ્રેરવા. બીજા કોઈ આડે અવળે જતા હોય તો આપણે તેમને ઉપદેશ ના આપવો અને શિખામણ પણ ના આપવી. સૌ કોઈને સીધા રાખવાનો માર્ગ આપણે પોતે સીધા વર્તવું અને સીધા થઈ જવું તે છે. કોઈનોય દોષ જોવાઈ જાય તો પશ્ચાત્તાપ કરવો. આપણા પોતાના દોષો સુધારવા. ભગવાનની ભક્તિ વધે અને એની લગની વધે એ જ ઉત્તમમાં ઉત્તમ કર્મ છે. એ જ કર્મની સાચી મહત્તા છે અને દિવ્યતા પણ છે. એ કર્મ જેણે કર્યું તેણે બધાં કર્મો કર્યાં. માટે, આપણે તો બધાં કર્મો કરતાં કરતાં એની લગની લાગી જાય એમાં જ મંડ્યા રહેવું. એમાંથી જે પળવાર પણ ખસતો નથી તે સાચો મરદ છે, પરાક્રમી છે, શૂરવીર છે અને તે જ સાચો ભક્ત છે. પરસ્પર બધાંનામાં ત્યાં સદ્‌ભાવ પ્રગટે, પ્રેમ વધે તે સાચી સેવા છે.

જો ઘડાવાની તૈયારી જેને હાથ તમારી છે,
એ ઘડે જે રીતે પોતે ઘડાવું તેવું યોગ્ય છે,
શિલ્પીના ટાંકણાકેરી કળા વાપરવાની જે,
શિલ્પી જે યોગ્ય સંપૂર્ણ તે જાણે યોગ્યતા રીતે,
ત્યાં ડહાપણ ચાલે ના આપણું તો જરા કશું,
ગરજ જો તમારે હો ચહો તે રીત શીખવું,
મુક્ત નિઃસ્પૃહી સંપૂર્ણ ભૂમિકા એવીની પરે,
પોતે સ્પૃહા જ રાખીને જે તે સાથે જ વર્તશે.

જેને પોતે જીવનનો ઘડવૈયો માનતા હોઈએ, એના તરફથી જે સૂચનો મળે, એને જેમ જેમ આપણે જીવનવિકાસના હેતુનો ખ્યાલ રાખીને તેવી સમજણથી વર્તનમાં મૂક્તાં જઈશું તેમ તેમ ભાવના આકાર લેતી આપણે અનુભવી શકવાનાં છીએ.

સૂચનોને ઉત્સાહ, ખંત, ધીરજ, શાંતિ, પ્રસન્નચિત્તતા વગેરેથી વર્તનમાં મુકાતાં આપણાં માની લીધેલાં વલણો, મતાગ્રહો, મડાગાંઠો આદિ ઓગળવાં માંડે છે. જીવનમાં સાચી નમ્રતા પ્રગટ્યા કરે છે. તે જે તે કંઈ આપણને સૂચન કરતો હોય છે, તે કાંઈ અમથું અમથું હોતું નથી. એની પાછળ કંઈક રહસ્ય અને હેતુ હોય છે. તેના સૂચનની પાછળ તેના હૃદયનો ભાવ પણ હોય છે. આમ, તે સૂચનનું પ્રેમપૂર્વકનું જ્ઞાનપૂર્વક પાલન થતાં તેના હૃદયના ભાવનો પણ સ્પર્શ આધારમાં (જીવકોષમાં) થયા કરતો હોય છે અને સૂચનનો અમલ થયા કરતો રહેવાથી એની જ્ઞાનભક્તિપૂર્વકની સ્મરણભાવના પણ દિલમાં પ્રગટ્યા કરે છે.

પોતે જેના હાથે ઘડાવાનું છે, તેની તેવી ભાવના અને તેવું જ્ઞાનભાન પોતાના રોજિંદા વહેવારવર્તનમાં સાધક જીવે રાખવું અને પરોવવું પડશે. તેવા જ્ઞાનભાનમાં એના હૃદયની જીવતી ભાવના અને ધારણા પ્રગટેલી અને પ્રેરાયેલી પણ હોવી જોઈશે. આપણાં મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્ અનેક પ્રકારના દુરાગ્રહો સેવતાં હોય છે. અનેક પ્રકારની માગણીઓ, આશાઓ, ઈચ્છાઓ, તૃષ્ણાઓ વગેરે વગેરે સેવતાં હોય છે. આપણે આવાં બધાંથી જ્ઞાનપૂર્વક સમૂળગાં વેગળાં બનવાનું છે. અનેક પ્રકારની નિર્બળતાઓને આપણે ટાળવી પડશે. કેવું કેવું ક્ષુદ્રપણું છે તેનું ભાન પ્રેરાવવું પડશે, કેટકેટલી, કેવી કેવી, અનેક પ્રકારની અને અનેક ક્ષેત્રમાંની સંકુચિતતાઓ ભરી પડેલી છે, એને નીંદી નીંદી આપણે એની કૃપાથી સમૂળગા મુક્ત થવું જ પડશે. વળી, આપણામાં કેટકેટલું ઘોર અજ્ઞાન ભર્યું પડ્યું છે અને આપણી અહમ્‌તાથી 'આપણે કંઈક સમજણમાં છીએ, આપણામાં આવડત છે, આપણે આમ છીએ અને તેમ છીએ' એવા કંઈ કંઈ પ્રકારના તુક્કા મન, પ્રાણ, બુદ્ધિ, અહમ્ ઉઠાવતાં હોય છે. તે તે પળે એનું પ્રત્યક્ષ જ્ઞાન આપણને જાગી જવું જોઈશે. જાગી જવું જોઈશે એટલું બસ નથી, પણ તેને નકારી નકારીને એનાથી મુક્તિ મેળવવા માટે આપણે એની કૃપામદદ મેળવવાની રહેશે.

જો સદ્‌ગુરુ જીવનમાં જીવનથી સ્વીકારાઈ શકાયા હોય તો એનું પ્રત્યક્ષ લક્ષણ એ છે કે તે ઉપયોગમાં પ્રવર્ત્યા કરતાં હોય. સ્વીકારવામાં તો હૃદયની આપણી સંમતિ આવી જતી હોય છે.

***

## ૧૩ . શ્રીસદ્‌ગુરુનું દ્વિતીય મિલન

તા. ૧૫-૯-૧૯૫૪ના પત્રમાં પૂજ્ય શ્રીમોટાએ શ્રી ભીખુકાકાને પોતાનો સુરત આવવાનો કાર્યક્રમ જણાવ્યો. શ્રી ભીખુકાકાએ પૂજ્ય શ્રીમોટા, ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૫૪ના રોજ સુરત પધારવાના છે તેવા સમાચાર શ્રી ઝીણાભાઈને લવાછા મોકલાવ્યા. શ્રી ઝીણાભાઈને શ્રીસદ્‌ગુરુ આવવાના છે એ જાણીને રોમાંચ થઈ આવ્યો. શ્રીરામના જ સ્વરૂપમાં જોયેલા પૂજ્ય શ્રીમોટાનાં દર્શન કરવાં તેમનું દિલ તડપી ઊઠ્યું. આજ સુધી સદ્‌ગુરુનો પત્રો દ્વારા જ પરિચય થયો હતો અને હવે વહાલા શ્રીરામની પ્રત્યક્ષ સેવામાં હાજર રહેવા તેમના હૃદયમાં ઉત્સુકતા વ્યાપી ગઈ.

પૂજ્ય શ્રીમોટા તા.૨૦-૯-૧૯૫૪, સોમવારના રોજ રાત્રે સાડા દસ વાગ્યે મુંબઈથી આવતી ‘ફ્લાઈંગરાણી’ ટ્રેનમાં સુરત સ્ટેશને ઊતર્યા. પૂજ્ય શ્રીમોટાના આદેશ મુજબ શ્રી ભીખુકાકા તેમને ઘોડાગાડી દ્વારા કતારગામ પોતાને ઘેર લઈ ગયા. બીજે દિવસે સવારે પૂજ્ય શ્રીમોટા, બાપાલાલભાઈ વૈદ્યને ત્યાં શરીરની દવા કરાવવા એમને મળી આવ્યા. ત્યાંથી આવી બીજાં સ્વજનો સાથે વાતચીત કરવા શ્રી ભીખુકાકાને ઘેર બેઠા હતા, તે દરમિયાન શ્રી ઝીણાભાઈ, લવાછાથી આવી પહોંચ્યા. શ્રી ભીખુકાકાએ તેમને સત્કાર્યા. શ્રી ઝીણાભાઈએ ઓરડામાં બેઠેલી વ્યક્તિઓ ઉપર નજર દોડાવી તેમાં ‘શ્રીરામ’ ક્યાંય દેખાયા નહિ. તેથી, તેમણે શ્રી ભીખુકાકાને કાનમાં પૂછ્યું, ‘મોતા (મોટા) ક્યાં છે ?’ શ્રી ભીખુકાકાએ ખાટલા ઉપર બેઠેલા પૂજ્ય શ્રીમોટાને બતાવીને કહ્યું, ‘આ મોટા જ છેને – સામે બેઠેલા એ’ ! આમ, શ્રી ઝીણાભાઈ, પૂજ્ય શ્રીમોટાને ઓળખી ના શક્યા.

શ્રી ઝીણાભાઈ,પૂજ્ય શ્રીમોટાને ઘૂંટણભેર પગે લાગ્યા અને નમ્રતાથી નીચે બેસી ગયા. પૂજ્ય શ્રીમોટા અગિયાર વાગ્યે જમી લીધા પછી આરામ કરતા હતા ત્યારે શ્રી ઝીણાભાઈને પૂજ્યશ્રીના પગ દબાવવાની ઈચ્છા થઈ આવી, પરંતુ વધારે પરિચય ના હોવાથી સંકોચ થતો હતો. શ્રી ભીખુકાકા આ વાત જાણી ગયા. એટલે શ્રી ઝીણાભાઈને પૂજ્ય શ્રીમોટાના પગ દબાવવાનું કહ્યું. શ્રી ઝીણાભાઈ, પૂજ્ય શ્રીમોટાના પગ દબાવવા લાગ્યા અને નમ્રતાથી નિવેદન કર્યું કે 'મારે લગન નથી કરવાં'. તરત જ શ્રીમોટા બોલ્યા, 'હા ભાઈ, આપણે લગન નહિ કરવાં, તારે તો ભક્તિ કરવાની છે અને બીજાને ભક્ત બનાવવાના છે.'

ભવિષ્યમાં થનાર હરિઃૐ આશ્રમને શ્રી ઝીણાભાઈએ સાચવવાનો છે એની જાણ પૂજ્ય શ્રીમોટાને હતી અને શ્રી ઝીણાભાઈની બ્રહ્મચર્ય પાલન માટેની યોગ્ય ભૂમિકા પણ હતી, તેથી જ તેઓએ હકારાત્મક પ્રતિસાદ આપ્યો.

*આ માર્ગમાં બ્રહ્મચર્ય ઘણું ઘણું જરૂરનું છે. મનસા, વાચા અને કર્મણા તેનું જ્ઞાનભક્તિપૂર્વક જીવંત પાલન થઈ શકે તો જ આ માર્ગનું કામ આગળ થઈ શકે તેવું છે. બ્રહ્મચર્યની પ્રચંડ જીવંત શક્તિ પ્રગટ્યા વિના ધારણામાં એટલું ચેતન કદી પ્રગટી શકતું નથી. આપણે જે મનાદિકરણના પ્રાકૃતિક ધર્મ મૂકવાનાં છે, તજવાનાં છે, તે કઈ શક્તિથી મૂકી શકવાનાં છીએ ? આપણે જીવદશાનાં પ્રાકૃતિક વલણોમાંથી મુક્તિ મેળવવી છે. એ મુક્તિ કંઈ બુદ્ધિની સમજણથી કે વિચારના બળથી કે નીતિ કે સદાચારના ધોરણ પ્રમાણે વર્તવાથી મેળવી શકાતી નથી. એને માટે તો બ્રહ્મચર્યનું પ્રેમભક્તિપૂર્વકનું અખંડ પાલન જરૂરનું છે. એટલું જ*

નહિ પણ તેમાંથી ઓજસ પ્રગટે અને ઊર્ધ્વરેતસ થવાય તે સ્થિતિ આપણે પ્રાપ્ત કરવાની છે. ઊર્ધ્વરેતસ થવાયા વિના જીવદશાને ચેતનમાં પરિણમાવવી અશક્ય છે.

સંપૂર્ણ સાત્ત્વિકતા અને ચેતન પરત્વેનું પૂરું, યોગ્ય, ઉત્કટ એકરતપણું જ્યાં સુધી જીવનમાં પ્રગટે નહિ ત્યાં સુધી બ્રહ્મચર્યનું સ્થિર થવાપણું કદી પણ બની શકતું નથી. શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન આ ષટ્સંપત્તિના સંપૂર્ણ એકધારાવત્ જ્ઞાનપૂર્વકના પૂરેપૂરા પાલન વિના બ્રહ્મચર્યની યોગ્ય પાકટ સ્થિતિ થવી તદ્દન અશક્ય હકીકત છે. એકાગ્રતા થવાને કાજે અને તેવી એકાગ્રતા નિશાન ઉપર કેંદ્રિત થવાને કાજે યોગ્ય પ્રકારના બ્રહ્મચર્યની ઘણી ઘણી જરૂર રહે છે. બ્રહ્મચર્યના યોગ્ય પ્રકારના પાલનને કાજે શરીરનો શ્રમ એ એક ઉપયોગી સાધન છે. અમુક પ્રકારની શારીરિક મહેનત અને તે પણ હરિસ્મરણ થતાં થતાં થયા કરતી મહેનત એ ઘણી ઘણી જરૂરની છે.

જીવનવિકાસની સાધનાની પ્રક્રિયા ખરેખરી રીતે જ્યારે શરૂ થાય છે ત્યારે અંદર સૂક્ષ્મ છૂપી પડી રહેલી વૃત્તિઓ સવિશેષ બળવાન બની તે રૂપે પ્રગટ થઈ જીવનવિકાસની પ્રગતિમાં વિઘ્નરૂપ પણ થતી હોય છે. જે જાતની હીનતા, જે જાતના વિચારો, જે જાતની પ્રાણની વૃત્તિઓ સાધારણ જીવનમાં કદી પણ ખાસ જોર ના કરે તેવી હીનતા, તેવા વિચારો અને વૃત્તિઓ જીવન સાધનાની કંઈક સાચી શરૂઆત થતાં હુમલા પ્રગટાવવા માંડે છે અને આપણે પોતે જ જો જાગ્રત હોઈએ તો એવા દુર્વિચારો અને દુર્વૃત્તિઓનાં દર્શનથી છક થઈ જઈએ છીએ. આપણે સામાન્ય સાધારણ જીવનમાં પ્રભુકૃપાથી કંઈક સંસ્કારી હોવાથી એવા

*દુર્વિચારનું જોશ અને દુર્વૃત્તિઓનું ખેંચાણ અને તાણ વારંવાર આપણને એટલા પ્રમાણમાં પ્રગટતાં હોતાં નથી, જ્યારે સાધનામય જીવનની પ્રક્રિયા શરૂ થતાં આવા પ્રકારના નિમ્નગામી હુમલાઓ વારંવાર પ્રગટે છે. પ્રાણની વાસનાના પણ હુમલાઓ જબરજસ્ત પ્રગટતા અનુભવીએ છીએ.*

*પ્રેમભક્તિ પ્રગટ્યા વિના અને તેવી ભાવનાનું એકધારું જીવતુંજાગતું સાતત્ય પ્રગટ્યા વિના એટલે કે સત્ત્વગુણની સંપૂર્ણ પ્રતિષ્ઠા પ્રગટ્યા વિના બ્રહ્મચર્યની શક્તિ પ્રગટવી અશક્ય હકીકત છે. આપણું મુખ્ય અને કેંદ્રસ્થ લક્ષ તો મન, પ્રાણાદિ વૃત્તિઓનું શોધન થાય અને તેમાં વધારે ને વધારે શુદ્ધિ પ્રગટે તે દિશામાં રાખવાનું છે. કર્મમાં સાધનાનો ભાવ જેટલો જીવતોજાગતો અખંડ પ્રવર્ત્યા કરે તેટલા પ્રમાણમાં પ્રભુકૃપાથી કર્મ સહજપણે યોગયોગ્ય રીતે આપો આપ થયા કરશે. એવો ભાવ તેની ઉચ્ચતમ માત્રાએ ઉત્કટ પ્રમાણનો પ્રગટ્યા વિના જીવદશાના સંસ્કાર ટળવા અશક્ય છે. માટે, જેમાં ને તેમાં પ્રભુકૃપાથી દિલના ભાવને મહત્ત્વ આપ્યા કરવાનું છે. જીવનમાં એકાગ્રતાપૂર્વકની મનમાં મનથી એકતાનતા સળંગ પ્રગટતાં પણ આવી વૃત્તિઓ ઊઠતી નથી.*

પૂજ્ય શ્રીમોટા બીજે દિવસે બારડોલી શ્રી નરહરિભાઈ પરીખ અને શ્રી ઉત્તમચંદ શાહને સ્વરાજ આશ્રમમાં મળ્યા. શ્રી ભીખુભાઈ અને વિદ્યાકાકીએ સુરતમાં પણ આશ્રમ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી, અને પૂજ્ય શ્રીમોટાને કુરુક્ષેત્રમાં જ્યાં જપયજ્ઞ કર્યો હતો તે જગ્યા બતાવવા લઈ ગયા. પૂજ્ય શ્રીમોટાએ આજુબાજુમાં આશ્રમ માટેની જમીન શોધી કાઢવા સૂચન કર્યું. સુરતનાં સ્વજનોને મળીને પૂજ્ય શ્રીમોટા તા. ૨૭-૯-૧૯૫૪ના

રોજ અમદાવાદ, હરિજન આશ્રમમાં પાછા ફર્યા. તેમની વિદાય વેળાએ લોખંડી પુરુષ શ્રી ભીખુકાકા અને વિદ્યાકાકીની આંખોમાં આંસુ હતાં. શ્રી ભીખુકાકાને હવે સુરતમાં પૂજ્ય શ્રીમોટાનો આશ્રમ સ્થાપવાની તાલાવેલી લાગી હતી. તેમણે તો જમીન ખરીદવા ફાળો પણ ઉઘરાવવા માંડ્યો. શ્રી ઝીણાભાઈ સાથે શ્રી ભીખુકાકાને દિલનો સંબંધ હતો. એટલે તેઓ શ્રી ઝીણાભાઈને બધી જ વાત કરતા. શ્રી ઝીણાભાઈને પણ આશ્રમ સ્થાપવાની વાતથી ઉત્સાહ પ્રગટ્યો. તેમને મનોમન થયું કે 'સુરતમાં થનારા પૂજ્ય શ્રીમોટાના આશ્રમમાં મને રહેવા મળે તો ભક્તિ સારી રીતે થઈ શકે.' નર્મદા કિનારે તપ કરવા જવાની ભાવના હવે તાપી કિનારે બેસી ભક્તિ કરવાની ભાવનામાં પરિણમી. હૃદયની સાચી ભાવના ફળે જ છે.

***

## ૧૪. શ્રી ઝીણાભાઈની સ્વીકારાત્મક ભૂમિકા

જીવે (નિમિત્ત) પોતે જ પોતાના વિવિધ સંસ્કારોથી ભરેલા ચિત્તરૂપી તિજોરીનું તાળું વાસેલું છે. તે અકબંધ તિજોરીની યોગ્ય ચાવી અનુભવી પાસે હોય છે. સંબંધમાં આવતા જીવને ઈશ્વરાભિમુખ થવાના સંસ્કારરૂપી નાણાં અનુભવી દ્વારા જ મુકાઈ જાય છે. જ્યારે જીવાત્માના ચિત્તમાં રહેલા તેને સંસાર પ્રત્યે અભિમુખ કરનારા સંસ્કારોનો પરાભવ કરીને અનુભવી દ્વારા પડેલા સંસ્કારો પ્રબુદ્ધ થઈ જાય છે અને તેનામાં ઈશ્વરાભિમુખ થવાની પ્રચંડ ભાવના જાગી ઊઠે છે ત્યારે તેના હૃદયમાં અનુભવીનો સંપૂર્ણપણે સ્વીકાર કરવાની ભૂમિકા પ્રગટે છે.

સંસારી જીવમાં અનુભવી પ્રત્યેની સ્વીકારાત્મક ભૂમિકા ના પ્રગટે ત્યાં સુધી તેની પ્રકૃતિમાં પરિવર્તન પ્રગટાવી, તેને સંપૂર્ણપણે ઈશ્વરાભિમુખ કરવાનું પોતાનું નિમિત્ત કર્મ અનુભવીથી થઈ શકતું નથી. પોતાનો અહંભાવ છોડી અનુભવી પ્રત્યે સંપૂર્ણ વિનમ્રભાવ ધારણ કરતાં જ જીવના હૃદયમાં અનુભવી પ્રવેશ કરી શકે છે.

સંસારવહેવારમાં વહાલામાં વહાલું જે હોય, અથવા તો ધનદોલત, માલમિલકત, સગાંવહાલાં, કીર્તિ, આબરૂ અથવા તે બધું અને તે ઉપરાંત આપણું હૃદય – એ બધાંય કરતાં હજારોગણો રાગ જો સંતાત્મામાં થાય તો આપણું એકધારું વલણ તેનામાં રહે. સંતપુરુષમાં રાગ થવો એટલે આપણાં નિમ્ન પ્રકૃતિનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકારનો તેની ચેતનાના હૃદયભાવ સાથે મેળ ખવડાવવો. એ આપણાં પાંચ કરણોને આપણે જો તેની સાથે એવો પ્રેમભક્તિ, જ્ઞાનયુક્ત રાગ કેળવવાનું કરી શકીએ તો તેનામાં એકતાલ બની શકીએ.

*સંસારવહેવારમાં જેમ કોઈના ઉપર આપણો પાકો ભરોસો બેસી જતાં તેના ઉપર આપણે નિશ્ચિંત રહી શકીએ છીએ તેમ સંતાત્મામાં તેવી હૃદયની સાચી સમજણ પ્રગટી જતાં જીવનમાં આપણને કશા ઉધામા રહેતા નથી કે થતા પણ નથી. કશી સગડગ રહેતી નથી. તેના વિશે આડાઅવળા વિચારો ઊઠતા નથી અને તેનામાં આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર તલ્લીન એકાકાર બની રહે છે. એવી સંપૂર્ણ એકાગ્ર અને કેંદ્રિત થયેલી સ્થિતિમાં જ ચેતનાશક્તિના આધ્યાત્મિક બીજનું આરોપણ થઈ શકે છે.*

પૂજ્ય શ્રીમોટામાં 'શ્રીરામ'ના ઇંદ્રિયાતીત અનુભવે શ્રી ઝીણાભાઈના હૃદયમાં પૂજ્ય શ્રીમોટાની પ્રાણપ્રતિષ્ઠા કરી દીધી હતી. તેમના પ્રત્યે શ્રી ઝીણાભાઈને સાચો પ્રેમ જાગતો રહેલો કે જેથી કરીને એમનું સ્મરણ વારંવાર કર્મ કરતાં કરતાં પ્રેમભીનું થયા કરતું હતું. જ્યારે બેસાવધપણું થતું ત્યારે તેમના સ્મરણથી જાગૃત થવાતું અને તેમની કૃપામદદ માટે હૃદયમાં પ્રાર્થના કરવાનું સૂઝી આવતું.

*જ્યારે હૃદયથી જે કંઈ સ્વીકારાયું હોય તેને તો એકધારું વળગી રહેવાનું બની શકે છે. તેનું નામ સાચો સ્વીકાર.*

શ્રી ઝીણાભાઈ ચાર ધોરણ સુધી ભણેલા હતા. તેમનામાં ગામડાના સંસ્કારો અને માન્યતાઓ હતી. તેમની બુદ્ધિમાં, ભણેલાગણેલા વિદ્વાન મનુષ્ય જેવાં તર્કવિતર્ક, શંકાકુશંકાને સ્થાન ન હતું. વળી, પૂર્વના ભક્તિના સંસ્કારોને લઈને પ્રાણની ઇચ્છાઓ, તૃષ્ણાઓ, વાસનાઓની પ્રબળતા ન હતી. નમ્રતા-નિરભિમાનીપણું જન્મગત હતાં.

*જે સરળ ગામડિયો હોય છે તેનામાં વિદ્વાન જેટલી ગ્રંથિઓ કે ગૂંચો અને આડીઅવળી બુદ્ધિની વક્રતા હોતી નથી. વળી, તેનામાં સરળપણું વિશેષ હોવાથી અને પોતે ભાવનાપ્રધાન હોવાથી તેમ જ પોતાનામાં રચ્યોપચ્યો રહેતો હોવાથી એનામાં બળ અથવા ગતિનો સંગ્રહ વધારે થાય છે. એ બળસંગ્રહ જ એની સમજણનાં દ્વાર ખોલી દે છે.*

*નમ્રતા યોગ્ય સંપૂર્ણ પ્રગટ્યા વિણ અંતરે,*
*સ્વીકારાત્મક ભૂમિકા કદી ના કેળવાય છે.*

*

*બુદ્ધિથી જાણવાકેરો ફાંકો સૌ કાઢી નાખજો,*
*બુદ્ધિની શક્તિની તે છે મર્યાદા બ્હાર વાત સૌ.*

*સંસારમાં ઠોઠ જેવા દેખાતા મનુષ્યમાં ગુરુના ભાવને સ્વીકારવાની જે લાયકાત હોય, તે એક પોતાની વિદ્વત્તાના અહમ્‌યુક્ત વિદ્વાનમાં નથી હોતી. જ્યાં સુધી અહમ્ છે ત્યાં સુધી સ્વીકારાત્મક ભૂમિકા તૈયાર થઈ ના શકે.*

શ્રી ઝીણાભાઈએ પત્રનિવેદન સિવાય જીવન પર્યંત કોઈ દિવસ પૂજ્ય શ્રીમોટાને કોઈ આધ્યાત્મિક બાબતનો પ્રશ્ન પૂછ્યો ન હતો. પૂજ્ય શ્રીમોટા સાથે વાતચીત પણ નહિવત્ કરી હતી. માત્ર ગુરુ આજ્ઞા જ શિરોધાર્ય કરી હતી.

*આ બાબતમાં શ્રી શંકરાચાર્યના શિષ્ય-તોટકાચાર્યનો દાખલો સુપ્રસિદ્ધ છે. તે મુજબ એક વિદ્યાર્થી ભલેને માત્ર જડ જેવો હોય. તેને કશું કંઈ આવડતું ના હોય. ભલેને તે માત્ર ગાયો ચારતો હોય અને છાણવાસીદું વાળતો હોય. તોપણ તેનામાં જો સાધના માટેની*

ખરેખરી તાલાવેલીયુક્ત વ્યાકુળતા પ્રગટેલી હોય અને તેના આત્મનિષ્ઠ સદ્ગુરુ પરત્વે સંપૂર્ણ પ્રેમભક્તિયુક્ત શ્રદ્ધાવિશ્વાસ પ્રગટેલાં હોય, તો એને જીવન અને જગતનાં તત્ત્વનાં દર્શનનો અનુભવ થાય છે. એટલું જ નહિ, પરંતુ કાર્યશક્તિ પણ કેટલીક વાર ખીલે છે અને તે અનુભવને કાવ્યમાં પ્રદર્શિત પણ કરી શકે છે. એમાં જે કંઈ સદ્ગુરુના ભાવ આધારને લીધે સાધકમાં પ્રગટવાપણું, પોતાની પ્રેમ, શ્રદ્ધા, સેવા, વિશ્વાસની ભાવનામાંથી ઉદ્ભવે છે અને વિકસે છે. સદ્ગુરુની ચેતનાનો ભાવ અવતરવાને માટે, દૃઢીભૂત થવાને માટે, વિકસવાને માટે સાધકમાં તેવી યોગ્ય ભૂમિકાની અપેક્ષા રહે છે. તોટકાચાર્યમાં પ્રેમભક્તિ ખૂબ હતી. તેથી, એને ગુરુની પ્રસન્નતા સાંપડી. કોઈની પણ પ્રસન્નતા આપણે આપણાં યોગ - કુશળ કર્મથી જો મેળવી શકીએ તો તેનો સદ્ભાવ અને ભલી ભાવના આપણા ઉપર પ્રવર્તે છે. એ તો જાણીતી હકીકત છે.

જીવનવિકાસની સાધનામાં પ્રથમ તો મૂળમાં જે ધગશ, તમન્ના ઉત્કટ પ્રકારની હોવી ઘટે, તે ભાગ્યે, બહુ જવલ્લે, કોઈક જીવમાં જોવામાં આવે છે. બાકીનાને અભ્યાસમાં એકધારું, ચીવટાઈથી વળગી રહેવા કાજેનાં ખંત, ઉત્સાહ, ધીરજ, સાહસ, હિંમત, સહનશીલતા આદિ જે ગુણોની તેમાં જરૂર હોય છે, તેવી ગુણશક્તિ બહુ ઓછામાં હોય છે. તે હોવા છતાં પણ એકલા માત્ર પુરુષાર્થથી આ માર્ગમાં પતતું નથી. આ માર્ગ તો માગી લે છે શ્રદ્ધા, ભક્તિ, ત્યાગ, વિશ્વાસ, બલિદાન, સમર્પણ અને તે પણ બધું પાછું હોવું ઘટે જ્ઞાનપૂર્વકની ભૂમિકાવાળું.

કોઈક વળી એમ માને છે કે કોઈ ગુરુ એવા હોય છે કે શિષ્યની લાયકાત ના હોવા છતાં પોતાની શક્તિના પ્રભાવથી તેને સંપૂર્ણ બનાવી દે છે, પરંતુ હકીકત એ બાબતમાં જુદા પ્રકારની છે. કાં તો ગુરુ ઉપરનાં શ્રદ્ધા, વિશ્વાસ અને ભાવ શિષ્યમાં જીવંત પ્રગટેલાં હોય તો એમાંથી જ એક પ્રકારનું એકાગ્રતાનું જોશ પ્રગટે છે અને એવાં શ્રદ્ધા, વિશ્વાસ અને ભાવનું પ્રેમભક્તિપૂર્વક અનુશીલન અને પરિશીલન તે કર્યા કરતો હોવાથી તેમાંથી એક પ્રકારની શક્તિ પ્રગટે છે, એવી શિષ્યની દશા પ્રગટેલી હોવાથી સદ્‌ગુરુનો તેના પરત્વે પ્રગટેલો પ્રેમ અને તેનો ઊછળતો ઉમળકો તેને તેવો બનાવી દેવામાં પ્રેરણાત્મક અને મદદગાર નીવડી શકે છે. અથવા તો શિષ્ય અંદરથી તો વધારે તેજસ્વી અને જ્વાળામુખી જેવી ધગધગતી તમન્નાવાળો હોય, એટલે અંદરથી પાકી ગયેલી દશામાં હોય તોપણ એમ બની જવા સંભવ છે અને આ કામ ઝટ પૂરું થઈ ગયેલું હોય એટલે દુનિયાને એમાં કંઈક પ્રભાવ જણાય. બાકી, એમ એકદમ ‘ચડ ચૂલા ખીચડી ખાઉં’ બનવું સંભવિત નથી. સઘળો આધાર પોતાની સ્થિતિ ઉપર છે.

***

## ૧૫. કુરુક્ષેત્ર, જપયજ્ઞમાં સેવા અને શ્રીબાળયોગીજીનાં પાવન પગલાં

૧૯૫૪માં કુરુક્ષેત્રમાં જપયજ્ઞ ખૂબ સારી રીતે થયો તે જાણીને પૂજ્ય શ્રીમોટાએ શ્રી ભીખુકાકાને પત્રમાં લખ્યું હતું કે 'આવતી સાલ પણ આ જ રીતે કુરુક્ષેત્રમાં જપયજ્ઞ જમાવજો.' હવે, શ્રી ઝીણાભાઈને પણ ભક્તિની તાલાવેલી લાગી હતી. ૧૯૫૫નો માર્ચ મહિનો આવતાં જ શ્રી ભીખુકાકા અને શ્રી ઝીણાભાઈ, કુરુક્ષેત્ર સ્મશાનની ધર્મશાળાની સાફસૂફી કરવા પહોંચી ગયા. ગયા વર્ષની જેમ માદરપાટ કપડાના પડદા બાંધી દીધા અને મૌનાર્થીની સેવામાં રહેનાર માટેની જગ્યા પણ તૈયાર કરી દીધી.

*કર્મ, ગુરુની તે પૂજા, ગુરુનો ભાવ, કર્મ છે,*
*કર્મ સમર્પવાર્થે તે, ગુરુના પ્રાણ, કર્મ છે,'*

*કર્મમાં ધારી તે રીતે ધરી તે ધારણા હ્રદે,*
*જીવને અધિકું નૂર જન્મે છે મસ્ત ભક્તિએ !*

શ્રી ઝીણાભાઈ પોતાના પૈસાથી બે ફાનસ કુરુક્ષેત્રમાં વપરાશ માટે લઈ આવ્યા. ગત વર્ષની જેમ તા.૧૮-૩-૧૯૫૫ થી જપયજ્ઞ શરૂ થયો. શ્રી ઝીણાભાઈ શરૂઆતથી જ મૌનાર્થીની સેવામાં જોડાઈ ગયા.

શ્રી ઝીણાભાઈનું કાર્ય મળસકેથી શરૂ થતું. સૌ પ્રથમ મૌનાર્થીને ચા આપીને ગરમ પાણીની ડોલ પહોંચાડતા. નદીએથી પાણી ભરી લાવીને છ બેડાં સમાય તેવી બે પવાલી પાણીથી ભરી લેતા, જે વપરાશ માટે લેતા. મૌનાર્થીનાં રોજનાં કપડાં,

ઓશીકાના ગલેફ, ચાદર વગેરે નદીના ઓવારે જઈને ધોઈ આવતા. મૌનાર્થીના ઝાડાપેશાબનું તગારું ઊંચકીને ફેંકી આવી, તગારું નદીનાં પાણીથી સાફ કરી તડકામાં તપાવવા મૂકતા. વિદ્યાકાકી રસોઈ બનાવતાં. તેમાં જરૂરી ચીજવસ્તુ શાકભાજી, દૂધ વગેરે રાંદેર ગામથી લાવી આપતા. રોજેરોજની ટપાલ જિન-મિલની ઑફિસમાંથી લઈ આવતા. સવારે દશ વાગ્યે અને સાંજે પાંચ વાગ્યે મૌનાર્થીને જમવાની થાળી પહોંચાડી દેતા. તે સમયે નદીનું પાણી પીવાલાયક ના હોવાથી પીવા માટેનું પાણી શ્રી ઝીણાભાઈ બેડું લઈને ત્રણચાર કિ.મિ. દૂર આવેલા કૂવેથી ભરી લાવતા. ધર્મશાળાની આગળની જમીન ઉપર બપોરના સમયે પાણી છાંટી દેતા.

આ બધું કામ, શ્રી ઝીણાભાઈ હરિઃૐનું અવિરત સ્મરણ કરતાં કરતાં ખૂબ જ ત્વરાથી કરતા. હરિસ્મરણની ધૂનથી તેમનાં શરીર-મનમાં ખૂબ જ ઉત્સાહ, સ્ફૂર્તિ પ્રગટતાં હતાં. સવારથી સાંજ સુધી કામ કરવા છતાં તેમને થાક વર્તાતો નહિ. સવારસાંજ પ્રાર્થના થતી, તેમાં શ્રી ભીખુકાકા અને શ્રી ઝીણાભાઈ હરિઃૐની ધૂન બોલાવતા. પ્રાર્થનામાં રાંદેરથી આવતા ભાઈઓ પણ જોડાતા.

શ્રી ઝીણાભાઈનાં સદ્‌ભાવયુક્ત વાણીવર્તન, સામેની વ્યક્તિના હૃદયને સ્પર્શી જતાં. તેમના હરિસ્મરણમાં પૂજ્ય શ્રીમોટાની ધારણા રહેતી. પૂજ્ય શ્રીમોટાથી હૃદયમાં વિમુખ થવાતું ત્યારે તેમને ઘણું ઘણું સાલતું અને તે સમયે તેઓ પૂજ્ય શ્રીમોટાને આર્તભાવે પ્રાર્થના કરતા. તેમનું જીવન હવે શ્રીમોટામય બનતું જતું હતું. શ્રી ભીખુકાકા કે બીજા કોઈ પણની સાથે સાચા નમ્ર સેવકના ભાવે વહેવાર કરતા. શ્રી વિદ્યાકાકીના ઉગ્ર વર્તન સમયે

પણ પોતાના ચિત્તની શાંતિ જાળવી રાખતા અને નમ્રતા ધારણ કરી સાંભળી લેતા અને મનોમન પૂજ્ય શ્રીમોટાને યાદ કરતા અને ફરી સ્વસ્થ થઈ જતા.

*સ્વીકારાત્મક ભૂમિકા થતાં પ્રત્યુત્તરાત્મક,*
*ચેતનાનિજનો ભાવ સ્પર્શવા લાગતો તદા,*
*થવાતા ત્યાં જતાં યોગ્ય બનાતા પાત્ર અર્થ તે,*
*અંતરે ભાવ મેળે શો ફૂટ્યા તે કરતો રહે !*

શ્રી ઝીણાભાઈને હરિસ્મરણ કરતાં કરતાં ભાવ જાગતો ત્યારે બધું ભર્યું ભર્યું લાગતું. નજીવા બનાવમાંથી પણ ઘણો આનંદ પ્રગટતો. બીજાઓ વિશેની ગુણકદરભક્તિ પ્રગટતી. બીજા જીવોના ગુણોની સમજણ પડતી. જીવનમાં અનોખો ઉત્સાહ વ્યાપી રહેતો. શરીરને થાક પણ ના લાગતો. ગુરુને યાદ કરીને ભાવોર્મિ થઈ આવતી. ગુરુ માટે કૃતજ્ઞતાનો ભાવ થતાં ગુરુની પ્રેમભક્તિમાં ઉછાળો આવતો.

શ્રી ઝીણાભાઈએ, ગરીબ અવસ્થા હોવા છતાં, નીરાનાં કામની આવક જતી કરીને અઢી મહિના સુધી મૌનાર્થીઓની સેવા કરી. જેને ભક્તિમાં રસ જામ્યો હોય તેને બીજું બધું ગૌણ બની જતું હોય છે !

૧૯૫૫ના જપયજ્ઞમાં શ્રી ચંપકભાઈ ભૂતવાળા, શ્રી ચૂનીભાઈ તમાકુવાળા, તેમનાં બા વગેરે વારાફરતી મૌનમાં બેઠાં હતાં.

શ્રી ચંપકભાઈ ભૂતવાળા મૌનમાં બેઠા હતા ત્યારે તેમણે એક દિવસ પડદા પાછળથી જોયું કે બહાર નીચા કદના, લાંબા વાંકડિયા વાળવાળા સાધુ ઊભેલા હતા. શ્રી ચંપકભાઈએ

'હરિઃૐ, હરિઃૐ'ની બૂમ પાડી અને ચિઠ્ઠી લખી કે 'બહાર ઊભેલા સાધુને જમાડજો'. 'હરિઃૐ, હરિઃૐ'ની બૂમ સાંભળી શ્રી ઝીણાભાઈ દોડતા આવ્યા. સાધુને જોઈને પગે લાગવા આગળ નમ્યા ત્યાં સાધુ પાછળ ખસતા ગયા. શ્રી ઝીણાભાઈએ જમવાનું કહ્યું તો સાધુ કંઈ બોલ્યા નહિ અને માથું ધુણાવ્યું અને રસ્તે ચાલતા થયા.

શ્રી ઝીણાભાઈ, ધર્મશાળામાં અંદર ગયા અને હૃદયમાં એકદમ ભાવ જાગ્યો કે 'આપણે એ સાધુને જમાડવા જ જોઈએ, લાવો એમને પાછા બોલાવી લાવીએ.' એ તો, સાધુ જે રસ્તે ગયા હતા તે રસ્તે દોડ્યા પણ સાધુ તો દેખાયા નહિ. એકબે જણા રસ્તે જતા મળ્યા. તેમને પણ સાધુ વિશે પૂછયું તો તેમણે પણ કોઈ સાધુને રસ્તે જતા જોયા ન હતા. આમ, સાધુ તો જાણે અદૃશ્ય થઈ ગયા. આ સાધુ કોણ હતા તે તો ઘણા સમય પછી શ્રીબાળયોગીજીનો ફોટો જોયો ત્યારે ખબર પડી.

કુરુક્ષેત્ર મંદિરના પ્રાંગણમાં એક બોરસલીનું ઝાડ હતું. ત્યાં ઝાડ નીચે એક સાધુ બેસી રહેતા.શ્રી ભીખુકાકા રોજ સવારે અને બપોરે તેમના માટે ચા મોકલાવતા. એક દિવસ શ્રી ભીખુકાકા, ચા મોકલાવવાનું ભૂલી ગયા તો તે સમયે પેલા સાધુએ કોણ જાણે ક્યાંથી શી રીતે ભીખુકાકા માટે ચા મોકલાવી. પછી તે સાધુ ત્યાં ફરી દેખાયા નહિ.

***

# ૧૬. આશ્રમ માટે પસંદગી

શ્રીસદ્‌ગુરુની સંપૂર્ણ ભાવનાને જ લાયક,
- યોગ્ય પાત્ર થવાનું છે આધારે જીવને પણ,
એની પસંદગીમાં તો આપણે આવવાનું છે,
એની સૌ યોગ્યતામાં તો હૈયે પ્રવેશવાનું છે.

સંતોષ આપવો પૂરો સદ્‌ગુરુને હૃદે ખરો,
'જેવા તેવાનું તે કામ નથી', નિશ્ચય જાણજો,
હૈયામાં સ્વાર્થ લાગેલો કેટલો તીવ્ર તે વિશે,
વર્તન પરથી જે તે પરખાઈ ખરું જશે.

પ્રેમભક્તિથી એનું જે શબ્દેશબ્દ કહ્યું કરે,
ત્યારે સંતોષ એવાનો આપણી પર વર્ષશે,
રાજીપો પૂર્ણ હૈયાનો એનો જ્યાં મેળવાય છે,
ઉત્સાહ, પ્રેરણા, જોમ અંતરે ત્યાં પ્રકાશશે.

સ્વીકારાત્મક ભૂમિકા ગ્રહણાત્મક જ્યાં થશે,
આપમેળે કૃપા એની વર્ષાતી લક્ષ આવશે,
કૃપા એની સ્વયંભૂ છે એને ના વર્ષવાપણું,
પ્રત્યક્ષ છે સદાકાળ જ્યાં ત્યાં કેવી બધે જ શું !
યોગ્યતા આપણી ના છે, તેથી વર્તાતી તે નથી,
ભૂમિકા યોગ્ય સંપૂર્ણ થતાં, પ્રત્યક્ષ આપ શી !

દૂર બેઠાં બેઠાં પૂજ્ય શ્રીમોટાએ કુરુક્ષેત્રમાં શ્રી ઝીણાભાઈની ભક્તિ જોઈને તા. ૫-૫-૧૯૫૫ના પત્રમાં લખ્યું કે 'હરિસ્મરણમાં મસ્ત બનજો.' ભાવનાને વધાર્યા કરવી. જે થાય તે શ્રીહરિને નિવેદન કર્યાં કરવું. દિલમાં સચ્ચાઈ જાળવવી. હરિથી વિમુખ ના થવાય તેની ઘણી ઘણી કાળજી રાખવી. રાગદ્વેષ મોળા પડે તેમ વર્તવું. દરેકને જેનો સંગ, સંબંધ મળ્યો તેને સદ્‌ભાવ કરવો. દિલથી દિલ મેળવવું. દરેકમાં હરિનો ભાવ પ્રેરવવો.'

જપયજ્ઞમાં સેવાકાર્ય પૂરું કરી ચોમાસું આવતાં શ્રી ઝીણાભાઈ, લવાછા આવી રહ્યા. પૂજ્ય શ્રીમોટા સાથે તેમની પત્રનિવેદન સાધના ચાલુ જ હતી. લવાછામાં તા. ૨-૭-૧૯૫૫નો પૂજ્ય શ્રીમોટાનો પત્ર મળ્યો. પત્ર વાંચીને શ્રી ઝીણાભાઈનું હૈયું ગદ્‌ગદ થઈ આવ્યું. તેમના હૃદયમાં શ્રીસદ્‌ગુરુ માટે કૃતજ્ઞતાનો ભાવ થઈ આવ્યો.

પૂજ્ય શ્રીમોટાએ તે પત્રમાં લખ્યું હતું કે 'તમારો પ્રેમ મને જરૂર યાદ આવે છે. પૈસેટકે તમે ભલે ગરીબ હોવ, પરંતુ કુરુક્ષેત્રમાં તમારો પ્રેમભાવ જોતાં અને તમે કરેલી મહેનત જાણતાં મને તો તમારા માટે ઘણો ભાવ થયેલો છે. અને તમારી સ્થિતિના પ્રમાણમાં તમે મને બે ફાનસ આપ્યાં, તેની મારે મન ઘણી મોટી કિંમત છે. ભગવાનનું સ્મરણ કરતા રહેજો. અને મારું સુરત આવવાનું થાય ત્યારે તમને હું ખબર આપીશ. ત્યારે તમે જરૂર આવજો. તમે ખેતરમાં બાજરી અને ભાત વાવી દેવાનું કહો છો તે ઘણી સારી વાત છે. ત્યાં પણ બની શકે તો કાંતતા રહેજો અને ભગવાનનું નામસ્મરણ કરજો. અવારનવાર પત્ર લખતા રહેજો.

તમે નોકરી છોડીને જે બેઅઢી મહિના જેમણે મૌન લીધેલું તેની જે સેવા કરી છે તે પણ ઘણી મોટી વાત છે. ઘણો પૈસાદાર માણસ બે હજાર રૂપિયા આપી શકે, પરંતુ ગરીબ પોતાની કમાણી મૂકીને અઢી મહિના સુધી મૌન લેવાવાળાની સેવા કરે તે હકીકત હું ભૂલી શકું એમ નથી. કુરુક્ષેત્રમાં જ્યારે આપણો આશ્રમ થાય ત્યારે મને તો તમને મારી સાથે રાખવાનું દિલ છે. પ્રભુ, એવી શક્તિ તમને અને મને આપો તે પ્રાર્થના.'

તાપી કિનારે થનારા આશ્રમમાં રહીને શ્રીસદ્‌ગુરુની સેવા, પ્રેમભક્તિ કરવાની પોતાની અંતરની મહેચ્છા પૂર્ણ થવાની છે, એ વાંચીને શ્રી ઝીણાભાઈના દિલમાં આનંદનો ઓઘ જન્મ્યો. શ્રીસદ્‌ગુરુના સંતોષથી તેમના ઉત્સાહમાં ઉમેરો થયો. ભાદરવા મહિનામાં શ્રીસદ્‌ગુરુ, સુરત આવવાના છે, એવા સમાચાર શ્રી ભીખુકાકા તરફથી મળ્યા હતા. શ્રી ઝીણાભાઈનું હૃદય ત્યારથી જ તેમનાં દર્શનને ઝંખી રહ્યું હતું.

*શિષ્ય જ્યારે વિચારો, વૃત્તિઓ, લહરીઓ અને સંસાર-વહેવારના, અનેક સાથેના વર્તનવહેવારમાં જેટલો વધારે જાગૃતિવાળો અને કાળજીવાળો રહી શકે અને જીવનવિકાસના કાર્યમાં જેટલો વધુ એકાગ્ર, કેંદ્રિત રહી શકે એટલા પ્રમાણમાં તે એના જીવનના ઘડનારને હૃદયનો આનંદ આપી શકે છે.*

***

# ૧૭. આશ્રમની તૈયારી

૧૯૫૫ના મે મહિનામાં પૂજ્ય શ્રીમોટા આવેલા ત્યારે તે વખતે જે જમીન ઉપર નજર પડેલી એ લેવા માટે તેઓએ સૂચના કરેલી. એ જમીનનો ઉપયોગ ઢોરોના ચારણ તરીકે જ થતો હતો. શ્રી ભીખુભાઈએ એના માલિક મારવાડી વાણિયા સમક્ષ જમીન વેચાતી લેવાની દરખાસ્ત મૂકી, પરંતુ શ્રી ભીખુકાકાને વાઢી ઘસીને ના પાડવામાં આવી. આખરે શ્રી ભીખુભાઈએ તે સમયના સુરતના એક આગેવાન નાગરિક શ્રી વૈકુંઠભાઈ શાસ્ત્રીની મદદ લઈને જૂન-જુલાઈ - ૧૯૫૫માં કુરુક્ષેત્ર મહાદેવ મંદિરની દક્ષિણે મંદિરના પૂજારી ઈશ્વરગિરિની જમીનની બાજુની એક એકર આઠ ગુંઠા જમીન રૂ. ૩૭૧/-માં શ્રી અમીચંદ તેજાજી અને પ્રવીણચંદ્ર અમીચંદ પાસેથી ખરીદી અને તેનો દસ્તાવેજ તા. ૨૦-૧૧-૧૯૫૫, સંવત ૨૦૧૨ કારતક સુદ સાતમ, સોમવારના દિવસે કરવામાં આવ્યો. તે સમયે આ જમીન ખાડાટેકરાવાળી હતી. તેમાં આકડાનાં ઘણાં ઝાડ હતાં અને ઘાસ ઊગેલું રહેતું. શ્રી ઝીણાભાઈ, લવાછાથી સાઈકલ લઈને આવતા અને સવારથી સાંજ સુધી અહીં કામ કરતા. સૌથી પહેલું કામ જમીન ફરતે મેંદીની વાડ બનાવવાની હતી. જુલાઈ મહિના સુધી કુરુક્ષેત્રમાં વરસાદ પડ્યો નહિ એટલે મેંદી રોપી શકાઈ નહિ. ઑગસ્ટ મહિનામાં વરસાદ થતાં શ્રી ઝીણાભાઈએ જમીનની ત્રણ તરફ ખોદકામ કરી મેંદી વાવી દીધી. જમીનની દક્ષિણે ઊંડી ખાડી હતી અને તે પછી બાવળનાં મોટાં મોટાં ઝાડ હતાં. મેંદીની વાડનું કામ અને જમીનને સમથળ કરવાનું કામ પૂરું થયું ત્યાં સુધી શ્રી ઝીણાભાઈ લવાછાથી સાઈકલ ઉપર જતાઆવતા.

પૂજ્ય શ્રીમોટાએ તા. ૧૫-૭-૧૯૫૫ અને તા. ૬-૮-૧૯૫૫ના પત્રોમાં શ્રી ઝીણાભાઈને લખ્યું કે 'શ્રાવણ મહિનામાં એકાદશી કરીએ એટલે હજામત ના થાય એવો રિવાજ ભલે હોય, પણ હજામત કરવાથી પાપ થાય છે એવું કશું નથી. એકાદશી કરવાની એટલે ઝાઝું ખાવાનું ના હોય. થોડુંક ફળ કે એવું લેવાનું હોય. આખોય દિવસ નામસ્મરણ કર્યાં કરવાનું હોય. એનું ભજન ગાઈએ. પ્રાર્થના કરી તે દિવસે ભલાં કામ કરીએ. કોઈનું ભલું કામ કરીએ. તે દિવસે કોઈનું પણ બૂરું તો થઈ જ ના શકે. કોઈને પણ મદદમાં અવાય તો ઉત્તમ. હરિસ્મરણ તો તાપી માતાના પ્રવાહની પેઠે ચાલુ જ રહ્યા કરવું ઘટે. નવરાશના વખતમાં તમે કાંતો છો તે ઉત્તમ છે. કુરુક્ષેત્રમાં વરસાદ ના હોવાથી મેંદી રોપી શકાઈ નથી. ગુજરાતમાં બધે જ વરસાદ નથી. આપણી જેવી વૃત્તિ તેવી ભગવાનની મહેર. આ વર્ષે દુકાળ પડવા જેવું તો લાગે છે. પ્રભુને પ્રાર્થના કરું છું કે ઢોરને માટે ઘાસપાણી જેટલું તો તે વરસાવે. ભગવાન કૃપા કરે. હરિસ્મરણ કરતા રહેજો.'

આ સમયે એક વખત હિમાલયવાળા નારાયણસ્વામી, આશ્રમની આ જમીન ઉપર જ્યાં મૌનરૂમો બાંધવાના હતા, તે જગ્યાએ પૂજા કરવા આવવાના હતા. આ નારાયણસ્વામી એક વાર ભજન ગાવા બેસે તો સમયનું ભાન ભૂલી જતા, એટલા ભજનમાં તલ્લીન થઈ જતા. તેઓ કુરુક્ષેત્ર સવારના દસ વાગ્યે આવવાના હતા. તેમની વ્યવસ્થા કરવા માટે શ્રી ઝીણાભાઈ સવારે નવ વાગ્યે કુરુક્ષેત્ર આવી ગયા. શ્રી નારાયણસ્વામીને શ્રી ભીખુકાકા નીરાની મોટરમાં સુરતથી અહીં લાવવાના હતા. શ્રી ઝીણાભાઈ સવારે દસ વાગ્યાથી રાહ જોવા લાગ્યા. આમ, બપોરના બાર

વાગ્યા. શ્રી ઝીણાભાઈને પણ હવે ભૂખ લાગી હતી, પરંતુ સ્વામીજી હમણાં આવશે હમણાં આવશે એમ ભૂખ્યા ને ભૂખ્યા રાહ જોયા કરી. અંતે સાંજે ચાર વાગ્યે શ્રી ભીખુકાકા, ચંપકભાઈ અને મોહનભાઈ, નારાયણસ્વામીને લઈને આવી પહોંચ્યા અને તેમણે પૂજાવિધિ પતાવી.

શ્રી ઝીણાભાઈને ભીખુકાકાએ કહ્યું કે 'સ્વામીજી તો ઓરડામાં ભજન કરવા ભરાઈ ગયેલા, તે પછી તેમાં લાગી ગયા તે નીકળે જ નહિ. એટલે મોડું થઈ ગયું.' આમ, શ્રી ઝીણાભાઈની ધીરજની કસોટી થઈ ગઈ.

લવાછા નિવાસ દરમિયાન પણ શ્રી ઝીણાભાઈ પોતાની ખેતરમાંની ઝૂંપડીના એકાંતમાં રહીને ખેતીકામ કરતાં કરતાં સાથે સાથે હરિસ્મરણ કર્યા કરતા. રોજિંદાં કર્મ-વહેવારમાં,વાતચીતમાં, સંબંધોમાં, સંપર્કમાં પોતાની ભક્તિની ભાવના કેમ વધે તે માટે પ્રયત્નશીલ રહેતા. બને તેટલું મૌન પાળતા. જરૂર પૂરતી વાતચીત સમયે પણ આંતરિકપ્રવાહ ભાવનામય રાખવાની કોશિશ કરતા. મળેલું કર્મ ગુરુપ્રીત્યર્થે છે એવી ભાવના દૃઢાવતા. કોઈ પ્રસંગ ઊભો થયો તો તેમાં સદ્‌ગુરુનો હાથ છે, એવી ભાવના દૃઢાવી સ્વસ્થ રહેતા. બધા પ્રત્યે સદ્‌ભાવયુક્ત નમ્રતાપૂર્વક વાણીવર્તન કરતા. ગામના દારૂ-તાડી પીનારા મારા મારી, તોફાન કરતા લોકો પ્રત્યે પણ સદ્‌ભાવ રાખતા. પ્રસંગે કોઈને મદદરૂપ થઈ શકાતું હોય તો મદદ પણ કરવા તૈયાર રહેતા. કુટુંબી-સગાંવહાલાં તરફથી ગુસ્સો - અન્યાયના પ્રસંગે ચિત્તની શાંતિ જાળવી રાખતા. ભાવનાના પ્રવાહમાં ખચકો આવે તો જાગૃત થઈ શ્રીસદ્‌ગુરુને હૃદયથી પ્રાર્થના કરતા.

ખેતીકામ સિવાયના સમયમાં હરિસ્મરણ કરતાં કરતાં રેંટિયો કાંતતા. એકાંતમાં એકલા રહેતા હોવાથી પોતાના માટે સાદું ભોજન જાતે જ બનાવતા. વાસણ, કપડાં ધોવાનું કામ પણ જાતે જ કરતા અને પૂજ્ય શ્રીમોટાને પત્રનિવેદન કરતા રહેતા.

સ્મરણમાં ગુરુ, કર્મમાં ગુરુ, પ્રસંગોમાં ગુરુ, મનાદિ-કરણમાં ગુરુ-સર્વત્ર ગુરુને સામે રાખી અને પવિત્ર જીવન વિતાવતા હતા.

***

## ૧૮. શ્રીસદ્‌ગુરુની એકનિષ્ઠ સેવામાં

પૂજ્ય શ્રીમોટા, ૧૯૫૫માં ઑગસ્ટ-સપ્ટેમ્બર મહિનામાં વીસ દિવસ સુધી સુરતમાં રહ્યા. રૂવાળા ટેકરે શ્રી નાનાભાઈ ડૉક્ટરનું ભાડાનું ખાલી પડી રહેલું માળવાળું મકાન હતું. તેના માળ ઉપર શ્રી ભીખુકાકા અને શ્રી શાંતિભાઈએ પૂજ્ય શ્રીમોટાની રહેવા માટેની વ્યવસ્થા કરી હતી. આગલે દિવસે શ્રી ઝીણાભાઈએ વાળીચોળીને પાણીથી રૂમને ધોઈ નાખ્યો. પૂજ્યશ્રી માટે પલંગ ઉપર સ્વચ્છ પથારી કરી મચ્છરદાનીથી ઢાંકી દીધી. એક ચોખ્ખા માટીના માટલામાં પીવાનું પાણી ભરી રાખ્યું. ગરમ પાણી અને ચાપાણી માટે પણ વ્યવસ્થા કરી રાખી.

શ્રી ઝીણાભાઈએ પહેલે દિવસે પૂજ્ય શ્રીમોટાને મીઠાઈની ટોપલી અર્પણ કરી. પગે લાગીને તેમની સેવામાં લાગી ગયા. પૂજ્ય શ્રીમોટા અને બીજા બધાનું જમવાનું શ્રી શાંતિભાઈ તમાકુવાળાને ત્યાંથી ટિફિનમાં આવતું. શ્રીસદ્‌ગુરુનું કામ કરતાં કરતાં શ્રી ઝીણાભાઈનો ઉત્સાહ સમાતો નહિ. તેમનાં રોજેરોજનાં કપડાં ધોવાં, સૂકવવાનાં અને ગડીવાળી મૂકવાનાં. પૂજ્ય શ્રીમોટાને મળવા આવનાર સ્વજનો માટે ચાપાણી બનાવવાના, વાસણ માંજવાના, ઓરડો સાફ કરવાનો અને પૂજ્યશ્રીની પથારી કરવી વગેરે કામ કરતા.

દિવસ દરમિયાન પૂજ્ય શ્રીમોટાનો ભક્તો સાથે સત્સંગ થતો. શ્રી ઝીણાભાઈ તે સમયે મૌન ધારણ કરી શ્રીસદ્‌ગુરુમાં ધ્યાન કેંદ્રિત કરતા. તેમના ચિત્તમાં શ્રીસદ્‌ગુરુનું અદમ્ય આકર્ષણ રહેતું. કામ કરતાં કરતાં પણ શ્રી ઝીણાભાઈને કામમાં પણ ગુરુની ધારણા રહેતી. શ્રીસદ્‌ગુરુની હાજરીથી તેમના ચિત્તમાં વિચારો

ઊઠતા નહિ. હૃદયમાં ભાવ જ ઊભરાયા કરતો. આમ, શ્રીસદ્‌ગુરુની મુગ્ધભાવે સેવા કર્યે જતા.

જમ્યા પછી પૂજ્ય શ્રીમોટા આરામ કરતા ત્યારે શ્રી ઝીણાભાઈ તેમના પગ દબાવતા. એક દિવસ શ્રી ઝીણાભાઈએ પૂજ્ય શ્રીમોટાને પોતે પહેલી વખત મળ્યા ત્યારે તેમનામાં શ્રીરામનાં દર્શન થયાં હતાં તે વાત કરી. એટલે પૂજ્ય શ્રીમોટાએ કહ્યું, 'હા ભાઈ, આપણને જ્યારે ભક્તિ જાગે ત્યારે એવું થાય. આવાં દર્શન થાય. જેને ને તેને આપણે વાત નહિ કરવી.'

શ્રી ઝીણાભાઈ, સાંજે રૂવાળા ટેકરાથી ચાલતાં ચાલતાં કતારગામ શ્રી ભીખુકાકાને ઘેર જતા. શ્રી ભીખુકાકા રાત્રે પૂજ્ય શ્રીમોટા પાસે રહેતા હોવાથી અને વિદ્યાકાકી એકલાં પડવાથી શ્રી ઝીણાભાઈ તેમને ઘેર બહાર ઓટલા ઉપર સૂઈ જતા. સવારે સૂર્યોદય પહેલાં નાહીધોઈને કતારગામથી રૂવાળા ટેકરે ચાલતા જતા ત્યારે પૂજ્ય શ્રીમોટા, શ્રી ભીખુકાકા અને અન્ય સ્વજનો સામેથી ચાલતાં આવતાં રસ્તામાં મળતાં. શ્રી ઝીણાભાઈ, પૂજ્યશ્રીને પગે લાગી આગળ વધતા અને પૂજ્યશ્રીના નિવાસ સ્થાને રોજિંદાં કામમાં હરિસ્મરણ કરતાં કરતાં લાગી જતા. આ તેમનો નિત્યક્રમ હતો.

આ વીસ દિવસના રોકાણ દરમિયાન પૂજ્ય શ્રીમોટાને એક ખાસ સ્વજન મળ્યા- શ્રી બાબુભાઈ તમાકુવાળા. જેમના કુટુંબ સાથે પૂજ્યશ્રીને ગાઢ સંબંધ બંધાયો. પૂજ્ય શ્રીમોટા, શ્રી બાબુભાઈને ભગવાનની ભેટ તરીકે ગણાવતા. શ્રી બાબુભાઈ, રૂવાળા ટેકરે આવતા અને મૌન ધારણ કરી બેસી રહેતા.

*અપાર વ્હાલ હૈયાનું આપણું સદ્‌ગુરુ પરે,*
*-નદીનાં પૂરની પેઠે જ્યાં ઊભરાતું હોય છે,*
*ત્યારે સદ્‌ગુરુનો ભાવ આપણા પર થાય છે,*
*બંનેના ભાવનો મેળ થતાં, યોગ્ય ફળે જ છે.*

*આપણા પરનો ઊંડો રાજીપો સદ્‌ગુરુતણો,*
*કેટલો કેટલો બક્ષે પ્રસાદ દિલ ગુણનો,*
*સદ્‌ગુરુના જ સંતોષે પ્રસન્નતા શી પાંગરે,*
*ઊડવા પાંખ આકાશે કૃપાથી ઊગી જાય છે.*

શ્રી ઝીણાભાઈની સતત એકનિષ્ઠ સેવા જોઈને શ્રીમોટાએ તા. ૨૦-૯-૧૯૫૫ના પત્રમાં અમદાવાદથી લખ્યું કે 'તમે ૨૦ દિન સુરતમાં રહ્યા તે તમારી સેવા હું યાદ રાખું છું.' બીજા બધા મીઠાઈની ટોપલી મને ભેટ આપે તે તો જાણે ઠીક અને તમે પણ મીઠાઈની ટોપલી લાવીને મને ભેટ આપી ત્યારે પ્રભુકૃપાથી મારું હૈયું તમો માટે પ્રેમથી ભરાઈ આવ્યું હતું. તમે ૨૦ દિન સુરતમાં રહ્યા તેથી તમારી ખેતીને નુકસાન થયું નથી અને ભાત વગેરે સારો થયો છે. જાણી આનંદ થયો છે. અહીં તો ૧૦ દિનથી ઉઘાડ છે. એટલે ત્યાં પણ તેમ જ હશે એમ માનું છું. બાજરીનો વાઢ શરૂ થયો હશે. ખૂબ હરિસ્મરણ કરતા રહેજો. લવાછાના આપણા બધા ભાઈઓને મારા વતી ઘણા ઘણા સપ્રેમ રામ રામ કહેજો. બધા આપણા ભાઈઓ ખૂબ ખૂબ કાંતે અને હરિસ્મરણ કરે તેમ મારા વતી કહેજો. કુરુક્ષેત્રમાં આપણા આશ્રમમાં મેંદી પણ ઊગી ગઈ હશે'.

***

# ૧૯. પ્રથમ વાર નડિયાદ આશ્રમ અને શ્રીસદ્‌ગુરુની કસોટી

શ્રીસદ્‌ગુરુને પોતાનાથી સંતોષ થાય છે, એ જાણી શિષ્યનો ઉત્સાહ બેવડો થાય છે. રૂવાળા ટેકરાથી શ્રીસદ્‌ગુરુનું સેવાકાર્ય કરી શ્રી ઝીણાભાઈએ લવાછા આવીને બાજરીનો તૈયાર પાક કાપી લીધો. ક્યારીમાં ભાત પણ તૈયાર થવા આવ્યો હતો.

બાજરી - ભાતનો પાક સારો થાય તેમાં પણ શ્રી ઝીણાભાઈ, ગુરુની કૃપાનાં દર્શન કરે છે. તેમને થોડી બાજરી ગુરુને અર્પણ કરવાની ઇચ્છા થઈ આવી. ગરીબ માણસ બીજી શું ભેટ આપી શકે ! એટલે શ્રી ઝીણાભાઈએ શ્રી ભીખુકાકાને કહ્યું, ‘ભીખુકાકા, તમે નડિયાદ જવાના હોવ તો બાજરી લઈ જજો.’ શ્રી ભીખુકાકાએ કહ્યું, ‘એ તો તમારે જવું પડે. કોઈની સાથે મોકલાય નહિ. જાતે જ જવાનું.’ નવેમ્બર, ૧૯૫૫માં માથા ઉપર એક મણ બાજરી મૂકી, પારસી બાવાની બસમાં ચાર આના ભાડું ખર્ચી સુરત આવ્યા અને પ્રથમ વખત સુરતથી નડિયાદ ટ્રેનમાં બેસી નડિયાદ સ્ટેશને ઊતર્યા. ત્યાંથી માથા ઉપર એક મણ બાજરી મૂકી ૫ કિ.મિ. દૂર આશ્રમમાં પહોંચ્યા. પૂજ્ય શ્રીમોટા આશ્રમમાં હાજર જ હતા. શ્રી ઝીણાભાઈ, શ્રીસદ્‌ગુરુને પગે લાગ્યા. શ્રીસદ્‌ગુરુના મુખારવિંદ ઉપર શિષ્યને જોઈને આંખોમાં હર્ષાશ્રુ સાથે ખુશીના ભાવ વરતાઈ આવતા હતા.

ગુરુ ક્યારેક શિષ્યની કસોટીના પ્રસંગ ઊભા કરતા હોય છે. એક સમયે પૂજ્ય શ્રીમોટા પાસે શ્રી ઝીણાભાઈ અને મગનભાઈ નામના એક ભાઈ બેઠા હતા. પૂજ્યશ્રીએ કહ્યું,

'મગન, ડંકી સીંચીને પાણીની ટાંકી ભરી દે.' મગન કહે, 'મોટા, એક ફેરામાં તો આખી ટાંકી નહિ ભરાય. થાકી જવાય.'

પૂજ્યશ્રીએ આ કામ શ્રી ઝીણાભાઈને સોંપ્યું. શ્રી ઝીણાભાઈને જોઈતું મળી ગયું. તે ઝડપથી હરિસ્મરણ કરતાં કરતાં ડંકી સીંચવા લાગ્યા અને એક જ સપાટે ટાંકી ભરી દીધી. પૂજ્ય શ્રીમોટાએ કહ્યું, 'જો મગન, ટાંકી ભરાઈ ગઈને !' શ્રી ઝીણાભાઈનું હરિસ્મરણ સતત ચાલતું રહેતું હતું.

*જે જીવ કામ કરતી વેળાએ મનને શ્રીસદ્‌ગુરુ સ્મરણ ભાવનામાં પરોવી રાખવાનું કરે છે, તેને સદ્‌ગુરુ તેના કામમાં મદદ કરતો હોય છે. કર્મ તો પ્રત્યક્ષ યજ્ઞનારાયણ છે. કર્મમાં જો ગુરુ પ્રીત્યર્થની ભાવના રહે તો કર્મ કરતાં કરતાં કદી પણ થાક ના લાગે.*

*ભાવનાનું જોશ પરસ્પરની ભાવનાનો મેળ ખાતાં જરૂર પ્રગટે છે. સંસારવહેવારમાં પણ આપણે કોઈને ચાહતાં હોઈએ અને સામું પણ આપણને ઉમળકા ભેર તેવું ચાહતું હોય છે તો પરસ્પરના એવાં ચાહવાપણામાંથી કેવો તનમનાટ, કેવો ઉલ્લાસ પ્રગટે છે. કેટલાકને તો તેવા ઉલ્લાસનો ઉન્માદ પણ આવે છે. પરસ્પરને એવું દિલથી ચાહતાં ચાહતાં પરસ્પરમાં એકરાગ થઈ જઈને એક પ્રકારની ખુમારી પણ પ્રગટે છે, આ તો સંસાર-વહેવારના અનુભવની હકીકત છે. તેવું આપણું આપણા સદ્‌ગુરુ પરત્વે પણ જો થઈ શકે તોપણ તેના તરફથી રણકાર દેતી મદદ મળી શકવાનો અનુભવ જીવનમાં થઈ શકે છે.*

*જેનામાં હૃદયનો ભાવ જાગેલો છે, તેનું સ્મરણ જીવનમાં મરદાનગી, હિંમત, સાહસ, બળ, ઉલ્લાસ, ખંત, ધીરજ, સહનશીલતા વગેરે પ્રેરે છે.*

પૂજ્ય શ્રીમોટાએ શ્રી ઝીણાભાઈને તા. ૭-૧૨-૧૯૫૫ અને તા. ૧૦-૧૨-૧૯૫૫ના પત્રોમાં લખ્યું કે 'નામસ્મરણ ચાલતું હોય ત્યારે બીજા કોઈ વિચાર આવી ચઢે છે તો તેથી ગભરાવાની જરૂર નથી. બીજા વિચાર તો આવે, પરંતુ તે સાથે આપણે તે વિચાર અંગેના બીજા વિચાર મનમાં મનથી જોડ્યા કરવા નહિ. વિચાર આવે તો ભલે પસાર થઈ જાય અને આપણું નામસ્મરણ ચાલુ રાખ્યા કરીએ. ખૂબ વિચારો આવતા હોય તે વેળાએ આપણે ખૂબ મોટેથી હરિસ્મરણ કરવું. જે નવરાશનો સમય મળે તેમાં ઘણું ઘણું કાંતજો. ત્યાં ઘણા બધા ભાઈઓ એકઠા થયા છો. તેમની સાથે આડીતેડી વાતો કરવી નહિ. જરૂર પૂરતી-ખપ પૂરતી જ વાત કરવી. હરિસ્મરણ કર્યાં કરવું. તેનો ચેપ બીજાને લગાડજો. નીરાબનમાં બધા ભાઈઓ સવારસાંજ પ્રાર્થનામાં આવે છે કે કેમ ? સવારસાંજની પ્રાર્થનાનો ત્યાં નિયમ છે ? નીરાબનમાં આપણને નીરો પીવાની મનાઈ છે તો તેનો કડક અમલ પણ કરજો. ત્યાં નીરાબનમાં બધા ભાઈઓ ભેગા મળીને સવારસાંજ પ્રાર્થના કરવાનું રાખજો. ત્યાં બધી પૂરેપૂરી સ્વચ્છતા જાળવજો. પોત પોતાનાં કપડાં રોજ બધા ધૂએ તેમ મારા વતી બધાને વિનંતી કરજો અને નવરાશના વખતમાં હરિઃૐની ધૂન મચાવતાં મચાવતાં બધા ભાઈઓ કાંતે તેમ પણ વ્યવસ્થા જરૂર કરાવજો. તમે બને તેટલું વધારેમાં વધારે હરિસ્મરણ કર્યાં કરજો. અહીં નડિયાદ આશ્રમમાં આવ્યા ત્યારે જે રીતે હરિસ્મરણ કરતા હતા તેમ કર્યાં કરજો અને ત્યાંના બધા ભાઈઓ હરિનું સ્મરણ કરે એવો ચેપ લગડાજો. બધા ભાઈઓને મારા સપ્રેમ ઘણા ઘણા પ્રણામ કહેજો. સુરત આવવાનું થતાં તમારા બધાના ભેગો એક દિવસ જરૂર

રહેવાનો છું તે જાણશો. આપણે કામ કરવામાં જરા પણ કચાશ ના રાખીએ. કામ કરતાં કરતાં ઘણો ભાવ ધરાવીએ અને ભગવાનનું નામ લેતાં લેતાં કામ કર્યાં કરીએ. ત્યાં કોઈ ચોરીછૂપીથી નીરો ના પીવે તેવી પ્રાર્થના ત્યાંના બધા ભાઈઓને છે. આપણે એવી પ્રમાણિકતાથી, વફાદારીથી અને પ્રેમભક્તિથી કામ કરીએ કે જેથી આપણું સુરતનું કામ હિંદુસ્તાનભરમાં પ્રખ્યાત થાય. આપણે કામ કરવાનું છે તે પ્રભુને રીઝવવા કરવાનું છે. પ્રભુ છે તે કર્મ દ્વારા થતી ભક્તિથી ઘણો રીઝે છે. માટે, કર્મ કરતાં કરતાં એનું સ્મરણ ના ચૂકી જવું. ત્યાં બધા ભાઈઓને ઘણા ઘણા હેતથી મારા વતી બોલાવજો. તમારા બધાનો ભાવ એ જ મારે મન તો સાચું ધન છે. '

***

# ૨૦. ગુરુ, શિષ્યને મળવા આવ્યા અને શિષ્યની સંભાળ

શ્રી ઝીણાભાઈ, અડાજણ નીરાબનમાં કામ કરતા હતા. શ્રીસદ્‌ગુરુનાં વચનોનું પાલન કરતાં કરતાં સાધનામય જીવન વ્યતીત કરતા હતા. પૂજ્ય શ્રીમોટાએ શ્રી ચંપકભાઈ ભૂતવાળાને તા. ૧૬-૧૨-૧૯૫૫ના પત્રમાં લખ્યું કે 'મારું, સુરત આવવાનું તા. ૨૪મીની સવારે ફાસ્ટમાં નડિયાદથી નીકળી તે જ દિને બપોરે દોઢ વાગ્યે સુરત આવવાનું થવાનું. શહેરમાં રહેવાનો નથી અને આવવાનો પણ નથી. કતારગામ રહેવાનો છું. અને એક રાત્રિ નીરાબનમાં પ્રભુકૃપાથી જઈ શકાય તો જઈશ. ત્યાં મારે ઝીણાભાઈને મળવું છે. ત્યાં લઈ જવા માટે નીરાની મોટરની વ્યવસ્થા થઈ શકે તેમ હોય તો શ્રી નરોત્તમભાઈની રજા લઈને તમે ગોઠવશોજી. ભાઈ ભીખુભાઈને આ પત્ર વંચાવશો. મેં તેમને જુદું લખેલ નથી. તા. ૨૮મીની ફાસ્ટમાં મારે પાછું ફરવાનું છે. ત્યાંથી - તે પણ નક્કી છે. સુરતમાં ક્યાંયે ઊહાપોહ કરશો નહિ. જેમણે જેમણે પચીસ રૂપિયા ઉપરની રકમો આપી છે, તેમનાં સરનામાં તૈયાર રાખજો કે જેથી તેમને લોકલ પોસ્ટકાર્ડ દ્વારા પહોંચ લખી શકાય.

પૂજ્ય શ્રીમોટા આવવાના છે એ સમાચારથી નીરાબનમાં કામ કરતા સર્વ ભાઈઓમાં ઉત્સાહ વ્યાપી ગયો. શ્રી ઝીણાભાઈએ પૂજ્યશ્રી માટે ખજૂરીનાં બે ઝાડ વચ્ચે માંચડો તૈયાર કરી તેના ઉપર ગાદલું પાથરીને મચ્છરદાનીની વ્યવસ્થા કરી દીધી. માંચડા ઉપર ચડવા નાની સીડી ગોઠવી દીધી.

પૂજ્યશ્રી દર વર્ષે એક વખત નીરાબનમાં આવતા અને બધા માટે લાડુ, દાળ, ભાત, શાકનું ભોજન આપતા, પરંતુ રાત્રે ક્યારેય રોકાયા ન હતા. તે દિવસે સાંજે બધા સાથે ભોજન લીધું. તે પછી નીરામંડળીના ભાઈઓએ પૂજ્ય શ્રીમોટા સમક્ષ ધૂન, પ્રાર્થના-ભજનનો કાર્યક્રમ કર્યો.

પૂજ્યશ્રીએ લખેલું કે 'ત્યાં મારે ભાઈ ઝીણાભાઈને મળવું છે, પરંતુ શ્રી ઝીણાભાઈ અને પૂજ્યશ્રી સાથે કોઈ પ્રકારની વાતચીત થઈ ન હતી. શ્રીસદ્‌ગુરુ, શિષ્યને કઈ રીતે 'મળી'ને ગયા તે એક રહસ્ય બની રહ્યું.

*'મળવું' એટલે દૂધ અને પાણી મળી જાય. એટલે કે તે બંને એકબીજાના સ્વરૂપમાં એક થઈ જાય છે અને એક રંગે થઈ જાય છે. બંનેનું મળવાનું થતાં જુદાપણું હોવા છતાં ત્યાં જુદાપણું રહેતું નથી. અરસપરસ એક રસ થઈ જાય છે. તેવી રીતે મળવું એટલે એકભાવમાં એકાગ્ર, કેંદ્રિત અને સંપૂર્ણ તલ્લીન થઈ જવું પુરુષ જાગ્રત થઈ જાય ત્યારે જ સાચી રીતે મળવાનું બની શકે છે. એવી સ્થિતિમાં શરીરથી મળવાપણાની જરૂર કે ઊણપ લાગતી નથી. અને ત્યારે હૃદયની ઈચ્છા થતાં મળ્યા કરવાનું બન્યા કરે છે.*

તા.૨૪-૧૨ થી તા.૨૮-૧૨ સુધી કતારગામ શ્રી ભીખુકાકાને ત્યાં પૂજ્યશ્રી રહ્યા. તે દરમિયાન કુરુક્ષેત્રમાં થનારા આશ્રમ માટે આર્થિક વ્યવસ્થાની ચર્ચાવિચારણા કરી હતી. તા. ૧૧-૧-૧૯૫૬ અને તા.૧૫-૨-૧૯૫૬ના પત્રોમાં પૂજ્યશ્રીએ લખ્યું કે 'પ્રિય ઝીણાભાઈ, તમારી સહકારી મંડળીના તમારા ૨૦ શૅરો થયા તે હકીકત જાણી છે. હજી બીજા વધારે લીધા કરજો.

હરિસ્મરણ ઘણું ઘણું કરતા રહેજો. કામ કરતાં કરતાં, હરતાં ફરતાં ભગવાનનું સ્મરણ કર્યાં જ કરવું. બધાંની સાથે પ્રેમભાવ રાખજો. બધાંનામાં દૂધમાં સાકર ભળી જાય તેમ ભળી જજો. આપણા નીરાબનમાં હજી ઘણા લોકો બીડી પીવે છે. તે સુધરે તો ઘણું ઉત્તમ, પરંતુ કોઈને ઉપદેશ કરવો નહિ. શિખામણ દેવી નહિ, પરંતુ પ્રેમ કરતાં કરતાં જે બને તે થવા દેવું. આપણે તો બધાંને ખૂબ ખૂબ પ્રેમ કરવો. હૃદયના ભાવથી જે એકતા જન્મે છે, તે કોઈ અનોખી જુદી જ વાત છે. નવરા પડો ત્યારે કાંતતાં કાંતતાં હરિસ્મરણ કરજો.ત્યાં બધા ભાઈઓ કાંતતા થાય તે ઘણું જરૂરનું છે. બધા ભાઈઓને, હરિભાઈ વગેરેને મારા સપ્રેમ રામ રામ કહેજો.

તમને ઝાડાની કબજિયાત રહે છે. તે માટે તમારે ત્રણચાર દિવસ રોજ રાત્રે સૂતી વખતે નાની દોઢ ચમચી ઈસબગુલ સૂતી વખતે લેવો અને ઉપર પા શેર દૂધ પીવું. ચાર દિવસના અખતરા માટે. ભાઈ ચંપકલાલને આ કાગળ વંચાવજો. એટલે તમને ચારપાંચ દિવસ ચાલે એટલું ઈસબગુલ આપશે. અને રોજ રાતે તે લઈને સૂઈ જવું. છત્રીસ કલાક પછીથી તમને સારો દસ્ત થશે. આમ, પાંચ દિવસ રોજ રાતે સૂતી વખતે ઈસબગુલ લઈ જુઓ. અને જો પાંચ દિવસ લીધા પછીથી તે પ્રમાણે તમને સારો ઝાડો આવતો લાગે તો બજારમાંથી ભાઈ ચંપકલાલ કને ઈસબગુલ મંગાવી લેજો. અને જો આ ઈલાજ બરાબર માફક ન આવે તો એક માટીની કુલડી લાવજો અને માટીની કુલડીમાં રોજ રાતે છસાત ખજૂરની પેશીઓ પલાળી રાખજો અને સવારના પહોરમાં વહેલા ઊઠીને તે ખજૂરની પેશીઓ પાણી સાથે ખૂબ મસળીને એક રસ

કરી દેજો અને ઠળિયા કાઢી નાખજો અને તે પાણી પી જજો. આનાથી તમને ઘણું સારું થશે. આ ઇલાજ મેં જાતે અજમાવેલો છે. અને રોજ પેલી માટીની કુલડી સૂરજના તડકામાં મૂકી રાખવી. રોજ સાંજે છસાત પેશીઓ ખજૂરની નાખીને પાણી તેમાં ભરી રાખવું. ઈસબગુલ માફક ના આવે તો પછી આ પ્રયોગ તમે કરજો અને તે જરૂર માફક આવશે. એક વખત ઝાડો સાફ આવતો થશે તો પછી બીજી બધી શરીરની ફરિયાદ દૂર થઈ જવાની. આજ રોજ ભાઈ ભીખુભાઈ અહીં આવ્યા છે. તમે બધાએ પ્રેમથી કરી આપેલી સાદડીઓ નંગ ૬ પણ મળી છે. ત્યાં શ્રી હરિભાઈ, કુબેરભાઈ અને છોટુભાઈ તથા બીજા બધા ભાઈઓને મારા વતી ઘણા ઘણા કરીને સપ્રેમ રામ રામ કહેશોજી. ભાઈ ચંપકલાલને પણ ઘણા ઘણા રામ રામ કહેશો.

ખજૂરનો પ્રયોગ કરી જોજો. તેનાથી ઠીક થશે. હવે તાવ નહિ આવતો હોય. તાવ હોય ત્યારે ખજૂરનો પ્રયોગ ના કરશોજી. ત્યાં બધાને તાવ અને ખાંસી થઈ હોય તો તેનું કારણ ખાસ કશુંક હોવું જોઈએ. ડૉક્ટરને પૂછજો. ચંપકલાલ આની તપાસ પાકી કરાવે. નીરાબન તો ખુલ્લી જગામાં છે. ત્યાં હવા પણ ચોખ્ખી છે. એટલે શરીર સારું થવું ઘટે. ખાવાપીવાનું બરાબર સફાઈથી થતું હશે. પાણી બરાબર ગળાતું હશે. એની ચોકસાઈ કરાવજો. શરીર સંભાળજો. ત્યાં બધા મિત્રોને મારા સપ્રેમ ઘણા ઘણા રામ રામ.

***

## ૨૧. ચેતનની પ્રાણપ્રતિષ્ઠા, સંસારત્યાગનો હુકમ

આગલાં વર્ષની જેમ કુરુક્ષેત્રમાં તા.૧૮-૩-૧૯૫૬થી જયયજ્ઞ શરૂ થયો. સતત ત્રણ વર્ષના આવા જપયજ્ઞથી ભવિષ્યમાં થનારા હરિઃૐ આશ્રમનાં મૌનમંદિરોના જપયજ્ઞનો પાયો નંખાયો. હવે, ઘણા લોકોને આ જપયજ્ઞની અને થનારા હરિઃૐ આશ્રમની જાણ થઈ હતી. અવાવરું પડી રહેતા કુરુક્ષેત્ર મહાદેવ મંદિર અને કુરુક્ષેત્ર વિસ્તારમાં ચેતનનો સળવળાટ પ્રગટ્યો. હરિઃૐના ધ્વનિ ગુંજારવથી નવા પ્રાણ રેડાયા ! તાપી પુરાણમાં ઉલ્લેખ છે કે 'ભવિષ્યમાં આ કુરુક્ષેત્રમાં કોઈ સમર્થ સંતનું આગમન થશે અને આ પુણ્યભૂમિમાં ચેતનની પ્રાણપ્રતિષ્ઠા થશે.'

આ વખતના જપયજ્ઞમાં સૌ પ્રથમ શ્રી ઝીણાભાઈ મૌનમાં બેઠા. લવાછાના આ ગરીબ તરવાડાએ પોતાની પ્રેમભક્તિથી સૌનાં દિલ જીતી લીધાં હતાં. શ્રી ઝીણાભાઈની, શ્રી ભીખુકાકા અને પરિચિત લોકોમાં સાચા સાધક અને પૂજ્ય શ્રીમોટાના સૌથી વધારે પ્રીતિપાત્ર શિષ્ય તરીકેની વિશિષ્ટ છાપ ઊભી થઈ હતી.

*સો વાર જો તમારે હો એની ગરજ, તો તમે*
*એની પાસે જજો પ્રેમે ધરી સર્વસ્વ ત્યાં પદે.*

*માલિકી હક્ક સંપૂર્ણ જતો રહેવો જ જોઈશે.*
*સર્વસ્વ માત્ર માલિકી શ્રીહરિ એકલાની છે.*

*જીવને તો કર્યા વિના ત્યાગ ને પરમાર્થયે*
*તપશ્ચર્યા થયા વિના કશુંયે ના પમાય છે.*

*આપણે લાભ લેવાની ઉત્કટ ઝંખના ધરી,*
*પ્રેમભક્તિથી વારીને પદે ત્યાં ઠરવું ચહી,*

*સમર્પ્યા કરવું જે તે ભાવભક્તિથી પાદ પે,*
*તો જ સત્કારનું પાસું એનું જોવા તદા મળે.*

*પોતે કશું ન આપી દે ખાલી ખાલી અમસ્તું તે,*
*'તાકાત કેટલી કેવી ફના થવાની દિલ છે',*

*તત્પરતા શી લાગી છે ! તાલાવેલી શી ઉત્કટ!*
*લાગવું જોઈશે તે તે ! સાચું સદ્‌ગુરુને દિલ,*

*તેનાં તેનાં જ પ્રત્યક્ષ પ્રમાણો જીવને તદા,*
*વર્તાતાં સદ્‌ગુરુને હો, રીઝે સદ્‌ગુરુ ત્યાં સદા,*

*ત્યારે એને નથી વાર લગીરે આપતાં કશું,*
*એનો સંતોષ તો પૂર્ણ શ્રેય શ્રેયાર્થીનું જ છે.*

પૂજ્ય શ્રીમોટાએ શ્રી ઝીણાભાઈને મૌનમાં પત્ર લખ્યો કે 'તમોથી પ્રભુકૃપાથી, ભગવાનની કૃપાથી નામસ્મરણ સારું થવાનું. બપોરના વખતમાં ઓરડામાં ચાલવાનું ઘણું કરજો. બીજા વિચારો આવે ત્યારે તે વિચારોમાં ભળી ના જવું, પરંતુ તેવી વેળાએ આપણને ગમતું હોય તેવું ભજન ગાવું અથવા તો પ્રાર્થના કરવી, યા તો નામસ્મરણ કરવું. કૂદા કૂદ કરવી. આમાંથી ગમે તે કોઈ સાધન, વિચારો આવતા હોય ત્યારે પકડવું. વિચાર કે વૃત્તિની પકડમાં સપડાઈ ના જવાય તેની તો સોએ સો ટકા કાળજી રાખવી. વિચાર અને વૃત્તિથી કરી અથવા તો સ્વપ્નમાં થતા

ખ્યાલો કરી આપણે જીવપ્રકૃતિથી કેવા છીએ તે જાણવાનું મળે છે. અને જીવપ્રકારનાં તેવાં વલણમાંથી આપણે કેમ કરીને છૂટવું તે પણ બધું મૌનપૂર્વકના જપયજ્ઞમાં બધું સૂઝી આવે છે. આપણે મૌનમાં બેઠા છીએ તે જીવદશાનાં વલણોમાંથી મુક્તિ મેળવવા માટે. કૃપા કરીને કોઈ પ્રકારની વિચાર કે વૃત્તિની ગડભાંજમાં ના પડી જવાય તેનો જીવતો ખ્યાલ રાખજો. સદાય સ્મરણ ઘણું ઘણું કરતા રહેજો.'

'મારો વિચાર તમને થનારા સુરતના આશ્રમમાં રાખી પાડવાનો છે. માટે, તમારે તો પાકી તૈયારી કરવાની છે. તમારે પાયામાં ચણાઈ જવાનું છે. તમારે ઘરજમીન વગેરેની મમતાથી મુક્ત થવાનું છે. તે જાણશો.'

*આવો સર્વસ્વ ત્યાગનો હુકમ શ્રીસદ્ગુરુ ક્યારે આપે કે જ્યારે શિષ્યને ગુરુમાં પાકા પાયાની ખાતરી અને શ્રદ્ધાવિશ્વાસ પ્રગટ્યાં હોય, શિષ્ય તીવ્ર ઉત્કંઠાવાળો અને ધગધગતી તમન્નાવાળો હોય અને તેનાં સગાંસંબંધીઓ સાધના થવા દેવામાં મદદરૂપ થવાને બદલે હંમેશાં અગવડરૂપ ના બનતા હોય અને શિષ્યની તેવી રીતે રહેવાની પૂરેપૂરી હિંમત અને સાહસ હોય તો ગુરુ, શિષ્યને હુકમ કરે.*

*જીવનવિકાસનો માર્ગ એ તો ફનાગીરીનો છે.સર્વ પ્રકારે અને સર્વ ભાવે પોતાપણાને ઓગળાવી દેતાં દેતાં જો જીવને ધન્ય થયા કરવાનો અનુભવ થયા કરે તો જાણવું અને માનવું કે જીવનવિકાસની લગની કે રસ આપણને લાગ્યો છે.*

*ત્યાગ, બલિદાન, સમર્પણ એવો ત્રિવેણી સંગમ જેના જીવનમાં પ્રગટે છે, એવો જીવ જીવનવિકાસમાં પ્રવેશી શકવાનો*

છે, અને જ્ઞાનભક્તિપૂર્વક કરાયેલાં ત્યાગ, બલિદાન અને સમર્પણની ભાવનામાંથી તો અપાર શક્તિ પ્રગટે છે.

સાચી સમજણની ભાવનાથી થયેલા ત્યાગમાં તો આનંદ-ઉલ્લાસ પ્રગટે છે અને વિકાસના માર્ગનું જ્ઞાનભાન પણ પ્રગટતું રહે છે. તેથી, તેવા તેવા પ્રસંગ મળતાં એવા ત્યાગની ભાવના પ્રજ્વલિત થયા કરી વધારે ને વધારે દેદીપ્યમાન રહ્યા કરતી હોય છે. આવા જીવને તો અનેક પ્રકારની ત્યાગની પરંપરાઓમાંથી પસાર થવું પડે છે અને તેવા તેવા ત્યાગનાં પગલાં ભરવાનું થતાં તે વધારે ને વધારે સાહસવાળો, ધીરજવાળો, અપાર હિંમતવાળો બન્યા કરે છે. જીવનની અનેક પ્રકારની નબળાઈઓને ફગાવવાને સદાય જાગ્રત રહ્યા જ કરે છે.

જીવનવિકાસનો માર્ગ ફનાગીરીનો છે અને 'ફનામાં ' શેહ સમાઈ છે. એવું ફના થતાં જેને આઠે કોઠે દીવા પ્રગટે છે તેવો જીવ આ માર્ગમાં પ્રવેશી શકવાનો છે.

***

# ૨૨. કુરુક્ષેત્રમાં કાયમી નિવાસ
# ધૂણીવાળાદાદાનાં પાવન પગલાં

૧૯૫૬ના મે મહિનામાં જપયજ્ઞ પૂરો થયો. શ્રી ઝીણાભાઈએ મરણિયો નિર્ધાર કરી કુરુક્ષેત્રમાં ધૂણી ધખાવી. *જે જીવને મરણિયો નિર્ધાર થાય છે ત્યારે તેવા નિર્ણયમાં પરાક્રમ, બળ, સાહસ, હિંમત, ઉમંગ, ઉત્સાહ, ખંત વગેરે ગુણો આપમેળે પ્રગટે છે. એવો મરણિયો નિર્ધાર પ્રગટ્યા વિના ઉપરના ગુણો આપણામાં કદી પ્રગટી શકતા નથી. નિર્ણયનું તે ઉત્તમ લક્ષણ ગણાય.*

*જે જીવને મરણિયો નિર્ધાર થાય છે એવા જીવને નિશ્ચયના ક્ષેત્ર વિનાના અન્ય બાબતોના ઝાઝા વિચાર મનમાં પ્રગટતા હોતા નથી. તેને ઝાઝી ડહોળામણ પણ થતી નથી. તેને મનોમંથન નથી થતું એમ તો નથી. નિશ્ચયને ડગાવવા અને તેમાંથી પતિત કરાવવા પોતાની જ પ્રકૃતિ અનેક સ્વરૂપે મથ્યા કરતી રહે એ હકીકત સાચી છે, પરંતુ તે વેળા સામે બળ વાપરવાની કળા અને સામનો કર્યા કરીને ટટ્ટાર ઊભા રહેવાની હિંમત અને સાહસ તથા ધીરજ અને શાંતિ સાધકને મળતાં રહે છે.*

એક પળનો પણ વિચાર કર્યા વગર શ્રી ઝીણાભાઈ, લવાછા જઈ પોતાના ભાગે આવેલી જમીન અને મકાન ભાઈઓને સોંપી દીધાં અને એવી રીતે ગુરુ આજ્ઞાનું પાલન કરી નિષ્કિંચન થઈ રહ્યા. નીરાબનનું આજીવિકાનું કામ પણ છોડી દીધું. એક ગાદલું અને થાળીવાડકો (જે મરણ પર્યંત-૨૦૦૪ સુધી રહ્યાં), ચાદર, ઓશીકું, પહેરવાનાં કપડાં વગેરે લઈ કુરુક્ષેત્ર સ્મશાનની ખંડેર ધર્મશાળામાં રહેવા લાગ્યા. *શરૂઆતનાં ડગલાં*

*ભરતાં ભરતાં તો અદમ્ય ઉત્સાહ અને સાહસ સાચા સાધકને પ્રગટે છે. એની પ્રાણચેતના તો આકાશરૂપી ધ્યેયને બાથ ભરવાને થનગનતી હોય છે. એના વેગને ગતિ અપાર હોય છે. શરૂઆતના પરિણીત જીવનમાં જેવો એક પ્રકારનો કોઈ મૂઢ ઉન્માદ રહ્યા કરે છે, અને છૂપું છૂપું પરસ્પર આંતરિક આકર્ષણ પણ રહ્યા કરે છે અને એકબીજાંને મળ્યા કરવાનું અને જોયા કરવાનું અને વાતો કરવાનું મન ઘણું ઘણું તલપાપડ રહ્યા કરે છે, તેવી જાતની (જોકે સાધનાના માર્ગમાં તેનો પ્રકાર જુદો છે) ભાવના સાધનામાં પગલું થતાં સાધકના દિલમાં પ્રગટે છે.*

જિલ્લા લોકલ બોર્ડ તરફથી આશ્રમના પ્રવેશદ્વાર પાસે કૂવો ખોદાવી આપવામાં આવ્યો હતો, પરંતુ કૂવાનું પાણી ખારાશને લઈને પીવા લાયક ન હતું. કૂવાનું પાણી નાહવા ધોવામાં વાપરી શકાતું. તે સમયમાં પૂજારી ઈશ્વરબાવા અને લલિતાબહેન પૂજારણનું ઘર, તેઓ રાંદેર ગામમાં રહેતાં હોવાથી ખાલી પડી રહેતું. રાત્રે ચોર લોકોનો ભય રહેતો. ઠામ-વાસણ જે કંઈ હાથમાં આવે તે માર મારીને ચોર આવે તો લઈ જાય. લલિતાબહેનને એમ થયું કે ઘર અવાવરું પડી રહે એના કરતાં વપરાય અને સાફસૂફ રહે એ સારું. એટલે તેમણે શ્રી ઝીણાભાઈને કહ્યું, ‘ તમે ધર્મશાળામાં રહો છો એના કરતાં અમારું ઘર ખાલી જ પડ્યું છે તેમાં રહો.’ આમ, થોડા વખત પછી ઘર સાફસૂફ કરીને શ્રી ઝીણાભાઈ તેમાં રહેવા લાગ્યા.

રાત્રિના ગાઢ અંધકારમાં વસ્તીથી દૂર ભેંકાર, નીરવ અને નિર્જન સ્થળે શ્રી ઝીણાભાઈ તદ્દન એકલા જ રહેતા. રાત્રે તમરાં અને સીમના શિયાળિયાનો અવાજ સંભળાતો. વળી, બાજુમાં જ

સ્મશાન. સામાન્ય માણસને ભૂતપ્રેત એ વધારાનું ભયનું કારણ! આવી બિહામણી જગ્યાએ ભલભલાને પરસેવો છૂટી જાય !

એક દિવસ શ્રી ઝીણાભાઈના મોટા ભાઈ-શ્રી ગાંડાભાઈ, લવાછાથી તેમને લેવા આવ્યા. શ્રી ગાંડાભાઈએ કહ્યું, ‘આમાં રહેવાય એવું નથી. ચારેબાજુ ઘાસ, વીંછી, જાનવર (સાપ), ભરાઈ જાય તેની બીક, નાહી આવ ઘેર, ચોમાસા પછી આવતો રહેજે.’ શ્રી ઝીણાભાઈએ કહ્યું, ‘ હવે નક્કી થઈ ગયું, હવે પાછા ના અવાય. હું તો અહીંથી ખસવાનો નહિ.’ આમ, શ્રી ઝીણાભાઈએ પોતાનો મરણિયો નિર્ધાર પ્રગટ કર્યો અને શ્રી ગાંડાભાઈ લવાછા પાછા ફર્યા.

સૂર્યોદય સમયે ઊઠી, દાતણ કરી, ચા પીને પ્રાતઃ કર્મ કરી નદીના ઓવારે નાહી લેતા. આશ્રમની ફરતે વાવેલી મેંદીની વાડ તૈયાર થઈ ગઈ હતી. આશ્રમની જમીનમાં મોટા મોટા આકડાનાં ઝાડ ઘણાં હતાં. આકડાનાં મૂળિયાં ઘણાં ઊંડાં હોય છે. તેને કાઢવા કમર સુધી ઊંડે ખોદવું પડે. એટલું ઊંડું ખોદી ખોદીને બધાં ઝાડવાં કાઢવાનું કામ કરતા રહેતા. જમીનમાં ઊગેલું ઘાસ કાઢતા, જમીન ખાડાટેકરાવાળી હતી તેને સમથળ કરતા હતા.

ચોમાસું શરૂ થાય એ પહેલાંની ગરમીમાં એક દિવસ બપોરે ત્રણ વાગ્યાની આસપાસ કામ કરી રહ્યા હતા ત્યારે શ્રી ઝીણાભાઈને વિચાર ઝબક્યો કે ‘અત્યારે ભગવાન આવે તો આપણે કેવી રીતે ઓળખીએ ?’ હજુ, આમ વિચાર આવ્યો ત્યાં ઊંચા, લાંબા હાથવાળા હાથમાં લાકડી, ખભે ઝોળી લટકાવેલ લંગોટધારી સાધુ બાજુમાંથી પસાર થયા.

શ્રી ઝીણાભાઈએ કહ્યું, 'આ રસ્તે એ બાજુ નહિ જવાય બાપજી. એ બાજુ બંધ છે. ' આ સાંભળીને પેલા સાધુ મહારાજ ઘણી ઘૃણાજનક ગાળ બોલ્યા. ગાળ સાંભળીને પણ શ્રી ઝીણાભાઈને દુઃખ ના લાગ્યું અને ઊલટો તેમના પ્રત્યે ભાવ જાગ્યો. શ્રી ઝીણાભાઈએ કહ્યું, 'તમે જમીને જાવ, બાપજી, પરંતુ મહારાજ બીજું કશું ના બોલ્યા અને ફરીથી ગાળ બોલ્યા. જાણે રોટલા ઉપર માખણ ! પછી નદી કાંઠેના રસ્તેથી જતા રહ્યા, પરંતુ શ્રી ઝીણાભાઈને ગાળ સાંભળવા છતાં ભાવ બહુ રહ્યો. ઘણા સમયે ખબર પડી કે આ ધૂણીવાળાદાદા કેશવાનંદજી જ હતા.

શ્રી ઝીણાભાઈ, શ્રીસદ્ગુરુની ધારણા રાખી રાખીને હરિસ્મરણ કરતાં કરતાં શ્રમ કર્યે જતા. તેમના હૃદયમાં ગુરુ પ્રત્યે ભાવ ઊભરાયે જતો. તેઓ શ્રીસદ્ગુરુના શરણભાવે અને ગુરુ પ્રીત્યર્થ કામ કરતા રહેતા. ગુરુસ્મરણથી તેમને કામનો બોજો હળવો થઈ જતો. ગુરુ પ્રીત્યર્થની ભાવનાથી, પોતે કર્મના કર્તા નથી પરંતુ ગુરુશક્તિ જ કર્મ કરાવે છે એવો અનુભવ થતો રહેતો. અને અહમ્ શૂન્યતા કેળવાતી જતી હતી.

આવી ભયજનક જગ્યામાં તેમને કદી એકલું એકલું લાગતું નહિ. આમ, ઊલટાનો એકાંતમાં આનંદ આવતો. ભૂતપ્રેત કે ચોરડાકુનો ભય પણ ના લાગતો. *જીવનમાં જેને સાચો સમર્થ આધાર પ્રગટે છે તો તે જબરજસ્ત ખુમારી અનુભવે છે. એના જીવનમાં, પ્રસંગમાં પ્રગટતી ટટ્ટારી પ્રત્યેક કર્મમાં એને લાગ્યા કરે છે. પોતે એકલો તો કદી છે જ નહિ એવું નક્કરપણે તેને લાગ્યા કરે છે. હૃદયના તેવા ભાવમાં ક્યાંયે શોક, ખેદ, દિલગીરી નથી હોતાં. ત્યાં તેવા ભાવમાં નિરાશા ઊગી શકતી જ નથી.*

*ભાવ તો ભાવને ખેંચે છે અને ભાવને પ્રગટાવે છે. હૃદયનો ભાવ એ કંઈ જેવું તેવું બળ નથી. એ તો જીવ જીવને પરસ્પર હૃદયમાંથી હૃદયથી સંકળાવે છે.*

*સદ્ગુરુના હૃદયના ભાવને જ્યારે સાધક જીવ પ્રેમભક્તિ વડે કરીને હૃદયમાં હૃદયથી પકડતો બની શકે છે, તે વેળાથી સાધકના જીવનનો વિકાસ ઘણો ઝડપી બની જતો હોય છે. સમર્થ દોરનાર મળી ગયો છે, એવો જ્ઞાનાત્મક અને નિર્ણયાત્મક અનુભવ જ્યારે જીવને થાય છે ત્યારે જ સાચી નિષ્ઠા એના હૃદયમાં જીવતીજાગતી પ્રગટ્યા કરી, એને કદી પણ પોતે એકલો છે એવું મનાવા દેતી નથી. પોતાના જીવનના પ્રાણપ્યારા રાહબરની હાજરી તે સદાય અનુભવતો જ રહે છે અને એનાથી કરી તે પોતાનું કામ સાધ્યે જ જતો હોય છે.*

શ્રી ભીખુકાકા, શહેરમાં રહીને આશ્રમ બાંધકામ માટે ફાળો ઉઘરાવતા અને વચ્ચે વચ્ચે ગુરુવારે શ્રી ઝીણાભાઈને મળી જતા. જૂન, ૧૯૫૬માં ચોમાસું શરૂ થયું ન હતું ત્યારે બે મૌનરૂમો અને હાલ જ્યાં ઑફિસ છે, તે જગ્યાના પાયાનું કામ પૂરું કરી દીધું. પૂજ્ય શ્રીમોટાએ તા. ૪-૭-૧૯૫૬ અને તા. ૧૫-૭-૧૯૫૬ના પત્રમાં લખ્યું કે ‘ તું ત્યાં એકલો નથી. તારી સાથે કોઈક છે એમ જરૂર માનજે. ત્યાં જે થઈ શકે તે મહેનત કરવી અને બાકીના વખતમાં કાંતવું અને હરિસ્મરણ કર્યાં કરવું. તારામાં મારું દિલ છે તે નક્કી માનજે. પ્રભુકૃપાથી તારી કરેલી મહેનત નકામી જવાની નથી તે જાણજે. ભાઈલા, તારા કાગળથી મને આનંદ થાય છે. આશ્રમની સેવા તે પ્રભુભક્તિ છે. આશ્રમની વાડ એવી મજબૂત થવી ઘટે કે જેથી ઢોર ઢાંખર અંદર પેસી જ ના શકે. માટે, વાડને

મજબૂત બનાવજે. આશ્રમમાં ભીખુભાઈ કનેથી અજમાનો છોડ-સેગટાની ચારપાંચ ડાળ- તુલસી- ફૂદીનો- એટલું જરૂર વાવજો. હરિસ્મરણ કરતા રહેજો. ત્યાં આગળ હવે તું રહે છે. એટલે મારે જ્યારે સુરત આવવાનું થતાં ત્યાં કુરુક્ષેત્ર જ સીધો આવીશ અને તમારા હાથની રસોઈ પ્રેમથી જમીશ.

પૂજ્ય શ્રીમોટાની સૂચના મુજબ સેગટો, તુલસી, ફૂદીનો વાવી દીધાં. ભક્તિરૂપી વાડ મજબૂત બનાવી કે જેથી બહારની વૃત્તિઓ અંદર પેસી જ ના શકે.

અષાઢ સુદ પૂનમ તા. ૨૨-૭-૧૯૫૬ના ગુરુપૂર્ણિમાના દિવસે સુરતથી શ્રી ભીખુકાકા, શાંતિભાઈ, ચૂનીભાઈ, ચંપકભાઈ, રમણભાઈ, બાબુભાઈ તમાકુવાળા વગેરે ભક્તો કુરુક્ષેત્ર આવ્યા અને હરિઃૐની ધૂન બોલાવી. નદીમાંથી બાલદી વડે છોડવાઓને પાણી પિવડાવ્યું. શ્રી ઝીણાભાઈએ હરિસ્મરણ કરતાં કરતાં બનાવેલી દાળ ઢોકળીનો સ્વાદ બધાએ માણ્યો.

***

## ૨૩. 'ફકીરી'- શ્રીસદ્‌ગુરુશરણે

શ્રી ઝીણાભાઈ પાસે બે જોડી કપડાં, એક પથારી, એક થાળીવાડકા સિવાય બીજા કશાની માલિકી ન હતી.નીરાબનની નોકરી પણ છોડી દીધી હતી. એટલે પૈસેટકે પણ ફકીર થઈ ગયા હતા.

(રાગ કાલિંગડા-તીન તાલ)

મન લાગો મેરો યાર ફકીરી મેં

જો સુખ પાયો રામભજન મેં
સો સુખ નાહિ અમીરી મેં.....

ભલા બૂરા સબકા સુનિ લીજૈ
કર ગુજરાન ગરીબી મેં......

પ્રેમનગર મેં રહનિ હમારી
ભલિ બનિ આઇ સબૂરી મેં...

હાથ મેં કૂંડી, બગલ મેં સોટા
ચારોં દિસિ જાગીરી મેં......

આખિર યહ તન ખાક મિલેગા
કહાં ફિરત મગરૂરી મેં ?

**કહત કબીર** સુનો ભાઈ સાધો
સાહિબ મિલૈ સબૂરી મેં......

*બજારમાં ઘણી દુકાનો હોય છે. ત્યાં દરેક જાતના સોદા થાય છે. પૂજ્ય શ્રીમોટાએ પણ દુકાન ખોલી હતી. એમાં સોદો થતો હતો, પરંતુ તે સોદો તો હતો ફકીરીનો. જેણે તે કરવો હોય એણે જ એ દુકાને પગ માંડવાનું મન કરવાનું હતું. ફકીરી એટલે જે તે કંઈ હોવા છતાં તે તે બધાંનો ઉપયોગ તેમની તેમની રીતે કરવાનો નથી, બધું હોવા છતાં નિર્મમત્વવાળા થયા કરીને આપણે જ્ઞાનભક્તિપૂર્વક તેનો ઉપયોગ કરવાનો છે. ખાલી વાસણ હોય તો જ તેમાં કંઈક ભરવાનો સંભવ હોઈ શકે. ભરેલું હશે અને એમાં બીજું કંઈ ભરવું હશે તો જે ભરેલું છે, તે બધું પૂરેપૂરું કાઢી નાખવું પડશે.*

*ફકીરી એટલે માત્ર ગરીબાઈ નહિ. ફકીરી એટલે માત્ર ત્યાગ જ નહિ. ફકીરી એટલે માત્ર ફનાગીરી જ નહિ. ફકીરી એટલે જેનામાં મનદિલ લગાડી દેવાનાં છે, તેના વિના બીજા કશામાં તે ચોંટી જ ના શકે એવી દશા પ્રગટેલી હોય, તેટલું પણ પૂરતું નથી, પણ એનાથીયે આગળ ફકીરીનો ભાવ તો જીવન-વિકાસમાં પ્રગટતો હોય છે. 'ફકીરી' એ ત્રણ અક્ષરના શબ્દમાં જીવનવિકાસની સાધનાની ભાવના પ્રગટાવવા કાજેનું તાળું ઉઘાડવાની ચાવી રહેલી છે. એવી ફકીરી સાધનાને કાજે જેના જીવનમાં પ્રગટેલી છે, એવો જીવ કંઈ થોડો જ મોં વકાસીને બેઠો રહેતો હોય છે.*

શ્રી ઝીણાભાઈ સાચા અર્થમાં ફકીર થયા હતા. શ્રી ઝીણાભાઈ, ગુરુશરણે રહી ગુરુની પ્રેમભક્તિમાં દિવસો વ્યતીત કરવા લાગ્યા.

*આશ્રય સદ્‌ગુરુકેરો જેને છે પ્રેમભક્તિથી,*
*સર્વ સંભાળ તેવાની લેવાય બધી રીતથી,*

*જરૂરિયાત જે જે કૈં જે જે કાળે પડ્યા કરે,*
*શ્રીહરિની કૃપા તેને ઓછું ના પડવા જ દે.*

પૂજ્ય શ્રીમોટાએ તા. ૨૮-૭-૧૯૫૬ના પત્રમાં લખ્યુ કે 'તમે ત્યાં આનંદથી રહેજો અને હરિસ્મરણ કરજો. કંઈક રકમ પાસે તો હોવી ઘટે. તેથી, તને મહિને કેટલી રકમ મળે તો પોષાય, સંતોષ થાય તે જરૂર લખજે. તને હું તો યાદ કરું છું.

પ્રિય ભીખુભાઈ, શાંતિભાઈ, જત,ભાઈ ઝીણાભાઈને પૂછીને તેની સંમતિ લઈને, તેની કનેથી જાણીને મહિનાની શી રકમ આપવી તે નક્કી કરજો અને મને લખજો. રકમ તો નક્કી કરવી જ જોઈએ અને તે ઉપરાંત એને કપડાંલત્તાં, ટપાલનું ખર્ચ અને એક સાઈકલ પણ આપણે આશ્રમ માટે ભેટ મેળવવી પડશે. તેની તજવીજમાં રહેશો. કુંભકોણમ્‌માં ભેટ મળી છે. નડિયાદમાં કુબેરદાસે ભેટ આપી છે તો હવે રાંદેરનું પણ ગોઠવજો. તમને બહુ યાદ કરું છું.

શ્રી ઝીણાભાઈએ પોતાની જરૂરિયાત મહિનાની માત્ર રૂ. ૧૦/- છે. તેવું જણાવ્યું. એટલે પૂજ્ય શ્રીમોટાએ તા. ૭-૮-૧૯૫૬ના રોજ લખ્યું કે 'તેં ભીખુભાઈને મહિનાના રૂ. ૧૦/-નું કહ્યું છે, તે વાંચીને તારા માટે ઘણો ભાવ થયો. એટલી નાની રકમ તારા માટે ના હોય. એ અંગે તો હવે અહીંથી પાછા ફરતાં સુરત, કુરુક્ષેત્રમાં ચાર દિન રહેવાનો મારો વિચાર છે. ત્યારે બધા સાથે ભેગાં મળીને તારી રકમ અંગે નક્કી કરીશું. તું ભલે ના વાપરે તો તે રકમ એકઠી કરીને તે અંગે ઘટતી વ્યવસ્થા કરીશું.

તારા ઉપર કુરુક્ષેત્રના આશ્રમનો આધાર છે. એટલે તું બને તેટલું હરિસ્મરણ કરતો રહેજે. તારે જે જોઈએ કરે તે ભીખુભાઈ

કને માગવું. તેમાં શરમ ના રાખતો. તારું કદીકને શરીર ઠીક ના રહેતું હોય અને તારે દવાની જરૂર પડે તો રાંદેરમાં એક ડૉ. જેભાઈ અને બીજા મોહનભાઈ વૈદ્યકાકા એમ બે ઠેકાણે આજે હું પત્ર લખી રાખું છું. તું આશ્રમમાં રહે એવી મારી મરજી ઘણા વખતથી હતી. અવારનવાર કાગળ લખતો રહેજે. ત્યાં જે કોઈ આવે કરે તેને મારા વતી યાદ કરજે.'

શ્રી ઝીણાભાઈને પૂજ્ય શ્રીમોટા માટે પરમ સદ્ભાવ, આદર અને ભક્તિ હતાં. પૂજ્ય શ્રીમોટા, તેમના માટે જીવનઆદર્શ છે તેવી ભક્તિની ભાવના પુષ્ટ થાય તેવો જ્ઞાનપૂર્વકનો હેતુ હતો. અને દિલમાં તેવી ભાવના રહ્યા કરતી હતી. તેથી, તેમણે પૂજ્ય શ્રીમોટાને ચરણે સર્વસ્વનું પ્રેમભક્તિથી સમર્પણ કરી દીધું. એટલું જ નહિ પરંતુ મનના સંકલ્પ વિકલ્પનું, પ્રાણના પ્રાકૃતિક ધર્મો, આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, કામ, મદ, મોહ વગેરે વગેરેનું બુદ્ધિનું, દલીલ અને તર્ક વિતર્કનું, અહમ્‌ના હુંપણાનું અને ચિત્તનું, સંસ્કારના પ્રકારનું- જ્ઞાનભક્તિયુક્ત સમર્પણ કરતા ગયા.

નીચે ધરતી ઉપર આકાશ. ના કોઈ બીજો આધાર. ભવિષ્યની ચિંતા-ફિકર ન હતી. શ્રી ઝીણાભાઈને એક જ આશરો હતો તે શ્રીસદ્‌ગુરુનો. ***જેને શ્રીસદ્‌ગુરુ સિવાય કોઈ આધાર ના હોય તેવા શિષ્યને શ્રીસદ્‌ગુરુ એના કબજામાં લઈને એને આગળ વધારે છે.*** *તેના માટે તો શ્રીસદ્‌ગુરુ જ સાચો માલિક, પિતા, માતા, ભાઈ, બહેન, મિત્ર, રક્ષક, પોષક, પ્રેમ કરનાર વગેરે સર્વ કાંઈ હોય છે.*

***

## ૨૪. અભયની કેળવણી

*ગીતાજીના ૧૬મા અધ્યાયમાં જે સાત્ત્વિક ગુણોનું વર્ણન છે, તેમાં અભય સૌથી પહેલો મૂકેલો છે. અભય અને નમ્રતા આત્માના ગુણધર્મ ગણાવ્યા છે. મૌન અને એકાંત, બહિર્મુખપણું ઘટાડે અને અભય અને નમ્રતા, અંતર્મુખ કરે છે. સાધનામાં પહેલાં અભયનો પાયો મજબૂત કરવો પડે છે. સર્વ પ્રકારે અભય થયા વિના મમતા, રાગ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ વગેરે વગેરે ટળી શકતાં નથી.*

*ભય એક જાતનો નથી. ભયના પ્રકાર પણ ઘણા ઘણા છે. એક પ્રકારનો ભય ટાળવા જતાં બીજા પ્રકારનો ભય માથું ઊંચું કરીને જન્મતો જ હોય છે. પૂરેપૂરો બધી જાતનો અભય કેળવાયા વિના સાધનાના ભાવમાં નિષ્ઠા પ્રગટી શકતી નથી. અભય કેળવવાને માટે ભારેમાં ભારે પરાક્રમની, સાહસની, હિંમતની, ધીરજની વગેરે વગેરેની ઘણી ઘણી જરૂર પ્રગટે છે. ભય જેવું કંઈ છે નહિ, પણ સંસ્કારોને લીધે ભય લાગે છે. એવા સંસ્કાર જો હઠી જાય તો ભય જેવું લાગતું નથી. એ સંસ્કારને મોળા પાડવા, એ સંસ્કારથી ઊર્ધ્વ પ્રકારના જીવનમાં- ભાવમાં રહેવાનું થાય ત્યારે મોળા પડે, એ સિવાય મોળા ના પડે.*

કુરુક્ષેત્રની નિર્જન, ભયજનક સ્મશાનભૂમિની જગ્યામાં પણ શ્રી ઝીણાભાઈને ભૂતપ્રેતનો ભય ના લાગતો. તા. ૨૮-૭-૧૯૫૬ના સવારના પાણીની બાલદી હાથમાં લઈ કુરુક્ષેત્રના પૂજારીના ઘરેથી આશ્રમના કૂવે નાહવા માટેનું પાણી ભરવા માટે નીકળ્યા. ચોમાસું હોવાથી ખેતરમાં મોટું ઘાસ ઊગી નીકળેલું હતું. શ્રી ઝીણાભાઈ, ખુલ્લા પગે ઘાસ વચ્ચે ચાલતા જઈ રહ્યા

હતા ત્યાં તેમને પવન જેવો સુસવાટો સંભળાયો. પાછળ ફરીને જોયું તો મોટો સાપ ધસમસતો આવીને પગ સાથે અથડાઈને એક ક્ષણમાં ચાલ્યો ગયો. શ્રી ઝીણાભાઈ, બાલદી સાથે નીચે પડી ગયા. પછી ઊભા થઈ કૂવેથી પાણી ભરી લાવ્યા. સાપ ચાલ્યો ગયો પણ સાપનો ભય તે પછી ઘણાં વર્ષ સુધી ગયો નહિ. આ બનાવ પછી બીજે દિવસે તેમણે પૂજ્ય શ્રીમોટાને પત્ર લખ્યો અને વાત જણાવી. પૂજ્ય શ્રીમોટાએ વળતા જવાબમાં લખ્યું કે ' સાપ તો અમારે અહીં પણ જણાય છે. દિવસે દેખીએ છીએ. એક મોટો સાપ પાંચ ફૂટ લાંબો મેં અને નંદુભાઈએ બેવાર જોયો છે. અને એકવાર તો મારા પગે પણ અટવાઈ પડેલો. આપણે તેથી બીવું નહિ. જેનો ભય રાખીએ તેનાથી આપણને વધુ નુકસાન થવા સંભવ અને આપણે તો બધી જાતનો ભય છોડવાનો છે.માત્ર, પગમાં તારે જોડા પહેરવાની જરૂર (ચંપલ નહિ). જોડા ના હોય તો તે મોચી કને તે સિવડાવજે. તેની કિંમત હું તને આપી દઈશ. આશ્રમમાં બને તેટલી જગા સાફ-સૂથરી રાખવી. બધું નીંદી નાખવું. ફૂદીનો વાવી રાખજે. અને ચણોઠી જમીનમાં વાવી રાખવી. તેનાં પાનાં-ચણોઠીનાં પાનાં રોજ મારે ચામાં લેવાનાં હોય છે. અજમાનો છોડ વાવ્યો હશે. આશ્રમની વાડ ઘણી મજબૂત થાય તેવું આપણે કરવાનું છે. તેં કાંતવાનું રાખ્યું છે, તે ઘણું સારું કર્યું છે. આપણે સવારે પાંચ વાગ્યે તો ઊઠવું જોઈએ. ધીરે ધીરે પ્રયત્ન કરજે. હરિસ્મરણ કર્યા કરજે.'

***

## ૨૫. વ્યાકુળતા- લગની

*જીવવું એકલું માત્ર ગુરુ વિના હરામ છે,*
*જીવતાં ગુરુ વિનાનું જાણે જાય જ પ્રાણ તે.*

શ્રી ઝીણાભાઈનો જીવનપ્રવાહ ગુરુની પ્રેમભક્તિમાં વહી રહ્યો હતો. ગુરુની આજ્ઞાઓનું અક્ષરશઃ પાલન કરતાં કરતાં, હરિસ્મરણ, સ્થૂળ અને સૂક્ષ્મનું સમર્પણ, ગુરુ પ્રીત્યર્થે કર્મ વગેરે સાધનો ગુરુના શરણભાવે રહીને કર્યે જતા હતા. છતાં હજુ ગુરુમય થવાતું ન હતું. ગુરુની પ્રેમભાવનામાં સાતત્ય પ્રગટતું ન હતું. આ ધ્યેયને પામવા જેમ તાવડીમાં ધાણી ફૂટે તેના જેવી તાલાવેલીયુક્ત અસહ્ય વ્યાકુળતા થઈ આવતી હતી. આવી સહજ પ્રચંડ વ્યાકુળતા તો ભાગ્યે જ થોડા વિરલ જીવમાં જોવા મળે !

*જે જીવને લગની લાગે છે તે જીવમાં જીવકક્ષાનું જે તે બધું હોવા છતાં લગની લાગી જતાં લગનીના વિષયમાં જીવની ગતિ સહજમેળે થતી રહે છે. એમ જ્યારે તેવા પ્રકારની ગતિ થતાં થતાં તેમાં વેગ અને ધસમસતું જોશ પ્રગટે છે તેવી વેળા સાધકને પોતાને પોતાના જીવપણાનું પણ અને તેની પ્રકૃતિના બળવાનું પણ ખરેખરું ભાન જાગી જાય છે. તેવી વેળા તેવા જાગેલા સાધકના જે પ્રયત્ન થાય છે, તે પ્રયત્નમાં ખરેખરા પ્રાણ પ્રગટેલા હોય છે, જેનાં ખમીર અને નૂર કોઈ જુદા જ પ્રકારનાં રહે છે.*

*એકવાર જો લગની લાગી જાય અથવા આપણી 'માંહ્યલો' જાગી જાય અથવા ચેતનાના સંપર્કની ઝાંખીનો અનુભવ થઈ જાય તો પછી જીવની ઊર્ધ્વ પ્રકારની ગતિ નિશ્ચિત થઈ ગઈ એમ સમજવું.*

જેમ જેમ જીવનની સાધનામાં આપણે રત, એકતાર થતાં જઈશું અને તેવા પ્રકારની લગનીનો ભાવ પ્રકૃતિ અને સ્વભાવમાં વણાઈ જઈ તેનું એક અંગ બનશે એટલે કે તે આપમેળે રહ્યા કરશે તેમ તેમ આ પરત્વેની ઈચ્છા શક્તિનું પ્રબળપણું સર્વ સંબંધોથી પર થવાપણું, સંબંધોની સપાટીથી ઊંચે રહેવાપણું તેમ જ વહેવારમાં રહેવા છતાં અને એમાં ચિત્ત હોવા છતાં એમાં ગૌણભાવે પ્રવૃત્તિ રહે. કર્મ તો જોકે કુશળતા ભર્યાં થયા કરે તેમ છતાં તેમાં પહેલાંના જેવી આસક્તિ ના પ્રગટે અને પ્રધાનપણે જીવનવિકાસ પરત્વેની ભાવનામાં જ આપણું દિલ રમ્યા કરતું હોય એવું અનુભવ્યા જઈશું. એટલે આમ આપણી પ્રગટતી જતી ભાવનામાં ઉત્તરોત્તરપણે ઉત્સાહ, ખંત, હોંશ એવું બધું પુરુષાર્થ માટે અને પુરુષાર્થ દ્વારા જો પ્રગટ્યા કરતું ના અનુભવી શકાય તો સમજવું કે જીવનવિકાસ પરત્વેની તમન્નાની કક્ષા એટલી ધગધગતી અને ઉચ્ચ નથી અને એથી આપણને સમજાશે કે આપણામાં આ માર્ગ પરત્વેની સાચી લગની હજી લાગેલી નથી.

લગની લાગે ત્યારે આપણાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ સતત એકધારાં ચેતન પરત્વેનાં કે ગુરુ પરત્વેનાં આપણાં બધાં કરણોમાં અભિમુખ થઈ જાય. લગનીમાં એક પ્રકારનું સહજ આકર્ષણ રહે છે. લગની લગાડવામાં પ્રેમભક્તિની વિશેષ જરૂર છે અને એ તો ભાવનાનો પ્રદેશ છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર ભગવાન ઉપર સંપૂર્ણ ભરોસો રાખી શકે એવાં બનાવવામાં આપણે હૃદયથી ભાગ ભજવ્યા કરવાનો છે. હાર કે નિરાશા જ્યાં જ્યાં સાંપડે ત્યાં ત્યાં એને હૃદયના આર્તનાદથી હૃદયની પ્રાર્થના કરવાની રહે છે. બાળક જેમ મા પાસે અનેક વાર કહ્યા કરે છે

*અને માગ્યા કરે છે એવો હૃદયનો સહજભાવ શ્રીભગવાન પાસે રાખવાનો છે. જીવનની સાચી પૂરેપૂરી લગની લાગી જાય તો તો પછી કશું બાકી રહેતું નથી. એની મેળે બધું ચાલ્યા કરે.*

*લગની લગાડવા તો મીરાંબાઈની જેમ 'પ્રેમ દીવાની' થવું પડે. 'આ જ ખરું છે. એ જ તત્ત્વ આપણામાં ખીલે એની જરૂર છે. આ જ આપણું પરમ કર્તવ્ય છે. એના વિનાનું બીજું બધું ગૌણ છે.' એવી જો હૃદયમાં હૃદયથી પૂરેપૂરી પ્રતીતિ થઈ જાય તો લગની લાગે.*

*જેને જે બાબતની લગની લાગે છે તે તેની આંખ આગળ રમ્યા કરે છે. અને એમાં ને એમાં એની વૃત્તિ અને લાગણી ઢળ્યા કરે છે. જે વિષયમાં ઉત્કટ લગની લાગે છે તે વિષયમાં તે જીવનો સહજ પ્રવેશ થઈ શકે છે. લગની વિના રસ ઉત્પન્ન થઈ શકતો નથી અને રસ વિના મન ઠરી પણ શકતું નથી. જે વિષયમાં લગની લગાડવી છે તે વિષયનું મનન, ચિંતવન, નિદિધ્યાસન રોજના આપણા જીવનના ગાળામાં બીજાં કર્તવ્યો કરતાં વધારેમાં વધારે એકલક્ષી થતું રહે તો લગની લાગી જવાનો પૂરો સંભવ છે.*

શ્રી ઝીણાભાઈએ તા. ૯-૮-૧૯૫૬ના પત્રમાં લગની નથી લાગતી એનું દુઃખ વ્યક્ત કર્યું. પ્રત્યુત્તરમાં પૂજ્ય શ્રીમોટાએ જણાવ્યું કે **'ભાઈ, ઝીણાભાઈ, ભગવાનના નામમાં લગની લાગતાં લાગતાં તો વાર લાગે, ગીતાજીમાં લખ્યું છે કે કેટલાયે જન્મ થઈ જાય. તેવો અભ્યાસ કરતાં કરતાં, ત્યારે તેની લગની લાગે છે. હરિસ્મરણની તાપી માતાના વહેતાં પાણીની જેમ સળંગતા જળવાય પછી ખરી લગની લાગે.** માટે, તારે હરિઃૐનો જાપ કર્યા જ કરવો.'

*સાધનાનો સનાતન માર્ગ તો સાંકડો છે, ઘણો ઘણો સાંકડો છે. શરૂ શરૂમાં તો ઘણા ઘણા ગાઢ અંધકારથી રૂંધાયેલો પણ રહ્યા કરે છે. કંઈ જ સૂઝતું કરતું હોતું નથી. મૂંઝાયેલાં મૂંઝાયેલાં રહ્યા કરવું પડે છે.*

શ્રી ઝીણાભાઈના હૃદયમાં જીવતીજાગતી શ્રદ્ધા હતી. લગની લગાડવાની તડપથી શ્રી ઝીણાભાઈ પોતાના જીવનના પ્રાણ આધારને હૃદયમાં હૃદયથી જગાડીને આર્તનાદે અને આર્દ્રભાવે પ્રાર્થના કરતા રહેતા.

**'મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે...'**

ગાતાં ગાતાં શ્રી ઝીણાભાઈની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગતી. એમની આવી પ્રાર્થનાઓ શ્રીસદ્‌ગુરુને સંભળાતી. શ્રીસદ્‌ગુરુની કૃપા-કરુણા શ્રી ઝીણાભાઈ ઉપર ઊતરી આવતાં શ્રી ઝીણાભાઈના હૃદયમાં ફરી નિશ્ચિંતતા પ્રગટતી અને બમણા વેગથી સાધના થવા લાગતી.

***

## ૨૬. સુરતના હરિઃૐ આશ્રમનું ભૂમિપૂજન- નિર્માણ કાર્ય

પૂજ્ય શ્રીમોટાએ તા. ૨૮-૧૨-૧૯૪૬ના પત્રમાં પોતાની આશ્રમની ભાવના વિશે લખ્યું હતું કે 'મારે આશ્રમ કાઢવો હોય તો કશી વાર નથી. હવે, મને શ્રીપ્રભુકૃપાથી પૈસાની તો ચિંતા જ નથી. પૈસા તો જરૂર પડતાં એ વહાલો આપ્યા જ કરે છે. એ તો નિત્યનો અનુભવ છે. કિંતુ મારે ઘરેડ પ્રમાણેનો આશ્રમ જોઈતો નથી. જ્યાંથી ભગવાનની ચેતનાશક્તિ, ભાવના જેમ વીજળીના મૂળ કારખાનામાંથી જ્યાં ત્યાં બધે વીજળી પ્રસરતી હોય છે, જેમ તેનું આપોઆપ પ્રસરવાનું બને અને એવું પ્રત્યક્ષ અનુભવમાં આવ્યા કરે એવી અંતરમાં સહજ ભાવના પ્રગટે ત્યારે તેમ કરવું યોગ્ય છે. એની પ્રેરણા હજી તેવી મળી શકી નથી.

કુરુક્ષેત્રમાં આશ્રમ માટે જમીન ખરીદ્યા પછી પૂજ્ય શ્રીમોટાને મળેલાં સ્વજનોની આશ્રમ જલદી બંધાઈ જાય અને મૌનમંદિરો શરૂ થાય તેવી સૌની ભાવના હતી. પૂજ્ય શ્રીમોટા પાસે આશ્રમ બાંધવા માટે જરૂરી મૂડી હતી નહિ. આમ તો પૂજ્ય શ્રીમોટા કોઈ પણ યોજના કે કાર્ય માટે સંકલ્પ કર્યા પછી તે સંકલ્પ ફળવા માટેની આર્થિક વ્યવસ્થા સહજ રીતે ઊભી થતી.

*પૂજ્ય શ્રીમોટા તા. ૨૨-૪-૧૯૫૬, રવિવારે સવારે પુષ્પાબહેન દલાલ, શ્રી કુબેરભાઈ વગેરે ૯૭ જણ સાથે નડિયાદથી આવી પહોંચ્યાં. તે દિવસે સાંજે બધાં કુરુક્ષેત્રમાં જમ્યાં. પૂજ્ય શ્રીમોટા, કુરુક્ષેત્રમાં રાત રહ્યા. તા. ૨૩-૪-૧૯૫૬ની રાત્રે ૧૨ વાગ્યે મૌનરૂમ ૧ અને ૨ ની જગ્યામાં ભૂમિપૂજન થયું. પૂજ્ય શ્રીમોટા રૂઢિભંજક હતા. એટલે તેમણે પુષ્પાબહેન દલાલ કે જેઓ વિધવા હતાં. તેમના હસ્તે સોનું, ચાંદી. તાંબું, હીરો, માણેક*

*નારિયેળ વગેરેનો કુંભ જમીનમાં પધરાવી એક વિધવા સ્ત્રીના વૈધવ્યને સન્માન આપ્યું.*

*પછીથી શ્રી નંદુભાઈએ એક પત્રમાં લખ્યું હતું કે 'શ્રીમાતાજી (પોંડીચેરી) આ દિવસે બોલ્યાં હતાં કે કોઈ મહાન શક્તિનું અવતરણ થઈ રહ્યું છે.'*

શ્રી ભીખુકાકાની ગણના સુરત શહેરમાં તેમની રાજકીય કારકિર્દીને કારણે એક પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકેની હતી. તે ઉપરાંત, તેમના નાના ભાઈ શ્રી લલ્લુભાઈ, સુરત જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ હતા. શ્રી ભીખુકાકાએ સુરત શહેર અને બહાર ગામથી સારો એવો ફાળો ઉઘરાવ્યો. પૂજ્ય શ્રીમોટા, શ્રી ભીખુકાકાના આ કાર્યમાં મદદરૂપ થવા બીજાં સ્વજનોને ભલામણ કરતા. શરૂઆતમાં આશ્રમ બાંધકામમાં રૂપિયા બત્રીસથી ચોત્રીસ હજારનો ખર્ચ થયો હતો.

આશ્રમના મકાનના પાયાનું કામ જૂન મહિનામાં જ પૂરું કરી દેવામાં આવ્યું હતું. મકાનનું બાંધકામ દિવાળી પછી ૧૯૫૬ના નવેમ્બર મહિનામાં શરૂ કરવામાં આવ્યું હતું. આશ્રમ બંધાતો હતો ત્યારે સિમેંટની ઘણી અછત વર્તાતી હતી. સરકારી મંજૂરી માટે બહુ રાહ જોવી પડતી અને મંજૂર થયેલો જથ્થો પણ કામ માટે પૂરતો ના હોઈ વારંવાર કામ ખોટકાઈ જાય, કાળા બજારમાં ઊંચા ભાવે દામ દેતાં જોઈએ એટલો મળી શકતો, પરંતુ પૂજ્ય શ્રીમોટા તેમ કરવા દે એમ ન હતું, પણ જ્યારે જ્યારે કામ અટકી પડવાની તૈયારીમાં હોય ત્યારે ત્યારે ક્યાંકથી સિમેંટની મદદ અણધારી આવી મળતી. તે વખતે પંચાયતી રાજ ન હતું. લોકલ બોર્ડ અસ્તિત્વમાં હતાં. સુરત જિલ્લા લોકલ બોર્ડના તે વખતના

પ્રમુખ શ્રી પ્રેમશંકર ભટ્ટ હતા. એમને અને પૂજ્ય શ્રીમોટાને મુદ્દલે ઓળખાણ નહિ, પરંતુ શ્રી ભીખુકાકાને અને પ્રેમશંકરભાઈને અન્યોન્ય સારો પરિચય.

સિમેંટની શોધમાં એકવાર પૂજ્ય શ્રીમોટા અને ભીખુકાકા, પ્રેમશંકરભાઈને મળવા માટે તેમની જિલ્લા લોકલ બોર્ડની ઑફિસે ગયેલા, પણ મેળાપ થઈ શક્યો નહિ. પ્રેમશંકરભાઈ હાજર ન હતા. પાછા ફર્યા બાદ પૂજ્યશ્રીએ ભીખુકાકાને કહી દીધું, 'કામ શરૂ કરવાની તૈયારી કરો. હવે, રાહ જોવાની જરૂર નથી. સિમેંટ તો મળ્યે જશે.' અને ખરેખર બન્યું પણ તેમ જ. છૂટક છૂટક થઈને ત્રણસોથી સાડી ત્રણસો ગૂણો પ્રેમશંકરભાઈ પાસેથી ઉછીની મળેલી. એક વખત તો એક કેળવણીની સંસ્થામાં જરૂરિયાત કરતાં વધુ ગૂણો હતી, પરંતુ તેઓ સીધી આશ્રમને તે આપી શકે તેવી સ્થિતિમાં ન હતા. આનો પણ ઉકેલ આવી શક્યો. શ્રી પ્રેમશંકરભાઈએ તેઓ પાસેથી ઉછીની લઈને આશ્રમને એ ગૂણો આપી અને કામ ચાલી શક્યું.બાંધકામમાં જરૂરી સાગનું લાકડું નંદરબારથી મંગાવી શ્રી ભીખુકાકાએ તૈયાર રાખ્યું હતું. આ સમયે રાંદેરના પારસી પાલિયા શેઠના ભઠ્ઠાની ઈંટો વખણાતી, તેની મજબૂત ઈંટો વાપરવામાં આવી હતી. બાંધકામના કાર્યમાં શ્રી ભીખુકાકા અને શ્રી ઝીણાભાઈ ઉપરાંત નીરામંડળીમાંથી શ્રી ગાંડાભાઈ જીવણભાઈ, શ્રી સુખાભાઈ જીવણભાઈ પટેલ, શ્રી ભુલાભાઈ, રાંદેરના શ્રી મંછુભાઈ વગેરે રાતદિવસ તનતોડ મહેનતમાં જોડાયા હતા.

એકવાર તો શ્રી ભીખુકાકા રાત્રે બે વાગ્યે સિમેંટની ટ્રક ભરીને આવ્યા. સવારે છ વાગ્યા સુધી બધાએ ટ્રક ખાલી કરી.

રસોઈ બનાવવા અને શ્રી ભીખુકાકા અને વિદ્યાકાકીને રહેવા માટે બે ઝૂંપડાં બનાવવામાં આવ્યાં હતાં. વિદ્યાકાકી બધાં માટે રસોઈ અને ચાપાણીની વ્યવસ્થા કરતાં.

એક બાજુ ચણતરકામ ચાલતું તો બીજી બાજુ સાથે સાથે સુથારીકામ પણ ચાલતું. ચણતરકામ માટે શ્રી ભીખુકાકાએ રાંદેરના પાંચ કડિયા રોક્યા હતા. આશ્રમનું કૂવાનું પાણી ખારું હોવાથી ચણતરકામમાં વપરાશનું પાણી તાપી નદીમાંથી લાવવું પડતું. શ્રી ગાંડાભાઈ, સુખાભાઈ, ઝીણાભાઈ વગેરે બંને હાથમાં મોટી બાલદીઓ નદીએથી ભરી લાવી, પાણી પતરાના બેરલમાં ભરતા. ઈંટોને આ પાણીમાં રાત્રે જ બોળી રાખવામાં આવતી. શ્રી ઝીણાભાઈ પાલખ બાંધતા તથા બીજા બધા સાથે કાળી માટી અને રેતીનો કોલ બનાવતા. મકાનની સવા ફૂટ પહોળી દીવાલો આ રેતી માટીના કોલથી બનાવવામાં આવી હતી. સિમેંટનો ઉપયોગ તેની ઉપર પ્લાસ્ટર કરવામાં જ થયો હતો.

મૌનરૂમ નં.૧ અને ૨ તથા ઑફિસવાળા મકાનનું બાંધકામ ઝપાટાભેર ત્રણ મહિનામાં પૂરું કરવામાં આવ્યું.

શ્રી ભીખુકાકાનું શરીર મોટું, દિલ મોટું, ખોરાક મોટો,તેમ એમનું કામનું માપ પણ મોટું, મકાનની દીવાલો સવા ફૂટ જાડી. સાગનાં લાકડાં પણ જાડાં અને મજબૂત, રૂમો પણ મોટા. બધે જ ભીખુકાકાની ઉદારતા દેખાઈ આવતી. પૂજ્ય શ્રીમોટા એકવાર કોઈને કામ સોંપે પછી એમાં પોતાનાં સૂચનો કરતા નહિ કે વાંધા વચકા કાઢતા નહિ. શ્રી ભીખુકાકાએ પોતે જ સ્વતંત્ર નિર્ણયો લઈને બધું કામ પૂર્ણ કર્યું.

૧૯૫૫માં વરાછા રોડ સ્થિત શ્રી હંસદેવજી મહારાજના સિદ્ધ કુટિર આશ્રમમાં એક યજ્ઞ અને ભંડારો થયો હતો. તેમાં

સ્વયંસેવક તરીકે શ્રી ભીખુકાકા, શ્રી ઝીણાભાઈ અને નીરામંડળીના બીજા ભાઈઓએ ભાગ લીધો હતો. સાકુરીથી ગોદાવરીમા પણ આવ્યાં હતાં. શ્રી ઝીણાભાઈ તેમને પગે લાગ્યા ત્યારે ગોદાવરીમાએ તેમને એક નારિયેળ આપ્યું હતું. પૂજ્ય શ્રીમોટાએ, શ્રી ઝીણાભાઈને પત્રમાં લખ્યું હતું કે ' તારી પાસે જે નારિયેળ છે તે ત્યાં હમણાં રહેવા દેજે. તારા માટે એક જે ઓરડી ચણાવવાની છે, તેમાં તે દાટવાનું છે. હું ત્યાં આવીશ (દિવાળી ઉપર) ત્યારે તારી ઓરડીની જગા નક્કી કરી, તેનું માપ લઈ તું અને હું બંને જણ થઈ આપણે તે દાટી દઈશું. તે પ્રમાણે પૂજ્ય શ્રીમોટા દિવાળીમાં આશ્રમના બાંધકામ વખતે કુરુક્ષેત્રમાં ત્રણ દિવસ રોકાયા હતા. હાલ જ્યાં ઑફિસ છે, તે શ્રી ઝીણાભાઈ માટે રૂમ નક્કી કરવામાં આવ્યો હતો અને તેમાં તે નારિયેળ દાટવામાં આવ્યું હતું. 'શ્રી નંદુભાઈવાળો' રૂમ શરૂઆતમાં રસોડા તરીકે ઉપયોગમાં લેવામાં આવતો હતો.

જૂન, ૧૯૫૭માં ઝૂંપડામાંથી બધો સામાન આશ્રમના મકાનમાં લાવવામાં આવ્યો. ૧૯૫૭ના અંત સુધી શ્રી ઝીણાભાઈ, આ તૈયાર થયેલાં મકાનોમાં એકલા જ રહેતા, તે દરમિયાન શ્રી ભીખુકાકા ગુરુવારે, શ્રી ચૂનીભાઈ રવિવારે અને શ્રી ચંપકભાઈ ક્યારેક ક્યારેક આશ્રમ આવી જતા. આ સમયે આશ્રમમાં વીજળી આવી ન હતી.

આ સમયે આશ્રમના રસોડા માટેની ચીજવસ્તુઓ શ્રી ભીખુકાકા, શ્રી બાબુભાઈ, શ્રી શાંતિભાઈ, શ્રી ચંપકભાઈ, શ્રી રમણભાઈ વગેરે તરફથી નિયમિત મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

શ્રી ઝીણાભાઈ મળેલા એકાંતના સમયમાં મળેલું કર્મ ગુરુ પ્રીત્યર્થ કરતાં કરતાં શ્રીસદ્‌ગુરુને હૃદયમાં જગાડતા રહેતા.

આશ્રમના બગીચામાં શ્રી ભીખુકાકાએ ઉદવાડા અને ધમડાછાથી લાવેલ આંબા અને ગુલાબની કલમો વાવી દીધી હતી. તે ઉપરાંત, આમળા, નારિયેળ, સોપારી, મીઠો લીમડો, ચીકુ, પપૈયા, ફણસ વગેરે ઝાડ વાવતા ગયા. તે બધા છોડ ફરતાં વાંડોલિયા કરી પાણી પિવડાવતા, બાગમાં ઊગી નીકળેલું ઘાસનું નીંદામણ કરતા.

આ ઉપરાંત, નવા બંધાયેલા મકાનના રૂમો વાળવા, ચોતરો વાળવો, પોતાની રસોઈ બનાવવી, વાસણ-કપડાં ધોવાનાં, પીવાનું પાણી ભરી રાખવું, દૂધ-શાકભાજી, ટપાલ લાવવાનાં વગેરે કામમાં દિવસ પસાર થઈ જતો. હરિસ્મરણ કરતાં કરતાં ફુરસદના સમયમાં રેંટિયો પણ કાંતતા. આટલો શ્રમ કરવા છતાં તેમને કદી થાક ના લાગતો. ભાવનાના જોશથી આવું બને.

૧૯૫૭ના અંતે શ્રી ભીખુકાકા અને વિદ્યાકાકી કાયમ માટે આશ્રમમાં રહેવા આવી ગયાં. અને તેમનાં કતારગામના ઘરનું રાચરચીલું બધું જ આશ્રમને અર્પણ કરી દીધું. પતિપત્ની બંનેનો સ્વભાવ ઉગ્ર. બંને વચ્ચે લડાઈ ઝઘડો થઈ આવે. આવા સમયે શ્રી ઝીણાભાઈને બંને બાજુથી સહન કરવાનું આવે. બંને બાજુથી કડવાં વચનો સાંભળવાં પડે! છતાં શ્રી ઝીણાભાઈ નમ્ર બની બંનેની સેવા કરતા. શ્રી ભીખુકાકાનો સ્વભાવ ગુસ્સાવાળો, પરંતુ બીજી ઘડીએ એમનું દિલ સાફ. શ્રી ભીખુકાકાને શ્રી ઝીણાભાઈ માટે અપાર હેત. આશ્રમને પોતાના કરતાં શ્રી ઝીણાભાઈની વધારે જરૂર છે તેવું તેઓ માનતા. શ્રી ભીખુકાકાને હીરાની પરખ હતી.

૧૯૫૮ના જૂનમાં વિદ્યાકાકીને લકવો થઈ ગયો. તેઓ પથારીવશ થઈ ગયાં. શ્રી ભીખુકાકા અને શ્રી ઝીણાભાઈએ તેમની ખૂબ સેવા કરી. લકવાને કારણે પથારીમાં એક જ સ્થિતિમાં પડ્યા રહેવાથી ચામડીમાં ચાઠાં પડ્યાં અને તે પાકી ગયાં. ઝાડોપેશાબ પણ પથારીમાં કરાવવો પડતો. તેમનું શરીર ભારે હતું. એટલે તેમને ફેરવવાં પણ મુશ્કેલ. વિદ્યાકાકીની સ્થિતિ વેદનામય થતી ગઈ.

શ્રી ભીખુકાકાથી આ દુઃખ જોઈ શકાતું ન હતું. એટલે શ્રી ભીખુકાકા, પૂજ્ય શ્રીમોટા પાસે નડિયાદ, વિદ્યાકાકીનું મોત માગવા ગયા. પૂજ્ય શ્રીમોટાએ તેમને લાકડાં લાવી રાખવાનું કહ્યું. ત્રણ દિવસ પછી શ્રી વિદ્યાકાકી ગુજરી ગયાં. વિદ્યાકાકીનું મૃત્યુ ૧૯૫૮માં નવેમ્બર કે ડિસેમ્બરમાં થયું હતું.

આશ્રમમાં પૂજ્ય શ્રીમોટા માટે અલગ ઓરડો બાંધવામાં આવ્યો ન હતો. શ્રી ભીખુકાકાને લાગ્યું કે આ બરાબર નથી. પૂજ્ય શ્રીમોટા માટે અલગ ઓરડો હોવો જોઈએ એવી આવશ્યકતા તેમને જણાઈ. વિદ્યાકાકીએ પોતે પોતાની મૃત્યુવેળાએ પૂજ્ય શ્રીમોટાનાં ચરણે રૂ. ૭૦૦૦/- ની રકમ ધરી હતી. એ રકમ એમ ને એમ પડી રહી હતી. તેમાંથી શ્રીમોટાની ના હોવા છતાં પણ શ્રી ભીખુકાકાએ પોતાની ભક્તિથી પ્રેરાઈને અલગ ઓરડો બંધાવ્યો. જે આજે મૌનરૂમ નં.૧ તરીકે વપરાય છે. આ રૂમમાં શ્રી ભીખુકાકાએ ખૂબ જ ભાવથી સાગનાં લાકડાંનું પૉલિશ કરેલું ફર્નિચર બનાવડાવ્યું હતું. આમ, ૧૯૫૯ના અંત સુધીમાં મૌનરૂમ નં.૧,૨,૩,૫ અને ૬ અસ્તિત્વમાં આવ્યા. દરવાજાની પાસેનાં બે જાજરૂ પણ આ સમયે બન્યાં.

***

## ૨૭. પ્રેમલક્ષણા ભક્તિ અને સહજ સાધના

*સંસ્કાર કરતાં જીવનમાં પ્રેમનું મહત્ત્વ વિશેષ છે. પ્રેમ કરતાં પણ ભાવનુ મૂલ્ય જીવનમાં શ્રેષ્ઠ છે. એવો ભાવ પ્રગટતાં મન, ચિત્ત, પ્રાણ, બુદ્ધિ અને અહમ્ પણ તેના રાગમાં રહે છે, એ એની સવિશેષતા છે, પરંતુ એવો ભાવ સહજમેળે જાગી જતો નથી. પહેલાં તો પ્રેમ જાગે છે. પ્રેમ જાગ્યા વિના ભાવ જાગી શકે નહિ. એટલે આ માર્ગમાં પ્રેમ-અને તે પણ ઉચ્ચ પ્રકારનો, એ સાધકને માટે ઘણો મહત્ત્વનો છે. પ્રેમ એની ઉચ્ચમાં ઉચ્ચ કક્ષાએ પહોંચે નહિ ત્યાં સુધી હૃદયથી હૃદયમાં અને હૃદયને શુદ્ધ અને પૂરેપૂરું સમર્પણ કરવાની તાકાત મેળવી શકાતી નથી. જેવા પ્રકારનો પ્રેમ એવા પ્રકારનું મનન ચિંતવન રહ્યા કરે એ પણ સમજાય તેવું છે. એટલે **પ્રેમ જેના પરત્વે જાગે તેમાં લય પમાડવાનું કામ પણ પ્રેમ કરી શકે છે. પ્રેમ તદ્રૂપ બનાવી દે છે.** એવાં પ્રેમનાં પ્રભાવ અને લક્ષણ છે. 'પ્રેમલક્ષણા ભક્તિ' એ ભક્તિનું ઉત્તમ સ્વરૂપ છે. ભક્તિનું સ્વરૂપ એકાકાર થઈ જવું. તે એવા પ્રેમ વિના ના બની શકે. 'પ્રેમ પ્રગટ્યા વિના હરિ મેળવવો એ તો દોહ્યલું કર્મ છે.'*

*જેને આપણે જીવનના ગુરુ ગણીએ, માનીએ કે સ્વીકારીએ તેનામાં ઉચ્ચમાં ઉચ્ચ પ્રકારનો પ્રેમ આપણા હૃદયમાં જાગી જાય, એટલું જ નહિ એની સુવાસ માત્ર નહિ પરંતુ એનું અસ્તિત્વ અને એની નક્કર હાજરી આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ અને હૃદયમાં પ્રગટ થઈને પ્રસરી જાય ત્યારે જ ગુરુની ચેતનાશક્તિ આપણામાં કામ કરતી બની શકે છે. પ્રેમ એ તો કેળવાતાં કેળવાતાં*

કેળવાય છે. પ્રેમને મર્યાદાઓ નથી. પ્રેમનું મૂળ ભાવ છે. ભાવનું મૂળ ચેતન છે.

જેના ઉપર પૂરેપૂરો પ્રેમભાવ, આદરભાવ, શ્રદ્ધા, વિશ્વાસ હૃદયમાં જાગેલાં હોય છે, તો તેના વચનનું હાર્દ હૃદય એકદમ સ્વીકારી લેતું હોય છે. રોજના વહેવારમાં પણ આપણે તેવું અનુભવેલું અને જાણેલું છે. તે જ કારણથી, સાધકને તેણે પોતે પોતાની સ્વતંત્ર મરજીથી સ્વીકારેલા ગુરુ સાથેનો સંબંધ હૃદયમાં હૃદયથી જ્ઞાનભક્તિપૂર્વકનો કેળવાઈ ગયેલો હોય તો ગુરુને વારંવાર ટોકણી કરવાની જરૂર પણ રહેતી નથી. જ્યારે પરસ્પરનાં હૃદય સદ્‌ભાવ અને સત્કારયુક્ત સ્વીકારની ભાવનાથી એકમેળ થયેલ છે ત્યારે સાધક જીવ સાનમાં સમજી જતો હોય છે. જે કહેલું હોય તેને આચરવામાં શૂરો બની જતો હોય છે. કહેલું આચરી બતાવવામાં મૃત્યુની પણ તે પરવા કરતો હોતો નથી. હૃદયના પ્રેમભાવ, સદ્‌ભાવ, આદરભાવ, ભક્તિભાવ જેનામાં પ્રગટે છે અને તે પણ જ્ઞાનપૂર્વકના પૂરા ઉત્કટ પ્રમાણમાં, ત્યારે ગુરુના હૃદય સાથેના સહકારભર્યા તાદાત્મ્યપણાના ભાવમાં તે પ્રગટે છે અને પરિણામ પામે છે. તેવું થતાં ગુરુનાં વચનને પાલન કરવામાં જીવનની ઈતિકર્તવ્યતા હૃદયથી તે સમજે છે અને અનુભવે છે. સાધકના હૃદયનો જીવતો ઉપર પ્રમાણેનો સંબંધ પ્રગટી જાય છે ત્યારે સાધકથી ગુરુના કહ્યા પ્રમાણે, તેના દર્શાવેલા ભાવ પ્રમાણે સાધના થયે જતી હોય છે. તે પછીથી તો સાધક પોતાના સદ્‌ગુરુના હૃદયના ભાવને સૂક્ષ્મપણે હૃદયમાં હૃદયથી પકડી શકતો બની જતો હોય છે. જેની કૃપામદદ

લેવી છે, તેની સાથે હૃદયનો પ્રેમભક્તિપૂર્વકનો સુમેળ તેની આત્યંતિક દશામાં પ્રગટાવવાની ઘણી ઘણી જરૂર રહે છે.

જે સાધક પોતાના સદ્‌ગુરુના હાર્દને, તેના જીવનના મર્મભાવને સમજે છે, તે તો તેની ભાવના પ્રમાણે જીવનને ઘડવાને મશગૂલ બન્યા કરે છે. એવો જે સાધક એકાગ્રપણે અને કેંદ્રિતપણે પોતાની સાધનાના ભાવમાં મસ્ત બને છે, તેની આગળપાછળ જે બનતું હોય છે તેમાં તે હોવા છતાં તેનામાં તે રીતનું બનતું હોતું નથી. આવા હૃદય હૃદયના સંબંધની ખૂબી, રહસ્ય અને મહત્ત્વ હૃદયનો પ્રેમભક્તિભાવ જ્યાં પ્રગટે છે ત્યાં જે તે બધું એક કરવાપણામાં જ પ્રવર્તે છે. હૈયાની પકડ જેમાં હોય છે તેમાં મન સહજપણે રહ્યા કરે છે. ત્યાં પ્રયત્નની જરૂર પણ રહેતી નથી. હૈયાની પકડ જે વિષયમાં હોય છે, તેમાં કશી ડખાડખ થતી નથી કે રહેતી નથી. ત્યાં આશંકા પણ થતી નથી. અરે! ઉદ્‌ભવતી જ નથી. તેવી જ રીતે સાધનાનો ભાવ જ્યારે હૃદયમાં પૂરો પ્રવેશ પામી, ત્યાં પ્રત્યક્ષ બને છે, તેવી વેળા સાધના આપોઆપ ચાલ્યા કરે છે. તેવી વેળાએ કરણોની અશુદ્ધિ બધી જ એકદમ શુદ્ધ થઈને સાધનાના ભાવને યોગ્ય સાધનરૂપે તે તે કરણો બની જતાં હોય છે. ગમે તેવા પ્રખર પુરુષાર્થ કરવાથી જે બનવું શક્ય હોતું નથી, તે સાધકની ઉપર જણાવેલી હૃદયની દશા થતાં શક્ય બની જતું હોય છે.

ભાવનાની અખંડતામાં ક્યાંય ખચકો અનુભવાતાં હૃદયની જાગૃતિ સહજપણે પોકારી ઊઠે છે અને તે ભાંગતી અખંડતાને પાછી જાળવી લઈને તૂટતો તાર એકદમ સાંધી લે છે. એવી શરણાગતિની ભાવના હૃદયમાં પ્રેમભક્તિપૂર્વકની જ્યારે સધાય

છે ત્યારે જ સાધનાનું ખરેખરું કામ તો શરૂ થતું હોય છે. તે અનુભવની નક્કર હકીકત છે.

જે જીવ માત્ર શ્રીપ્રભુપ્રીત્યર્થે જ સકળ જે તે કર્મ હૃદયની પૂરેપૂરી ઉત્કટ પ્રેમભક્તિથી કર્યાં કરવાનું રાખે છે, અને જેને હૃદયમાં એકમાત્ર ભગવાનને જ રાજી કરવાની જીવતીજાગતી મનીષા છે, અભિલાષા છે, કોડ છે અને તેવી રીતે મનહૃદયથી વારી વારી જઈને એના ઉપર સર્વ રીતે અને સર્વ ભાવે ન્યોછાવર થઈ જવાની તમન્ના લાગેલી છે, **એવો જીવ ધ્યાન કરવા બેસે કે ના બેસે તેમાં કશો ફરક પડતો નથી અથવા સાધનાની બીજી કોઈ રીત અખત્યાર કરે કે નહિ તેનો પણ વાંધો હોતો નથી.** આવા જીવને કશું બતાવવાપણું રહેતું નથી. માત્ર આપણે જો આપણાં બધાં જ કર્મોમાં બધો સમય હૃદયની સાચી દાનતવાળાં હોઈએ અને આપણી ભાવના જો એકમાત્ર પ્રભુપ્રીત્યર્થે જે તે કર્યાં કરવાની હૃદયમાં હૃદયથી જાગી ગયેલી હોય અથવા તેવી જાતનો આપણો અભ્યાસ થતો રહેતો હોય અથવા તેવો અભ્યાસ કેળવ્યા કરવાનો જીવતોજાગતો પ્રયત્ન થયા કરતો હોય અને તેવે સમયે આપણાં મનહૃદય શ્રીભગવાન પરત્વે જ ઉન્મુખ રહ્યા કરતાં હોય કે તેમ કરવાને હૃદયથી મથ્યા કરતાં હોઈએ અને એમાં પૂરેપૂરાં તલ્લીન, એકાગ્ર અને કેંદ્રિત હોયા કરીએ તો જે કંઈ જરૂર પડ્યા કરે તે એની મેળે આપણી કને શ્રીપ્રભુકૃપાથી હાજર થઈ જવાનું છે. ધ્યાન, ત્રાટક કે એવાં બીજાં સાધનો કરવાનો સમય ના મળે તેનો વાંધો ના હોય- જો ઉપરનું સાધન આપણે કરતાં થઈ જઈએ તો.

જે રીતે અને જે ભાવે કર્મ કરવાનાં છે, તેમાં સાચી રીતે તો મુદ્દલે અહંતા ના હોય એ જ ઈષ્ટ અને યોગ્ય ગણાય. તેમાં પ્રાણનાં પ્રાકૃતિક લક્ષણો ના હોય તેમ જ મનના નીચલા વિચારો આદિથી યુક્ત પણ તે ના હોય, તેવાં કર્મો પણ શ્રીપ્રભુપ્રીત્યર્થે જ જ્ઞાનભક્તિપૂર્વક થયેલાં હોય, સમર્પણયજ્ઞમાં આહુતિરૂપે હોમાયેલાં હોય તો જ તે કર્મ ગણી શકાય. આવાં કર્મમાં ભક્તિ અને જ્ઞાનની પણ તેટલી જ જરૂર હોય છે. એવા કર્મો ભક્તિ અને જ્ઞાનની મદદ વિના થવાં કદી શક્ય પણ નથી હોતાં.

***

## ૨૮. 'તું તો મારો આશ્રમ છે.'

*સદ્‌ગુરુ રીઝવ્યા જેણે પ્રેરી સંતોષ તેમને,*
*જીવન-ભક્તિ નિષ્ઠાથી સેવા તે એકધારી જે.*

*શ્રીસદ્‌ગુરુ થતાં રાજી બેડો શો પાર થાય છે,*
*મારો બેટો થતો કેમે ના એકદમ રાજી તે.*

*નીકળી દમ શો જાય સંતોષાતો ન તોયે જે!*
*સદ્‌ગુરુની પરત્વેનો એકાગ્ર ભાવ કેંદ્રિત.*

*થતાં સંપૂર્ણ ભક્તિથી એને સંતોષ શો દિલ!*
*ત્યારે શ્રેયાર્થીનું કામ શું પરિપક્વ થાય છે!*

*ફળાવે સદ્‌ગુરુ કર્મ ત્યારે જીવનનું પદે,*
*ખરેખરું થતું ત્યારે જીવ્યું સાફલ્ય સૌ ખરે.*

*જે પુરુષાર્થના ઠેલા થકી ઠેલો કૃપાતણો,*
*શ્રીસદ્‌ગુરુતણો કેવો ચઢિયાતો ખરેખરો.*

*'પુરુષાર્થ ઘટે હોવો માથું વધેરવાતણો',*
*તાલાવેલી થતાં એવી કૃપા પ્રત્યક્ષ તુર્ત તો.*

*સદ્‌ગુરુમાં ગળે પૂર્ણ તેનું તો સર્વ તે કરે,*
*તેનો પ્રેમથી સાભાર, સદ્‌ગુરુ તો ઉપાડશે.*

*સંપૂર્ણ સદ્‌ગુરુમાં હો ભળવા, ગળવાતણો*
*-એકલો શો પુરુષાર્થ આપણે હાથ તો રહ્યો,*

*આધારનો પૂરેપૂરો લેવાઈ કબજો જતાં,*
*પછીથી ચેતના પોતે એવાનું સૌ કરે તદા.*

*ભળી, ગળી ગયા કેડે સદ્‌ગુરુમાં હ્રદે ઊંડું,*
*જીવનનું ખરું ઊંડું કર્મ ત્યાંથી શરૂ થતું.*

*લગાતાર થતાં ધ્યેયે એકાકાર થતાં પૂરું,*
*ખરેખરો જ સાચો ત્યાં લાગે છે ખપ સદ્‌ગુરુ.*

પૂજ્ય શ્રીમોટાએ ગુરુપૂર્ણિમાના દિવસે કુંભકોણમ્‌થી તા.૧-૭-૧૯૫૮ના રોજ પત્ર લખ્યો કે 'પ્રિય ભીખુભાઈ, બાબુભાઈ, શાંતિભાઈ, નાનાભાઈ, રમણભાઈ, ચંપક.

જત, આજે સુરતના બધા મિત્રો યાદ આવો છો. એક ખૂણામાં પડેલાને જેને કોઈ જાણતું કરતું નથી, જેની કશી કીર્તિ નથી, કશી પ્રતિષ્ઠા નથી, એવાને તમે હાથ પકડી તમે તેનું કામ કર્યું અને હજી પણ પ્રેમથી કરવાનાં, તેવા મારા પ્રભુને મારા દિલના કોટિ નમસ્કાર છે. વિદ્યાને હવે સારું હશે. મારી જરૂર પડ્યે જરૂર તાર કરજો તો આવીને ઊભો રહીશ. મારાથી વધારે દિવસ રહેવાય નહિ એટલી જ પંચાત. બાકી, આવીને ઊભો તો રહીશ જ.

**ઝીણાભાઈ, વહાલા ઝીણાભાઈ, તને તો કેમ ભૂલું ? 'તું તો મારો આશ્રમ છે.'**

*જે કોઈ જીવ હ્રદયમાંનું હ્રદયથી બની જાય તો શા કાજે કોને વળગેલું છે, તેનું તેને સાચું જ્ઞાન પ્રગટે અને તે પોતાની માનસિક ભૂમિકા જરૂર ઊંચે લાવી શકે. જો તે સાચેસાચું આકાશભૂમિકાનું બની જાય તો તેની દ્વારા પ્રકાશ ફેલાવવાનું પ્રભુનિર્મિત કાર્ય*

કેટકેટલું થઈ શકે. કેટકેટલું થઈ શકવાની શક્યતાઓ પડલી છે અને ભરેલી છે. **શ્રીપ્રભૂકૃપાથી જે સ્વજન એવી ભૂમિકાવાળાં બને છે, તે જ મારે મન તો સાચો આશ્રમ છે.**

પોતાની પાસે જે કોઈ આવે કરે, જેનો સંબંધ થાય, એમને એમની ઊંચી સમજણમાં લાવવાનું નમ્રતા ધારણ કરી કરીને કરે, એમને ધર્મભાવનામાં રસ લેવાનું અને સંસારી રાગદ્વેષ અને અદેખાઈના ઝઘડા ટાળવાનું, સમજાવવાનું કર્યા કરે, શ્રીભગવાનના નામસ્મરણથી એની ભક્તિમાં મન પરોવ્યા કરવાનું કરે, જે જે કંઈ થયા કરે તે એ વહાલાને કાજે જ અને એને જ જે જે કંઈ થતું હોય તે પ્રેમભક્તિ, જ્ઞાનભાવે સમર્પણ થયા કરે તો **એના જેવો બીજો કોઈ ઉત્તમ આશ્રમ ના હોઈ શકે.**

સદ્‌ગુરુ પણ શિષ્યમાં જ્યારે જીવનવિકાસની ભાવનાને માટે જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના પ્રગટેલી જુએ છે અને તેને જ્યારે જીવનવિકાસના સાધનાના પંથમાં અદમ્ય ઉત્સાહ, ખંત, બળ અને પરાક્રમ દાખવતો અનુભવે છે અને જ્યારે તેવા સાધકમાં અભયાદિ ગુણનો વિકાસ થતો જુએ છે તથા જીવનવિકાસને પ્રેરણાત્મક એવા બીજા ગુણોનો વિકાસ થતાં થતાં તે ગુણોની જ્ઞાનાત્મક પરંપરામાં આત્યંતિક એવો ભવ્ય અને દિવ્ય નમ્રતાનો ગુણ સાધકમાં તેની પરાકાષ્ઠાએ સદ્‌ગુરુ જ્યારે અનુભવે છે ત્યારે સદ્‌ગુરુ તેના ઉપર વારી વારી જાય છે, ન્યોછાવર થાય છે, અને ત્યારે સદ્‌ગુરુ પોતે પણ તેવા સાધકના ઊછળતા આનંદ ઉન્માદના ઉમળકાથી પ્રસન્ન થઈને સંપૂર્ણપણે સાધક આગળ ખુલ્લો થતો જાય છે. સાધકનું દિલ સદ્‌ગુરુ પરત્વે જેમ જેમ પ્રેમભક્તિભાવથી તાદાત્મ્ય અનુભવે છે, તેમ તેમ સદ્‌ગુરુ પણ

*તેના પરત્વે ખુલ્લો થતો જતો હોય છે. દિલ એ બધામાં સૌથી મોટી વાત છે.*

૧૯૫૯માં આશ્રમમાં વીજળી આવી ન હતી ત્યારે બંધાયેલા મૌનરૂમો ખાલી પડેલા રહેતા હતા. શ્રી ભીખુકાકા, શ્રી ચૂનીભાઈ, શ્રી ચંપકભાઈ, શ્રી શાંતિભાઈ, શ્રી બાબુભાઈ, શ્રી રમણભાઈ વગેરે વારાફરતી રોજ એક જણ રાતના બાર વાગ્યા સુધી મૌનરૂમમાં નામસ્મરણ કરતું. શરૂઆતમાં આશ્રમમાં કામ કરનાર માત્ર ઝીણાભાઈ જ હતા. શ્રી ભીખુકાકા આશ્રમનું બહારનું કામ કરતા. આશ્રમની સાફસફાઈ, બગીચાનું કામ, રસોઈ, વાસણ, કપડાં ધોવાનાં, ટપાલ લાવવાની, પાણીઓની ટાંકીઓ ભરવાનું, પીવાના પાણીનાં માટલાં ભરવાનું વગેરે બધું જ કામ શ્રી ઝીણાભાઈ એકલા હાથે જ કરતા. સવારે ત્રણ વાગ્યાથી રાતના આઠ વાગ્યા સુધી કામ ચાલતું. પૂજ્ય શ્રીમોટા આશ્રમમાં હોય ત્યારે શ્રી ઝીણાભાઈ રાત્રે અઢી વાગ્યે રસોડામાં આવી જતા. તે સમયે પૂજ્ય શ્રીમોટા પણ ચા પીવા રસોડામાં આવી જતા અને લોખંડના ખાટલા ઉપર બેસતા. પૂજ્ય શ્રીમોટા, દૂધ વગરની ચા પીતા. ઉકળતાં પાણીમાં થોડી ચાની પત્તી નાખીને થોડી ખાંડ નાખી ચા બનાવવામાં આવતી. શ્રી ઝીણાભાઈ, પૂજ્ય શ્રીમોટા માટે ત્રણથી ચાર પાન ઉપર કાથો ચૂનો લગાવી તેમાં બે પત્તી તમાકુ નાખી પાન બનાવી આપતા. ચા પીધા પછી પૂજ્યશ્રી એક પાન ખાઈને બાકીનાં સાથે લઈ જઈ તેમના સ્થાને જતા. આ ઉપરાંત, શ્રી ઝીણાભાઈ, પૂજ્યશ્રીની અંગત સેવામાં પણ રહેતા. પૂજ્યશ્રીની સ્નાનની વ્યવસ્થા, તેમનાં કપડાં ધોવાનું, તેમનું ભોજન અલગ રીતે બનાવવાનું, તેમના માટે દહીં મેળવવાનું, જમ્યા

પછી તેમના પગ દબાવવાનું વગેરે કામ તો ખરાં જ. આમ, શ્રી ઝીણાભાઈ અવિરત સેવાયજ્ઞમાં ગુંથાયેલા રહેતા હતા. એક દિવસ બાર વાગ્યા સુધી નામસ્મરણ કરવા બેઠા અને બીજે દિવસે શ્રી ઝીણાભાઈનું ગળું બેસી ગયું. એટલે પૂજ્ય શ્રીમોટાએ પૂછ્યું, 'કેમ તારું ગળું બેસી ગયું છે ?' શ્રી ઝીણાભાઈએ કહ્યું, 'અમે પણ નામસ્મરણ કરવા જઈએ છીએ.' શ્રી ઝીણાભાઈની સેવાભક્તિ જોઈને પૂજ્ય શ્રીમોટાની આંખો કરુણાથી ભીની થઈ આવી અને બોલ્યા, **'તારે કંઈ જવાની જરૂર નથી, હું તારા વતી બધું કરી લેવા.'**

કોઈ ઉચ્ચ પ્રકારના સંતાત્મામાં સોએ સો ટકા આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ અને હૃદય પૂરેપૂરાં ગળીને મળી ગયેલાં હોય, તો તે આપણું જે તે બધું કર્યા કરે. તે હકીકત સાચી છે.

***

## ૨૯. મુશ્કેલીના દિવસો

તા. ૧૬-૮-૧૯૫૯થી મૌનમંદિરો શરૂ થયાં. શરૂઆતના દિવસો હતા. એટલે આશ્રમ ચલાવવા કોઈ કાયમી મૂડી હતી નહિ. પૂજ્ય શ્રીમોટાએ તા. ૭-૯-૧૯૫૯ના પ્રવચનમાં કહ્યું, ‘હવે બધા મિત્રોને હું કહું છું કે સંકળાવાનું બન્યું છે તો પ્રેમથી મદદ કરો. આશ્રમ ચલાવવા માટે સાધન નથી. ચાર માણસોને તો મળો. આમ તો મિત્રો ચલાવે છે. મારી તો કોરી સ્લેટ છે. અને આ ઉત્તમ પ્રકારનું કર્મ લઈને બેઠો છું તો બધાને વિનંતી છે કે મને નિશ્ચિંતતા પ્રગટે એવી રીતે વ્યવસ્થા ઊભી કરવામાં મદદ કરો. તમે ઘેર ખાઓ છો તો ચપટી ચપટી ખાવાનું અહીં પણ આપજો. આશ્રમમાં ઘી-દૂધ તો ખવાતાં નથી. આ કામ ભગવાનનું છે એમ માનજો. ઘી- ફક્ત મોણમાં નાખવા જેટલું વાપરીએ છીએ. તેલ તો  ખાવું પડે. ગોળ, ઘી, તેલ, ખાંડ, મરીમસાલો વગેરે તો જોઈએ. આશ્રમનું કામ કરશો તો એળે નહિ જાય. ભગવાને મોડું કરાવ્યું તે પણ સારું થયું. આટલી ઓળખાણો થઈ છે, નહિ તો પહેલાં શરૂ થાત તો આશ્રમ ચલાવવો કેવી રીતે એ પણ એક પ્રશ્ન રહેત. અમે તો પૂરેપૂરી કરકસર કરીશું. અમે કશું નકામું જવા દેતાં નથી. વૈકુંઠભાઈને ત્યાંથી ભાત આવેલો તે ચાર ટંક સુધી ચલાવેલો. ખાખરા-ભાખરી વધી જાય તો વધવા દેવું. મારી માએ વસ્તુનો કેવી રીતે ઉપયોગ કરવો તે બરાબર શીખવ્યું હતું. કરકસરથી કેમ જીવવું તે હું, મહાત્મા ગાંધી પાસે શીખ્યો છું.અહીં એટલી બધી મુસીબત પડી છે, છતાં ભીખુભાઈ અને ઝીણાભાઈ ટકી રહ્યા છે.

તા.૧૬-૯-૧૯૫૯ના દિવસે તાપી નદીમાં ભારે રેલ આવી હતી. તેનું નિવેદન શ્રી બાબુભાઈ તમાકુવાળાએ આ મુજબ આપ્યું હતું :- તા.૧૬-૯-૧૯૫૯ના બુધવારે સવારના સાડા છ વાગ્યે ભીખુકાકા તથા ઝીણાભાઈ મૌનમંદિર આગળ આવ્યા અને સૂચના આપી કે 'ભારે જબરજસ્ત રેલ આવી છે. મૌનમંદિરમાં પણ દાખલ થશે માટે સાવચેત રહેજો. અને કોઈ વસ્તુ બગડે નહિ તેની સંભાળ લેજો. બધું ઓરડીમાં જે છૂટક છૂટક છે તેને ઉપર મૂકી દેજો.' બહાર બપોરના ટાઈમે જાજરૂમાં પાણી ભરાયું. બાથરૂમમાં પાણી દાખલ થયું અને જાજરૂમાં પણ પાણી વધવા માંડ્યું. બાથરૂમમાં પાણી વધતાં વધતાં ઉંબરા સુધી આવી ગયું અને બહાર ઓટલા ઉપર રેલનાં પાણીની છાલકો વાગવા માંડી. લગભગ છ વાગ્યે તાપી માતા મંદિરમાં પધાર્યાં અને પાણીનો રેલો ચાલ્યો. પાણી ધીમે ધીમે વધવા માંડ્યું. ભીખુકાકા અને ઝીણાભાઈ આવ્યા અને 'બહાર નીકળી જવું હોય તો બેલ મારજો' એમ કહ્યું અને હિંમત રાખવા જણાવ્યું. મેં ચિઠ્ઠી લખીને મૂકી કે 'કોઈ પણ સંજોગોમાં બહાર નીકળવાનું નથી. બુધવારે રાતના પછી તો બાથરૂમનું પાણી મૌનમંદિરમાં પડવા લાગ્યું અને પાણી વધતું ચાલ્યું. ચોક્કસ લાગ્યું કે પાણી તો વધતું જવાનું, પણ તેથી સહેજપણ ગભરામણ થઈ નથી. સમર્થનો સથવારો છે પછી અકળામણ શાની ? પ્રભુકૃપાથી જબરજસ્ત હિંમત હતી. પછી તો લાઈટ બંધ થઈ ગઈ. હરિસ્મરણ બેઠાં બેઠાં કર્યાં કરીશ એમ વિચાર કર્યો એટલામાં ઝીણાભાઈ બૅટરી લઈને આવ્યા અને કહ્યું કે પાણી ભરાઈ જવાથી લાઈટ બંધ થઈ ગઈ છે તો આ બૅટરી રાખો એમ હિંમત આપી ગયા. લગભગ સવારના ત્રણ-સાડાત્રણ

વાગ્યા હશે અને ઝીણાભાઈ ચા લઈને આવ્યા. ઝીણાભાઈએ કહ્યું કે 'હવે, બેલ વાગશે નહિ તો જરૂર પડે મોટેથી બૂમ પાડજો'. એમ કરતાં ગુરુવારની સવાર પડી ગઈ. ઝીણાભાઈ ફરીથી ચા અને બિસ્કિટ આપી ગયા અને કહ્યું કે 'જમવાનું આજે બને તેમ નથી.' પાણી ધીમે ધીમે વધતાં હીંચકાની સહેજ નીચે રહ્યું. બપોરના ઝીણાભાઈ રાબ અને કોપરું લઈને આવ્યા અને કહ્યું, 'પ્રાઈમસ ઉપર બનાવ્યું છે.' પછી હીંચકાની સપાટીએ પાણી આવી ગયું. ઝીણાભાઈ ચા લઈને આવ્યા અને કહ્યું, 'પાણી વધતું જાય છે. હવે પછી અત્રે અવાશે કે કેમ એ પ્રશ્ન છે. સાંજનું જમવાનું કેમનું છે ?' ચિઠ્ઠી લખીને આપી. 'સાંજે જમવાનું નથી.' પછી તો ઝીણાભાઈ ફરી આવ્યા અને કહ્યું કે 'બહારથી બારણાની સાંકળ ખોલી નાખું છું, કારણ કે હવે પછી અહીં અવાય કે ના અવાય તો, જો તમારો વિચાર બહાર નીકળી જવાનો હોય અને વિચાર થાય તો અંદરથી સાંકળ ખોલી નાખી બહાર નીકળી આવજો.'

આમ, રાત પસાર થયા પછી સવારના સવા ત્રણ વાગ્યે ભીખુકાકા આવીને તગારાં મૂકી ગયા અને કહ્યું કે 'પાણી ઊતરવા માંડ્યું છે. ઓરડામાં કીચડ ઘણો હશે, તે પાણી ઊતરે એટલે બાથરૂમમાં નાખતા જજો.' સવાર પડતાં પાણી ઊતરી ગયું. પ્રભુકૃપાથી ભારે અગ્નિ પરીક્ષામાંથી પસાર થવાયું. તેમાં ભીખુકાકા અને ઝીણાભાઈએ આવી ભારે રેલમાં અવારનવાર આવીને અમારી સંભાળ રાખી. વખતો વખત ચા-જમવાનું પહોંચતું કર્યું. ખૂબ ભાવપૂર્વક અને પ્રેમથી કાળજી રાખીને વખતો વખત આવીને હિંમત આપી. એમનાં નિષ્કામ કર્મની મદદ આવા

સમયે મને થઈ તે બદલ હું, ભીખુકાકા તથા ઝીણાભાઈને ખૂબ ભાવપૂર્વક પ્રણામ કરું છું.'

પૂજ્ય શ્રીમોટાએ તા.૨૮-૯-૧૯૫૯ના પ્રવચનમાં કહ્યું કે 'આ વખતે રેલ આવી. બાબુભાઈએ નિશ્ચય કર્યો કે નીકળવું નહિ. ઝીણાભાઈએ જઈને બેચાર વખત ચા આપી. બને તેટલી સેવા કરી. બાબુભાઈએ શ્રદ્ધા રાખી કે 'મોટા' જીવતા છે અને એ રીતે મારી ઉપરની શ્રદ્ધાના બળે આનંદથી રહ્યા. મને એ બહુ ગમ્યું.' **ઝીણાભાઈએ જીવના જોખમે પણ તેમની સેવા કરી.** રેલમાં અમારા ઉપર તો ભગવાને અનહદ કૃપા કરી છે. હજાર, દોઢ હજાર રૂપિયા ખર્ચતાં પૂરણ ના થાય એટલું માટીનું પૂરણ થઈ ગયું. એકબે વર્ષ ચાલે એટલાં લાકડાં આવ્યાં છે. ગુલાબના છોડ કે આંબાની કલમને કે વાડને જરા સરખી આંચ આવી નથી. હું તો ગરીબ છું, ભગવાન પણ વિચારેને.

ચોમાસામાં ખાડા જાજરૂમાં હાજતે જવાની પંચાત હોય છે. અમને તો તેવી ટેવ પડેલી છે. અમે તો ચોખ્ખા રાખીએ છીએ, પણ શહેરી લોકોને તો ફાવે નહિ. કોઈ કે સારા પાકા જાજરૂ માટે સલાહ આપી અને જાજરૂ માટે પૈસા પણ આપી દીધા અને જવાબદારી સ્વીકારી લીધી. અમને તો ભગવાનની કૃપાથી જેની જરૂર પડે તે મળતું જ જાય છે. ખાવાપીવામાં વાંધો આવે તો તેને પણ અમે ઉત્તમ જ માનીએ. અમે દાણોયે નકામો નથી જવા દેતાં. અમે કોઈને આપી નથી દેતાં. વધે તો બે ટંક પણ ચલાવીએ છીએ. ભાત વધે છે તો કલાકે કલાકે ઠંડા પાણીમાં રાખીએ છીએ. ઓચિંતા માણસો આવી પડે તો જે રાંધ્યું હોય તેનાથી ઓછું ઓછું ખાઈને ચલાવી લઈએ છીએ. ભીખુભાઈની બા આવીને રહે તો તે પણ પૈસા આપીને રહે.'

આમ, શરૂઆતના દિવસો તકલીફવાળા હતા. **સમાજના પૈસાનો દુરુપયોગ ના કરાય. કરકસરથી વાપરવા જોઈએ. એમ પૂજ્ય શ્રીમોટા કહેતા, તેથી જ તેઓએ શરૂઆતમાં આશ્રમમાં બધે જ ઝીરોના લૅમ્પ નંખાવ્યા હતા.**

**પૂજ્ય શ્રીમોટા, શ્રી ઝીણાકાકાને કહેતા કે 'કોઈ વસ્તુ લાવવી હોય તો માગીને લાવવી. આશ્રમ માટે પૈસા ખર્ચીને લાવવાનું નહિ. એ પછી તમને પૈસા ખર્ચવાની ટેવ પડી જશે.'**

ઉકાઈ ડેમ બંધાયો તે પહેલાં, ઘણું ખરું દર ચોમાસામાં તાપી નદીમાં ઘણું પાણી આવતું કે રેલ આવતી. આ કારણે નદી કિનારાની જમીનની માટી ધોવાઈ જતી. એટલે આવાં પડેલાં ગાબડાં પૂરવા ખજૂરાના ઝાડના ટુંબા પગથિયાં માફક ગોઠવી, તેમને તારથી બાંધી ગાબડાંમાં માટી પૂરવામાં આવતી. કિનારાની જમીન ઘણી લાંબી એટલે ઘણી જગ્યાએ આમ કરવું પડતું. ખૂબ જ મહેનતનું કામ હતું. દર વર્ષે કરેલી મહેનત પાણીમાં જાય. એટલે દર વર્ષે શ્રી ભીખુકાકા અને શ્રી ઝીણાભાઈ, પૂજ્ય શ્રીમોટાને પાકી દીવાલ બનાવવા માટે વાત કરે, પરંતુ દર વર્ષે પૂજ્યશ્રી ના જ પાડે. એટલે શ્રી ઝીણાકાકા અને શ્રી ભીખુકાકાને મનમાં એમ થતું કે 'મોટા, કેમ આપણી પાસે મહેનત કરાવતા હશે ? પાળા-યોજના થઈ ત્યારે પૂજ્ય શ્રીમોટાની દીવાલ બનાવવા માટેની 'ના'નું રહસ્ય સમજાયું. પૂજ્ય શ્રીમોટાને ખબર કે ભવિષ્યમાં અહીં સરકાર, પાળાયોજના કરવાની છે.

શરૂઆતનાં વર્ષોમાં આશ્રમના કૂવાનું પાણી ખૂબ જ ખારું હતું. આશ્રમના બગીચામાં પણ વાપરી શકાય તેવું ન હતું. એટલે નદીમાં એક કૂવો ખોદવામાં આવ્યો અને બીજો કૂવો આશ્રમની

દીવાલ પાસે ખોદવામાં આવ્યો. બંને કૂવાને મોટી પાઈપ લાઈનથી જોડવામાં આવ્યા. નદીના કૂવામાંથી બીજા કૂવામાં પાણી આવે અને તેમાં મોટર ગોઠવવામાં આવી. તેના દ્વારા ટાંકી ભરી લેવામાં આવતી.

નદીમાં જે કૂવો હતો તે દરિયાની ભરતી સમયે કે ચોમાસામાં રેલ વખતે કાંપથી ભરાઈ જતો. કાંપ થોડો હોય ત્યારે શ્રી ઝીણાભાઈ અને શ્રી સુખાભાઈ તગારે તગારે કાંપ બહાર કાઢી કૂવો સાફ કરતા. આવું દર ૧૫ દિવસે કે મહિને કરવું પડતું.

એક વખત ઠંડીના દિવસો હતા અને શ્રી ઝીણાભાઈ કૂવામાંથી કાંપ કાઢવા ઊતર્યા હતા. કાંપ કાઢતાં કાઢતાં ઠંડીથી શરીર ધ્રૂજવા લાગ્યું. પૂજ્ય શ્રીમોટા અહીં હાજર હતા. તેઓ બોલ્યા, ‘શું થયું ?’ ‘ઠંડી લાગી ગઈ, કૂવામાંથી માટી કાઢી એટલે.’ શ્રી ઝીણાભાઈએ જવાબ આપ્યો.

પૂજ્ય શ્રીમોટાની આંખમાંથી દડદડ આંસુ સરી પડ્યાં અને બોલ્યા, ‘આપણો તો આ જ હિમાલય. આપણે ક્યાં હિમાલય જવાનાં ? આ જે કામ કરીએ છીએ એ આપણો હિમાલય. હિમાલય ક્યાં જવાનાં આપણે ?’

આ દ્વારા પૂજ્યશ્રી કહેવા માગતા હતા કે હિમાલયમાં તપ કરવા જવું અને ‘આવું’ અહીં તપ કરવું- બંનેનાં ફળ સરખાં.

***

## ૩૦. ગોકુળિયું ગામ લવાછા

પૂજ્ય શ્રીમોટાએ શ્રી ઝીણાભાઈની જન્મભૂમિ લવાછા ગામમાં ૧૯૫૯, ૧૯૬૨, ૧૯૬૭ એમ ત્રણ વખત પાવન પગલાં પાડ્યાં હતાં. તા. ૬-૧૧-૧૯૫૯ ના રોજ, સુરતમાં થયેલી અતિવૃષ્ટિ પછી લવાછા ગામે પધરામણી કરી હતી. પૂજ્ય શ્રી નંદુભાઈએ તેનું ભાવભર્યું વર્ણન કર્યુ હતું, તે અત્રે લેવામાં આવ્યું છે.

પછાત કોમનું નાનકડું ગામ છે. સુરતની નીરા સોસાયટીમાં કામ કરનારા ઘણા ભાઈઓ આ ગામના છે. બે વિભાગમાં આ ગામ વહેંચાયેલું છે. બે વિભાગ વચ્ચે એક માઈલનું અંતર છે. દરિયા કિનારે પાઘડી પને આ બે વિભાગો આવેલા છે. હમણાં થયેલ અતિવૃષ્ટિને કારણે સડક ધોવાઈ ગયેલી. વચ્ચે તૂટી પણ ગયેલી. લવાછાથી બે માઈલ દૂર સડક તૂટી ગયેલી. ત્યાં કાર અટકાવીને ચાલતા નીકળ્યા. દરિયાનાં પાણી ખાડી દ્વારા આ વિભાગમાં ભરતીના સમયે ફરી વળતાં હોય છે. અમો દોઢ ફૂટ ઊંડા કાદવકીચડમાં કળણમાં થઈને ચીકણી લપસણી માટીમાં દઢપણે પગલાં માંડતાં માંડતાં એકમેકને ટેકવીને ચાલતાં ચાલતાં એકાદ ફર્લાંગ આવો કીચડવાળો અને લપસણો રસ્તો ખૂંદીને આગળ ચાલ્યા. જીવનમાં પ્રથમવાર આવા કળણમાં ચાલવાનો અનુભવ મળ્યો. કળણ પૂરું થવાની જગાએ લવાછા ગામેથી ચોખ્ખું પાણી પગ ધોવાને લાવવામાં આવેલું. બે ગાડાં પણ આવેલાં. એક તો રેંકડી હતી, તેમાં પૂજ્યને બેસાડ્યા. બબ્બે બળદો જોડેલા હતા. બળદો ઉપર લાલ રંગીન વસ્ત્ર ઓઢાડીને શણગારેલા. સામૈયું કરવા આવનાર નવયુવકોનો ઉત્સાહ માતો ન હતો. તેના

આગેવાન યુવકભાઈ હમણાં જ સુરત આશ્રમમાં ૭ દિન મૌનમાં બેસી ગયેલા. ગામને પાદરે કાંસીજોડાં અને નરઘાં - તબલાં સાથે લઈને આવેલા યુવકોએ ભજનોથી અમારો સત્કાર કર્યો અને ભજનો ગાતાં ગાતાં પૂજ્ય શ્રીમોટાને રેંકડીમાં બેસાડીને સરઘસ આકારે ગામમાં લઈ ગયા. તે આગેવાન યુવકના આંગણામાં નાનો શો માંડવો રાતોરાત હાથોહાથ ઊભો કરેલો હતો. આસોપાલવ અને હજારી ગોટાનાં અસંખ્ય ફૂલોથી તેને શણગાર્યો હતો. પૂજ્યને બેસવાની હીંડોળાખાટ શણગારી હતી. ફૂલોથી અને ગાલીચાઓથી શોભતા મંડપમાં ભજનિકો હાર્મોનિયમની પેટી અને મંજીરા સાથે બેઠા હતા અને ભજનો લલકારતા હતા. થોડાંક બહેનો-ભાઈઓ અને બાળકો આવ્યાં હતાં. બહેનોએ એક પછી એક આવીને પ્રણામ કર્યા. કોઈકે પુષ્પોથી પૂજ્યને વધાવ્યા પણ ખરા. લોકોનો ઉત્સાહ અનેરો હતો. ભજનિકો તાનમાં હતા. ગામડાનાં ભલાં સાદાં ભોળાં હૈયાંઓ આનંદ ઉલ્લાસથી હીંચોળાઈ રહ્યાં હતાં. સાદું પણ આકર્ષક દૃશ્ય હૈયાને હચમચાવી નાખવાને પૂરતું હતું. તે નવયુવક આગેવાનના ઘરનાં બૈરાંએ આરતી જેવું કર્યું. વધામણાં કર્યાં અને બધી મંડળીના લોકોને ચાપાણી પાયાં. અમો માટે કેસરિયાં દૂધ આપ્યું. પૂજ્યે અગમચેતી વાપરીને પ્રસાદનો ખર્ચ તેઓને માથે ના પડે તે માટે અગાઉથી ૧૨ ડઝન કેળાં સુરતથી સાથે મંગાવી રાખેલાં, તેમાંથી સૌને પ્રસાદ પણ અપાયો. સવારે ૪-૩૦ વાગ્યે અમો આશ્રમેથી મોટી ગાડીમાં નીકળેલા. 'વાન' માં અમો ૧૨ જણ હતા. બધા પુરુષો. ઝીણાભાઈ અને ભીખુભાઈ પણ સાથે હતા. તમાકુવાળા અને બીજા હોદ્દેદારો પણ સાથે હતા.

પૂજ્યશ્રીની વિશેષતા એ હતી કે એમણે અગાઉથી આગેવાન યુવકને, ભીખુભાઈને, ઝીણાભાઈને વગેરેને કહી રાખેલું કે શ્રી નરોત્તમભાઈ, સુરત શહેર કૉંગ્રેસ કમિટીના પ્રમુખ તરીકે ચૂંટાયેલા હોઈને પણ તેમને બહુમાન દેવું. આથી, પૂજ્ય શ્રીમોટાએ તેમને પણ પોતાની જોડે જ  હીંડોળાખાટે બેસાડ્યા હતા અને પોતાનાં દર્શને આવનાર ભાવિક બહેનોને અને ભાઈઓને-પોતાને ફૂલના હાર પહેરાવવા આવનારને નરોત્તમભાઈ પ્રતિ તેઓ વાળતા રહ્યા હતા. સૂતરના હાર પણ આવતા હતા. પૂજ્યે બધાંને કહેલું કે કૃપા કરી પૈસા ખર્ચીને ફૂલના હાર ના આણશો. હાર આણવા જ હોય તો સૂતરના  હાર આણજો. જેથી, તેની ખાદી પણ વણાવી શકાય. લવાછા ગામમાં અંદાજે સવા સાત કલાક રોકાયા.

ત્યાંથી પતતાં શ્રી ઝીણાભાઈના વિભાગના લવાછા ગામે પૂજ્યનું સરઘસ કાઢીને તેમને રેંકડીમાં બેસાડીને ભજનિકો ભજન ગાતાં ગાતાં અને મંજીરા વગાડતાં વગાડતાં ‘વરઘોડા’ના સ્વરૂપમાં લઈ જવામાં આવ્યા. અમે સૌ ચાલતા હતા. નરોત્તમભાઈ રેંકડીમાં પૂજ્યની સાથે ના જ બેઠા. તેઓ વિવેકી હતા અને છે. ગામ તદ્દન પછાત. બહેનો પણ ઘણી પછાત. કોઈ મામૂલી નેતા પણ ભાગ્યે જ આવા ગામમાં આવે અને ભાષણ કરે. લવાછાના મોટા વિભાગમાં શ્રી ઝીણાભાઈ પ્રત્યેના ભાવને કારણે શ્રી ભીખુભાઈ અને પૂજ્યે પ્રવાસ કરીને રૂ.પાંચ હજાર ખર્ચીને (જેમાં સરકારની ગ્રાંટ પણ અર્ધ ઉપરાંત ભાગની છે) એક સારું મોટું શાળાનું મકાન હમણાં જ લોકલ બોર્ડની મદદ લઈને બંધાવેલું છે, જેમાં ૧૧૦ બાળકો હાલ ભણે છે. પહેલાં આ ગામનાં બાળકોને એક માઈલ ચાલીને જવું પડતું. ચોમાસામાં તો કાદવ થઈ જતાં બાળકોને

માટે જવું જ અશક્ય બનતું, પરંતુ હવે આ શાળાનું મકાન થતાં અને શાળા ખૂલતાં ૧૧૦ જેટલાં બાળકો ભણવા આવે છે, જે બાળકો પહેલાં તે સ્થળે શાળાના અભાવે મુદ્દલે ભણી જ શકતાં ન હતાં. આમ, પ્રત્યક્ષ નજરે ગરીબ ગામડાની પ્રજાની અક્ષર-જ્ઞાનની કેળવણીની ધગશ જોઈને આવી શાળાઓ હોવાથી અક્ષરજ્ઞાનનો પ્રચાર કરવામાં તે કેટલી બધી ઉપયોગી થઈ પડે છે તે અનુભવ્યું. ૨૫'x ૨૦' નો એક જ મોટો હૉલ બાંધેલો છે. અલબત્ત, રવેશી છ ફૂટની છે ખરી. આગળ આ એક જ ઓરડામાં ૧૧૦ બાળકોને ભણવાનું અને તેથી સંકડાશ જણાતાં બીજો તેવો ઓરડો બંધાવવાની તજવીજ ચાલે છે. તે માટે પૂજ્યે રૂ.૧૬૦૦/- ઉઘરાવીને લોકલ બોર્ડને આપી પણ દીધા છે. જેથી, હવે સરકાર એટલે કે લોકલ બોર્ડ વડે બીજા ડબલ કે તેટલા જ નાણાં ઉમેરીને બીજો ઓરડો લગોલગ બનાવી આપવામાં આવે તો તેઓની નિરક્ષરતા જરૂર ટળે ખરી.

અહીં આ શાળાના આગળના નાનકડા ચોગાનમાં પ્રમાણમાં મોટો મંડપ હાથોહાથ બંધાઈ ગયો હતો. લીમડાનાં પાનથી અને થોડાંક ફૂલોથી પૂજ્યને બેસવાની બેઠકને શણગારી હતી. સફેદ દૂધ જેવી ધોયેલી સ્વચ્છ ચાદરો બિછાવી દેવામાં આવી હતી. સાઠ સિત્તેર બહેનો, સો એક બાળકો અને પચાસ પુરુષ ભાઈઓ સત્કારવાને હાજર હતાં. 'હરિઃૐ'ના જયનાદો વચ્ચે પૂજ્યને સત્કારવામાં આવ્યા. વિશિષ્ટ આસને બેસાડ્યા અને પછી એક પછી એક બહેન આવીને પ્રણામ કરતી ગઈ અને આનો, બે આના, ચાર આના, રૂપિયો, સવા રૂપિયો એમ ચરણે ધરાવતી ગઈ. આમ, પરચૂરણ પરચૂરણ આપણે મન નાની રકમોથી-

પણ આપનારને મન તો કીમતી ધન અને મૂડી મુકાતી આવી અને તે બધું મળીને રૂ.૧૬ થી ૧૭ અંદાજે કુલ થયા, જે મારે મન તો શહેરના રૂ.૧૭૦૦/- કરતાં પણ અનેકગણા કીમતી ભાવવાહી હતા. અહીં આ વિભાગે પણ વિભાગના પાદરે બીજા ભજનિકો સ્વાગત માટે વિભાગના આગેવાનો સાથે આવ્યા હતા. આખા ગામનો સત્કારમાં સાથ હતો. ગામની અત્યંત ગરીબાઈ જોતાં આ ભાવભીનું જે સ્વાગત અનુભવ્યું તે મોટા શહેરના હાથીની અંબાડીવાળા અને બેઠક સાથેના 'ભવ્ય' સ્વાગત કરતાં પણ અનેકગણી રીતે ચઢિયાતું અને સવિશેષતાવાળું સ્વાગત હતું. હિંદની પ્રજાના હાડમાં આધ્યાત્મિકતા કેવીક ધબકે છે ! આર્થિક દૃષ્ટિએ અને સંસ્કારની દૃષ્ટિએ પણ નીચલામાં નીચલી કક્ષાના થરના લોકોમાં પણ પ્રભુ પ્રતિના પ્રેમની કેવી ઝલક છે ! અને ખાસ કરીને બહેનોમાં કેવી બધી ભાવભીની શ્રદ્ધા ભરી પડી છે ! તે જોતાં મારી તો આંખો અનેકવાર સજળ બની જતી હતી.

આટલા બધા ગરીબ ગામડામાં પ્રથમવાર જ મારે તો આવવાનું થયું અને આ રીતના સ્વાગતમાં ભાગ લેવાનું બન્યું. મારે માટે આ એક પુનિત ભાવપ્રસંગ બની રહ્યો હતો અને એ આખુંયે સવાર હૃદયને કૂંણા ભાવવાળું રસાર્દ્ર બનાવનારું બની રહેલું.

અહીં તો બધીએ બહેનોએ વારાફરતી પૂજ્યનું વ્યક્તિગત સ્વાગત વ્યાસપીઠ ઉપર આવીને કર્યું. કેટલીક બહેનોએ તો ઘીનું કોડિયું-દીવા સાથે કંકુ-અક્ષત આદિ લઈને તે સાથે પૂજ્યનું પૂજન પણ કર્યું. આ બધા સમય દરમિયાન ભજનો ચાલુ હતાં. મંજીરાના નાદ-તાલબદ્ધ સમૂહમાં ચાલુ હતાં. સંસ્કૃત શહેરના સંસ્કૃત સંગીતના સૂરો જેટલો જ આ બરછટ ભજનો મને તો આનંદ

આપતાં હતાં. કદાચ આ પ્રથમવાર જ આવું અનુભવવાનું મને સાંપડ્યું. તેથી પણ મને એમ લાગ્યું હોય તેમ પણ બને. ગમે તેમ, આ ભલી ગ્રામીણ શોષાયેલ પ્રજાનાં ભાઈબહેનોના ભાવભર્યા સ્વાગતે મારા દિલમાં ઊંડી છાપ પાડી. અહીં પણ પૂજ્યે પેલાં કેળાંનો પ્રસાદ વહેંચાવડાવ્યો. આ બધો કાર્યક્રમ દસ વાગતાં પૂરો થયો અને ૧૦-૩૦ વાગ્યે તો ઝીણાભાઈના મોટા ભાઈને ત્યાં અમોને જમવાનું પણ પીરસવામાં આવેલું. અગાઉથી પૂજ્યે વરદી આપી હતી કે રોટલા, ભાત અને દાળ જ માત્ર કરવાનાં, મિષ્ટાન્ન નહિ તેમ જ શાક પણ વેચાતું લાવીને કરવાનું નહિ. તદ્દન સાદી રસોઈ (આપણે મન સાદી, પણ પૂજ્યને માટે તો એ રસોઈ પણ વિશેષતાવાળી કદાચ ગણાતી હોય તો નવાઈ નહિ). તે પ્રમાણે જ રસોઈ બનાવેલી. વધારામાં શાક હતું- તેલ નીતરતું- (સુરતી તો આખરે ખરા જને.) દાળને ‘ડખું’ કહેવામાં આવે છે. ખૂબ જ સ્વાદિષ્ટ તે હતું. ભાત પણ ઊંચી જાતના ચોખાનો અને ઘી પણ ઉપર પીરસવામાં આવેલું. રોટલાને બદલે ભાખરી કરવામાં આવી હતી. જોકે તે લોકોનો મુખ્ય ખોરાક જુવાર અને બાજરી જ છે. ઘરને આગલા દિવસે આખુંયે લીંપીને રોનકભર્યું કરવામાં આવ્યું હતું. ખૂબ શાંતિમાં, શાંતિથી આનંદથી અમો પંદરેક જણ જમ્યા. શાળાના શિક્ષકભાઈ પણ જમવામાં સાથે હતા. પૂજ્યે શાળાનાં બાળકોને વહેંચવાને મગફળી શિંગ પ્રસાદરૂપે બંને વિભાગના મળીને ૧૬૦ વિદ્યાર્થીઓને વહેંચવાનો પ્રબંધ પોતાના પૈસાથી કરાવેલો જ. જે શાળાના ખૂલતા દિવસે તેમ કરાશે. તેમનાં ચરણે જે રકમ ભાઈબહેનોએ બંને સ્થળે મૂકી તે રકમ શાળાના શિક્ષકને શાળાપયોગી સાધનો વસાવવાને આપી દીધી અને બીજાં પણ

થોડાંક વધુ સાધનોની આવશ્યકતા હોય તો તે ખરીદીને આંકડો મોકલી આપવા જણાવ્યું.

જમ્યા બાદ પૂજ્યે આરામ લીધો - થોડોક સમય - અને દોઢેક વાગતાં પાછા ફર્યા. પાછા ફરતી વેળા પ્રથમના વિભાગેથી-યુવાન આગેવાનનાં કુટુંબીઓએ પૂજ્યની રેંકડીને ( બે બળદની રેંકડીને) ફૂલોની કમાનોથી શણગારી. વાંસની પટ્ટીઓથી આખી રેંકડીને મથાળે છત્તર જેવું કરીને તેના ઉપર હજારીગોટાનાં ફૂલોથી શણગારીને તે ઉપર રંગીન ચિત્રામણવાળું મોટું ટેબલ ક્લોથ ઓઢાડી દીધું. જેથી, માથા ઉપર પૂજ્યશ્રીને તાપ ના આવે અને અંદર ફૂલોની સુવાસ રહે. અને જે રીતે આવતી વેળા સ્વાગત થયું હતું તે જ રીતે વિદાયમાન, ભજન, મંજીરાના નાદ સાથે આપવામાં આવ્યું અને ગામના પાદર સુધી સૌ ભજનિકો વળાવવા આવ્યા હતા. મોટા શહેરના રોનક અને શાનદાર ભવ્ય સમારંભો-સરઘસો અને સ્વાગતોના ઠાઠમાઠ કરતાં આ સાદું અને ભાવવાહી સ્વાગત રજમાત્ર ઊતરતું મને ના લાગ્યું. તેટલો જ ભાવ - મીઠાશ અને ભવ્યતા આ સાદાઈમાં ભારોભાર ભર્યાં હતાં. ગુણશક્તિ એક જ હતી. પ્રકાર અને વ્યક્તતામાં માત્ર ફેર - બસ એટલું જ. આવા ઉત્સવો આવાં ગામડાંની પ્રજાઓ માટે ભારે ઉત્તેજનાપ્રેરક અને ઉલ્લાસ-આનંદપ્રેરક બની રહી શકે છે. શહેરીઓને આવા પ્રસંગોથી ગ્રામીણ પ્રજાઓના સંપર્કમાં આવવાનું સદ્ભાગ્ય સાંપડે છે. શહેરો અને ગામડાના વાતાવરણમાં હિમાલય અને તળેટી જેટલું અંતર જે આવી વસ્યું છે, તે આ રીતે કંઈક ઓછું પણ થાય તો થાય.

***

# ૩૧. ટેન કમાન્ડમેન્ટ્સ

તા. ૧૪-૧-૧૯૬૦ના પત્રમાં પૂજ્ય શ્રીમોટાએ શ્રી બાબુભાઈ તમાકુવાળાને લખ્યું કે 'જત, સુરતમાં' 'Ten Commandments ' **સિનેમા આવ્યો છે તે જોવા જેવો છે.** સંત મોઝીસ, જેઓ ઈસુ ભગવાનની પહેલાં અવતરેલા. તેમના જીવનની બધી હકીકત છે. જોવા જેવો છે. લલિતાને જરૂર લઈ જજો. નહિ લઈ જાઓ તો પછી આપનું આવી બન્યું સમજજો.' પૂજ્ય શ્રીમોટાએ શ્રી ઝીણાભાઈને પણ આ સિનેમા જોવા તેમની સાથે મોકલ્યા.

સંત મોઝીસ, ઈઝરાયલી પ્રજાના અવતારી પુરુષ હતા. તે કાળમાં ઈઝરાયલના લોકો ઈજિપ્તના રાજાના ગુલામ હતા. આ ગુલામોની વસ્તી વધવા માંડતાં ઈજિપ્તના રાજા રામસેસને થયું કે આ ગુલામો તેના દુશ્મન સાથે મળી જઈ પોતાને ઉથલાવી પાડશે. તેથી, તેણે ગુલામોનાં નવાં જન્મતાં બાળકોને મોતને ઘાટ ઉતારવાનું ફરમાન કર્યું. મોઝીસ ત્રણ મહિનાના થયા ત્યારે તેની માતાએ રાજાથી બચાવવા એક કરંડિયામાં મૂકી નદીમાં છોડી દીધા. આ કરંડિયો ઈજિપ્તની રાજકુંવરીને હાથ લાગ્યો. આમ, મોઝીસ, રાજમહેલમાં ઊછરીને મોટા થયા.

યુવાન મોઝીસે, ઈઝરાયલી ગુલામો ઉપર થતો જુલમ નજર સામે જોયો. તેથી, તેણે જુલમ કરનાર એક ઈજિપ્તવાસીને મારીને દાટી દીધો અને પોતે ત્યાંથી નાસી છૂટ્યા. એક વખત ઘેટાંબકરાં ચારતાં ચારતાં તે સિનાઈ પર્વત નજીક આવી પહોંચ્યા. ત્યાં એને સળગતાં ઝાંખરાંમાં પ્રભુનાં દર્શન થયાં. પ્રભુએ તેને ઈજિપ્તમાં ઈઝરાયલીઓને છોડાવવાનો આદેશ આપ્યો. સંત મોઝીસ દ્વારા

ઈજિપ્ત ઉપર એક પછી એક દસ આફતો આવે છે તેમ છતાં રાજા ગુલામોને છોડતો નથી ત્યારે ઈજિપ્તના પ્રત્યેક પરિવારના પહેલા સંતાનનો પ્રભુ નાશ કરે છે. તેને પરિણામે રાજા ઈઝરાયલીઓને મુક્ત કરે છે.

સંત મોઝીસ, ઈઝરાયલી પ્રજાને લઈને રાતા સમુદ્ર તરફ જાય છે. તેની પાછળ પાછળ ઈજિપ્તના રાજાનું લશ્કર પણ આવે છે. સંત મોઝીસની દિવ્ય શક્તિને લીધે સમુદ્ર બે ભાગમાં વહેંચાઈ જઈને રસ્તો કરી આપે છે. એ લોકો પેલે પાર નીકળી જાય છે. પછી દરિયાની અધવચ્ચે પહોંચેલા ઈજિપ્તના લશ્કરને સંત મોઝીસ પોતાની દિવ્ય શક્તિથી ડુબાડી દે છે. ઈઝરાયલની દક્ષિણે આવેલા સિનાઈ પર્વત ઉપર પ્રભુ મોઝીસ દ્વારા ઈઝરાયલીઓને દસ આજ્ઞાઓ આપે છે.

એ પછી ચાળીસ વર્ષની અરણ્યમાંની રઝળપાટ દરમિયાન મોઝીસ, ઈઝરાયલીઓને ચમત્કારિક રીતે જળ અને અન્ન પૂરાં પાડે છે. પ્રભુ, જે ભૂમિ ઈઝરાયલીઓને આપવાના હતા તેની મોઝીસને દૂરથી ઝાંખી કરાવે છે, પરંતુ તે ભૂમિમાં પ્રવેશતાં પહેલાં જ મોઝીસ મૃત્યુ પામે છે.

પૂજ્ય શ્રીમોટાનો આ સિનેમા બતાવવાનો હેતુ એક સમર્થ સંતમાં કેટલી શક્તિ રહેલી છે અને એક મુક્ત પુરુષ પોતાનાં નિમિત્તો માટે કેવા કેવા ચમત્કારો કરી શકે છે તે બતાવવાનો હતો. જ્યારે જ્યારે પૃથ્વી ઉપર અધર્મ વધી જાય ત્યારે ત્યારે તે કાળની જરૂરિયાત પ્રમાણે આવા સંતો જન્મ લેતા હોય છે.

***

# ૩૨. પ્રસંગો - શ્રીમુખેથી

## (૧) પૂજ્ય  શ્રીમોટાના પ્રસંગો

જેમ આપણી આ પૃથ્વી છે. એવા બીજા કોઈ ગ્રહ છે. તેમાં વસ્તી છે. જેમ આ પૃથ્વી ઉપર વસ્તી બધી વસેલી છે તેવી. તેમાં એટલા બધા લોકો સુખી, બહુ સુખી, પણ ભગવાન તરફ બિલકુલ એમનું મોં નહિ. ખાધેપીધે એટલા બધા સુખી માણસો. શ્રીમોટાએ આ વાત વડોદરાવાળા જયરામભાઈને કહેલી હતી. એમણે અમને વાત કરેલી.

**શ્રદ્ધા**

'મોટા એટલે જ ભગવાન' એમાં મીનમેખ ફરક નહિ. એવું થઈ ગયેલું. જ્યારે દર્શન કર્યાંને ત્યાં રેલવે સ્ટેશન ઉપર ત્યારે એટલો બધો વિશ્વાસ બેસી ગયેલો કે 'મોટા એટલે જ ભગવાન'.

**અભય કેળવવાનો**

તે વખતે રસોડામાં રાત્રે સાપ આવે. તે વખતે પેલી વાંસની કામણીની દીવાલ એટલે એમાં ઉંદરડાં, ખિસકોલાં બધાં રાતે ભરાઈ જાય. ત્યાં પેલો સાપ આવીને બેસે. ખાવા માટે કાંઈ હશે. સાપ, ઉંદર બહુ ખાય. રાતના લગભગ બારથી એકના ગાળામાં ઉંદર અને ખિસકોલાં બધાં નાસભાગ કરે એટલે હું જાગી જઉં. પછી લાઈટ સળગાવું. એટલે લાઈટ પણ મોટાએ મુકાવેલી. સ્વિચ અહીં પાસે જ હોય કે જેથી સૂતાં સૂતાં લાઈટ સળગે, એ મોટાએ પહેલેથી મુકાવેલી. લાઈટ સળગાવીને જોઈએ તો સાપ અંદર ગૂંચળુંવાળીને બેઠેલો. અત્યારે રસોડામાં બોર્ડ છેને, ત્યાં જ બોર્ડની ઉપર આવીને બેસી રહે.

પછી અમે તો અહીંથી ઊઠીને બારણાં ખોલીને ભીખુકાકા સૂતા હોય તેમને ઊઠાડીએ. એ કહે તું અહીં ચાલ્યો આવ. ત્યાં નહિ સૂવાનું. પછી વાંસ લઈને વાંસને ગોદે ગોદે બધા છોકરાઓ પણ તે વખતે એને બહાર કાઢવા માટે કોશિશ કરે. મારવા નહિ પણ બહાર કાઢવાને માટે. સાપ તો પછી ફૂંફાડા મારે. અમારી સામે થાય. ફૂં... ફૂં... હું એમ કહું રહેવા દોને કંઈ કરવું નથી આપણે. પછી ત્યાં વરંડામાં જઈને સૂઈ જઈએ. એ દર વર્ષે આવતો. એ તો આવે જ. પાંચ છ વર્ષ આવ્યો હશે. મેં મોટાને વાત કરી. મોટાને એ પણ વાત કરી કે સાપ આવે ત્યારે ત્યાં વરંડામાં સૂવા માટે હું જતો રહેતો. તો મોટા કહે, ‘ વરંડામાં નહિ જવાનું. અહીંયાં જ સૂવાનું. અભય કેળવવાનો છેને ? દૂર ભાગે તે કેમ ચાલે ? સાપ આવે તોપણ અહીંયાં જ સૂઈ રહેવાનું’. સાપ એટલે ભય લાગે જ. મોટા કહે, ‘હું ભગવાનને કહી દેવા કે હવે સાપ નહિ આવે .’ તે દિવસનો સાપ આવતો બંધ થઈ ગયો. હજી આજેય પણ રસોડામાં સાપ આવતો નથી. રસોડામાં ત્યારથી સાપ આવતો બંધ થઈ ગયો.

## અંતર્યામી પૂજ્ય શ્રીમોટા-૧

ગાંડાભાઈ અને અમે અનાજ ઉઘરાવવા ગામડે જતા. તેમની પાસે જમીન બહુ ઓછી. કુદિયાણા ગામ છે ત્યાં જમીન હતી. ત્યાં થઈને જ લવાછા જવું પડે. એ ગામ રસ્તામાં જ આવે. લવાછા જતાં એમણે વાત જાણી કે ત્યાં પાંચ વીઘા જમીન વેચવાની છે, પણ મારી પાસે પૈસા નથી. મને એમ થયું કે એને એટલી જમીન મળે તો સારું. ગરીબ માણસને ચારપાંચ વીઘા મળે તો સારું. મનમાં એમ થયું કે જો આપણે મોટાને કહીએ,

પ્રાર્થના કરીએ તો ઠીક રહેશે. પછી મનમાં થયું કે મોટાને આપણે એમાં વચ્ચે નહિ પાડવા જોઈએ. ભગવાનને કહીએ કે એને પૈસા મળી જાય. અને એને નામે થઈ જાય તો બહુ સારું. થોડા દિવસ થયા અને મોટાએ મને બોલાવ્યો કે પેલા ગાંડાભાઈ કંઈ જમીન-જમીનની વાત કરે છે તો આપણે પૈસા આપીએ એને. પાંચ હજાર રૂપિયા એમ કે લઈ જાઓ તમે. આપણે વ્યાજ નહિ લેવાનું અને મુદ્દલ પૈસા આપણને આપે હપતે હપતે ચારપાંચ વર્ષે. મેં ગાંડાભાઈને વાત કરી.

થોડા થોડા પૈસા ભરે. ગરીબ માણસ એટલે પૈસા એની પાસે બહુ બચે નહિ. પછી ઘણો સમય થઈ ગયો. અડધા ઉપર ભરી દીધા, અડધા બાકી હતા ત્યારે મોટા મને કહે, 'ગાંડાભાઈને કહેજે પૈસા ભરી દે.' આ તો તેં કહેલું એટલે મેં પૈસા આપ્યા (હાસ્ય) ત્યારે મને ખબર પડી.

આપણે તો મોટાને વાત કરેલી નથી. 'આ તો તેં કહ્યું એટલે મેં પૈસા આપેલા'. જે પેલા મનમાં વિચારો આવેલા તે મોટા સાંભળી ગયા.

## અંતર્યામી પૂજ્ય શ્રીમોટા-૨

મોટાએ ભીખુકાકાને વાત કરી કે 'આપણે આ આશ્રમની દીવાલ કરી લઈએ'. પછી કહે, 'અમે મરી જઈશું તો ઝીણાકાકાને કોઈ ગાંઠશે નહિ.' દીવાલ બનાવવાનું નક્કી થઈ ગયું. થોડા દિવસ પછી મોટાએ પાછો વિચાર ફેરવ્યો. મોટા કહે, 'આપણે દીવાલ નથી બનાવવી, પણ પેલા સિમેંટના થાંભલાવાળી કાંટાળા તાર મારીને ચારેબાજુ તે બનાવી દઈએ'.

ત્યારે મને મનમાં એમ થયું કે મોટાએ પહેલાં આ દીવાલ કરવાનું કહ્યું અને પછી વાડ બનાવવાનું કહ્યું તે બરોબર નહિ.

તારમાંથી તો લોકો તાર ઊંચકીને પણ આવી શકે. વહેલી સવારે મોટાએ મને બોલાવ્યો પાંચ કે સાડા પાંચ વાગ્યે. મોટા મને કહે કે હવે કાંટાની વાડ નથી બનાવવી. આપણે દીવાલ જ બનાવી દેવી છે.' કારણ કે મોટા, મારો વિચાર જાણી ગયા કે કાંટાની વાડવાળું છે એટલે આ એને (ઝીણાકાકાને) પસંદ નથી.' ચાલો આપણે ભીખુકાકાને કહી દઈએ કે ભાઈ, દીવાલ ચણવાનું કામ શરૂ કરી દો.

એટલે પછી મોટાએ મને સવારમાં વહેલા પાંચ સાડા પાંચ વાગ્યે એમને ઓરડે બોલાવ્યો હતો અને કહ્યું હતું કે 'હવે, આપણે દીવાલ જ બનાવીએ એ સારું પડશે'.

## રસોઈનું શિક્ષણ

અમને બધું મોટાએ જ શિખવાડેલું. અને એક દિવસ તો અમે રોટલા કરતા હતા. મોટા, ચૂલામાં લાકડાં મૂકે. એ કહે, 'આપણે બે જણા રોટલા કરીએ '. ભીખુકાકાને એ બધાનું ખાડીમાં કામ ચાલતું હતું. એટલે ભીખુકાકાને બધા માણસો ત્યાં અને અમે મોટા સાથે. અહીં મોટા, ચૂલામાં લાકડાંને એ બધું કરે. સળગાવે અને નાખે અને રોટલા કરીએ. અમે રોટલા ઘડીને પણ કરતા અને ટીપીને પણ કરતા. બેઉ રીતે અમને આવડતા. આજે પણ ઘડીને બનાવીએ.

મોટાને પહેલાં દહીં બનાવી આપતા. બહુ સરસ દહીં બને. મોટા કહે, 'વૈંકુઠમાં દેવ લોકો પણ મારી ઈર્ષા કરતા હશે કે આટલું સરસ દહીં આ ખાય છે કે ! દહીં બહુ સરસ બનતું. બીજાં બધાં મૌનમાં બેસતાં અને એ કહેતાં 'દહીં બહુ સારું' પણ હવે એવું દહીં નથી બનતું. પણ ખાવાનો ટેસ્ટ સુરતનો. તમારું કામ

નહિ. મોટા માટે બરાબર ચાખવું પડે. મોટા કહે કે ‘ભાઈ, પચાસવાર ચાખવું પડે તો પચાસવાર ચાખવું. પચાસવાર શબ્દ બહુ બોલે હોં.

પહેલાં જે દાળ બનતી, તે દાળ આજે નથી બનતી. પહેલાં અસલ જુઓ તો પાટીદાર આશ્રમની દાળ સારી ગણાતી. તેનાં કરતાં ચઢિયાતી દાળ અહીં બનતી.

## સૂક્ષ્મ અહમ્ કાઢ્યો

એક વખત મને એવું થયેલું હોં. ત્યારે તો કામ બહુ રહેતું અને રસોડામાં પણ રાતના દસ વાગ્યા સુધી કામ ચાલતું. મને મનમાં એમ થયું કે ‘ અમે સવારમાં આટલા વહેલા ઊઠીને ઘણું કામ કરીએ છીએ’. મોટાને તો ખબર પડી જાય. મોટા કહે, ‘ હું તારા કરતાં વધારે કામ કરતો. હું પાંચ વાગ્યે ઑફિસે પહોંચી જતો અને અગિયાર વાગ્યે આવતો.’

## સિંહની પકડ

મોટાએ મને એક દિવસ અહીં કહ્યું. રસોડામાં લુંગીનો કચ્છો મારી દીધો અને બહુ જોરથી બોલ્યા, ‘મને જે જે મળ્યાં છે એમાંથી કોઈ ધારો કે મને છોડીને જતો રહેશે તોપણ હું નહિ છોડું. પકડીને લઈ આવીશ.’

મોટા મને કહેતા હતા કે ‘આપણે આ જન્મે નથી ભેગા થયા. આપણે તો ઘણા જન્મથી ભેગા છીએ.

## પૂજ્ય શ્રીમોટાની સેવકની કદર

મગન પહેલાં નડિયાદ આશ્રમમાં કામ કરતો. પછી એની સાસરીમાં રહેવા ગયો. પછી તો આશ્રમમાં આવે કરે નહિ.

દિવાળીનો સમય હતો. એટલે મોટાએ ફટાકડા મંગાવ્યા અને ઈંદુકાકા શૅરદલાલને કહ્યું, ‘ ચાલ, મોટર સાઈકલ ઉપર આપણે જવું છે.’ એટલે થેલીમાં ફટાકડા લીધા. મગન, નડિયાદથી દસબાર કે પંદર કિ.મિ. દૂર રહે. ત્યાં ફટાકડા આપવા ગયા. પહેલાં તો ગામના પાદરે પહોંચ્યા અને ત્યાં ઊભા રહ્યા અને ફટાકડા હતા તેના બે ભાગ કર્યા. મગનને બે છોકરા એટલે લડી ના મરે કે મારે ઓછું અને તારે વધારે. પછી ત્યાં મગનને ઘેર જઈને ફટાકડા બંને છોકરાને જુદા જુદા આપી દીધા. મોટા કહે કે ‘મગને આપણું કેટલું બધું કામ કરેલું છે. એટલે એને મદદ કરવી જોઈએ.’

## ભક્તની સંભાળ

આ પેલા સુખાભાઈ જે પરદેશ હતા. ત્યાંયે તેમને મોટાની મદદ મળતી હતી. મોટાએ કહેલું કે ‘ ત્યાં તારી આટલી બધી સંભાળ રાખતાં જે પંજાબી ડૉક્ટર બહેન હતાં, તે કોણ હતું ?’ સુખાભાઈને હૉસ્પિટલમાં દાખલ કરેલા ત્યારે તે એના માટે જમવાનું લઈ જાય. વળી, રોટલી, દાળ, ભાત, શાક અને દવા પણ લઈ જાય. એક મહિના સુધી એ પંજાબી કુટુંબે એની દવા કરેલી. મોટા કહે, ‘એ કોણ કરતું હતું (મદદ)?’ મોટાએ આ વાત જમતાં જમતાં અમને રસોડામાં કરેલી.

## વહાલ અને ગલેલી ખવડાવી

એકવાર વરંડામાં બધાં બેઠેલાં જ હતાં. વેડ-ડભોલી ગામના લોકો આવે. તે બેઠેલા હતા. તેઓ મોટાને ગલેલીમાંથી બધું પાણી કાઢી આપતા હતા. હું ત્યાંથી પસાર થયો. તે દિવસે મોટાએ મને કહ્યું કે ‘તું અહીં બેસ’. પણ બેસવાનો સંકોચ થાય. મોટાની સાથે

બેસાય નહિને ! અત્યારે જે પાટ છેને ત્યાં થોડી વાર બેઠા. પછી અમે ઊઠી ગયા.

## ગલેલી ખાધી

એકવાર મોટા, વરંડામાં ખાટ ઉપર બેઠેલા અને બીજાં બધાં નીચે બેઠેલાં. આપણને એમ કે મોટાની જોડે આપણાથી બેસાય ? પણ મોટાએ હાથ પકડીને બેસાડી દીધા. અમે તો થોડી વાર બેસીને પછી ઊઠી ગયા. મોટાએ કહ્યું કે 'આપણે કંઈ ધ્યાન બ્યાનમાં પડવું નહિ. ઘણા લોકો આવું બધું કરે. ભગવાનનું નામ બસ સતત લીધા કરવું. નામસ્મરણ સતત થઈ જાય તો બધું આગળ ચાલે.'

**પ્રશ્ન :** એ તમને એકલા હોય ત્યારે કહેલું કે ઘણા બધા માણસો હોય ત્યારે કહેતા ?

**ઝીણાકાકા :** એકલા હોય ત્યારે જ લગભગ એવું ખરું. પછી તો અમારો મોટા સાથે બેસવાનો કોઈ પ્રસંગ પડ્યો નહિ. અમે કામમાં જ હોઈએ.

**પ્રશ્ન :** એ તમને કહ્યા પછી તમે નામસ્મરણ કરવા માંડ્યા હતા કે એ પહેલાંય કરતા ?

**ઝીણાકાકા** : પહેલાં કરતો પણ એ સાલું થાય નહિ આપણાથી ! સરળતાથી.

**પ્રશ્ન :** ઝીણાકાકા, મોટાએ કહ્યા પછી બરાબર થતું હતું ?

**ઝીણાકાકા :** પહેલાં શરૂઆતમાં બહુ થતું હોં. નામસ્મરણ એ...ઈ મોટે મોટેથી. અંદરથી એ થાય તો ભાવ જાગે એ ખબર પડે. ભાવ જાગે એનું લક્ષણ હોય. એ તો આપણને ખબર પડે કે

અંદરથી ભાવ જાગે છે. એવું બધું ત્યારે થતું હતું, પણ અત્યારે કંઈ નહિ. મોટાને પહેલાં અજપાજપ થઈ ગયેલો. સાક્ષાત્કાર તો પછી થયો. એમને પેલો સાપ ૧૯૨૮માં કરડેલો. બસ ત્યારે અજપાજપ થઈ ગયો. અજપાજપ એકવાર થઈ જાય પછી એ સતત ચાલુ રહે. પછી તમારે એમાં મથવું નહિ પડે. પછી એનું બધું ભગવાન સંભાળે. આપણી ગાડી આગળ ને આગળ ચાલે પછી. પણ ત્યાં સુધી મથવું પડે. બહુ મથવું પડે.

**વ્યાકુળતા**

મને તો મોટાની પેલી વાત યાદ આવે કે છોકરો રડતો રડતો જતો હતો. તેની મા ખોવાઈ ગયેલી. એટલે રિસાઈને ઘરમાંથી નીકળી ગયો હશે. ત્યારે જહાંગીરપુરા ગામમાંથી આ બાજુ આવવાનો રસ્તો હતો. હવે બધું બદલાઈ ગયું. અહીં અમારે નાનો દરવાજો હતો. પેલી બાજુથી રડતો રડતો આવ્યો. ઓ મા, ઓ મા, મારી મા ક્યાં ગઈ ? ઓ મા. હૈયાફાટ રડે પાછો હોં. એ તો આ ઝાંપલી ઉઘાડીને જાય નદી તરફ. મોટાએ મને બોલાવ્યો અને કહ્યું કે ' જો પેલો કેટલો બધો રડે છે. હૈયાફાટ. મા માટે એને કેટલી બધી તાલાવેલી છે. ભગવાન માટે એવું થવું જોઈએ.' 'મોટા મને કહે, મને એમ કે કેમ બોલાવતા હશે. જો આ છોકરાને કેટલું બધું દુઃખ થાય છે. એની મા ખોવાઈ ગઈ છે. એટલે કેટલું બધું હૈયાફાટ રડે છે અને કેટલું બધું રુદન કરે છે. એ જુવે છેને તું ? માટે, ભગવાન માટે આપણને આવું થવું જોઈએ તો ભગવાન આપણને જરૂર મળે. આપણને જેમ કાંઈ પરિણામ મેળવવાનું હોય તો મહેનત વધારે કરવી પડે.

**ઝીણાકાકા :** હા, એવી તાલાવેલી જાગવી જોઈએ. તે આપણામાં નથી જાગતી.

## અમૂલ્ય પત્રો

**મોટા એક દિવસ એમ કહેતા હતા કે ‘ આ જે મારા પત્રો છે, જેને જેને મેં લખેલા છે. એક જમાનો એવો આવશે કે એની કિંમત અંકાશે. જેની પાસે કાગળ હશે તે કાગળની કિંમત અંકાશે.**

## (૨) પૂજ્ય શ્રી ભીખુકાકાના પ્રસંગો

મોટા કહેતા કે ભીખુકાકા તમે ધરાસણામાં ગયા અને આટલી બધી લાઠીઓથી તમારાં માથાં ફોડાવતાં હતાં, પણ તમારાથી આ થતું નથી- ખાવાનું છૂટતું નથી.

**‘જીવન સોપાન’** પુસ્તક જ્યારે બહાર પડ્યું ત્યારે ભીખુકાકા, અમદાવાદમાં ગાંધી આશ્રમમાં મૌનમાં બેઠેલા. એ પુસ્તક ભીખુકાકાને મૌનમાં અંદર વાંચવા આપ્યું હશે. તેમને એટલો બધો રસ પડ્યો કે એ પુસ્તક તેઓ એકીસાથે વાંચી ગયા.

મોટાએ એમને પૂછ્યું, ‘તમને એ પુસ્તકમાં શું રસ પડ્યો ?’ ભીખુકાકાએ જવાબ આપ્યો કે મોટા, તમે બધાં પુસ્તક તો ઘણાંય લખ્યાં છે, પરંતુ આમાં તમે તમારો ‘ભાવ’ અંદર રેડ્યો છે.

ભીખુકાકાનાં વહુ હતાં-વિદ્યાકાકી. એ આ રૂમમાં જ અહીં ગુજરી ગયેલાં. તે બહુ બીમાર થઈ ગયેલાં. ચાઠાં પડી ગયેલાં, પાકી ગયેલું. ભીખુકાકા, વિદ્યાકાકીનું મોત લેવા ગયા હતા. ભીખુકાકાએ કહ્યું કે ‘ હું, મોટા પાસે મોત લેવા જઉં છું.’

પછી ભીખુકાકા, નડિયાદ ગયા અને મોટાને વિદ્યાકાકી વિશે વાત કરી. મોટાને કહ્યું, ‘ મોટા, વિદ્યા બહુ હેરાન થાય છે. માટે

વિદ્યાને તમે મોત આપો.' મોટાએ કહ્યું, 'તું જાણે છે ? મારી પાસે મોત છે ?' ભીખુકાકા કહે, ' હા, મોટા, મોત પણ તમારી પાસે છે અને જન્મ પણ છે. તમે જન્મ પણ આપી શકો અને મૃત્યુ પણ આપી શકો.' (હાસ્ય) મોટા કહે, ' તું જા, પહેલાં લાકડાં લાવી રાખજે.'

ભીખુકાકા તરત ગાડીમાં બેસી ગયા. અહીં આવીને તરત બીજે દિવસે સવારમાં રાંદેરથી લાકડાં લઈ આવ્યા. તે વખતે સ્મશાનમાં લાકડાં હતાં નહિ, એવી સગવડ કે વ્યવસ્થા પણ હતી નહિ. કોઈ મરી જાય ત્યારે ગામડેથી ગાડામાં લાકડાં લઈને આવવું પડતું. એટલે ભીખુકાકાએ લાકડાં રાંદેરથી લાવીને અહીં રાખી મૂક્યાં. જે લોકો વિદ્યાકાકીની ખબર લેવા આવતા તેઓ આ લાકડાં જોઈ જાય અને કહે, 'ભીખુકાકા તો મોતની રાહ જ જોયા કરે છે કે લાકડાં આગળથી લાવી રાખ્યાં. એમ બધાં કહે હોં. બીજે કે ત્રીજે દિવસે વિદ્યાકાકી ગુજરી ગયાં.

'વિદ્યાકાકી પાછળ કાંઈ સરાવવાનું કે વિધિ કરવાની નહિ. બારમું, તેરમું એવું કાંઈ કરવાનું નહિ. એ બધું હું કરી દેવા.' એવું મોટા બોલ્યા. પછી વિદ્યાકાકી પાછળ કાંઈ કશું કર્યું નહિ.

ભીખુકાકા એમ કહેતા કે મને આ જગતમાં કોઈની બીક નહિ લાગે. બીક લાગે માત્ર મોટાની અને વિદ્યાની-વિદ્યાકાકી એમનાં પત્ની હતાં.

અનિલભાઈ કેળાંવાળા કહેતા કે મોટાની બીક નહિ લાગે પણ ભીખુકાકાની બીક લાગે હોં. એવો એમનો ચહેરો જ હોય. કોઈ ભીખુકાકાને જુએ તો ઢીલા પડી જાય એમને જોઈને. અનિલભાઈ કેળાં આપવા આવતા તે મોટાને કહે, ' મોટા, હવે

હું, ભીખુકાકાનું કહેલું કરવાનો નથી'. મોટા કહે, ' કામ ભીખુકાકાનું  છે કે મારું છે ?'

અમદાવાદમાં - ભીખુકાકા તો તે વખતે ખરાને, એમાં ભાગ લેવા માટે (સત્યાગ્રહમાં) વકીલોની સભામાં મોરારજીભાઈ પ્રમુખપદે બેઠા હશે, અને ભીખુભાઈ ઊભા થઈને બોલવા ગયા ત્યારે મોરારજી દેસાઈએ એમ કહ્યું કે ' તમે વકીલ નથી. તમે બેસી જાવ'. ત્યારે ભીખુકાકાએ જવાબ આપ્યો કે 'હું વકીલનો મોટો ભાઈ છું.' (હાસ્ય)

મોરારજી દેસાઈએ આદર્શ સોસાયટીનું દૂધ લેવા માંડ્યું ત્યારે ભીખુકાકા નીચે પ્રમાણે બોલ્યા :-

'મોરારજીભાઈ પહેલાં ભીખુકાકાનું દૂધ લેતા હતા, પણ પેલા લોકો જઈને શું કરી આવ્યા કે તેમનું દૂધ લેવા માંડ્યું. ભીખુકાકાનો નોકર હતોને - ભૈયાજી- તે બધા અંદર અંદર વાત કરે કે પેલું આદર્શવાળાનું દૂધ મોરારજીભાઈએ લેવા માંડ્યું અને આપણું બંધ કર્યું. એટલે એમ કે ' આપણા શેઠનું ત્યાં સુધી પહોંચ્યું નહિ. તે વાતચીત ભીખુકાકા સાંભળી ગયા અને અંદર રાતાપીળા થવા માંડ્યા અને મોરારજીભાઈને મળ્યા અને કહ્યું, ' તમે અમારું જે દૂધ લેતા હતા તે બંધ કર્યું. એટલે હું, કાલથી અહીં બોર્ડ મારવાનો છું કે 'મોરારજી દેસાઈનું ગજરાબહેન (તેમનાં પત્ની) આગળ કંઈ ચાલતું નથી.' કાલે હું, બોર્ડ લગાવવાનો છું.' પછી મોરારજીભાઈએ માફી માગી અને તે પછી ભીખુકાકાનું દૂધ પાછા લેવા માંડ્યું.

ભીખુકાકા, આવીને તરત મને બધી વાત કરે. અને એ પણ ખરું હોંકે (હાસ્ય) - 'મારા કરતાં ભીખુકાકાને ઝીણાભાઈ ઉપર

બહુ પ્રેમ' - મોટા એમ કહેતા.

અમને જ્યારે મોટાએ દક્ષિણમાં મોકલ્યાને ત્યારે ભીખુકાકાને એટલો બધો ઉમંગ કે... મોટાએ વાત કરી કે તમારે આ વખતે દક્ષિણમાં જવાનું છે, તે સાંભળીને ભીખુકાકા તો ખુશ થઈ ગયા. બહુ ઉત્સાહ-આનંદમાં આવી ગયા. ભીખુકાકાને અંદરથી કાંઈ નહિ અને આમ ગુસ્સો આવી જાય તો બોલી જાય, પણ અંદર બધું સાફ.

૧૯૭૭ના ઑગસ્ટની ચોથી તારીખે બપોરે ભટ્ટની હૉસ્પિટલમાંથી આવ્યા ત્યારે બારડોલીના એક ભાઈ આવેલા હતા, જૂના ગાંધી વિચારના. તેને વલ્લભભાઈની તે બધી વાત કરતાં કરતાં ભીખુકાકા રડી પડ્યા. એટલું વલ્લભભાઈ માટે ભીખુકાકાને માન. પછી સાત સાડા સાત થયા અને આમ ઑફિસમાં બેઠેલા હતા. છોકરાઓ પણ હતા. પછી વાતો કરી, અધિક મહિનાની, ભીખુકાકા કહે, ' અમે તો ત્રણ અધિક જોયા અને તમે શું જોયું ? આમ હસતા જાય અને વાત કરતાં કરતાં, હસતાં હસતાં આમ થઈ ગયું (ડોકું) બસ. એટલી જ વાર. હા, આમ (ડોકું) થઈ ગયું. એટલે અમે તો પછી નીચે ઉતાર્યા. ખુરશીમાં બેઠા હતા તે. અને પછી ડૉક્ટરને બોલાવ્યા. પેલા બંગલાવાળા છેને - હીરાવાળા- એને ત્યાં જઈને ફોન કરીને ડૉક્ટરને બોલાવ્યા. ડૉક્ટર આવ્યા અને કહ્યું, 'ખલાસ થઈ ગયા' કંઈ નથી.

અમે તો ત્રણ અધિક જોયા, હસતાં હસતાં કહેતા હતા, અને તમે તો એક્કે અધિક જોયો નથી. એવી ગમ્મત કરતા હતા. ત્યાં તો (ડોકું) આમ, થઈ ગયું બસ ! કંઈ ભોગવવું ના પડ્યું. એવું સારામાં સારું મોત.

## (૩) પ્રકીર્ણ પ્રસંગો

### સુરત આશ્રમમાં ચોરી

૧૯૬૪માં આશ્રમમાં એક દિવસ ચોરી થયેલી. તે સિવાય થઈ જ નથી. મોટાએ અમને ઉત્તર હિંદુસ્તાનમાં મોકલેલા અને બીજે દિવસે જ ચોરી થઈ. ત્યારે તો બારણાં બધાં ઉઘાડાં મૂકીને સૂઈ જતાં અને આગળો-બાગળો મારતા નહિ. એટલે મોટાએ આ બતાવ્યું કે તમે એમ ને એમ સૂઈ જાઓ છો તે બરાબર નહિ. તે દિવસથી તાળું મારવાનું શરૂ થયું. તાળું પહેલાં મારતા નહિ.

**પ્રશ્ન :** ત્યારે મોટા, અહીં હાજર ન હતા ?

**ઝીણાકાકા :** ના, તે દિવસે મોટા અહીં ન હતા. નડિયાદમાં હતા. નંદુભાઈનો ઓરડો ખરોને, તેમાં ગુમાનસિંહ રાજની સાળી ઇંદિરાબહેન સૂતેલી હતી. તે મૌનમાં બેસવા આવેલી. અને બીજા બધા તેમ જ ભીખુકાકાને એ લોકો હશે. અમે તો બહાર ગયેલા. આશ્રમમાં તે વખતે બે ગોળ માટલાં હતાં. ચોર એક માટલું લઈ ગયેલો. નંદુભાઈની રૂમમાં એક પેટી હતી. ચોરને થયું કે રૂપિયા બુપિયા તેમાં હશે, પણ અંદર ઇન્ડિપેન હતી અને ચીજ-વસ્તુ બધી તે લઈ ગયેલા. મોટાને તો ખબર પડી જ જાયને ! રમણ મહર્ષિના આશ્રમમાં ચોરી થયેલી. રમણ મહર્ષિએ કહેલું કે 'લઈ જાઓ બધું'. ચોરી થાય છે તે મોટાને ખબર તો ખરી જ. તેમની જાણમાં હોય જ.

### શ્રીકૃષ્ણની નમ્રતા

કૃષ્ણ ભગવાન આવડો મોટો રાજા હતો. અને એ તો મહાન પુરુષ પણ છતાંય એનામાં અહંકાર હતો નહિ. (યજ્ઞ વખતે) એણે બધાંની પતરાળી ઊંચકી. કેટલી બધી એની નમ્રતા !

## મગરમચ્છ

મગરમચ્છ બતાવ, મગરમચ્છ બતાવ એમ જે બાળયોગી બોલ્યા એનો આજે હવે ખ્યાલ આપણને પેલી વાત ઉપરથી આવ્યો. સંજય (ચીમનભાઈનો છોકરો) હમણાં ત્યાં જઈ આવ્યો. ત્યાં જે પેલા ૯૧ વર્ષના મહારાજ છે, તે આ નથુરામની સાથે હતા. પછી નથુરામનો દેહ છૂટી ગયા પછી એને (એટલે કે ૯૧ વર્ષના મહારાજને ) મગરમચ્છ ગોમતી નદીમાં દેખાયો. આ કિનારાથી પેલા કિનારા સુધી જબરજસ્ત એવડો મોટો મગર આમ પાણીમાં આમ કરીને જુએ. પહેલાં તો પેલો ગભરાયો. પછી એ સમજી ગયો કે આ મગરમચ્છ નથી, પણ આ જે પેલા નથુરામ છે તે છે. થોડી વારમાં મગરમચ્છ અદૃશ્ય થઈ ગયો. એટલે મગરમચ્છનું રૂપ ધારણ કર્યું હતું. પેલા નથુરામ કે બાળયોગી મહારાજ એવું જાણતા એટલે મગરમચ્છ બતાવ્યો. એટલે મોટાને એમ કહ્યું હશે એવો અંદાજ થાય.

## સહજાનંદ સ્વામી

નડિયાદ પાસે ઉત્કંઠેશ્વર મહાદેવનું મંદિર છે. કપડવંજની આગળ પંદરવીસ કિ. મિ. અમે પણ ગયેલા. ત્યાં આગળ નડિયાદથી વિનોદભાઈ, સુરતથી પપુભાઈ અને હસમુખભાઈ (રાઠોડભાઈ)ને બધા.

ત્યાં મોટા ગયેલા. એકવાર ભીખુભાઈ પણ સાથે ગયેલા. ભીખુભાઈ, મોટા, મુખી ચંદુભાઈ (હમણાં ગુજરી ગયા અમદાવાદવાળા તે) અને હેમંતદાદા હતા કે નહિ એ મને ખાસ ખ્યાલ નથી, પણ ભીખુકાકા, મુખી, બીજા એકબે જણ અને મોટા એક રાત ત્યાં રહેલા ત્યારે ચંદુભાઈ મુખીને મોટાએ એમ કહ્યું કે

'જાણવું હોય તો જાગતા રહેજો.' પણ બધા ઊંઘી ગયા અને રાત્રે સહજાનંદ સ્વામી મોટાને મળ્યા. પ્રત્યક્ષ શરીરધારી, સ્વામી-નારાયણ સંપ્રદાયવાળા. અને મોટા સાથે ઘણી બધી વાતો કરી. અને મોટા કહેતા હતા કે એટલું બધું એનું રૂપ કે રૂપરૂપનો ભંડાર. આમેય ફોટામાં એ રૂપાળા દેખાય છે.

## શ્રી નરોત્તમભાઈ

નરોત્તમભાઈ અને ભીખુભાઈને બહુ સંબંધ, બહુ દોસ્તી, બહુ મિત્રતા. એક દિવસ ભીખુભાઈના ઘરે મોટા, ખાટલા ઉપર બેઠેલા. નરોત્તમભાઈ, ભીખુભાઈને મળવા ગયા તે સમયે મોટા તો એકદમ ખાટલા ઉપરથી ઊભા થઈ ગયેલા. 'આવો નરોત્તમભાઈ' મોટા એમ બોલે છે ત્યાં નરોત્તમભાઈ નીચે બેસી ગયા. (હાસ્ય) એ એમના ભાગ્યમાં નહિ. નહિ તો મોટા એમને ભેટતે હોં ! આ વાત ચંપકકાકાએ મને કહેલી.

### શ્રદ્ધા

ડૉ. કૌશલ અને એ લોકો હિમાચલ પ્રદેશમાંથી આવે છેને, એમાં એક ભાઈની પત્નીનું નામ ઇંદિરાબહેન. એ બહેન, મોટાને બહુ માને. એનો છોકરો છાપરા ઉપરથી પડી ગયેલો. તેને કશું કાંઈ જ વાગ્યું નહિ. એટલે પછી એ કહે કે 'છોકરાને મોટાએ જ બચાવ્યો.' ઓચ્છવલાલ ગાંધીનો છોકરો બીમાર પડેલો ત્યારે મુંબઈ લઈ ગયેલા. ડૉક્ટરે કહ્યું કે 'સવાર સુધી નહિ જીવે, ખલાસ થઈ જશે.' ઓચ્છવલાલને શું સૂઝ્યું કે મોટાનો ફોટો લઈને હરિઃૐના જાપ કરવા બેસી ગયા. છોકરો સારો થઈ ગયો. ઓચ્છવલાલ, મુંબઈથી નીકળીને સીધા આશ્રમે આવ્યા.

## વચન

સુરતનાં એક શાંતાબહેન ગલીવાળા હતાં. એ દર વર્ષે મૌનમાં બેસતાં. એકવાર ચાર મહિના બેઠાં હતાં ત્યારે આશ્રમની દીવાલનું કામ ચાલતું હતું. તે સમયે શાંતાબહેન ગલીવાળા આવ્યાં, પગે લાગ્યાં અને મોટાને કહ્યું, 'હું મરી જઉં ત્યારે તમે હાજર રહેજો '. મોટા બોલ્યા, 'સારું, હું હાજર રહીશ'.

## ભૂલો

છેલ્લે દિવસે 'ભૂલો' જ મોટાને પકડીને લાવેલો. ૧૯૭૬માં અહીંથી ગયાને છેલ્લા ત્યારે (મોટાના ઓરડામાંથી) મોટા બધાંને કહેતા હતા કે 'મને કોઈ અડશો નહિ'. પણ ભૂલાને ના ન પાડી. ભૂલો એમને પકડીને લઈ ગયેલો. (ભૂલો- આશ્રમનો એક સેવક હતો.)

## ડૉ. જગન્નાથનો બચાવ

ડૉ.જગન્નાથ જ્યારે મૌનમાં સાત દિવસ બેઠા હતા ત્યારે શ્રાવણ મહિનો હતો અને એનું મગજ પણ થોડું એવું જ હતું. કોઈક વાર એવું થઈ જતું એ ઓચ્છવલાલ ગાંધીને ખબર. ડૉ. જગન્નાથ, લશ્કરમાંયે જઈ આવેલા. પછી તે અહીંયાં આવીને બેઠા. એ ત્યાં બેઠા અને અહીંયાં પ્રાર્થના થતી હતી. ત્યારે વરસાદ પડતો હતો. એ તો ઊઠીને નદીમાં નાહવા ચાલ્યા. પછી તો પ્રાર્થના પૂરી થઈ અને તપાસ કરી તો તે તો મળે નહિ. એ તો નદીમાં પડેલા અને તેને તરતાં આવડતું ન હતું. પહેલાં તો નદી ભરપૂર રહેતી હતી. આ કાંઠાથી પેલા કાંઠા સુધી, કારણ કે ઉકાઈબંધ હતો નહિ. એટલે કોઈ ઓલપાડ ગયા, ભીખુકાકા

રાંદરે ગયા, જયાભાઈ ડૉક્ટર, વરિયાવ તરફ ગયા. ત્યાં રાંદેરમાં કોઈ માછીએ કહ્યું કે મંદિરમાં કોઈ ગાંડા જેવો માણસ છે. એટલે ત્યાં ગયા. ત્યાં જઈને જોયું તો ડૉ. જગન્નાથ. પેલા લોકોએ કોઈક તણાઈ જાય છે એમ જાણીને દોરડું બાંધીને બહાર કાઢેલા. એને પછી પકડી લાવ્યા અને ત્યાં બેસાડ્યા. એટલે ત્યાં કંઈક તોફાન કર્યું. મંદિરમાં બેસાડેલા. મોટાએ ત્યારે પ્રાર્થના બહુ કરેલી હોં ! અમે ત્યારે અહીં રસોડામાં જ હતા, કારણ કે અમારે તો એટલું બધું કામ રસોડામાં હતું. તે દિવસે રવિવાર એટલે ચા કરવાની, પણ મોટા તો અહીં જ બેઠેલા. અહીં આંબાનું ઝાડ હતું. તેની નીચે બેસીને મોટાએ પ્રાર્થના કરેલી.

ભીખુકાકા પછી ત્યાંથી લઈ આવ્યા. ઓચ્છવભાઈ, ડૉ.જગન્નાથને ગાડીમાં બેસાડીને પોતાના ઘરે લઈ ગયા. પછી મોહનભાઈ ગોળવાળા, પોતાની સાથે અમદાવાદ લઈ ગયા. અમદાવાદ ગયા પછી એમનું મગજ શાંત થઈ ગયું. ડૉ. જગન્નાથે શું થયેલું તે બધી વાત મોટાને કરેલી કે 'મોટા, મને તરતાં નહિ આવડે અને હું તો નદીમાં નાહવા ગયેલો. હું બહાર બેઠેલો ત્યારે મને એમ થયું કે, લાવ નદીમાં નાહી આવું. નાહતાં નાહતાં અંદર ખેંચાઈ ગયો, પણ ડૂબ્યો નહિ.' ડૉ.જગન્નાથ સાત દિવસના મૌનમાંથી નીકળેલા.

## દિવ્યવાણી

ચેતન જેનામાં વ્યક્ત થયેલું છે એનામાંથી અંદરથી બધું નીકળ્યા જ કરે. એને વિચારવાનું નહિ રહે. (એને વિચારી-વિચારીને કંઈ કરવું ના પડે.) એક દિવસ મોટા અને દસબાર પ્રોફેસરો અમદાવાદમાં ભેગા થયેલા હતા. પ્રોફેસરો તૈયારી કરીને

આવેલા હતા. તેઓ બધા મોટાને પ્રશ્નો પૂછવા માંડ્યા. વારાફરતી બધા પ્રશ્નોની ઝડી વરસાવે. મોટા કહે કોઈ તંત્રવિદ્યા ચલાવે એવાય પ્રોફેસરો હોય, પણ મોટા કહે આપણને શું ? આપણી અંદરથી તો ભગવાન બોલ્યા કરે.

## ગીતાનું રહસ્ય

એક ભાઈ ગાંધીજી પાસે આવેલા. ગાંધીજી કૂવેથી પાણી ભર્યા કરે. પેલા ભાઈ ગાંધીજીને ઓળખે નહિ. એમણે ગાંધીજીને જ પૂછ્યું કે બાપુ ક્યાં રહે છે ? ગાંધીજીએ કહ્યું ત્યાં બેસો. ત્યાં બાપુ મળશે. ગાંધીજી તો કૂવેથી પાણી ભરીને પરવારીને ગયા અને ત્યાં જઈને કહ્યું કે હું જ ગાંધીજી. પેલા ભાઈ કહે, 'મારે ગીતા વિશે સમજવું છે. મને સમજાવો.'

ત્યાં ઈંટોનો એક ઢગલો હતો. ઈંટો અમુક જગ્યાએ લઈ જવાની હતી. ગાંધીજી કહે, 'પેલી ઈંટો છે તેને પેલી જગ્યાએ લઈ જાઓ. બધીએ પહોંચાડી દો.' પેલા ભાઈએ આખો દિવસ ઈંટો ઊંચકી. પછી ગાંધીજીને તેઓએ કહ્યું કે 'હું તો ગીતાજીનું રહસ્ય તમારી પાસે જાણવા આવેલો . તમે તો મને ઈંટો ફેરવવાનું કહ્યું.' ત્યારે બાપુ બોલ્યા કે 'આ તમે જે કર્યું એ જ ગીતાનું રહસ્ય.' લક્ષ્મીપ્રસાદ અમીન મૌનમાં બેસવા આવેલા ત્યારે મને કહે કે 'કોઈ કામ-બામ સોંપો. જે કંઈ કામ હશે તે હું કરીશ.' કોઈ કામ હતું નહિ એટલે અમે તો ઝાડુ વાળવા આપ્યું . ઝાડુ વાળ્યું તો ખરું. પછી મને કહે કે 'મને એ ખબર નહિ કે તમે આ વાળવાનું કામ સોંપશો.' (હાસ્ય)

**ભય**

મોટા, સ્મશાનમાં સૂવા જતા ત્યારે મૂળજીભાઈ કહે કે 'મારે આવવું છે, મોટા'. મોટા કહે, 'તને બીક લાગશે'. મૂળજી કહે, 'મોટા, મને બીક નહિ લાગે'. પછી તેઓ મોટા સાથે સ્મશાને ગયા અને ઊંચાનીચા થાય. એટલે મોટાને કહે, 'મોટા, મારાથી તો નહિ રહેવાય'. મોટા કહે, 'કેમ ? હું છુંને.' તો કહે, 'તમે છો તોયે નહિ રહેવાય.'

**અંતર્યામી**

હીરાભાઈ, અંગ્રેજીના શિક્ષક હતા . અમે અંગ્રેજી એ, બી, સી, ડી શીખવા માટે પહેલાં પ્રયત્ન કરેલો. નગીનભાઈ અમને શીખવતા હતા. પછી હીરાભાઈ કહે કે 'હું અહીં આવું અને તને શિખવાડું'. મેં કહ્યું, 'મારે નથી શીખવું.' એ અહીં આવે અને શહેરમાં જાય ત્યારે મોટાની બીજાને ઊંધી જ વાતો કરે. પ્રભાબહેન પણ ઘણી વાર કહેતાં કે 'આ આવે તો છે અને મોટાને પગે લાગે અને કામ બધું કરે, પણ શહેરમાં જાય ત્યારે મોટાની વિરુદ્ધ વાતોય કરે.' (હાસ્ય)

એક દિવસ અમે આ ચોતરા ઉપર ઊભેલા હતા . ભીખુકાકા હતા, મોટા હતા, હું પણ ત્યાં હતો. મોટાએ ભીખુભાઈને કહ્યું, 'ભીખુભાઈ, આપણે એમ કે આ સંસારી લોકો ઉપર પ્રેમ રાખવો, પણ વિશ્વાસ નહિ કરવો. આપણાં ખૂન કરે છે. હીરાભાઈ તો જાણી ગયા હોં. એટલા બધા પગે લાગે.'

***

# ૩૩. આશ્રમ માટે ભિક્ષા

પ્રાચીન સમયમાં ગુરુ તેમના શિષ્યોને ભિક્ષા માગવા મોકલતા. સંન્યાસ ધર્મમાં ભિક્ષા માગવાનો એક હેતુ અહમ્ મુક્ત થવા માટેનો પણ છે. ભિક્ષા માગતી વખતે રાહ જોવી પડે, અપમાન સહન કરવું પડે, ગુસ્સો સહન કરવો પડે, જેવું અને જેટલું આપે તેમાં સંતોષ માનવો પડે. આમ, ભિક્ષા માગવાથી સંકોચ દૂર કરવાની, અહમ્ શૂન્ય થવાની, ધીરજ, શાંતિ, તટસ્થતા કેળવવાની તાલીમ મળતી હતી.

પૂજ્ય શ્રીમોટાએ શ્રી નંદુભાઈને પણ ભિક્ષા માગવા મોકલેલા હતા. પૂજ્ય શ્રીમોટાએ ઓલપાડ અને ચોર્યાસી તાલુકાનાં વીસ વીસ ગામોનાં પુસ્તકાલયોમાં પુસ્તકો ભેટ આપ્યાં હતાં. ૧૯૬૧ના વર્ષમાં પૂજ્ય શ્રીમોટાએ શ્રી ઝીણાભાઈને કહ્યું કે આપણે જે જે ગામોને પુસ્તકો ભેટ આપ્યાં છે, તે ગામોમાંથી આશ્રમ માટે અનાજ ઉઘરાવી લાવવું. તે મુજબ કપાસી, કુદિયાણા, કાછોલ, કુવાડ, દિહણ, પીંજરત, પારડી, શેરડી, કનાજ વગેરે ગામોમાંથી અનાજ ઉઘરાવવાનું શરૂ કર્યું. આ ગામોમાં અગાઉ શ્રી ઝીણાભાઈ નીરાબનમાં રાત્રે વૉચમૅનની નોકરી કરતા હતા. શ્રી ગાંડાભાઈ જીવણભાઈ પટેલને સાથે લઈ જતા. તેઓ બંને સાઇકલ ઉપર ઘણા કિ. મિ.નો પ્રવાસ ખેડતા. રાતના પણ અનાજ ઉઘરાવવા જતા. ક્યારેક શ્રી ગાંડાભાઈ એકલા પણ જતા. ગામનો કોઈ જાણીતો માણસ હોય તેને ગામમાં અનાજ ઉઘરાવવામાં સાથે રાખતા. શરૂઆતના આ સમયમાં પૂજ્ય શ્રીમોટા અને હરિઃૐ આશ્રમ લોકોમાં જાણીતા થયા ન હતા. એટલે ઘેરઘેરથી એક શેર,

બશેર એમ થોડું થોડું અનાજ મળતું. કોઈ ઘરેથી અનાજને બદલે ભિક્ષામાં અપમાન પણ મળતું.

એવું જ એક વખત કનાજ ગામમાં થયું હતું. એક ઘેર અનાજ ઉઘરાવવા જતાં એક બહેન બોલ્યાં, 'માગીને ખાઓ છો તો મહેનત કરોને !' શ્રી ઝીણાભાઈએ શાંતિથી જવાબ આપ્યો, 'બહેન, અમે મહેનત તો કરીએ છીએ. સવારે ચાર વાગ્યે ઊઠીએ છીએ અને રાત્રે ૧૦ વાગ્યે સૂઈએ છીએ, ત્યાં સુધી કામ જ કરીએ છીએ.'

૧૯૬૧ની સાલમાં આશ્રમમાં કામ કરનારા બીજા છોકરાઓ ન હતા. આશ્રમનાં બધાં જ કામની જવાબદારી શ્રી ઝીણાભાઈ ઉપર જ હતી. શ્રી ઝીણાભાઈ અનાજ ઉઘરાવવા જાય તે ઉપરાંત, ત્યાંથી આવીને બાકીનું કામ તો કરવાનું જ રહેતું. તેથી, પૂજ્ય શ્રીમોટાએ ભાવાંજલિમાં લખ્યું છે કે :-

*'જાત નીચોવી નાંખી છે, સમર્પણે જ ભાવથી,*
*જેને સમયની ટાંચ વર્તાતી જ કદી નથી.'*

એક વખત ઉનાળાના ધોમધખતા તાપમાં શ્રી ઝીણાભાઈ, સાઇકલ ઉપર અનાજ ઉઘરાવીને પાછા ફરી રહ્યા હતા. તે દિવસે સખત પવન ફૂંકાતો હતો કે જેથી સાઇકલ પણ ચલાવી શકાય તેમ ન હતી. અને એકબાજુ કકડીને ભૂખ લાગી હતી. શ્રી ઝીણાભાઈને સામા પવને ભૂખ્યા પેટે સાઇકલ ચલાવતાં ચલાવતાં શ્વાસ ચડી ગયો. સાઇકલ ઉપરથી ઊતરી જવું પડ્યું અને જેમ તેમ કરીને સાઇકલ હાથથી દોરીને આશ્રમ પહોંચ્યા. પૂજ્ય શ્રીમોટાએ સાચે જ ભાવાંજલિમાં લખ્યું છે કે :-

*'આશ્રમ કાજ તો કષ્ટો કેવાં કેવાં સહ્યાં ચહી,*
*ફરિયાદતણો શબ્દ કાઢ્યો એક્કે ન મુખથી.'*

એક વખત શ્રી ગાંડાભાઈ, ભાંડુત ગામે એકલા જ અનાજ ઉઘરાવવા ગયા અને સાથે તે જ ગામના એક માણસને રાખ્યો. એક ઘેર ઓટલા ઉપર એક માણસ સૂતેલો હતો. અનાજ માટે તેને ગાંડાભાઈએ જગાડ્યો. એટલામાં તો તે માણસ ગુસ્સાથી લાલપીળો થઈ ગાળો ભાંડવા માંડ્યો. જુવારનું જાડું રાડું લઈને મારવા દોડ્યો અને શ્રી ગાંડાભાઈને ખૂબ માર્યા. ગામવાળો એકેય માણસ વચ્ચે પડ્યો નહિ. શ્રી ગાંડાભાઈએ આશ્રમે આવીને શ્રી ઝીણાભાઈને આ વાત કરી. શ્રી ઝીણાભાઈએ કહ્યું, 'હવે, તમારે એકલાએ અનાજ ઉઘરાવવા ભાંડુત જવું નહિ. આપણને એક ગામ અનાજ નહિ આપે તો આશ્રમ નહિ ચાલે એવું થોડું જ છે ?'

શ્રી ગાંડાભાઈ, વહેલી સવારે પોતાની નીરાબનમાં વૉચમૅનની નોકરી પૂરી કરી આશ્રમ આવી જતા. એક દિવસ શ્રી ઝીણાભાઈ અને શ્રી ગાંડાભાઈ સાઇકલ ઉપર શેરડી ગામે અનાજ ઉઘરાવવા ગયા. ત્યાં ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિ હરિભાઈ લલ્લુભાઈ પટેલ કે જેઓ તાલુકા પંચાયતના પ્રમુખ હતા, તેમને ઘેર બેઠા અને ચાપાણી પીધાં. ત્યાંથી પછી એક ઘેર અનાજ ઉઘરાવવા ગયા, ત્યાં ઘરનું બાંધકામ ચાલતું હતું. ઘરનો માલિક આ બંને ઉપર ગુસ્સે થઈ ગયો અને ગાળો બોલવા લાગ્યો. તેથી, શ્રી ઝીણાભાઈ અને શ્રી ગાંડાભાઈ, શ્રી હરિભાઈને ઘેર પાછા આવીને બેસી ગયા. થોડી વાર પછી પેલો માણસ હરિભાઈને ઘેર આવ્યો. તેણે બે હાથ જોડીને શ્રી ઝીણાભાઈની માફી માગી અને

અડધો મણ જુવાર આપી ગયો. આમ, પૂજ્ય શ્રીમોટાની કૃપાથી તે ભાઈનું અચાનક હૃદય પરિવર્તન થયું. ત્યાંથી આશ્રમ આવી બાથરૂમમાં હાથપગ ધોતા હતા ત્યારે અચાનક વરંડામાં બેઠેલા પૂજ્ય શ્રીમોટાએ શ્રી ગાંડાભાઈને બોલાવ્યા અને કહ્યું, 'તમે અનાજ ઉઘરાવવા જાઓ છો ત્યારે કોઈ માર મારે, ગાળો બોલે તો તમને ખોટું લાગે છે ?' શ્રી ગાંડાભાઈએ જવાબ આપ્યો કે 'હા મોટા, ખોટું તો લાગે, પણ સહન કરી લઈએ છીએ.' શ્રીમોટાએ કહ્યું, 'હા ભાઈ, **આશ્રમ માટે સહન કરવું એ જ સાચું તપ છે. એ જ સાચી ભક્તિ છે.'**

૧૯૬૧ની સાલમાં લવાછા ગામથી ચોખા ઉઘરાવીને એક ભાઈ આશ્રમ આવ્યા અને તેમણે ચોખા બધા ખાલી કર્યા. શ્રી ઝીણાભાઈને મનમાં એમ થયું કે 'આ ભાઈ, ચોખા લઈને આવ્યા છે, તો આપણે તેને ચાનાસ્તો કરાવવો જોઈએ.' પણ ઝીણાભાઈને એમ થતું હતું કે 'પૂજ્ય શ્રીમોટાને પૂછ્યા વગર ચાનાસ્તો કેમ કરાવવો ? મોટા બોલે તો કરાવીએ.' તે જ સમયે પૂજ્ય શ્રીમોટા કાગળ લખી રહ્યા હતા. પૂજ્ય શ્રીમોટાએ શ્રી ઝીણાભાઈને કહ્યું, 'સાલું, મારા મનમાં કોઈક કહ્યા કરે છે કે પેલા ભાઈને ચાનાસ્તો કરાવો. પેલા ચોખા લઈને આવેલા છે, તે ભાઈને ચાનાસ્તો કરાવો'. આમ, શ્રી ઝીણાભાઈનો બિનતારી સંદેશો પૂજ્ય શ્રીમોટાને મળી ગયો.

પછીનાં વર્ષોમાં તો શ્રી ઝીણાભાઈ સાઇકલ ચલાવીને છેક કીમ, માંડવી સુધી જતા. ૧૯૬૨માં સુરત, હરિઃૐ આશ્રમ ટ્રસ્ટ રજિસ્ટર થયું. તેના ટ્રસ્ટીઓ હતા- શ્રી ભીખુભાઈ હરિભાઈ પટેલ, શ્રી શાંતિભાઈ તમાકુવાળા, શ્રી હસમુખભાઈ રેશમવાળા. શ્રી

ઝીણાભાઈ પટેલ અને શ્રી નંદુભાઈ. સુરત તેમ જ નડિયાદ એમ બંને આશ્રમોના સંચાલક ટ્રસ્ટી શ્રી નંદુભાઈ હતા.

પૂજ્ય શ્રીમોટાએ ટ્રસ્ટની એક મિટિંગમાં ઠરાવ કર્યો કે 'આશ્રમના ઝીણાભાઈએ તથા લવાછાના ગાંડાભાઈએ ઓલપાડ તાલુકાનાં ગામડાંઓમાં ફરી ફરીને સો મણ ઉપરાંતનું ભાત ઉઘરાવ્યું અને હજી જુવાર મેળવવાનું પણ તે બંને કામ કરવાના છે. તેઓએ જે આ ભેટ મેળવવાનું બહુ મુશ્કેલી વેઠીને કામ કર્યું છે, તે માટે આ ટ્રસ્ટીમંડળ તે બંનેને ધન્યવાદ બક્ષે છે અને તે બંનેનો હૃદયથી આભાર માને છે.'

એક વખત પૂજ્ય શ્રીમોટાએ શ્રી ઝીણાભાઈને કહ્યું, **'મારું શરીર નહિ હોય ત્યારે તારે અનાજ ઉઘરાવવા જવું નહિ પડે. બધું આવશે. મારું શરીર નહિ હશે તોપણ તમારે ચિંતા કરવી નહિ પડે. આશ્રમ સરસ ચાલશે. ઊલટો સારો ચાલશે.'**

૧૯૬૨માં ચીનની લડાઈ થયેલી ત્યારે ભીખુકાકાને વિચાર આવેલો કે 'બધી મોંઘવારી થઈ જવાની અને આશ્રમને પંચાત થઈ જશે'. બીજે કે ત્રીજે દિવસે પૂજ્ય શ્રીમોટાએ ભીખુકાકાને કહ્યું, **'ભીખુભાઈ, આપણે એવા વિચાર નહિ કરવા. આપણે માટે તો અનાજ આ જમીન ફાડીને નીકળશે'**. ખરેખર આજે આશ્રમ માટે અનાજ ઉઘરાવવા જવું પડતું નથી. અનાજ ઉપરાંત બધું જ એની મેળે મળતું રહે છે.

***

# ૩૪. યાત્રાઓ

તા. ૧૬-૭-૧૯૬૧ની સવારે હરિઃૐ આશ્રમનું પ્રેમમય વાતાવરણ ભૂલી ના શકાય તેવું હતું. લવાછા ગામનો એક ચાર ચોપડી ભણેલો અભણ ગામડિયો, કહેવાતી પછાત કોમમાંથી આવેલો, સામાન્ય મજૂર જેવો દેખાતો તરવાડો, લોકોથી અનેક વાર અપમાનિત થયેલો પુરુષ આજે દક્ષિણ ભારતની યાત્રા કરવા જઈ રહ્યો હતો. તેને વિદાય કરવા કેટલાં બધાં એકઠાં થયેલાં હતાં અને તે પણ કેટલા ઉમળકાથી-પ્રેમભાવનાથી. એ કોની કૃપા હતી ? જે પોતાના હૃદયનો પ્રેમ સર્વ રીતે અને સર્વ ભાવે શ્રીસદ્‌ગુરુમાં જ કેંદ્રિત કરે છે તેને તો દુનિયાનો પ્રેમ મળવાનો જ છે. આજે શ્રી ઝીણાભાઈ અને શ્રી રમાકાંતભાઈ જોશીને વિદાય આપતાં પ્રવચનમાં પૂજ્ય શ્રીમોટાએ જણાવ્યું કે *'યાત્રાનો ખરો હેતુ તો આપણી ભાવના કેળવવા માટે છે. આપણા હૃદયમાં રહેલું મંગલમંદિર છે એ ખોલવાનું છે. એ મંગલમંદિરને ખોલવા આજે આશ્રમમાંથી બે ભાઈઓ યાત્રા કરવા જાય છે. હરતાં ફરતાં એવા પ્રકારની વાતો કરજો કે જેથી તમારા હૃદયમાં ભાવના કેળવાય. તમે તપ કરવા જાઓ છો. વળી, આશ્રમ વતી જાઓ છો. માટે, એક પાઈનો પણ ખોટો ખર્ચ કરશો નહિ. તમારો સામાન તમારી જાતે જ ઊંચકજો. પહેલાંની યાત્રા એટલે ખૂબ મુશ્કેલીનો માર્ગ. રસ્તામાં લૂંટાવાનો તથા જંગલી પ્રાણીઓનો ભય રહેતો. એટલે એવી યાત્રા કરવા ભાવનાવાળાઓ જ જઈ શકતા. માટે, એવા પ્રકારની ઉચ્ચ ભાવના કેળવજો અને જીવનમાં એવો મોટો ફેરફાર કરીને આવજો. એવા ને એવા પાછા આવશો તો હું બધાંની વચ્ચે કહીશ કે 'આ રખડવા ગયેલા.' તમે કરકસરથી*

*રહેજો, ભજનો કરજો. 'મોટા'ના અનુભવના પ્રસંગોની વાતો કરજો. તમે એવું ભાથું બાંધીને આવજો કે અમે ટટ્ટાર થઈ કાંઈ કહી શકીએ.'*

**ગુરુકૃપાથી, પ્રેમભક્તિની ભૂમિકાયુક્ત શિષ્યમાં તે અભણ હોવાં છતાં સાહિત્યની છટા ઊતરી આવે છે.** શ્રી ઝીણાભાઈના શબ્દોમાં જ યાત્રાનું વર્ણન જોઈએ :-

'પૂજ્ય શ્રીગુરુમહારાજની કૃપાથી મારે દક્ષિણ હિંદુસ્તાનની યાત્રાએ તારીખ ૧૬-૭-૧૯૬૧ના દિને નીકળવાનું ઠર્યું. પૂજ્યશ્રીએ આ તારીખ અગાઉથી જ નક્કી કરી રાખી હતી. લગભગ દસ મહિના પહેલાં જ્યારે પૂજ્યશ્રીએ આ માટેનું સૂચન કરેલું ત્યારથી જ પૂજ્ય ભીખુભાઈના આનંદનો પાર માતો ન હતો. યાત્રાએ જવા માટે મને ઉત્સાહ અને આનંદ ન હતો, પણ પૂજ્ય ભીખુભાઈને આનંદ અને ઉત્સાહ તે માટે એટલો બધો હતો કે જેને શબ્દોમાં વર્ણવી ના શકાય. વળી, મારા પરત્વે પૂજ્ય ભીખુભાઈનો આદરભાવ, પ્રેમભાવ અને લાગણી ઘણાં જ છે કે તે મારાથી ભૂલી શકાય તેમ નથી. અમારે જે દિવસે નીકળવાનું થયું તે દિવસે પૂજ્યશ્રી હાજર હતા અને બધાં ભક્તજનો પણ હાજર હતાં અને સાબરમતી આશ્રમમાંથી પૂજ્ય મથુરીબહેન પણ આવ્યાં હતાં અને તે દિવસે પ્રાર્થના, ભજન વગેરેનો કાર્યક્રમ રાખ્યો હતો. આ એક પામર અજ્ઞાની જીવમાં કોઈ જાતની ગતાગમ નથી. હાજર રહેલાં બધાં ભક્તજનોમાં ભાઈઓ તેમ જ બહેનો વગેરે જે હાજર હતાં તે સૌનો મારા પરત્વે જે પ્રેમભાવ અને લાગણી હતાં તેનું પ્રત્યક્ષ દર્શન થતું હતું. સૌને આનંદ થતો હતો.

પ્રિયભાઈ અનિલભાઈ (કેળાંવાળા)તો આગળથી આનંદિત થયા કરતા હતા. સૌને હું યાત્રાએ જઉં એ માટે જે આનંદ અને ઉત્સાહ હતો તેનું વર્ણન થઈ શકે તેમ નથી. તે દિવસે ભેગાં થયેલાં ભાઈઓ અને બહેનો જ્યારે ફૂલહાર કરતાં હતાં ત્યારે મને જે આનંદ અને ઉત્સાહ હતો તેનું વર્ણન થઈ શકે એમ નથી અને તે દિવસનો સૌનો પ્રેમભાવ મારી આંખ આગળ ખડો થયા કરે છે. તે દિવસ જીવનમાં ભૂલી શકાય તેમ નથી. તે દિવસે ભેગાં થયેલાં ભાઈઓ અને બહેનો જ્યારે ફૂલહાર કરતાં હતાં ત્યારે મને બહુ સંકોચ રહ્યા કરતો હતો, પણ પૂજ્યશ્રીની આજ્ઞાને લઈને મારે બેસવું પડ્યું હતું. મને એમ લાગ્યા કરતું કે આ પામર જીવનું ક્યાં આ સ્થાન ? આ તો ઉચ્ચ કક્ષાના જીવનું સ્થાન ગણાય. આ રીતે મનમાં સંકોચ થયા કરતો. અંતમાં સૌના પ્રેમને લાયક થવાય એવી પ્રભુને ઘણી ઘણી પ્રાર્થના અને સૌના આશીર્વાદની ઘણી ઘણી અપેક્ષા રાખું છું.'

તા ૧૭-૭-૧૯૬૧ના રોજ મુંબઈનાં જોવાંલાયક સ્થળો જોયાં. હૅગિંગ ગાર્ડન અને કમલા ગાર્ડનનાં ફૂલઝાડ, વેલો અને વનસ્પતિની કલાત્મક ગોઠવણી તેમને સ્પર્શી ગઈ. ઇસ્કોન મંદિરનું વર્ણન તેમના જ શબ્દોમાં- 'તેમાં ઘણા સાધુઓ બેઠા હતા અને કથા પણ ચાલતી હતી. ઘણાં ભાઈબહેનો બેઠાં હતાં. સાધુ લગભગ પંદર જેટલા ખરા. તેઓ ઊંચા આસને બેઠેલા હતા. એક સાધુ મહાત્મા કથા-પ્રવચન કરતા હતા. આ મંદિર એવું તો કલાત્મક રીતે બાંધેલું છે કે એની ભવ્યતાનું વર્ણન ના થઈ શકે. એ બહુ જ સુંદરતાવાળું છે અને અમોને એટલું તો ગમી ગયું કે ત્યાંથી ઊઠવાનું મન પણ ના થાય. સાથે સાથે ભગવાનની ધૂન પણ ચાલતી હતી

અને ભજનો પણ થતાં હતાં. એટલે અમે ઘણો સમય ત્યાં બેઠા. પછી લગભગ સાડા સાત વાગ્યે ભગવાનની આરતી થવા માંડી. એક સાધુ તબલાં વગાડતો હતો, બીજા મંજીરા, ઝાંઝ વગાડતા હતા. એક સાધુ ભગવાનને આરતી ધરાવતા હતા. થોડાક સાધુ દાઢી અને જટાવાળા હતા. થોડાએ માથાં મૂંડાવેલાં હતાં અને ભગવાં કપડાં પહેરેલાં હતાં. વાતાવરણ આધ્યાત્મિક હતું. એટલે સરસ લાગ્યું.'

તા. ૧૯-૭-૧૯૬૧ના રોજ પંઢરપુર પહોંચી ત્યાંના વિઠોબા મંદિરમાં ગયા. ત્યાં તો માણસોની એટલી બધી ગિરદી હતી કે ના પૂછો વાત. ત્યાં તો અશાંતિનાં મોજાં અથડાતાં હતાં. માણસોની લાઈન લાગી હતી. મૂર્તિ પાસે પહોંચે તે પહેલાં ધક્કો મારી આગળ ચલાવવામાં આવે. બહાર નીકળી મને આ બધું ગમ્યું નહિ. આવાં દર્શન કરવાં એના કરતાં એકાંત જગ્યાએ બેસી શાંતિથી ભગવાનનું નામસ્મરણ કરવું વધારે ઉત્તમ. ભાવના વિકસાવવાની શક્યતા પછી અમે ચંદ્રભાગા નદીકિનારે ગયા. ત્યાં હજારો માણસ સ્નાન કરી રહ્યા હતા. સામે નદીકાંઠે ભક્ત જનાબાઈ, ભક્ત પુંડરીક અને ભક્ત તુકારામનાં મંદિરો હતાં. આજુબાજુ રેલને કારણે પાણી આવેલાં હતાં. વાતાવરણ શાંત હતું અને નદીનું પાણી જોરદાર રીતે ખળખળ કરતું વહેતું હતું. સૌંદર્યતા લાગતી હતી. નદીકિનારે હોડીઓ હતી. તેમાં ભાડે બેસી મંદિર પાસે ગયા અને નદીમાં ફર્યા. સરસ આનંદ આવતો હતો. એક બાંગલા પટેલ ભક્ત થઈ ગયા તેની યાદ આવતી હતી, કારણ કે તેની જીવનકથા વાંચી હતી. એટલે ભગવાનનું નામસ્મરણ કર્યું. સરસ આનંદ આવ્યો. જમી કરીને વિઠોબાના

મંદિરમાં ગયા. મારો મંદિર જવાનો વિચાર ન હતો. ત્યાંના લોકો બહુ જ ભાવનાવાળા કહેવાય. ગામડાના લોકો કૂદે, આળોટે અને થંભને ભેટે - આ બધું જોવામાં આવ્યું. વિઠોબાની મૂર્તિથી લગભગ પચાસેક ફૂટ દૂર અમે બેઠા અને ભગવાનનું નામ લેતા હતા. **અમોને જોઈને બીજા માણસો પણ બેસતા ત્યારે પોલીસ બીજા માણસોને ઉઠાડી મૂકતી અને અમોને જરાયે બોલતા નહિ ત્યારે મને થયું કે આ પૂજ્યશ્રીની કૃપા કહેવાય.**

તા ૨૧-૭-૧૯૬૧ના રોજ સવારે પાંચ વાગ્યે તિરુપતિ સ્ટેશને ઊતર્યા. સ્નાન કર્યા પછી બાલાજી ભગવાનનાં દર્શન કર્યાં. આજુબાજુ ઘણાં દેવાલયો છે. મંદિરો જોવા જેવાં અને કોતરકામ તથા કલાત્મક ચિત્રકળા તો એવી કે આપણને પ્રત્યક્ષ જોયા વિના ખ્યાલ જ ના આવી શકે. આપણે જોઈએ ત્યારે થાય કે કેવી રીતે બાંધ્યાં હશે. સોનાનાં બારણાં,આખું મંદિર સોનાનું એટલે કે સોનાનાં પતરાંથી મઢેલું. જોવા જેવાં મંદિરો તો દક્ષિણનાં જ કહેવાય. વાતો સાંભળેલી પણ જોઈએ ત્યારે સાચો ખ્યાલ આવે. બસમાં બેઠા ત્યારે એમ થયું હતું કે ડુંગર ઉપર મોટર જતી હશે ? પણ રસ્તાઓ એવા સરસ કૉન્ક્રીટ કરેલા પાકા, ચઢ ઊતર બનાવેલા કે સરસ રીતે ડુંગર ઉપર મોટર જઈ શકે. ત્યાંની ભવ્યતા બહુ જ સારી. આજુબાજુ પણ ડુંગર. મોટી મોટી ધર્મશાળાઓ, યાત્રીકોને રહેવાની રૂમો તથા બીજાં પણ ઘણાં મકાનો - લાકડાં સિવાયનાં પથ્થરથી બાંધેલાં. થાંભલા પણ પથ્થરના. માળ પણ પથ્થરના. કૉન્ક્રીટ વગરનાં કેટલાંયે વર્ષોનાં મકાનો હશે, પણ આજે પણ તેની ભવ્યતા તેની તે જ. કેટલી મોટી દીવાલો પણ પથ્થરની. એ મકાનોને તોડવાં હોય તો તોડવાની

શક્યતા નહિ એવી તો એની બાંધણી. આ બધું જોયા વિના ખ્યાલ ના આવી શકે. ડુંગરાઓ ઉપર કેવું સર્જન કરેલું. એ કંઈ નાનીસૂની વાત ના કહેવાય.

પહેલાંની સમજ પ્રમાણે આગળ હું એવું માનતો કે ભક્ત થવું હોય તેને ડુંગરા-પર્વત ઉપર ચાલ્યા જવું. ત્યાં સારું. પણ આ બધી માન્યતા. આપણું મન તો બધે જ સરખું. ભગવાનની કૃપા હોય તો જ આ બધું થવું શક્ય. નહિ તો ગમે ત્યાં જઈએ પણ તેના તે જ રહીએ. સાંજે એમ લાગ્યું કે કોઈ ઊંચી ટેકરી ઉપર જઈએ. ફરતાં ફરતાં એક જગ્યાએ ગયા. જગ્યા એકાંત હતી. ડુંગર હોય ત્યાં કેમ સારું ના લાગે ! દક્ષિણના લોકો ભાવનાવાળા કહેવાય તે વાત સાચી.

તા. ૨૨-૭-૧૯૬૧ના રોજ સવારે વહેલા ઊઠી 'પાપનાશમ્ આશ્રમ' છે ત્યાં ચાલતા જોવા ગયા. લગભગ બે માઈલ પહાડ ઉપર કુદરતી સૌંદર્યતાનાં પ્રત્યક્ષ દર્શન થયાં. ઊંચે ચઢવાનું - નીચે ઊતરવાનું. ખીણો પણ જોવા મળે. એક તપોવન જેવી જગ્યા ખરેખર લાગે. 'પાપનાશમ્'માં ઉપરથી સામાન્ય પાણીનો ધોધ પડે છે. ત્યાં બધા લોકો નાહીને પાવન થાય એવી માન્યતા આજે પણ ચાલુ છે. અમે પણ રમાકાંતભાઈ જોડે સ્નાન કર્યું. ત્યાંનું દશ્ય સરસ લાગે. આપણને પણ એમ લાગે કે એક ગુફામાં બેસી જઈએ, પણ બેસવાથી આપણું મન એકદમ એકાગ્ર ના થઈ જાય. તેનું કામ કર્યે જાય. **ખરી વાત તો એ છે કે ભગવાનની કૃપા હોય અને પૂર્વનું ભાથું હોય તો આ બનવું શક્ય ગણાય. નહિ તો મન તો બધે તેનું તે જ રહે.** આ અનુભવની વાત છે.

'પાપનાશમ્ આશ્રમ'થી આકાશગંગા જવા પ્રવાસ કર્યો. ત્યાં એક સાધુ રહેતા હતા. નાનકડી ઓરડી હતી. ત્યાં પાણી પહાડમાંથી વહેતું હતું. આજુબાજુ આવેલા ડુંગરાઓ બહુ ઊંચા હતા. અને પાસે જ ઘણો જ નીચાણવાળો ભાગ હતો. ત્યાંનું દૃશ્ય એવું લાગે કે એનું શબ્દોમાં વર્ણન થઈ ના શકે. આપણને ઘણું આકર્ષણ રહ્યા કરે કે અહીંથી જવું નથી. ત્યાં થોડી વાર ઊભા રહી ભગવાનને પ્રાર્થના કરી. પછી ત્યાંથી પાછા ફરી મુકામે આવ્યા. ત્યાં થોડી વાર આરામ કરી પાંડવની ગુફા જોવા ગયા. તે એક માઈલ દૂર આવેલી હતી. ત્યાં પગે ચાલીને જ ગયા. ત્યાં પણ એક નાનકડી ગુફા છે અને બહુ જ સારી જગ્યાએ આવેલી છે. તેમાં બેસીને રમાકાંતભાઈએ થોડી વાર ભગવાનનું નામસ્મરણ કર્યું. અમે પૂજ્ય ભીખુભાઈને એક પત્ર લખ્યો. ત્યાં જુદી જુદી જાતનાં ઝાડ અને પથ્થરની ટેકરીઓ જોવા મળે છે. નીચે ઘણી ઊંડી ખીણો આવેલી છે. ત્યાંથી ઊપડી ચાલતાં ચાલતાં બે માઈલ દૂર આવેલી એક ધ્રુવની ગુફા જોવા ગયા. ચાલતાં જવામાં ચઢ ઊતર કરવું પડે. ત્યાં પણ ખીણો આવેલી છે. અને જુદી જુદી જાતનાં ઝાડ જોવા મળે છે. ત્યાં પહોંચતાં પહેલી જાબાલની ગુફા આવેલી છે. એમ કહેવામાં આવે છે કે અહીં જાબાલ મુનિએ તપ કરેલું. ત્યાં ફર્યા પછી એક સાધુ મહારાજે ધ્રુવની ગુફા બતાવી. અમે ત્યાં પહોંચી ગયા. અમને જણાવવામાં આવ્યું કે આ જગ્યાએ ધ્રુવે તપ કરેલું. તેમની આરામ કરવાની જગ્યા એક ઝાડ નીચે છે. તે પણ બતાવી. તેમણે તપ કર્યું ત્યારે ભગવાને તેમને દર્શન આપી કહ્યું કે 'બેટા, તને તરસ લાગી હશે માટે અહીં ગંગા ઉત્પન્ન કરું છું.' ત્યારે ધ્રુવે કહ્યું કે 'મારે માટે ગંગા ઉત્પન્ન

કરવાની જરૂર નથી, પણ પરમાર્થને ખાતર કરવી હોય તો કરો. તો હું પણ પાણી પીશ.' આથી, ભગવાને ત્યાં ગંગા ઉત્પન્ન કરી. પાણી વહેવડાવ્યું. પથ્થરના ડુંગરમાંથી પાણી નીકળે છે તે આજે પણ ચાલુ છે. અમે ત્યાં હાથપગ ધોયા. પાણીનો પ્રસાદ લીધો અને થોડી વાર બેસીને ભગવાનનું નામ લીધું. ધ્રુવની જગ્યાએ જંગલ વૃક્ષોથી ગીચ હતું. આમ તો જગ્યા ભયજનક લાગી, પણ ભય લાગતો નથી. જોવા જેવું છે. ત્યાંથી આવતાં આવતાં કુદરતી દૃશ્ય જોતાં જોતાં બાલાજી મંદિર આવી ભગવાનનાં દર્શન કર્યાં.

ભોજન કરીને બધો સામાન પૅક કરી બાલાજીથી સાત માઈલ દૂર ચાલતાં તિરુપતિ જવા નીકળ્યા. આ રસ્તો એટલો તો નીચાણવાળો કે ચાલવાનું ના ફાવે. ધાર ઘણી જ નીચી. પગથિયાં પાકાં બનાવેલાં. યાત્રામાં ચાલવું પણ જોઈએ. સાડા પાંચ વાગ્યે બાલાજીથી નીકળ્યા અને સાડા આઠ વાગ્યે તિરુપતિ સ્ટેશને આવી પહોંચ્યા. ત્યાંથી સામાન લઈ રેનિંગગુટ્ટા આવવા માટે દસ વાગ્યે ગાડીમાં બેસી ગયા. સાડા દસ વાગ્યે રેનિંગગુટ્ટા આવી પહોંચ્યા. ત્યાંથી રાત્રે બે વાગ્યે મદ્રાસ જતી ટ્રેનમાં બેઠા. મદ્રાસમાં પૂજ્ય શ્રીમોટા અને પૂજ્ય નંદુભાઈ, શ્રી રસિકભાઈના પિતાશ્રીને ઘેર હતા. ત્યાં અમે બધાંએ સાથે ભોજન લીધું. જમ્યા બાદ પૂજ્ય શ્રીમોટાએ કહ્યું કે 'તમે જોવાનાં સ્થળ જોઈ આવો.' તે દિવસે ભાઈ સિદ્ધાર્થભાઈ હાજર હતા. અને ભાઈ દીપકભાઈ (ચંદ્રકાંતભાઈના ચિરંજીવી) તેમને પૂજ્ય શ્રીમોટાએ કહ્યું કે 'આ લોકોને મોટર સાઇકલ ઉપર ફેરવી આવો. બધું બતાવો.' અમે મોટર સાઈકલ ઉપર રામકૃષ્ણ પરમહંસનો મઠ, અડિયારનો મોટો વિશાળ વડલો, દીવાદાંડી, ગાંધી મંડપ, મદ્રાસની લાઈબ્રેરી વગેરે

જોઈ આવ્યા. સાંજે મુરબ્બી હરુભાઈના ઘરે, પૂજ્ય શ્રીમોટા અને અમને બધાંને તેમનાં પત્નીએ ભાવપૂર્વક જમાડ્યાં. તા. ૨૪-૭-૧૯૬૧ના દિવસે આરામ કર્યો.

તા. ૨૫-૭-૧૯૬૧ની વહેલી સવારે છ વાગ્યે બસમાં બેસી પક્ષીતીર્થ જોવા ગયા. ત્યાં પગથિયાં ચઢી ઉપર સાડા દસ વાગ્યે પહોંચી ગયા. થોડી વાર બેઠા પછી પક્ષી આવ્યાં, તેમનાં દર્શન કર્યાં. તેમને માટે પૂજારીએ રસોઈ તૈયાર કરી રાખી હતી. દાળભાત વગેરે. પક્ષી આવ્યાં એટલે તેમને મોં ધોવા પાણી આપ્યું. એટલે મોં ધોઈને જમી લીધું એટલે પાછાં ઊડી ગયાં. અહીંથી અમે બસમાં બેસી મહાબલિપુરમ્ ગયા. ત્યાં એમ કહેવામાં આવે છે કે પાંચ પાંડવ વનમાં બાર વર્ષ રહ્યા હતા. અને તેરમું વર્ષ આ જગ્યાએ છૂપા રહ્યા હતા. તે આ જગ્યા. પાંચ પાંડવના જુદા જુદા રથ છે. ભીમનો માખણનો લોંદો છે અને તેમને જમવા માટેની થાળી પણ છે. રોટલા કરવાની તાવડી હજી પણ છે તેવો આકાર બતાવ્યો છે. ભગવાને બલિરાજાને વામનરૂપ ધરી પાતાળે ચાંપ્યો હતો, તે પણ જોવા મળે છે. ભીમનો હાથી પણ છે. ડુંગરના પથ્થરમાંથી કોતરીને બનાવેલું આ બધું કોતરકામ એવું છે કે તે ક્યારે બનાવ્યું હશે તેની ખબર પડતી નથી. ત્યાંનાં મંદિરો પણ જોવા જેવાં છે અને કુદરતી સૌંદર્ય પણ જોવા જેવું છે. સાંજના છ વાગ્યે મદ્રાસ પાછા આવી ગયા. ત્યાંથી ટ્રેનમાં બેસી તા.૨૬-૭-૧૯૬૧ની વહેલી સવારે પાંચ વાગ્યે ત્રિચિ આવી પહોંચ્યા. સ્ટેશન ઉપરથી ઊતરીને રિક્ષા ભાડે કરી પૂજ્ય મામાને ઘરે આવ્યા. ત્રિચિમાં શ્રીરંગમ્‌નું મંદિર, જંબુકેશ્વર મહાદેવનું અને ગણપતિનું મંદિર જોયું. આ બધું એટલું તો કલાત્મક લાગે કે

આપણને કલ્પનામાં ના આવી શકે. ત્યાં કુદરતી સૌંદર્ય બહુ જ જોવા મળે. ત્રિચિથી સવારે ૬ વાગ્યે બસમાં બેસી તા. ૨૭-૭-૧૯૬૧ના રોજ સાંજના પાંચ વાગ્યે કન્યાકુમારી પહોંચ્યા. નાગરકોઈલ બસ બદલવામાં આવી હતી. ટિનાવેલી સુધી સૂકો પ્રદેશ હતો. આજુબાજુ ડુંગરાઓ આવેલા છે. ટિનાવેલીથી ફળદ્રૂપ પ્રદેશ જોવામાં આવ્યો. લીલું લીલું હરિયાળું કુદરતી સૌંદર્ય જોવા મળે. આજુબાજુ પહાડ એવી રીતે દેખાય કે જાણે વાદળ જોડે રમત કરતા હોય તેમ લાગે, કારણ કે વાદળ સાથે એક થઈ ગયેલા દેખાય. શું એની રચના ! અનાજમાં ડાંગરનો પાક મુખ્ય કહેવાય. કન્યાકુમારી પહોંચી માતાજીનાં દર્શન કર્યાં. પૂજ્ય ગાંધીજીનું સ્મારકમંદિર જોવા ગયા. બરાબર દરિયાકિનારે બહુ જ ભવ્યતાથી લાખો રૂપિયાના ખર્ચે બાંધવામાં આવ્યું છે. ગાંધી મંદિરમાં થોડી વાર બેસી ભગવાનનું નામ લીધું.

તા. ૨૮મીની વહેલી સવારે ઊઠી કન્યાકુમારીના મંદિરમાં માતાજીનાં દર્શન કર્યાં બાદ પાંચ માઈલ દૂર સુચિન્દ્રમ શંકર ભગવાનના મંદિરમાં ભગવાનનાં દર્શન કર્યાં બાદ બધે ફર્યા. મંદિરો તો બધી જ જગ્યાએ જોવા મળે અને તે પણ બહુ જ મોટાં. ત્યાંથી થોડે દૂર એક પહાડ આવેલો છે. તેનું નામ મરૂકવમલમયી છે. તેના વિશે એમ પણ જાણવામાં આવે છે કે હનુમાનજી સંજીવની લેવા ગયા તે વખતે રસ્તે આવતા એ પહાડ ઉપર થોડી સંજીવની વનસ્પતિ પડી ગઈ હતી ત્યાં અમે ગયા. ત્યાં એક નાનકડું ઝૂંપડું હતું. તેમાં એક સાધુ રહેતા હતા. તેમનાં દર્શન કરી આગળ ચાલ્યા. ત્યાં પહાડમાંથી કોતરીને અંદર મંદિર જેવું હતું. તેમાં બે સાધુ રહેતા હતા. તેમનાં દર્શન કર્યાં. ત્યાંથી ઊંચે આગળ ગયા

ત્યાં એક નાનકડું મંદિર જેવું હતું. ત્યાં થોડી વાર બેઠા અને ભગવાનનું નામ લીધું. ત્યાંથી દરિયો દેખાય છે. વૃક્ષોની ગીચ વસ્તી પણ દેખાય. મને તો મંદિરો કરતાં આવા પહાડો વધુ ગમે, કારણ કે ત્યાં એકદમ શાંતિ-એકાંત. પહાડનું સૌંદર્યવાળું વાતાવરણ અને ચોખ્ખી જગ્યા વગેરે હોય છે. ત્યાંથી ઊતરી કન્યાકુમારી પાછા ફર્યા. પછી દરિયાકિનારે બેઠાં બેઠાં ભગવાનનું નામ લીધું. અહીં ત્રણ જાતના દરિયા ભેગા થાય છે.

તા. ૨૯-૭-૧૯૬૧ની સવારે આઠ વાગ્યે બસમાં બેસી ત્રિવેન્દ્રમ જવા નીકળ્યા. આ નારિયેળનો ખાસ પ્રદેશ કહેવાય. નારિયેળ તથા સોપારીનાં ઝાડ રસ્તે પણ ઘણી જગ્યાએ જોવા મળે. ઊંચા પછીથી ધીમે ધીમે નીચા થઈ જાય. આજુબાજુ જમીન ઊંચીનીચી જોવા મળે. રસ્તો પાકો અને આખો રસ્તો વસ્તીવાળો અને ઘરો તથા દુકાનોવાળો હોય છે. આમ, ત્રિવેન્દ્રમ સુધીનો રસ્તો એક જગ્યાએ તો પહાડ ઉપર થઈને આવે પણ આપણને એમ ના લાગે કે આ પહાડ છે. આજુબાજુ જોઈએ તો છેક નીચાણ દેખાય. ત્રિવેન્દ્રમમાં એક પદ્મનાભમ્ નામનું મંદિર છે. તેમાં ભગવાનની લગભગ સત્તર ફૂટ લાંબી અને કદાવર મોટી મૂર્તિ છે. મંદિર પણ વિશાળ જગ્યામાં આવેલું છે. લગભગ પાંચ સાત એકર જમીન રોકાઈ હશે. દક્ષિણમાં બધે જ વિશાળ મોટાં મંદિરો જોવા મળે. આપણને એમ થાય કે આ બધું ક્યારે બાંધી રહ્યા હશે.

તા. ૩૦મીએ સવારે અમે તેનકાશી ઊતર્યા. ત્યાંથી બસમાં બેસી કુર્તાલમ ગયા. ત્યાં એક ઊંચો પહાડ છે અને ઊંચેથી પાણીનો ધોધ પડે છે. ત્યાં આગળ અમે સ્નાન કર્યું. હજારો માણસો ત્યાં નાહવા આવતા હતા. ધોધની ભવ્યતા સરસ લાગે. તેની તરફ

આપણને આકર્ષણ થયા કરે. સુંદર કુદરતી દૃશ્યો જોવા મળે. ડુંગર સાથે વાદળાંઓ રમતગમત કરતાં હતાં અને ડુંગરાઓ સાથે અથડાતાં હતાં. ભગવાનની લીલા કંઈ ઓર છે. ત્યાંથી અમે મદુરાઈ આવ્યા. મદુરાઈમાં પૂજ્ય શ્રીમોટાના જૂના મિત્ર છે. અને સારો સંબંધ પણ છે. તેઓ પૂજ્ય મામા તથા પૂજ્ય નંદુભાઈના પણ ઓળખીતા છે. પૂજ્ય શ્રીમોટાએ અગાઉથી મુરબ્બી મનુભાઈને કાગળ લખેલો હોવાથી તેઓ અમને સ્ટેશન લેવા આવ્યા હતા.

તા. ૩૧-૭-૧૯૬૧ના રોજ સવારે ફરીથી મીનાક્ષી મંદિરમાં માતાજીનાં દર્શન કરવા ગયા. મદુરાઈનું મીનાક્ષી મંદિર બહુ જ વિશાળ જગ્યામાં આવેલું છે. અમે એની ચારેબાજુ જોતાં જોતાં ફરીને પ્રદક્ષિણા પણ કરી. દેવોની મૂર્તિઓ અંદર ઠેર ઠેર ગોઠવવામાં આવેલી છે. માતાજીની મૂર્તિને સંખ્યાબંધ સોનાનાં ઘરેણાં અને ઝગમગતા હીરાઓ ચડાવેલાં છે. ત્યાં પુરાણું વડનું ઝાડ છે. અગાઉ ત્યાં જંગલ જેવું હતું. ત્યાંના રાજાને ભગવાને સ્વપ્નમાં આવીને મંદિર બંધાવવાની આજ્ઞા કરવાથી તેણે આ મંદિર બંધાવ્યું. હવે તો વડના ઝાડનું સૂકું થડ રહ્યું છે. એના વિશે એવી કહેવત છે કે આ ઝાડ પડે તો આખી દુનિયાનો નાશ થઈ જાય. આથી, તેના થડની આજુબાજુએ પતરાં લગાવેલાં છે. મદુરાઈમાં રાજાનો મહેલ પણ જોવાલાયક છે. મદુરાઈમાં એક કુંડ છે. તેની મધ્યમાં આશરે સો ફૂટ ઊંચો દેવળ જેવો મંડપ બાંધેલો છે. તેની ઉપર ચઢવાની વ્યવસ્થા છે. તેની ઉપરથી આખું શહેર દેખાય. દક્ષિણના માણસો પણ ભાવનાવાળા છે. અને મંદિરમાં દર્શન કર્યા વિના ના જ રહે. બહેનો પણ ત્યાં ઘરેણાં વિનાની ભાગ્યે જ જોવા મળે.

તા. ૧-૮-૧૯૬૧ના રોજ સવારે મદુરાઈથી પોણા સાત વાગ્યે બસમાં બેસી કોડાઈકેનાલ લગભગ બાર વાગ્યે પહોંચ્યા. કોડાઈકેનાલ એટલે પહાડ- સાત હજાર ફૂટ ઊંચો છે. કોડાઈકેનાલ ઉપર ધુમ્મસ જેવું રહે છે અને ઠંડી પણ વધારે પડે છે. ઉનાળામાં ઘણા લોકો હવા ખાવા ત્યાં જાય છે. એમ કહેવાય છે કે દુનિયામાં આવા ત્રણ પહાડ છે. જોવા જેવા અને ફરવા જેવા. કોડાઈકેનાલ પહાડ ઉપર ખેતીવાડી પણ થાય છે. બીજાં શાકભાજીનો પાક થાય છે ખરો પણ તેમાં કેળાંનો પાક વધારે થાય છે. ગાય, બળદ અને ભેંસો વગેરે પણ પાળવામાં આવે છે. નીચેથી આપણે જોઈએ તો ઉપર જંગલ જેવું લાગે. ઉપર જઈએ તો શહેર તથા ગામડા જેવું હોય છે. કોડાઈકેનાલમાં જોવા જેવાં સ્થળો જોઈ તા. ૩-૮-૧૯૬૧ના રોજ સાત વાગ્યે ઊપડતી બસમાં બેસી મદુરાઈ સાડા બાર વાગ્યે આવી ગયા. ત્યાંથી સાંજે સાડા પાંચ વાગ્યે ટ્રેનમાં બેસી રાતના સાડા બાર વાગ્યે રામેશ્વર આવી પહોંચ્યા. ત્યાં પરસોત્તમ મહારાજની ધર્મશાળામાં જઈ થોડી વાર સૂઈ ગયા.

તા. ૪-૮-૧૯૬૧ના રોજ ચાર વાગ્યે ઊઠી રામેશ્વર મંદિરમાં દર્શન કરવાં ગયા. ત્યાં તે વખતે આરતી થાય છે. તે વખતે શંકર ભગવાનનાં તથા મંદિરમાં બધે ફરીને બધા દેવોનાં દર્શન કર્યાં. મંદિર બહુ જ વિશાળ છે. એમ કહેવાય છે કે શ્રીરામ, લંકા ગયા હતા ત્યારે પાછા ફરતી વખતે દરિયાકિનારે તેમણે શંકર ભગવાનનું મંદિર બંધાવેલું અને ત્યાં શ્રીરામની પણ સ્થાપના કરવામાં આવી હતી. ત્યાંની જગ્યા પવિત્ર ગણાય છે અને દરિયામાં સ્નાન કરવાનું તીર્થ બન્યું છે. પછી પગે ચાલીને રામેશ્વરથી બે માઈલ દૂર દરિયાકિનારે આવેલું રામઝરૂખાનું મંદિર

અમે જોવા ગયા. જમીન રેતાળ છે. ત્યાંથી દરિયાનું વિશાળ અને સુંદરતાવાળું સ્વરૂપ પણ જોવા મળે છે.

તા. ૫-૮-૧૯૬૧ના રોજ સવારે સાડા આઠ વાગ્યે કુંભકોણમ્ પહોંચ્યા. કુંભકોણમ્ આશ્રમમાં પૂજ્ય શ્રીમોટા, પૂજ્ય નંદુભાઈ, પૂજ્ય મોટી બા, પૂજ્ય મામા તથા પૂજ્ય મામી, પૂજ્ય કાંતા બા અને પ્રિય હરિભાઈ તથા બીજાં બધાંને મળ્યા. જમવાનો સમય થયો હોવાથી અમે જમી લીધું. આશ્રમ, કાવેરી નદીની સાથે આવેલો છે. આશ્રમની સાથે મોટાં મોટાં ઝાડ આવેલાં છે. સાથે જ ઓવારો છે. તેની ઉપર પૂજ્ય શ્રીમોટા માટે બેસવા માટે બેઠક બનાવવામાં આવી છે, જે બહુ જ સુંદર અને ભવ્ય લાગે છે. આશ્રમમાં પણ મોટાં મોટાં ઝાડ આવેલાં છે, તેથી તે સ્થળ રમણીય લાગતું હતું. પાંચ પાંડવ, કુંતામા અને કૃષ્ણ ભગવાન જેમ સાથે રહેતાં હતાં તેવું વાતાવરણ લાગતું હતું. પૂજ્ય મામા, પૂજ્ય મોટી બાને ભક્તોનું વર્ણન સંભળાવતા હતા. ભગવાનમય વાતાવરણ લાગતું હતું. કુંભકોણમ્થી બાવીસ માઈલ દૂર કવિ ત્યાગરાજનું મંદિર આવેલું છે. તે પણ અમે જોયું.

તા. ૮-૮-૧૯૬૧ની સવારે સાડા ત્રણ વાગ્યે બસમાં નીકળી ચિદંબરમ્માં મોટું મંદિર આવેલું છે. તેમાં દર્શન કરી સાડા અગિયાર વાગ્યે પોંડીચેરી પહોંચ્યા. ત્યાં આશ્રમમાં પૂજ્ય માતાજી સવારે સાડા છ વાગ્યે દર્શન આપે છે. અમે બે દિવસ તેમનાં દર્શન સવારે કર્યાં. તે સમયે બધા સાધકો રસ્તા ઉપર લાઇનમાં આવીને હારબંધ ઊભા રહે છે. આવી સ્થિતિમાં પૂજ્ય માતાજી લગભગ દસ મિનિટ સુધી દર્શન આપે છે. પોંડીચેરીથી અમે મદ્રાસ અને મદ્રાસથી મુંબઈ અને મુંબઈથી સુરત આવ્યા.

**(શ્રી ઝીણાકાકાની અંગત ડાયરીમાંથી સંક્ષિપ્ત)**

૧૯૬૪માં શ્રી ઝીણાભાઈ, અનિલભાઈ શાહ અને નગીનભાઈ પટેલ સાથે ઉત્તરભારતની યાત્રાએ ગયા હતા. તા. ૧૨-૧-૧૯૬૪ના દિવસે અમદાવાદથી નીકળી માઉન્ટ આબુ, અંબાજી, ઉદયપુર, નાથદ્વારા, ચિતોડગઢ, અજમેર, જયપુર, આગ્રા, મથુરા, દિલ્હી, ચંદીગઢ, ભાખરાનાંગલ ડેમ, હરિદ્વાર, હૃષીકેશ, દહેરાદૂન, મસૂરી, લખનૌ, અલાહાબાદ, બનારસ, જબલપુર, ધુંઆધાર, જલગાંવ, અજન્ટા-ઈલોરા, શીરડી, સાકુરી આ બધાં સ્થળોએ ફરીને તા. ૧૫-૨-૧૯૬૪ના રોજ સુરત પાછા ફર્યા હતા. શ્રી ઝીણાભાઈએ હરિદ્વારથી પૂજ્ય શ્રીમોટા માટે રૂ.૧૧.૭૦/-નો એક ગાલીચો લીધો હતો. ૧૯૬૮માં શ્રી ઝીણાભાઈ, શ્રી ઇંદ્રવદન શૅરદલાલ સાથે સૌરાષ્ટ્રની યાત્રાએ ગયા હતા.આમ, શ્રી ઝીણાભાઈએ ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ ભારતની યાત્રા કરી હતી.

***

## ૩૫. 'સહજ સાધના ભલી, સાધો, સહજ સાધના ભલી'

**-શ્રી ઈંદુકુમાર દેસાઈ**

પૂજ્ય ઝીણાકાકા એક અનોખું અને મૌલિક જીવન જીવ્યા છે. આશ્રમ અસ્તિત્વમાં આવ્યા પહેલાં એમનું આશ્રમમાં અસ્તિત્વ હતું. તે આજ પર્યંત એકધારું સાતત્યભર્યું ચાલ્યું આવ્યું. પૂજ્ય શ્રીમોટાએ એમની પસંદગી આશ્રમ માટે કરી, એ એમણે યથાર્થ કરી બતાવ્યું. શરણાગતિ એ અધ્યાત્મ જીવનનું એક આવશ્યક અંગ છે. અને પૂજ્ય ઝીણાકાકા એટલે 'શરણાગતિનો સાક્ષાત્ અવતાર.' એમનું મધુર વ્યક્તિત્વ, એમની અજાતશત્રુતા, કોઈ પણ સ્વજનનાં આડાંતેડાં વર્તન સામે જોયા વિના એમને એકધારા ચાહવાની એમની શક્તિ આપણા સૌને માટે પ્રેરણાદાતા છે. પૂજ્ય ઝીણાકાકા એક એવું ઉદાહરણ છે કે જે નિર્વિવાદરૂપે પુરવાર કરે છે કે શિક્ષણનું સ્તર, આંટીઘૂંટી પૂર્વકની સમસ્યાઓને ઉકેલવાની બુદ્ધિ પ્રતિભા, આંજી નાખે એવી વકતૃત્વશક્તિ એ બધાં આધ્યાત્મિક વિકાસનાં આવશ્યક અંગો નથી. આધ્યાત્મિક વિકાસનો મૂળભૂત પાયો એ હૃદયના વિકાસ ઉપર આધારિત છે. એનું દૃષ્ટાંત પૂજ્ય ઝીણાકાકા છે. નિર્મળ, નિષ્પાપ, રાગદ્વેષ રહિત, પ્રપંચોથી પર, નિખાલસ ભર્યું, ભાવ ભરપૂર હૃદય એ જ આધ્યાત્મિક વિકાસની સાચી પારાશીશી છે. એને પ્રાપ્ત કરીને પૂજ્ય ઝીણાકાકાએ તો પોતાની જાતને ધન્ય કરી છે, પણ સાથે સાથે આપણને પણ સૌને ઉજાળ્યાં છે. સુરત આશ્રમનું સુંદર વાતાવરણ પૂજ્ય ઝીણાકાકાને આભારી છે. પૂજ્ય ઝીણાકાકા આશ્રમનું એક અભિન્ન અંગ બની ગયા છે. આજના યુગને અનુરૂપ એવું શૈક્ષણિક સ્તર ના હોવા છતાં અનેકવિધ કામોને

પહોંચી વળવાની હૈયાઉકલત પૂજ્ય શ્રીમોટાની કૃપાથી એમના ઉપર ઊતરી છે.

'પૂજ્ય શ્રીમોટાની કૃપા' શબ્દ મારાં લખાણમાં આવ્યો એટલે એક વાત યાદ આવી. જેને જાહેરમાં ઉલ્લેખ કરું તો અસ્થાને ના ગણાય. આ મારો અંગત અનુભવ છે. ખરેખર કહું તો અંગ્રેજીમાં જેને ' Subjective Experience ' કહેવામાં આવે છે તેવો અનુભવ છે, પરંતુ એ એટલો સચોટ છે કે મારા હૃદયમાં તો સદાકાળ માટે અંકાઈ ગયો છે. આપણે બધાં પૂજ્ય શ્રીમોટાના ચમત્કારોમાં ખૂબ રચ્યાંપચ્યાં રહીએ છીએ એને હું ચમત્કારો નથી માનતો, પરંતુ એવો એક કાર્ય-કારણ (Cause and Effect)નો સંબંધ હોય છે એવી માન્યતા ધરાવું છું. માત્ર, આપણા સામાન્ય મનુષ્યોનાં મન એ કાર્ય-કારણ સાંકળને પકડી શકતાં નથી એટલું જ. મારા આ અનુભવને Mystic Experience હું કહીશ. (ઇંદ્રિયાતીત અનુભવ પણ ખરો) એ પ્રસંગ ઉપર સીધો જ આવું.

રવિવારે અમે બધાં સુરત આશ્રમમાં પ્રાર્થનામાં બેઠાં. પૂજ્ય ઝીણાકાકાએ જ્યારે હરિઃૐ ધૂન બોલાવવી શરૂ કરી ત્યારે છેક છેડે હું બેઠો હતો ત્યારે મારા મનમાં એક તોફાની વિચાર આવ્યો. 'પૂજ્ય શ્રીમોટાની કૃપા ઝીણાકાકામાં ઊતરી છે એની ખાતરી શી ? એમ તો હું પણ કાલે ઊઠીને કહેવા માંડું કે પૂજ્ય શ્રીમોટાની કૃપા મારામાં વહે છે. કોઈ પણ વ્યક્તિ એવો દાવો કરતું થાય તો એનો પુરાવો શો ?' આવો વિચાર આવ્યો કે તરત જ મને એક અનુભવ થયો એ આ પ્રમાણે હતો.

પૂજ્ય ઝીણાકાકા ધૂન બોલાવે ત્યારે ચારવાર હરિઃૐ બોલે અને ચારવાર આપણે ઝીલીએ છીએ. આમ, કુલ આઠવાર થાય.

તેમાં સાતમી અને આઠમી વારની વચ્ચે મને એક અવાજ સંભળાવા માંડ્યો. તબલાંની બાંયોનો અવાજ ઘણી વાર તબલચી કાઢે 'ઘુઉં ઉ...' એવો અવાજ સંભળાયો. ધૂન પૂરી થઈ ત્યાં સુધી એ ચાલ્યો. બીજા રવિવારે પણ એ જ અનુભવ. અમે નડિયાદ ગયા ત્યાં બિલકુલ બંધ. ત્યાંની પ્રાર્થનામાં એવો કોઈ અવાજ સંભળાય નહિ. ફરી પાછા જ્યારે સુરત આવ્યા ત્યારે ફરી એ જ અનુભવનું પુનરાવર્તન થવા લાગ્યું. આશ્રમમાં જેટલાં વર્ષો રહ્યો તે દરમિયાન જેટલી વાર સુરત આશ્રમની પ્રાર્થનામાં બેસવાનું થયું ત્યારે આ અવાજ મને સંભળાતો રહ્યો છે. મારે મન આ અનુભવ મારા મનમાં પેદા થયેલી શંકાના નિવારણ અર્થે પૂજ્ય શ્રીમોટાની ચેતના દ્વારા કરાયો છે. જાણે કહેતા ના હોય કે 'લે, તારી શંકાનો જવાબ'. શરૂઆતમાં તો કેટલાક નિકટના મિત્રો મારી સાથે પ્રાર્થનામાં નજીક બેસતા હોય તેમને હું પૂછતો કે સાતમી અને આઠમી વારના હરિઃૐ વચ્ચે તમને કંઈ અવાજ સંભળાય છે ? બધાંએ ના પાડી. મારા એક પૂરતો જ એ મર્યાદિત રહ્યો, કારણ કે શંકા મારી હતી. ઇંદ્રિય અનુભવ હોત તો બધાંને સંભળાત. ઇંદ્રિયાતીત હતો એટલે બધાંને ના સંભળાયો.

આમ, પૂજ્ય ઝીણાકાકા એ પૂજ્ય શ્રીમોટાની ચેતના વહન કરનાર એક કૃપાપાત્ર ભક્ત છે. એમનો આત્મા કેટલો વિશુદ્ધ છે અને ઊંચો છે. આજીવન અવિવાહિત રહેનાર વ્યક્તિને કેટલું દેહદમન કરવું પડે છે અને તેની અસર એમના કૃશ થઈ ગયેલા શરીર અને ઠીંગરાઈ ગયેલા ચહેરા દ્વારા પ્રતીત થાય છે. એની જાણ તો માનવ જીવનનું ઊંડું નિરીક્ષણ કરનાર વૈજ્ઞાનિક દૃષ્ટિકોણવાળાને જણાય છે. એવી કોઈ અસર પૂજ્ય ઝીણાકાકા

ઉપર જણાતી નથી. એમનું જીવન તદ્દન સહજ છે. કબીરે કહ્યું છે કે 'સહજ સાધના ભલી, સાધો, સહજ સાધના ભલી'. એવું એમને થયું છે. આ એમનું સહજ જીવન પણ પૂજ્ય શ્રીમોટાની ચેતનાના વહનને જ આભારી છે. એવો મારો દૃઢ વિશ્વાસ જ નહિ પણ પ્રતીતિ પણ છે.

***

## ૩૯. ' તો આપણે ખોટા '

**- શ્રી રમેશભાઈ ભટ્ટ**

સુરતના જાણીતા વકીલ મુરબ્બી અનિરુદ્ધભાઈ સ્માર્તને ત્યાં રહેવાનું બનેલું ત્યારે એમણે કહેલું કે ' રાંદેર પાસે તાપી નદીને કિનારે એક સરસ આશ્રમ છે.' એક સવારે અમે આશ્રમે પહોંચ્યા. ઝાંપામાં પ્રવેશ કરતાં જોઈને ઊંચા નારિયેળીના ઝાડ ઉપર કામ કરી રહેલા એક યુવાને ઝડપથી નીચે ઊતરીને અમને હસતાં હસતાં  આવકાર આપ્યો.

ખુલ્લું શ્યામ શરીર, આશ્ચર્યજનક તરલતા અને સ્ફૂર્તિ, બોડકું મસ્તક અને સહજ હાસ્યથી ચમકતા સફેદ દાંત - એક જ ક્ષણમાં આવી આકૃતિ સ્પષ્ટ થઈ. અમે ઑફિસ સુધી પહોંચીએ ત્યાં સુધી તો એ યુવાને હાથપગ સાફ કરીને અમને પાણી આપ્યું.

તાપી નદીના કિનારાને અડીને ઊભેલા આ આશ્રમની રમણીયતા, વૃક્ષો તથા પુષ્પોનું સૌંદર્ય, સાદાઈ અને પવિત્રતાના સંસ્કાર મને સ્પર્શેલા એ આજેય યાદ છે.

પછી એ ભાઈએ અમને કહ્યું, 'મોતા હમના અહીં નથી' સુરતી ઉચ્ચારવાળા આ શબ્દોમાંથી 'મોતા' શબ્દ મેં અહીં પહેલી જ વાર સાંભળ્યો.

એ પછી ૧૯૬૪ના ડિસેમ્બરમાં સુરતમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું સંમેલન ભરાયું હતું.  ત્યારે ત્રણ દિવસનો મૌનપ્રયોગ શરૂ થાય એ પહેલાં સ્વ. શ્રી અનંતરાય રાવળ સાથે હું આશ્રમે ગયેલો. એ વખતે પૂજ્ય શ્રીમોટા અને અનંતરાય વચ્ચે કેટલીક વાતો થયેલી. મેં મોટાને બીજી વખત જોયા. થોડીક વાર રોકાઈને

અમે આશ્રમમાંથી બહાર નીકળતા હતા ત્યારે જે ભાઈને છ વર્ષ ઉપર જોયેલા એમણે ખાદીની લુંગીને અડધી ઊંચી ચઢાવીને દોડતા હોય એટલી ઝડપથી પસાર થતા જોયેલા. એ પછી બીજાં ચાર વર્ષ પસાર થયાં. ૧૯૬૮માં પૂજ્ય શ્રીમોટા સાથે નડિયાદથી સુરત આવેલો. આશ્રમના મધ્યભાગમાં આવેલા ખુલ્લા ચોકમાં પૂજ્ય શ્રીમોટા, પલંગમાં સૂતા હતા અને વાતો ચાલતી હતી. એ દરમિયાન પેલા ભાઈ તગારામાં કશુંક ઊંચકીને પસાર થયા. બેત્રણ આંટા એમણે માર્યા હશે. મારું ધ્યાન એમના તરફ જતું હતું ત્યારે મોટાએ એમનો પરિચય કરાવ્યો.

**'આ ઝીણાભાઈ, આશ્રમનું બધું જ કામ કરે છે. સતત કામ જ કર્યા કરે છે. મારી સામું જોવાનો કે મારી પાસે બેસવાનો પણ એને સમય નથી. આ આશ્રમ સ્થપાયો ત્યારથી મેં સોંપેલું કામ એ કર્યાં કરે છે. શું એ માણસને કોઈ દિવસ માથું નહિ દુખ્યું હોય ? એને તાવ નહિ આવ્યો હોય ? પણ કોઈ દિવસ એણે ફરિયાદ કરી નથી.'**

'ઝીણાભાઈ' એ આશ્રમમાં અવિરત ગતિશીલ વ્યક્તિ હતા. મેં તો એમને ૧૯૫૮માં બોલતા સાંભળેલા. એ પછી ભાગ્યે જ બોલતા સાંભળેલા.

એક વખત ઝીણાભાઈ વિશે બોલતાં બોલતાં મોટા ગદ્‌ગદ થયેલા. આજેય મારી નજર સમક્ષ એ દૃશ્ય સુરેખ બને છે. અને મોટાએ કહેલું, ' ઝીણાભાઈએ મારું સોંપેલું કામ જે રીતે કર્યાં કર્યું છે એનું મૂલ્ય મારા દિલમાં છે, છતાં મને એમ થાય છે એના ગામ લવાછામાં એક નિશાળ એના નામથી બંધાવવી. જેથી, ગામના લોકો ભવિષ્યે જાણે કે અમારા ગામમાં એક 'ભગત થયેલા.' પૂજ્ય શ્રીમોટાના આ શબ્દો બરાબર યાદ રહ્યા છે.

૧૯૯૧માં સ્વૈચ્છિક નિવૃત્ત થયા પછી સુરત આવવાનું શરૂ થયું. એ વખતે તો પેલા ૧૯૫૮માં 'જોયેલા' ઝીણાભાઈ, હરિઃૐ આશ્રમ, સુરતના વ્યવસ્થાપક ટ્રસ્ટી-મૅનેજર બનેલા છે, પણ જે ત્વરાથી અને પ્રસન્નતાથી અમને એ વખતે પાણીનો પ્યાલો આપેલો એટલા ઉત્સાહ અને ઉમંગથી આજેય એ કામ કરે છે.

૧૯૯૧ પછી ત્રણ વાર લવાછા ગામમાં પણ જવાનું થયું. ગામલોકોનો શ્રીમોટા પ્રત્યેનો પૂજ્યભાવ જેટલો હૃદયસ્પર્શી હતો એટલો શ્રી ઝીણાભાઈ માટેનો પ્રેમાદર સંવેદ્ય હતો.

સુરત જિલ્લાના લવાછાના ગ્રામજનો તથા અમદાવાદના નરોડાના ગ્રામજનોનું જૂથ તો 'મોટા'નું ગોકુળિયું છે.

શ્રી ઝીણાભાઈ સમય બહુ સાચવે. કોઈને ત્યાં ગયા હોય અને ત્યાં કોઈ લાંબી વાતચીત કરે ત્યારે તેઓ કહી દે કે 'ચાલો જઈએ' એમનું કામ થઈ જાય એટલે ઊભા થઈ જાય, લાંબું બેસી નથી રહેતા એ મેં જોયું છે. વહેવારમાં એ બધી બાબત બહુ જરૂરી છે. અને વિશેષતા તો એ છે કે આમ તેઓ કશું બહુ ભણેલા નથી કે મૅનેજમેન્ટ અંગેનો કશો તેમને અનુભવ નથી તોપણ આવી પડેલું છે એથી ભગવાન એમને કામમાં મદદ કરે છે. મૂળ વાત એ કે મોટાની તેમને મદદ છે.

એમના વિચારમાં તથા એમના ધ્યાનમાં મોટા જ હોય છે. મોટા, મોટા અને મોટાનો આશ્રમ એટલે તેઓ ધ્યેય પ્રત્યે કેંદ્રિત છે. જે માણસ આશ્રમનું કામ કરતો હોય એના પ્રત્યે એમને બહુ વહાલ રહે. એનું બધું જ સાચવે તથા એને પૂરેપૂરો ન્યાય આપે.

બાકી તો મોટાએ તેમના ગુણો **'કૃપા'** પુસ્તકમાં વર્ણવ્યા છે. જે વહેવારવર્તનમાં મને પોતાને અનુભવાયેલા છે. તેઓએ મારે

માટે એટલું બધું કરેલું કે હું આશ્ચર્ય પામી ગયેલો. હું અહીં સુરત યુનિવર્સિટીના કામે આવેલો. સુરત આવું એટલે આશ્રમે જવાનો મારો નિયમ. એટલે પહેલાં આશ્રમે ગયો અને પછી આશ્રમને રસોડે જમીને મારા કામે યુનિવર્સિટી જવાનું હતું. અગિયાર વાગ્યા ત્યારે ઝીણાકાકાએ કહ્યું કે 'મારે પણ શહેરમાં કામ છે અને જવાનું છે, તો તમને યુનિવર્સિટી સુધી મૂકી જઉં'. એમ સ્કૂટર ઉપર બેસાડીને મને લઈ ગયા. મારે ત્યાં બે કલાકનું કામ હતું. એટલે ત્યાં ઊતરી ગયો અને કહ્યું કે 'હવે, તમે તમારે જાવ ઝીણાકાકા ! હરિઃૐ' તેઓએ મને કહ્યું કે 'તમારે અહીં બે કલાકનું જ કામ છે અને મારે પણ શહેરમાં બે કલાકનું જ કામ છે, તો તે પતાવીને અહીંયાં આવું છું. તો તમે મારી રાહ જો જો. જતા ના રહેશો.' મેં કહ્યું કે 'ના, ના. એમ ના કરતા, તમે જજો.' પછી હું તો મારા કામે ગયો અને પૂરું થતાં બહાર આવ્યો અને જોયું તો ઝીણાકાકા બેસી રહેલા હતા. આખો દિવસ આ રીતે તેમણે મારી પાછળ પસાર કર્યો. આથી, મને ક્ષોભ થઈ ગયેલો કે મારા માટે એમણે આટલો બધો સમય કાઢ્યો હતો. આ રીતે તેઓ પૂરો સ્વીકાર કરે. ક્યારેય અધૂરું-બધૂરું ના રાખે. આવી બધી કેળવણી તો એમને બહુ મળેલી. અપ્રસન્ન થવાય એવા બનાવો વખતે પણ સમતા રહે, તે પ્રસન્નચિત્ત. ક્લેશ થાય એવુંય બન્યું હોય, એમ છતાં પણ તેઓ તો 'પૉઝિટિવ' જ રહે તથા એમને જે કંઈ કહેવાનું હોય તે કહી દે. તેઓ ડંખ ના રાખે. તથા સામેનાનું નકારાત્મક એવું કદી પોતાનામાં નહિ આવવા દે.

ઝીણાકાકા, મોટાની કહેલી વાત મનમાં રાખે અને સમય ઉપર એનો અમલ કરે. કેવા કેવા જીવોને મોટા સાંકળે છે, તે

બહુ લાંબાગાળા પછી સમજણ પડતી હોય છે. આ **'કૃપા'** પુસ્તક એવું છે કે જેમાં અનાયાસે હું અને ઝીણાકાકા સંકળાઈએ છીએ. એ ચોપડી લખવાનું નિમિત્ત હું બન્યો. એટલે કે નિમિત્ત મારાથી થવાયું. મારા મનમાં એમ કે આ વાતની એટલે કે કૃપાની મને સમજણ પડે. મોટાએ પણ **'કૃપા'** પુસ્તક એ હેતુથી જ લખ્યું કે છપાવવાની મારે અને એનો ખર્ચ પણ મારે આપવો. મારી અંદરનો કચરો કૃપાએ કાઢ્યો એ વાત પુસ્તકની પાછળના ભાગમાં આવે છે.

આ કંઈ યોગાનુયોગ નથી. આ 'ડિવાઈન પ્લાન ' છે. યોગ્ય રીતે એનો સમય થાય ત્યારે એ આપણને પકવે છે. અને સમય પાક્યે એ વસ્તુ આપણા હાથમાં જુદા પ્રકાશ સાથે આવે છે. એટલે હું તો એવો અર્થ કરું કે ' મોટાની કૃપાનું પૂરેપૂરું પાત્ર ઝીણાભાઈ છે. ' પાત્ર જે ઝીલી શકે, એવા બધા ગુણો પુસ્તકની **'ભાવાંજલિ'**માં વર્ણવ્યા છે.

મોટાએ કહ્યું હતું કે ઝીણાકાકાનો આવતો જન્મ છેલ્લો જન્મ. મોટાએ કહ્યું તે તદ્દન સાચું જ એમાં ફેરફાર ના થાય. એ ના સમજીએ તો આપણે ખોટા.

***

# ૩૭. ભાવાંજલિ

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોમાં આ એક માત્ર **‘ભાવાંજલિ’** છે. બાકી, બધી જ **‘સમર્પણાંજલિ’** છે. પૂજ્ય શ્રીમોટાને શ્રી ઝીણાકાકા માટે પહેલેથી જ વહાલ ઊભરાતું હતું. એ તેમના ઉપર લખાયેલા પત્રોમાં પણ જોવા મળે છે. અનેક બનેલા પ્રસંગોમાં પૂજ્ય શ્રી ઝીણાકાકા માટે પૂજ્ય શ્રીમોટાની આંખોમાં કરુણાનાં આંસુ છલકાઈ આવતાં હતાં. પૂજ્ય શ્રીમોટા, પૂજ્ય શ્રી ઝીણાકાકા ઉપર વારી વારી જતા. આ **‘ભાવાંજલિ’** પણ ‘વહાલા ઝીણાભાઈનાં ચરણે’ અર્પણ કરેલી છે.

પૂજ્ય શ્રીમોટાએ આ ‘ભાવાંજલિ’માં સરળ શબ્દોમાં ગૂઢાર્થનું નિરૂપણ કરી દીધું છે. શ્રી ઝીણાકાકાની જીવનવિકાસ યાત્રા ૧૯૫૪થી શરૂ થઈ અને ૧૯૭૨માં ક્યાં પહોંચી તેનો સીમા ચિહ્ન (mile stone) આ ‘ભાવાંજલિ’ છે.

## અભેદાનુભવ સાધના

*નિર્મોહી પૂર્ણ નિર્લોભી, સદ્‌ભાવ-ધારી જીવને,*
*જે જે મળે બધાંનેયે ચાહ્યા કરે ખરા દિલે.*

*જેના વિના કદી ચાલે નહીં આશ્રમ કો રીતે,*
*સાથે સાચવનારા શા બધાંનાય સ્વભાવને.*

*સર્વને રાખવા રાજી પોતે શા વિજયી જ છે !*
*નિરભિમાની શા જેને, માનકેરી પડી ન છે !*

*મહત્ત્વ આગવું ક્યાંયે પોતાનું દેખવા ન દે,*
*અન્યાય કેટલા કેવા પ્રેમે સહ્યા કરેલ છે.*

*ખોટી રીતે થયા જેઓ ગુસ્સે તો એમના પરે,*
*તેવાની પર સદ્‌ભાવ, પ્રેમ તે નિત્ય ઠાલવે.*

*વઢીને ધૂળ કાઢી છે ઝીણાભાઈની જેમણે,*
*સેવા એવાનીયે પોતે હર્ષે હર્ષે કરી જ છે.*

પૂજ્ય શ્રીમોટાએ શ્રી ઝીણાકાકાને 'નિર્મોહી' કહ્યા છે, નિર્મોહી' શબ્દને અને તે દ્વારા શ્રી ઝીણાકાકાની મહત્તાને સમજવા આપણે પ્રયત્ન કરીશું. હવે પછીની પંક્તિઓમાં સમાયેલ અભેદાનુભવ સાધનાનું વર્ણન કરવામાં આવ્યું છે.

**મોહ જીતવો કેટલો મુશ્કેલ છે !**

*કોઈયે મોહના ફંદામાંથી ના છટકી શક્યા,*
*જગે એ બાબતે એક્કે કોઈ છે અપવાદ ના,*
*કોઈક ભક્ત કે જ્ઞાની જેની સંખ્યા શી અલ્પ છે !*
*અલ્પમાં અલ્પ જે એવા શા અપવાદ માત્ર તે !*

*કેમેય મોહ ના છૂટે એની જિંદગી લાંબી છે,*
*છોડાવ્યોયે ન છૂટે તે વજ્ર શો વળગેલ છે !*
*મોહની છે મડાગાંઠ જબ્બરમાં શી જબ્બર !*
*કેમેય તે ન છૂટે છે તૂટ્યો તૂટે ન તે રજ.*

ભલભલા ઘણા ડાહ્યા મોહમાં ખરડાય છે,
તપસ્વી ભરમાયા છે મોહ-સૌંદર્યને વિશે,

તે મોહનાસ્ત્ર બ્રહ્માંડે છે ફેંકાયેલ ક્યારનું,
ભલભલા મહામુનિ અંજાઈ છે ગયા બહુ,

મોહને માડીજાયો કો જીતવા ના સમર્થ છે,
છતાં વિવેકી સંપૂર્ણ સંયમે રાખી તે શકે,

**કામ, ક્રોધ, લોભ, મોહ-એકબીજા સાથે જોડાયેલા છે :-**

ઝંખના, એષણા, તૃષ્ણા, આશા, ઈચ્છાય કામના,
લોલુપતા શી ! ઈત્યાદિ મોહના ફણગા બધા,
લોભનું મોહની સાથ શું સગપણ હોય છે !
સગાં એક કુટુંબી શાં કામાદિ, લોભ, મોહ છે,

## મોહને કોણ જીતી શકે ?

ઊર્ધ્વ જીવનનું જેનું ધ્યેય જો વિકસેલ છે,
મોહથી છૂટવા વારો તેવાને આવતો જ છે.
ડંખવા કઠવાની જો અનેકવાર પ્રક્રિયા,
જીવને મોહને અર્થે, થતી રહેતી હોય જ્યાં,
મોહમાંથી પછી ધીમે ધીમે કાંઈ ચસાતું છે,
મોહથી વળવાનું તો પાછું ત્યારે જ કૈં બને.
મોહના કૈં પ્રસંગોથી ધ્રાસકો પડતાં હૃદે,
પશ્ચાત્તાપ થતાં ઊંડો મોહથી નીકળાય છે.

જીવને મોહમાંથી જો છૂટવાનું જ દિલ છે,
નિશ્ચય વજ્ર જેવો જ્યાં મરણિયો થયેલ છે .

હરિસ્મરણની જ્યારે લગની લાગી જાય છે,
જીવને મોહથી ત્યારે છૂટવાનો જ કાળ છે.
ઊર્ધ્વ જીવનની ભક્તિ લાગી જતાં ખરેખરી,
મોહાદિ ટળવા ત્યારે મેળે તો માંડતા પછી.

મોહથી બચવા જેને તમન્ના અગ્નિ જેવી છે,
તેવા શા એકલા માત્ર મોહથી તો બચી જશે.

એમના એમ કોઈથી મોહ-કિલ્લો જિતાય ના,
જ્વાળામુખી સમી એની જિજ્ઞાસા તે જીતે સદા.

કિંતુ જેને હરિભક્તિ રોમે રોમે અખંડ છે,
એવો તે એકલો પાત્ર મોહ ઓળંગવા જ છે.

## મોહ મુક્તિ ક્યારે થાય ?

મોહથી મુક્ત સંપૂર્ણ થવા, ભક્તિ ઉપાય છે,
લગાતાર લગાતાં જ્યાં ભક્તિમાં, મોહ તો ટળે.

જ્યાં ભક્તિતણું સામ્રાજ્ય, પ્રેમનું આધિપત્ય છે,
જામે જ્યાં રંગ સંપૂર્ણ હરિની ભાવના વિશે,
જ્યાં તલ્લીન, તદાકાર, જ્યાં એકાકાર લગ્ન છો,
હરિ-ભાવે, પછી મોહ ટકવાનો ન કૈં જ તો.

*સંસારી મોહ, આસક્તિ પાદપદ્મની થૈ જશે,*
*હરિના પદનો મોહ તેને પાર ઉતારશે.*

*સાધનામાં વળેલો જે તેવાને મોહ હુમલા,*
*ઓચિંતાના પડે આવી ત્યાં ગૂંચવાય તે મહા,*
*આર્ત ને આર્દ્ર પોકાર પાડે છે હરિપાદ તે,*
*કૃપાથી હરિની ત્યારે એવો ઊગરી જાય છે.*

*શ્રદ્ધાથી પ્રાર્થનાકેરો જ્યાં તે ઉદય થાય છે,*
*તેમાં જ્યારે ભળે હૈયું, ભાવ ત્યાં ઊભરાય છે.*

*મારણ મોહનું શ્રેષ્ઠ ભાવ જે ઊભરાય છે,*
*બઢે જીવનમાં ભાવ તેમ વર્તવું ત્યાં ઘટે,*
*ભાવપ્રવાહ એવો જ્યાં વહેતો પ્રચંડ થાય છે,*
*ત્યારે ત્યાં મોહ સામ્રાજ્ય તૂટી ભૂકો જ થાય છે.*

## નિર્મોહીનું પ્રમાણ - લક્ષણો

*ધક્કો કે ધ્રાસકો ત્યારે ઉશ્કેરાટ ન હોય છે,*
*ક્લેશ, કંકાસ કે એવાં બીજાં કાંઈ કશા વિશે,*
*-વળી શકે મનાદિ ના, એવી નિશ્ચિંતતા જ છે,*
*ખરો ત્યારે પૂરેપૂરો ટળી મોહ ગયેલ છે.*

*મોહ થાય પૂરેપૂરો એવું જ્યાં કંઈ હોય છે,*
*ત્યારે ત્યાં દૃષ્ટિ ને વૃત્તિ સમધારણ હોય છે.*

સ્વસ્થતા ટકતી લાગે તે આડાઅવળા વિશે,
આ બધાં લક્ષણો સૌ છે ટળ્યાનાં મોહ જાણ જે.

મોહ થાય જ તેવી જ્યાં પ્રસંગ ભૂમિકા વિશે,
ને લુબ્ધાઈ જવાયે જ્યાં સ્વાસ્થ્ય ત્યાં ટકતું દીસે,
સ્પષ્ટ ખુલ્લાપણું જ્યારે લાગે ઊગતું જીવને,
તે તે લક્ષણ તો કેવું મોહ ટળ્યાનું જાણજે !

મોહમાં તો પડાવાથી ઊંધુંચત્તું થતાં પથે,
વિવેક લાગતો કામે પ્રત્યક્ષ દૃશ્યમાન છે,
જો વ્યવસ્થિતિ બુદ્ધિમાં પાકી અનુભવાય છે,
લક્ષણ-સિદ્ધ સૌ તે તે મોહ ટળ્યાનું જાણ જે.

કર્મમાં યોગ કૌશલ્ય કર્મ પરત્વનું બધું,
જે તે ઊગ્યાં કરે મેળે તેનો મોહ ટળેલ શો !
મોહથી આવરાયેલી બુદ્ધિ મુક્ત થતાં બધી,
પ્રકાશ બુદ્ધિમાં ત્યારે ઓર પ્રકાશતો વળી !

બધાંનામાંથી સંપૂર્ણ ટળી જ્યાં મોહ જાય છે,
સ્વયંમેળ સ્મૃતિ-ભાવ ફુવારા શો ફૂટે હૃદે !
શરણાગતિ શી ત્યારે પરિપક્વ થતી જ છે !
વચન પાળવાકેરો ભાવ અંતરમાં સ્ફુરે.

જ્યારે દિલ જાગે છે ત્યારે જે તે બધું જ ભર્યું ભર્યું લાગે છે. પાર વિનાની શાંતિ અનુભવાય છે. ત્યારે કંઈ કશું કોઈ વિશે

દિલમાં અન્યથાપણું જાગી શકતું નથી. દિલમાં દિલ જાગવાનું જે બને છે, તે પ્રેમભાવના આકર્ષણ વડે તેમ બની શકે છે. હૃદયનો પ્રેમભાવ એ કંઈ જેવી તેવી શક્તિ નથી. એ તો નિર્માણ કરે છે નવજીવનની પ્રાણ ચેતનાત્મક ભાવના અને તેમાંથી જાગતી શક્તિ હૃદયમાં તે પ્રગટે છે, તે વેળા તે બીજા કશાને જાણતું પણ નથી. પરસ્પર હૃદયને એકતાર કરવાની કળા તેવા ભાવમાં એકાગ્ર અને કેંદ્રિતપણે પ્રગટેલી હોય છે.

જીવનમાં જેમ જેમ ભાવના બઢતી જાય છે તેમ તેમ ભાવનાનો વિસ્તાર સમગ્રપણે કર્મમાં પ્રતિષ્ઠા પામે તે જેમ ઘણું જરૂરનું છે તેમ પાછું તે કર્મના સંપર્કની સાથે ભળતી અને મળતી વ્યક્તિના જીવનની સાથે પણ જ્ઞાનપૂર્વક વિસ્તાર પામી તેમાં તેમાં પ્રસરીને ઐક્ય પ્રગટાવવાની ભૂમિકા જીવતી કરવાની હોય છે.

હૃદયના પ્રેમભાવનો સ્પર્શ તો અણુએ અણુમાં પ્રગટતો હોય છે. આપણા મળવાના રણકારમાં, આપણી બોલીમાં, આપણી આંખમાં, આપણી ચાલમાં, આપણા વર્તાવમાં પ્રગટી જતો હોય છે.

જગત કે સંસારવહેવારથી કે કોઈ પ્રકારના વાતાવરણથી આપણે ત્રાસી જવાનું નથી, કંટાળી જવાનું નથી કે હેરાન થવાનું નથી. સંસારવહેવારમાં આપણે ઈચ્છીએ અને ધારીએ એવી જ રીતે બધાં વર્તે એમ કદી બની શકવાનું નથી. બધાં જ જુદી જુદી રીતે વર્તવાનાં. આપણા મનને અશાંત બનાવવાને જાણે જાણી જોઈને પ્રયત્ન કરતા ના હોય તેવું પણ આપણને લાગવાનું. થોડોઘણો યજ્ઞ જે ચાલતો હોય તેમાં ભંગ પડાવવાને બધા કૂદાકૂદ કરતા હોય તેવો અનુભવ થાય તેમ છતાં આપણે તો તે તે બધાં તરફ જરાસરખું પણ લક્ષ ના આપતાં આપણે આપણાં પોતાનામાં

જ જીવતા રહી શકીએ તો જ ફાવી શકાય. માટે, આપણે જે કરવું છે, જેવા થવું છે તેનું આપણને પળેપળનું જ્ઞાનપૂર્વકનું સંચિત ભાન રહેવું જોઈએ. એવું જાગ્રત ભાન રહેવું એ પણ અઘરી હકીકત નથી. જો ધ્યેય પરત્વેની પ્રેમભક્તિ હૃદયમાં પ્રગટેલી હોય તો.

જગતમાં, સંસાર વહેવારવર્તનમાં, જેને તેને, તેના પ્રકૃતિના સ્વરૂપે તે તેમ હોવા છતાં જીવનની સમગ્રતામાં તેવા-તેવાને આપણે તો જીવનવિકાસની ભાવનાની સમગ્રતામાં સુમેળભાવે સ્વીકાર્યા કરવાનું છે. તેથી, આપણે નથી કોઈ સાથે દ્વેષ, ઈર્ષા, અદેખાઈ કે નથી કોઈ સાથે રાગ, મોહ, મદ, મત્સર આદિ વૃત્તિઓ. આપણે તો જેમાં તેમાં બધાંમાં પ્રેમસ્વરૂપે જ જ્ઞાનાત્મકપણે એની કૃપાથી ભળ્યા કરવાનું છે. બધાથી અલગ છીએ એમ સમજવામાં, ગણવામાં દોષ રહેલો છે. જે તે બધું સમગ્રપણે એક છે. એવા એકથી છૂટું પડાયું તેટલું પતન થયેલું સમજવું.

સંસારમાં જે સુમેળ નથી વર્તાતો તેનું મૂળ કારણ ભેદમાં રહેલું છે. ભેદને અભેદમાં લઈ જવાનું તો કોઈક જ રડ્યો ખડ્યો જીવ કરી શકતો હોય છે. જ્યાં જ્યાં ભેદ જણાય ત્યાં ત્યાં તે રીતે આપણે જોવાનું, સમજવાનું કે વર્તવાનું ના હોય. ભેદને વધારવાનું જરાક જો મન કર્યું તો પછી એ ભેદ જે થોડોક હશે તે વધારે ને વધારે વધ્યા જ કરવાનો, કદી પણ એકભાવે થઈ શકવાના નહિ. સમસ્ત સંસાર ભેદના વર્તનમાં ફસાયેલ છે. એમાં તેથી જ ન્યાય, અન્યાય જ્યાં ત્યાં બધે વર્તાયા કરે છે. ન્યાય અન્યાય જ્યાં સામસામે બે પક્ષે હોય ત્યાં જ સંભવી શકે. જ્યાં પક્ષ જ નથી રહેતો તો પછી ન્યાય અન્યાયપણું ક્યાં જોવાનું રહે છે ? અભેદમાં

જ આનંદ પ્રગટી શકે છે. અભેદની ભૂમિકા થયા વિના શિવના અસલ સ્વરૂપને પામી શકાતું પણ નથી.

દુ:ખ, અન્યાય વગેરે થતાં લાગણીને જરા પણ ઉશ્કેરાઈ ના જવા દેવી. તેવી વેળાએ દૃઢતાથી વધારે સ્વસ્થ, શાંત રહેવાનો હૃદયે ખ્યાલ રાખી રાખી તેવા પ્રસંગોમાં પણ મનની સમતુલા રાખીને, જાળવીને હૃદયબળ વધારવા, જીવો પરત્વે સદ્ભાવ રાખવાની પ્રત્યક્ષ કેળવણી આપવા વગેરે વગેરે હેતુ કાજે તે તે પ્રસંગો મળ્યા છે, એવી પ્રત્યક્ષ ધારણા હૃદયે જીવતી દૃઢાવાની પ્રભુની કૃપાથી પ્રાર્થના કરી કરીને શાંતિથી મથ્યા કરવું. લાગણીથી અંતરોમાં ઊંડું ઉશ્કેરાઈ જવાથી કામ બગડે છે. ઉશ્કેરાઈ જવાથી શાંતિ, તટસ્થતા, સમતા, પ્રસન્નતા આદિથી સધાયેલી ભૂમિકાનો પણ ભંગ થતો હોય છે.

જગતમાં વિરોધ શેના-શેનાથી જાગે છે ? એક તો વિચાર ભેદ, અભિપ્રાય ભેદ, માન્યતા ભેદ, સમજણ ભેદ, રિવાજ ભેદ, માન-અપમાન ભેદ, પ્રકૃતિ-પ્રકૃતિના ભેદ, સ્વભાવ-સ્વભાવના ભેદ, એવા અનેક પ્રકારના ભેદને કારણે અને ભેદના તેવા ભાનને કારણે વિરોધ જાગે છે. આપણે તો સકળ પ્રકારના ભેદને મિટાવવા બેઠા છીએ અને ભેદનો તો જ્યાં ત્યાંથી વિચ્છેદ કરવાનો છે.

કોઈ પણ જાતની અન્યથા વૃત્તિ કોઈના ઉપર આવવા દેવી નહિ અને કરવી પણ નહિ, કારણ કે એમાં પોતાનું અહિત છે. ધારો કે આપણને તેમ થવાનું સાચું કારણ મળ્યું હોય તોપણ તેમ થવાથી તે અન્યથા વૃત્તિના તેવા સંસ્કાર આપણા પોતાનામાં પડવાના છે. સાચી રીતે થતી સાધનાના ભાવમાંથી તો સદ્ભાવ પ્રગટતો રહે છે.

જીવનમાં મળતા સખત આઘાતોનું અને તે લગાડવાનું કારણ પણ આપણું મન જ છે. જગતમાં બીજું કશું જ નથી. આપણે જ્યાં ત્યાં વિસ્તાર પામેલા છીએ. જીવનમાં 'બીજા'ને માનવાથી જ બધી પીડા ઊભી થાય છે. જીવનમાં એક આપણે અને બીજો કોઈ હોય તો તે આપણો રંગીલો નટવર. આઘાત લગાડનાર પણ એ છે અને એમાંથી જીવનમાં પ્રેરવનાર પણ એ છે. કાં તો તે કાં તો આપણે, તે વિના બીજું કશું સંભવી શકતું નથી.

જે જીવ સંસારનો ના રહે અને ભગવાનનો થવા જાય તો સંસાર એને તાવવામાં બાકી રાખવાનો નથી. એવી વેળા હૃદયમાં સર્વ પરત્વે એકમાત્ર સદ્‌ભાવ જીવતો રહી શકે તેવો જીવ જ ભગવાનને વરી શકે છે. સકળ કંઈ તપરૂપે આ જગતમાં જે તે બધું છે. તપ વિના શક્તિ નથી અને ભાવ પણ નથી. માટે, સંસાર એ તો શ્રીભગવાનને અનુભવવા કાજેના યજ્ઞની વેદિકા છે.

સાધના કરતાં કરતાં તો ઘણું બધું મળે. તુચ્છકાર, અપમાન, અવહેલના, તિરસ્કાર, અદેખાઈ, ઈર્ષા આદિ નકારાત્મક પાસાં અને તે ઉપરાંત માન, અહંકારને પોષણ મળે તેવું તેવું ફુલાવાપણું, પોતે કશાકમાં પ્રગટેલા છીએ એવા ભાનનું અજ્ઞાનપણું ના હોવા છતાં હોવાપણાનું ભાન થવું, સારું સારું લાગવાપણું, જીવ પ્રકારના મનને રૂડું રૂડું લાગે તેવું તેવું આદિ ઘણું ઘણું પણ મળવાનું. માટે, સર્વ કંઈ મળે તેમાંથી જીવે તો પોતાના હૃદયની ભાવનાને તે પણ જીવનના ઘડતર કાજેની ભાવના કેમ કરીને વધારે ને વધારે મૂર્તિમંત બની આકાર લેતી થાય અને જીવનવિકાસનેપંથે દોરવ્યા કરે તે જ જીવતુંજાગતું લક્ષ હૃદયમાં પ્રજ્વલિત રાખ્યા કરવાનું છે.

## તપ

*આશ્રમની પહેલાંયે જેની પસંદગી થઈ,*
*કેવા કેવા તબક્કામાં તપશ્ચર્યા કર્યા કરી.*
*આશ્રમ કાજ તો કષ્ટો કેવાં કેવાં સહ્યાં ચહી,*
*ફરિયાદતણો શબ્દ કાઢ્યો એક્કે ન મુખથી.*
*જાત નીચોવી નાંખી છે સમર્પણે જ ભાવથી,*
*જેને સમયની ટાંચ વર્તાતી જ કદી નથી.*

*સંસારવહેવારમાં જે સહેવાનું બને તેને તપભાવનાથી પ્રેમભક્તિથી પોતાના જીવનવિકાસના યજ્ઞકાજે હૃદયના ઉમળકાથી પ્રભુની સેવાભક્તિને કાજે તે તે બધું જે સહન કરવાપણું છે, તે જ પ્રભુનાં ચરણકમળમાં અર્પવાનો અર્ઘ્ય છે, એવી ભાવનાથી જે તે બધું સહન કરવાનું છે. એવો રોજબરોજના સંસારવહેવારમાં જે તે બધા જીવ સાથે વર્તવાનો નમ્રમાં નમ્ર જીવતોજાગતો નેક દિલથી સાચામાં સાચો અને પૂરો પ્રયત્ન કરવાનો છે. એવો જે પ્રયત્ન કર્યા કરે છે તેવા જીવને કોઈ સાથે પણ કશી ફરિયાદ કરવાપણું નથી રહેતું. જો કંઈ રહે છે તો તે પોતાની જાત પરત્વે જ રહ્યા કરે છે.*

*અકળાઈ જવાથી સાધકનું કામ ઊલટું બગડે છે. જે તે કંઈ સહન કરવાનું આવે તે તપની ભાવના રાખી રાખીને પ્રસન્નતાથી જીવન કાજે સહેવાનું હોય. એવા સહેવાપણામાંથી કદી પણ ત્રાસ, કંટાળો જન્મી શકતાં નથી. ઊલટું જીવ વધારે ચેતનવાળો થઈને પ્રગટ થતો હોય છે.*

અસ્ત્રો પથ્થર ઉપર ઘસાયા વિના ધારદાર થતો નથી તેમ જીવનને તપાવ્યા વિના એની શુદ્ધિ પણ થતી નથી. શુદ્ધિ મેળવવા કાજે તપવું એ ઘણું ઘણું મહત્ત્વનું છે. તેથી, પ્રસંગોમાં શુદ્ધ થવાને હૃદયમાં હૃદયથી જીવતા જ્ઞાનભાન પ્રભુકૃપાથી સાધકે રાખવાનાં છે. જો તેમ કરી શકશે તો સર્વ કંઈમાં તેને કદી પણ નિરાશા સાંપડી શકવાની નથી.

તપ વિના કશાની પણ સિદ્ધિ થવી અશક્ય હકીકત છે, જીવનમાં તેથી તે ઘણું ઘણું જરૂરનું છે. સંસારમાં આજે જીવોને તપ નથી જોઈતું. વૈભવવિલાસ વગેરેનો ખપ છે. જરાક શ્રમ કરવાનું આવતાં માનવીનું મન ખીલેલું રહેતું નથી. તપ તો જે જીવને જીવનવિકાસ કરવો છે, પ્રભુમય જીવન જીવવું છે એને કાજે છે. તપ વિના શુદ્ધિ ના થઈ શકે. તેથી, તો વૈષ્ણવ ધર્મમાં જે તે બધું શ્રીભગવાનને ધર્યા વિના કશું ના લઈ શકાય. એને જે તે બધું સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ પ્રેમભક્તિભાવે ધર્યા કરવાનું હોય અને એમ ધરવા જતાં એને હૃદયના પ્રેમભક્તિભાવે ધરવાપણાના જ્ઞાન વિનાનો જો બીજો કશો વિચાર ઊપજ્યો તો તે બધું અજીઠું થયેલું ગણાય. શ્રીપ્રભુને તો સર્વાંગ શુદ્ધ જે હોય તે પણ હૃદયથી હૃદયની પ્રેમભક્તિજ્ઞાનથી ભરપૂર હોય, તેવું ધરાવેલું એને ખપમાં લાગે છે. એવા શુદ્ધ સમર્પણથી જીવનનો વિકાસ થતો રહે છે. માટે, જે જે કંઈ મનમાં થયા કરે, તે તે એને ચરણકમળે પ્રેમભક્તિજ્ઞાનભાવે ધર્યા કરીએ અને એવું ધર્યા કરવામાં નિર્મળ શુદ્ધિ જાળવ્યા કરીએ તો આંતરિક ભાવના વધારે ને વધારે દૈવી બનતી જાય છે.

સદ્‌ગુરુમાં પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક આપણાં સકળ રોજિંદાં થતાં રહેતાં કર્મોમાં આપણે જીવતાજાગતા રમ્યા કરેલા હોવા જોઈશું.

પોતાનાં મળેલાં કર્મોને ઉત્તમમાં ઉત્તમ રીતે કરી કરી તે દ્વારા તેમને પ્રસન્ન કરવાનો અને યજ્ઞભાવે સમર્પણ કર્યા કરી પોતે કૃત કૃત્ય થઈ એના ઉપર વારી વારી જઈ એનામાં સતત પળેપળ જાગૃતિપૂર્વક જીવ્યા કરવાનો યજ્ઞ તો અખંડપણે આપણામાં જ્ઞાનપૂર્વક જીવતો રહ્યા કરતો હોવો જ જોઈશે.

સદ્‌ગુરુના શરીરની સેવા કરવી તે માત્ર ભક્તિ છે, તેમ કદી ના જાણવું, પરંતુ એની ચેતનાત્મક ભાવનાની ધારણા આપણા હૃદયમાં પળેપળ જીવતી રહ્યા કરે તેવી ધારણાથી આપણને જેમાં તેમાં ઊંચે તર્યા કરવાનો પ્રત્યક્ષ તે તે વેળા જ્ઞાન પ્રગટ્યા કરી તે તે કર્મ યજ્ઞભાવે થયા કરે, તે તે કર્મ પાછા શ્રીપ્રભુચરણકમળે સમર્પણ થયા કરે, અને તેવાં કર્મો શ્રીપ્રભુપ્રીત્યર્થે થયા કરે – એવું – એવું જ્ઞાન તે તે કર્મ કરતી પળે આપણામાં જીવતુંજાગતું રહ્યા કરે તે જ સદ્‌ગુરુની સાચી પ્રેમભક્તિ છે.

## કર્મયોગ

પ્રત્યેક કર્મને માટે શી તે તત્પરતા ધરે!
જેનું તેનું ચીંધ્યું કર્મ ઉત્સુક કરવા હૃદે,

ભાગીને છૂટવા વૃત્તિ કશામાંથી ન એમને,
પૂરા ઉત્સાહી, ખંતીલા મળેલા કર્મને વિષે.

ગમે ત્યારેય શા પોતે તૈયાર, સાબદા રહે,
નીરોગી, સાવ નિષ્ક્રોધી, કર્મની પટુતા દિલે.

બધાંયે કર્મની કેવી શી આવડત એમને,
ના કશું કરવાની ના એમને મુખ નીકળે.

સદાયે હસતા કેવા ! કર્મ વ્યાસંગમાં રમે,
નવરું બેસી રહેવાનું જેને કદીય ના ગમે.

આપણા બધા જ આગ્રહો, મમતા, ઈચ્છા વગેરે બધું જો આપણે ટાળવાનું હોય તો બીજાનું કહ્યું કરવામાં આપણા બધા મતો, મમત્વ, ઈચ્છા, આગ્રહ વગેરે વગેરે ટાળવાનું તે એક મોટામાં મોટું સાધન છે. તેમના હૃદય પ્રમાણે વર્તવામાં આપણને જ્યારે સંપૂર્ણ સંકોચ જતો રહે, અને મનમાં તે બાબતનો કશો વિચાર પણ ના ઊપજે, અને તેમ વર્તવામાં આપણા આગ્રહો, મમતા અને જીવપ્રકારની વૃત્તિઓને ટાળી દેવાની આ એક ઉત્તમ સાધના છે એવું જ્ઞાનભાન જાગી જાય, તો તેવા જ્ઞાનપૂર્વકના વર્તનમાંથી જીવનની સાધનામાં ઘણું ચેતન પ્રગટી જાય. વળી, આમ કરવામાં બેવડો લાભ છે. બીજાનો સદ્ભાવ અને પ્રેમભાવ આપણા પરત્વેની શુભ લાગણી તેમનામાં પ્રગટે છે અને તેમની ભલી લાગણી તથા સહાનુભૂતિ પણ આપણને સાંપડે છે. આ બધું આપણને ઘણું ઘણું મદદકર્તા થઈ પડે છે. અને આપણને ઘણી સરળતા મળ્યા કરે છે.

કોઈનું પણ કહ્યું કરવામાં, તેમની પરત્વેનો સ્વીકારવાની ભૂમિકાવાળો - હૃદયનો સદ્ભાવ માગી લે છે. આમ, જ્ઞાનપૂર્વક વર્તવા જતાં આપણે સંપૂર્ણપણે શૂન્ય બનવું પડશે.

કર્મથી કરીને અને પ્રસંગથી કરીને આપણું મન કેટલું કેળવાતું ગયું છે, તેની આપણને સમજણ પડતી જવાની. કશાથી ભાગવાનું નથી. માત્ર દરેક પ્રવૃત્તિ કે પ્રસંગ આપણને વેગ આપે અને આપણા માર્ગમાં મદદરૂપ થઈ પડે તેવી રીતે તેનો ઉપયોગ કરી લેવા માટે તે મળેલો છે, એવું અનુભવવાનું છે. પ્રસંગમાં અને

પ્રસંગથી મન અને વૃત્તિની કેળવણી કરવાનું આપણે જાગ્રત ભાન રાખવાનું છે.

જે કામ કરવાનું આવેલું છે તે કર્યાં જ કરવામાં પૂરેપૂરો જે પોતે મશગૂલ રહે છે, તેવો જીવાત્મા તે કાર્ય પરત્વેની ગૂંચ, મુશ્કેલી આદિને ઉકેલવાની શક્તિ તે કાર્યના કાર્યરતપણામાંથી મેળવી શકે છે. કર્મ કરવામાંથી કર્મ કરવાની આવડત પણ પ્રગટે છે. સાધક માટે ભાવ એ જ મહત્ત્વનો છે. એને ખરેખરો ચેતનવંતો ભાવ પ્રગટેલો રહ્યા કરે તો કર્મ પણ યોગ્ય પ્રકારે થયા કરવાનાં છે. કર્મ યોગ્ય પ્રકારનાં થયા કરે અને તેમાં વ્યવસ્થા પ્રગટે તેના ઉપર એકને મહત્ત્વ ના આપતાં કર્મ કરતાં કરતાં મનમાંનો ભાવ આપણી સાધનાને અનુકૂળ અંતર્ગતપણે વહ્યા કરે તેને મહત્ત્વ આપ્યા કરવાનું છે. કર્મ કરવાની કુશળતા એકાગ્રતામાંથી પ્રગટે છે. ભાવનાનું જેમ જેમ એકધારું વહેવાનું બન્યા કરે છે તેમ તેમ તેમાંથી સૂઝ પણ પ્રગટતી રહે છે. એકાગ્ર અને કેંદ્રિત થવાથી જે પરમ ચેતન છે, તેની સાથે હૃદયનો તાર સંધાય છે. એટલે તેવી સ્થિતિમાંથી હૈયાની સાચી ઉકેલની સૂઝ પ્રગટે છે. તેવાની બુદ્ધિ મોહ-કલિલયુક્ત હોતી નથી. જેમાં તે પ્રવેશે તેને વીંધી તેની પાર સોંસરવી તે નીકળી જાય છે.

જો આપણામાં શાંતિ, સમતા, તટસ્થતા, સદ્‌ભાવ, પ્રસન્નચિત્તતા આદિ ગુણો કેળવાયેલા હોય તો તેવી યોગ્ય પ્રકારની સૂઝ આપોઆપ આપણને પ્રગટ્યા કરે છે. અને તેવી સૂઝ પ્રગટવાથી કરીને આપણા આનંદમાં ઉમેરો થતો જાય છે, કોઈ નવા પ્રકારનો આહ્‌લાદ હૃદયમાં પ્રગટે છે. શ્રીભગવાન ઉપર તેથી કરીને આપણું હૈયું વારી વારી જાય છે. અને 'તે આપણી કેટકેટલી દેખભાળ રાખે છે.' એમ આપણને લાગ્યા કરે છે.

જે જીવે જીવનવિકાસ કરવાનો આદર્શ હૃદયથી નક્કી કર્યો છે, એવા જીવે આળસ-પ્રમાદ સેવે જરા પણ ચાલવાનું નથી.

પળેપળનો જ્ઞાનભક્તિપૂર્વક સદુપયોગ એણે કરવાનો રહે છે. કાળ તેનો નથી પણ શ્રીભગવાનનો છે. જેમ પારકી ચીજ આપણે ઉછીની લાવ્યા હોઈએ છીએ તો તેની કેટલી સંભાળ રાખતા હોઈએ છીએ ? બેળે બેળે, ત્રાસીને, કંટાળીને ના છૂટકે કર્મો કરવાની કુટેવને આપણે ફગાવી દેવી પડશે. જે કર્મ આવી પડ્યું હોય, તે કર્મને વ્યવસ્થિત રીતે ઉત્તમમાં ઉત્તમ રીતે કેમ થાય, કે જેથી કરી વહાલા પ્રભુનાં ચરણકમળમાં તેની ભેટ ધરતાં, તે આપણા ઉપર ઘણો પ્રસન્ન થાય, એમ વિચારી વિચારી હૃદયમાં ઊલટભેરનો પ્રેમભાવ પ્રગટાવી, એકમાત્ર એને રીઝવવાને કાજે, કર્મને ઉત્તમમાં ઉત્તમ ભાવે અને ઉત્તમ રીતે કરવાનાં છે.

હોવાપણાની સભાનતા આપણને જ્યારે થાય એટલે પ્રસન્નતા. એટલે કે 'આપણે આત્મા છીએ'. એ હોવાપણાની સભાનતા આપણને થઈ કે પ્રસન્નતા આપણને આપમેળે પ્રગટે. જેનામાં પ્રસન્નતા આવતી જાય છે, તે તટસ્થ થતો જાય છે. બુદ્ધિ પ્રગટે, બુદ્ધિ પ્રગટે એની સાથે એના પ્રાણ પ્રગટે. પ્રશ્નો જ્યારે ઉદ્‌ભવે ત્યારે એનામાં એ સરળતાથી તટસ્થતા, બુદ્ધિ, પ્રાણ, વિવેક આ બધાં ખીલેલાં હોય છે. કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર, રાગ, દ્વેષ આ બધાથી મુક્ત વેગળા થવાનો માર્ગ પ્રસન્નતાને લીધે મળે છે. પ્રસન્નતાવાળો માણસ કોઈ કાળે આળસુ નથી. તે હંમેશાં ઉદ્યોગી, ઉદ્યમી, ખંતવાળો, ધીરજવાળો રહેશે.

જેમ જેમ સાધનાનો ભાવ જીવનના અંતર વિકાસમાં ઊંડો ઊંડો પ્રવેશ પામતો જાય છે અને સાથે સાથે સમજણપૂર્વક વિસ્તાર

પણ પામતો જાય છે તેમ તેમ જીવની જીવનદૃષ્ટિ પણ બદલાતી જાય છે. અને તે વેળા એની પ્રસન્નતા સદાય અખંડિત રહ્યા કરે છે. એવો જીવ કદીયે ક્ષુલ્લકતામાં પ્રવેશી શકતો નથી. સાધનાની તપશ્ચર્યામાંથી જીવ જે દશા પામે છે અને તેમાંથી પ્રસન્નતાનો જે ભાવ પ્રગટે છે તેમાં પ્રત્યક્ષ શક્તિનો અનુભવ પણ થયા વિના રહેતો નથી. જીવની તે કાળની પ્રસન્નતા ખાલી મોકળાશ કે હળવાપણું કે શાંતિ નિશ્ચિંતતા કે મોકળું હાસ્ય એટલું જ માત્ર નથી હોતું અને સાધનાની ભૂમિકામાં એક પછી એક ડગલાં ભરવામાં સાધનાના માર્ગમાંથી જ મળેલી પ્રસન્નતા અને શક્તિ ઘણી પ્રેરણાત્મક નીવડે છે.

પ્રસન્નતા એટલે એક જાતનું નિરાંતપણું, મનનું ખુલ્લાપણું, સરળપણું, સહજપણું. જેને ચિંતા હોવાનાં પૂરતાં કારણો અને સંજોગો હોવા છતાં જેને તેમનો કશો ભાર લાગતો નથી એ સ્થિતિને પ્રસન્નતાની સ્થિતિ કહેવાય. પ્રસન્નતા એ કંઈ ઊભરાની સ્થિતિ નથી કે ઊર્મિનું વેવલાપણું પણ નથી. પ્રસન્નતામાં સ્થિરતા છે, ધીરજ છે, સમતા છે. સતત વિકાસ માટેની અંતર દૃષ્ટિ જેમાં ખીલેલી છે અને જેમાં આત્માનો પ્રગટ ઉલ્લાસ છે. પ્રેમની સ્નિગ્ધતા, આર્દ્રતા, કોમળપણું પણ છે. અને તે ઉપરાંત, કર્મો પાર પાડવા માટેના ઉકેલની ચાવી પણ તેમાં છે. પ્રસન્નચિત્ત માનવી કામનો સવેળા ઉકેલ કુશળ રીતે કરી શકે છે. શોક અને હર્ષના ઊભરાનો પ્રસન્નચિત્ત જીવ વિવેકથી ઉપયોગ કરે છે. તેનામાં તે ભળી જતો નથી કે તેને વશ થઈ જતો નથી. પ્રસન્નચિત્તને કશા કંઈના ઝાઝા વિચારો આવતા નથી કે કશાની ગડભાંજ પણ હોતી નથી કે કોઈ પ્રકારની અમૂંઝણ પણ રહેતી

નથી. તેને કામ આવતાં તેનો ઉકેલ કરીને નિશ્ચિંતપણે પાછો તે બેસી જાય છે. પ્રસન્નતામાં નિશ્ચિંતતા અપાર રહેલી છે. પ્રસન્નચિત્ત માનવીને એક પ્રકારની સુખદ, કુમાશભરી લાગણી રહ્યા કરે છે. એનો સ્વભાવ નીતર્યા પાણી જેવો હોય, ગમે તેવી પરિસ્થિતિ મળતાં તેની પ્રસન્નચિત્તતા ઘવાતી નથી.

પ્રસન્નતાના ભાવમાંથી તત્પરતા, પરાયણતા, વાણીનું સ્પષ્ટપણું અને કઠોરતાનું લય થવું, મધુરતા આવવી, સત્યને ઉદ્‌ભાવવું અને અસત્યને પોષણ ના આપવું, જ્ઞાન વિશે ઉત્સાહ, મિત્ર વિશે નિષ્કપટતા, વડીલો પરત્વે આદર અને હૃદયની માનની લાગણી, ગુરુ વિશે વિનયભાવ, ચિત્ત વિશે ગંભીરતા, ગુણો વિશેની રસિકતા અને પ્રભુ વિશેની પરમ ભક્તિ એ બધા ભાવો ધીરે ધીરે તેમાંથી ફળતા જતા અનુભવી શકાય છે. પ્રસન્નચિત્ત, બુદ્ધિની ગૂંચવણથી કે દલીલોના માર્મિક ભારથી કદી લદાઈ જવાનો નથી. પ્રસન્નચિત્તને દરેકના મર્મની સમજણ પડતી હોય છે.

પ્રસન્નચિત્ત હોવું એટલે જ આત્માના સ્વભાવને વ્યક્ત થવાપણું, આત્માના ગુણનું, પ્રાદુર્ભાવ થવાપણું, આત્માના પ્રભાવની સતત અસર એ સદા સર્વદા નિરાંતવાળો રહ્યા કરે છે, પ્રસન્નચિત્ત જેનું છે તે જ મોકળા હાસ્યનો સહજપણે ઉપયોગ કરે છે. હાસ્ય અને મધુરું સ્મિત એ એનું એક પ્રકારનું બાહ્ય લક્ષણ પણ છે. પ્રસન્નચિત્ત ઝાઝો વાતોડિયો પણ ના હોય કે મૂંગો પણ ના હોય. એની વાણી નદીના પ્રવાહની જેમ સરખાપણે વહેનારી, અર્થગાંભીર્યવાળી અને કદીક વિનોદયુક્ત પણ હોય. વાણીમાં ક્યાંયે કટુતા ના હોય, પણ સ્પષ્ટતા અને સ્પષ્ટ વ્યક્તત્વ પણ પૂરેપૂરાં હોય.

જેને જે કહેવાનું હોય તે તેને વાસ્તવિક અર્થમાં સ્પષ્ટપણે કહે. તેને પેલો બીજો જીવ કટુ કે કઠોર માને તો તે માનવા દે. એની વાણીમાં જીવતો સંસ્કારનો પ્રાણ છે. પ્રસન્નચિત્તના ભાવની અસર લાગ્યા વિના રહેતી નથી. એનો કોઈ ઓર પ્રકારનો નશો પણ હોય છે, પણ એ નશો એને મદાંધ નથી બનાવતો. જીવનની ખુમારી વધારે છે. જીવનમાં મળતા જતા કોઈ પણ કર્મ અંગે બેદરકારી અને બેકાળજી કે લાપરવાપણું કદી ઉદ્ભવતું નથી. પ્રસન્નચિત્તને કોઈ પણ પ્રશ્નના ઉકેલને માટે બુદ્ધિ તાત્કાલિક, સહજપણે મદદમાં આવે છે. એને ઝાઝો વિચાર કરવાપણું રહેતું નથી. આપો આપ એને સૂઝે છે. તે તરત જે તે બધું કળી જાય છે. એને ગમે તે રીતે ઉકેલની સૂઝ પડી જાય છે. પ્રસન્નતાનું મૂળ, પ્રેમ, શ્રદ્ધા, આશા અને ધૈર્યમાં રહેલું છે.

## નમ્રતા

કળા, કુનેહ સૌ કર્મે, હોશિયારી બધી રીતે,
છતાં ચ્હેરા પરે એવું કળાયે છે ન કો' રીતે.

વિનયશીલ, મર્યાદા ઓળંગે નવ કોઈની,
નમ્રતા એમના જેવી મળે ભાગ્યે જ કોકની.

સાધનામાં વિકાસ કરવા કાજે નિરહંકાર પ્રગટવો અગત્યનો છે. જ્ઞાનપૂર્વકની નમ્રતા પ્રગટ્યા કરે તો ઘણા પ્રકારની પકડોમાંથી મુક્ત થઈ શકાય. એવી નમ્રતા જીવનમાં જ્યારે પ્રગટે છે ત્યારે તેને બધાની સાથે બની શકે છે. એવી જ્ઞાનભક્તિયુક્ત જીવનમાં પ્રગટેલી નમ્રતામાંથી સર્વ પરત્વે નીતરતો સદ્ભાવ અને સમત્વ

પ્રગટે છે. નમ્રતા પ્રગટ્યા વિના સદ્‌ભાવ અને સમત્વ પ્રગટી શકતાં નથી. જેને કોઈ પણ પ્રકારનું કંઈ કશા ઉપર તો 'હુંપણું' પ્રગટેલું હોય છે કે અભિમાન હોય છે કે કોઈ પણ પ્રકારની સમજણનો ફાંકો હોય છે, તેનામાં નમ્રતા પ્રગટવી ઘણી અઘરી છે. નમ્રતા પ્રગટવાને કાજે નિરાગ્રહી, નિરાસક્ત બનવું ઘણું જરૂરી છે. જ્ઞાનયુક્ત પ્રગટેલી નમ્રતા બીજાનામાં પ્રવેશ પામી શકે. સાચા નમ્ર માનવીને બીજા જીવ તેના યથાર્થપણામાં ના સમજી શકે તેનો કશો વાંધો હોતો નથી. નમ્રતાનો ગુણ કેળવવો એટલા માટે ઘણો ઘણો જરૂરનો છે. જોકે આત્યંતિક દશામાં શૂન્યાત્મક નમ્રતા એ તો આત્માનો સહજ ગુણ છે, સ્વયં પ્રકાશ પણ છે, પરંતુ તે દશા થતાં પહેલાં આપણે જીવપ્રકારની દશામાંથી હઠવાનું છે અને તેટલા માટે નમ્રતાનો ગુણ કેળવવાનો છે. અનેક પ્રકારની મડાગાંઠો, માન્યતાઓ, ટેવો, આગ્રહો વગેરે વગેરેથી જો મુક્તિ મેળવવી હોય તો તે નમ્રતા પ્રગટ્યા વિના નહિ બની શકે. સાચો નમ્ર માનવી તો સંપૂર્ણપણે મુક્ત થતો જતો હોય છે.

જાગ્રત સાધકના પ્રત્યક્ષ વહેવારવર્તનમાં પણ એના જીવનધ્યેય પરત્વેની નિષ્ઠા અંતરમાં અંતરથી સઘનપણે એકધારી જીવતી રહ્યા કરતી હોય છે, અને કર્મમાં માત્ર કોરા કર્મનું ભાન એવા જીવને કદી પણ હોતું નથી. કર્મના તેવા પ્રકારના જીવનું જ્ઞાનભાન તો કર્મને પ્રેમભક્તિપૂર્વક કરતાં કરતાં તેમાંથી યજ્ઞ-નારાયણની શક્તિ પ્રગટે અને તેનો પ્રસાદ પોતે આરોગે તેવી તેની જીવનની નીતિ રીતિ પ્રમાણેનું હોય છે. શ્રીભગવાનને ચરણકમળે જે તે બધું પ્રેમભક્તિથી જ્ઞાનપૂર્વક તે સમર્પણ કર્યા કરે છે. તે કશું જ પોતાના તરીકે રાખતો હોતો નથી.

આવો જેને જ્ઞાનપૂર્વક અભ્યાસ રહે છે, તેનામાંથી દ્વંદ્વાદિ મોળા પડતા જાય છે. તેનું અહમ્ આપમેળે પીગળે છે અને નમ્રતાનો સહજ ગુણ તે પછી તેનામાં છતો થઈને પ્રવર્તતો અનુભવાય છે. નમ્રતા એક રીતે તો કેળવી કેળવાઈ શકાતી નથી, કારણ કે નમ્રતા તો સહજપણાની સ્થિતિમાંથી પ્રગટે છે. એવી નમ્રતામાંથી તો તેજસ્વિતા, શૌર્ય, પરાક્રમ, બળ, હિંમત, સાહસ આદિ ગુણો પ્રગટતા હોય છે. નમ્રતા એટલે કાયરપણું મુદ્દલે નહિ. નમ્રતા એટલે આચાર વિચારના નિયમોનું શુષ્ક પાલન અને ઘરેડ પ્રકારના માન આદર આપવાની નીતિ રીતિ પણ નહિ. નમ્રતા તો આત્માનો એક ગુણ ગણાય.

સાધનામાર્ગના થવા કાજે જ્ઞાનપૂર્વક રજથીયે રજ થવાની જરૂર છે. નમ્રતા તો શૂન્યતાનીએ પાર થાય તે ઘણું જરૂરનું છે. નમ્રતા એટલે પોતે કશું જ નથી – એકમાત્ર ભગવાન જ છે, એવી નિષ્ઠાપૂર્વક જ્ઞાનપૂર્વક ભાવના તે.

જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં હંમેશાં અંતર્ગત વહી રહેલી 'હુંપણાની' વૃત્તિ હોય છે. સંસારના વિધવિધ અનુભવોથી જ્યારે એમ અંતરમાં સમજાય છે કે જે જે કંઈ બને છે કે બની રહ્યું હોય છે તે આપણી નહિ પણ ઈશ્વરની ઈચ્છાને જ આધીન છે. ત્યારે સંસાર પ્રતિનું 'હુંપણું' મોળું પડે છે. જગત પ્રત્યે ઊંડી ઉદાસીનતા અને વૈરાગ્યની ભાવના પ્રગટે છે. શ્રીભગવાનની ઈચ્છા વિના એક પાંદડુંયે હાલતું નથી. એવા જ્ઞાનમાંથી જ સાચી નમ્રતા જન્મે છે.

શૂન્યતા એ નમ્રતાનું માપ છે. શૂન્યતા એટલે અહમ્‌તાનો સર્વાંશે લય. જેનામાં લેશ પણ અહમ્‌તા કે અભિમાન નથી રહ્યું

તેને જ નમ્રતા વરે છે. એટલે નમ્રતા તો જીવની ઊર્ધ્વગતિના અને સ્થિતિના પરિણામનું એક લક્ષણ છે.

અહમ્‌તા પોતે જ કદી કદી તો નમ્રતાનું રૂપ ધારણ કરીને પોતાનો વેશપલટો છુપાવી રાખે છે. એની ચાલબાજીની કોને સમજણ પડે ?

બધી ઈંદ્રિયો અને મન તથા પ્રાણ સમગ્રપણે જ્યારે મૌન સેવે છે ત્યારે જ નમ્રતાનો ગુણ સાત્ત્વિકપણે જીવનમાં સાકાર થાય છે. જીવનવિકાસને યોગ્ય એવી નમ્રતાના સહજ, સતત પરિશીલનથી જીવન આપોઆપ સાધનામય બની જાય છે અને એમ થતાં થતાં કોઈ પરમ ગૂઢ અંતરશક્તિના પ્રદેશમાં મન પ્રવેશી ત્યાં પ્રશાંત થાય છે.

## નિઃસ્પૃહતા

'પ્રાણ આશ્રમના પોતે, છતાં પોતે ન કૈં જ છે',
એ રીતે જીવતે વર્તે, પોતે નિઃસ્પૃહી સાવ છે.

'મરતાનેય કદી ક્હે ના મેર' એવા મનુષ્યને,
સંસારે વિરલા કોક ઝીણાભાઈ સમા મળે.

પ્રતિષ્ઠા, કીર્તિની જેને સ્હેજે પડી નથી જગે,
સંબંધ આગવો પોતે બાંધવાનું ન તે ચહે.

જીવનમાં નિઃસ્પૃહતા પણ આપણે કેળવવાની છે. કંઈ કશા સાથે લેવા દેવા નથી એવો એનો સ્થૂળ અર્થ અહીં નથી. આપણે જે કરવાનું છે, તે અનાસક્તિપૂર્વક કરવાનું છે, નિર્મમત્વ

કેળવીને કરવાનું છે, નિરહંકારી થઈને કરવાનું છે, પ્રેમભક્તિ-પૂર્વક જે તે કંઈ સમર્પણ કરતાં કરતાં શ્રીપ્રભુપ્રીત્યર્થે કરવાનું છે, અને જો આમ સાચા ભાવથી અને સાચી રીતે દિલથી કરતા રહીશું તો નિઃસ્પૃહતા પણ કેળવાતી જવાની છે. નિઃસ્પૃહતામાં એક જાતની રચનાત્મક ઉદાસીનતા પ્રગટેલી રહે છે. આ ઉદાસીનતામાં નકારાત્મક ભાવ નથી. નિઃસ્પૃહતાનો ગુણ જ્યારે કેળવાય છે અને એમાં જ્યારે શક્તિ પ્રગટે છે અને એથી કરીને જ્યારે તેમાં ચેતન પ્રાણ પ્રગટે છે, ત્યારે સકળ કંઈ કરતાં કરતાં તેમાં બંધાઈ જવાતું નથી. અથવા તો તેની છાયા પણ કે અસર પણ આપણામાં પ્રગટતી નથી. વિચારનું બંધન પણ નડતું નથી અને જીવનવિકાસની ભાવનામાં એકાગ્ર અને કેંદ્રિત થવામાં રસ પ્રગટે છે, અને તે પછી કોઈ પણ પ્રકારના ઉપરછલ્લા માનસના થરમાં તેનો રસ પ્રગટતો નથી.

જ્યારથી સાધકને જીવન જીવવામાં ખરેખર રસ પડવા માંડે, ત્યારથી એણે એ પંથમાં ડગ ભરવાં માંડ્યાં અને ભક્ત થવાની શરૂઆત થઈ. એમ પહેલાં જ્યારે પૂરેપૂરો અખંડ રસ પળેપળ પ્રગટેલો જામેલો રહ્યા કરે અને પળેપળ એવી જીવંત ચેતનની સ્થિતિમાં રહેવાયા કરાય ત્યારે જ ભક્ત, સાચો ભક્ત થયો ગણાય.

ઉદાસીનતા, નિઃસ્પૃહતા, તટસ્થતા, અનાસક્તિ જો સાચા ભાવથી પ્રગટી તો આપણે ધ્યેયના વિષય સિવાય અન્ય બાબતમાં અડફંટે ફંટાઈ જઈશું નહિ. ધ્યેય પરત્વેની પૂરેપૂરી નિષ્ઠા એટલે કે તેમાં આત્મનિષ્ઠા થતાં તો તે પ્રમાણે સદાય વર્તાય, તે પ્રમાણેનો ભાવ નિરંતર રહ્યા કરે. વૃત્તિઓ જીવદશાના પ્રકારમાં કદી પણ વહન ના કરી શકે અને આત્મનિષ્ઠાના ભાવમાં તદાકાળપણે

વર્ત્યા કરે એટલે કે મંદબુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ અને છેવટે શરીરમાં પણ એનાં ઝીણામાં ઝીણાં સ્પંદનમાં, તંતુએ તંતુ અને રોમે રોમમાં તે શ્રદ્ધા પ્રસરી જાય અને તે સ્થાયીભાવનું રૂપ લે ત્યારે જ સાચી આત્મનિષ્ઠા થયેલી છે એમ ગણાય.

બુદ્ધિના પૂર્વગ્રહો, સંસ્કારની સમજણો, માન્યતાઓ, મતાગ્રહો, અહમ્ યુકત મંતવ્યો એવા એવા એના તરંગો તટસ્થ ભાવે જોયા કરવા. ઉદાસીનવૃત્તિથી એની પરત્વે આપણે નિઃસ્પૃહી થવું અને રહેવું. એમ બુદ્ધિને શરણભાવમાં પ્રગટાવવા પ્રેમથી મંથન થવા દેવું. સાધનાના એકધારા થતા રહેતા પ્રયાસથી જે ભાવ પ્રગટે છે તે ભાવનું જ્ઞાનપૂર્વક અનુશીલન, પરિશીલન થવાથી તેમાં જે નિરંતરતા પ્રગટે છે, તેનાથી આધ્યાત્મિકતા પ્રગટવાની છે.

નિઃસ્પૃહ થવાયા વિના તટસ્થતા કદી જન્મી શકે નહિ અને નિઃસ્પૃહતા ત્યારે જ પ્રગટી શકે કે જ્યારે :-

**विहाय कामान् यः सर्वान् पुमांश्चरति निस्पृहः ।**

નિઃસ્પૃહ ક્યારે થઈ શકાય તેની ગીતામાતા ઉપર પ્રમાણે વ્યાખ્યા આપે છે. સર્વ પ્રકારનાં કામને છોડી દેવાય એટલે કે તેમાંથી મુક્ત થવાય ત્યારે તો આપણામાં હજી નિઃસ્પૃહતા ખીલે અને નિઃસ્પૃહતા પ્રગટે તો જ તટસ્થ રહી શકાય. અને જેનામાં તટસ્થતા પ્રગટેલી છે એવો જ માનવી સાચો વિવેક કરી શકે અને એવો ખરેખરો વિવેક જ્યારે પ્રગટેલો હોય ત્યારે જ કોને સહકાર આપવો, કોને ના આપવો અને કોને ઈનકાર કરવો તેની સભાનતાની જાગૃતિ પ્રગટી શકે.

સાધનાની સફળતાની ચાવી તો અહંતાથી મુક્ત થવામાં રહેલી છે. નિરાગ્રહીપણું જો જ્ઞાનપૂર્વક રાખી શકવાનું બની શકે તો અહંતાથી મોકળું વહેલું બની શકાય. ક્યાંય કશામાં પોતાપણાના આગ્રહ આમ કે તેમ મુદ્દલે ના રહી શકે એવું મનનું, બુદ્ધિનું, પ્રાણનું જીવતુંજાગતું વલણ રહી શકે, તો અહંતા કયા આધારે પછીથી રહી શકે ? જે તે બંધન પણ અહંતાને લીધે જ છેને ? જે કર્મ અહંતા રહિત બને છે, તેમાં કર્મબંધન નથી, કારણ તેમાં દ્વંદ્વ નથી. જ્યાં અહંતા નથી ત્યાં દ્વંદ્વ પણ નથી. અહંતાને લીધે જ દ્વંદ્વની ભૂમિકા પ્રવર્તી શકે છે. માટે, અહંતાથી મુક્ત બનવું એ સાધનામાં આગળ ધપવાનું સૌથી યોગ્ય તેમ છતાં આકરામાં આકરું પગલું છે. આકરામાં આકરું એટલા કાજે કે અહંતાને પણ પોતાનું એક પ્રકારનુ વિશિષ્ટ પોતાપણું રહેલું છેને ? એમ માનવી પોતે પણ સરળતાથી અહંતાના પાશમાંથી મુક્ત થતો જવાને જ્ઞાનભક્તિપૂર્વકનો પૂરી તૈયારીવાળો પણ હોતો નથી. જેને અહંતા મુદ્દલે નથી તેને કશા કોઈના આઘાત પ્રત્યાઘાત પણ હોતા નથી. એને કશી ઊથલપાથલ પણ હોતી નથી. અથવા એને કંઈ કશા પરત્વે આમ કે તેમ થવાપણું પણ હોતું નથી. જે જેમ જ્યાં હોય અને જેમ થયા કરતું હોય, ત્યાં તે તેમનો તેમ રહ્યા કરે છે. જાણે કે કંઈ લાગતું વળગતું ના હોય તેમ એને કશું સ્પર્શી પણ શકતું નથી. અહંતા ના હોય તે કર્મ જ ના સંભવે એવું કશું નથી. તેવી વેળાનાં કર્મ કોઈ જુદા પ્રદેશમાંથી ઉદ્‌ભવતાં રહે છે. અહંતા ફેરવાઈ જઈને કોઈ બીજી શક્તિના આકારમાં લય પામી જાય છે. અહંતાથી મુક્ત માનવી કેવો હોય એનું નરી નજરે આવે એવું લક્ષણ તો તે સાવ સંપૂર્ણ નિરાગ્રહી રહ્યા કરતો હોય છે, પરંતુ

તેવું તેનું પ્રત્યક્ષ લક્ષણ તેના જીવનવર્તનમાં અનુભવાતું હોવા છતાં દરેક જીવને તેવો લાગી પણ શકતો નથી. જેને એનો પ્રેમભક્તિ જ્ઞાનપૂર્વકનો થોડોઘણો પણ હૃદયનો પરિચય થયો હોય છે, એવાને તે તેવો જણાયા વિના રહી પણ શકતો નથી. માટે, સાધકે જેમાં ને તેમાં માથું મારવાનું મૂકીને સાધનામાં જ લગાતાર એકાગ્ર, કેંદ્રિત થઈ જવાનું કરવું. જેમાં ને તેમાં માથું મારવાનું દિલ થાય તો જાણવું કે તે અહંતા છે.

કોઈએ આમ કહ્યું અને કોઈએ તેમ કહ્યું, જો તેમાં જ જીવ અટવાઈ જાય, મુંઝાઈ જાય, લેવાઈ જાય, અકળાઈ જાય, અશાંત થઈ જાય, દુ:ખી દુ:ખી થઈ જાય તો હજી એનામાં અહંતા ભરી પડેલી છે તેમ જાણવું.

નિરાસક્તિ, નિર્મમત્વ, નિરહંકારીપણું ઉદ્‌ભવતાં ભાવ તો આપો આપ પ્રગટવાનો છે. માત્ર આપણા જ દોષે તેનું સ્ફુરણ થતું નથી. એવો ઉત્કટ હૃદયનો ભાવ થતાં જીવ પ્રકારનો સકળ મળ બળીને રાખ થઈ જવાનો છે. તે ભાવ અશુદ્ધિ શોધક છે. અને તેનો દાહક પણ છે, તેમ જ પાછો તે શીતળતા પ્રેરક અને આહ્‌લાદક પણ છે. એવા ભાવનો રસ એકવાર પણ ચાખવા મળ્યો તો તે પછી એ ભાવના રસનો આસ્વાદ વધારે ને વધારે લેવાનું દિલ થયા જ કરવાનું. તેનાથી ધરાઈ જવાશે નહિ. એનું નામ જ અનંતમાં પ્રયાણ.

## શરણાગતિ

કશા વિષે ન ચિંતા છે, કશાની ચણચણાટી ના,
કોઈનુંયે નકારાત્મક પોતે બોલ્યા નથી કદા.

ભગવાન જ જેમાં ને તેમાં સૌથી સર્વશ્રેષ્ઠ છે. એનો જ સાચો ભરોસો ગણવાનો હોય. એને ભરોસે જે હૃદયથી રહે છે, તેમાં હૃદયની નેક દાનત સાચી પૂરી ઉત્કટ તમન્નાપૂર્વકની ભક્તિ પ્રગટી હોય છે તો ભગવાનની જેવી મદદ મળે છે, તે અનુભવીને આપણને સર્વ પ્રકારે નિરાંત મળ્યા કરતી હોય છે. જો આપણને ભગવાનનો ભરોસો હૃદયમાં લાગ્યો હોય તો કોઈ પ્રકારનો ગણગણાટ અને ચણચણાટ ના રહી શકે તે વાત નક્કી.

જે જીવ હૃદયની ખરેખરી સંપૂર્ણ ભાવનાથી સાધના કરતો હોય છે, તેને પરમ આનંદ અને તેનાથી બનતા જતા પ્રભુપ્રીત્યર્થે કર્મોથી થતા રહેતા આંતરવિકાસને કારણે જે આત્મસંતોષ અને આત્મવિશ્વાસ પ્રગટ્યા કરે છે તેના વડે કરીને પણ તેને જે આનંદ, ઉત્સાહ દિલમાં જન્મ્યા કરે છે, એમ બેવડા પ્રકારમાં તે તેમાં બસ મસ્ત રહ્યા કરે છે.

એમ કરતાં કરતાં જેમ જેમ સાધક જીવ સાધનામાં હૃદયના પ્રેમભક્તિના ઉત્કટ જોમથી અને જોશથી ઝંપલાવે છે. જેમ જેમ તે આગળ પ્રગતિ કરતો જાય છે, તેમ તેમ તેને અંતરમાં અંતરથી જાગ્રતપણે જ્ઞાનભાનથી ખબર પડતી જાય છે કે તે પોતે પોતાનાથી થતાં કર્મોનો કર્તા નથી. આ હકીકત તે કંઈ કલ્પના નથી. તેને સાચે સાચ તેવો અનુભવ થાય છે અને એવો અનુભવ થતાં એનું અહમ્ તે પછી કંઈ કશામાં ઊભું જ રહી શકતું નથી. અથવા એવા કાળે તેમાં અહમ્ ટકી શકતું નથી. તે પોતે તેવી વેળા અંતરમાં અંતરથી અનુભવ કરે છે કે તે પોતે તે તે થતાં રહેતાં કર્મોનો કર્તા નથી, પણ માત્ર કરણ છે અને સાચો કર્તા તો અંતર્યામી પ્રભુ પોતે જ છે.

એમ અનુભવ થતાં થતાં તેના હૃદયની પ્રાણનિષ્ઠા ચેતનાયુક્ત બને છે. શ્રીભગવાનમાં જ તે સતત એકધારો રમ્યા કરે છે. શ્રીભગવાન વિના બીજું કશું જ એને સૂઝતું નથી. એવી પરમ ભક્તિને કારણે શ્રીભગવાનની સાથેનો એનો આંતરિક સંબંધ એટલો બધો જીવતોજાગતો સ્નિગ્ધ બની જતો હોય છે કે જ્યારે ને ત્યારે તે મહાપ્રભુની પ્રેરણાનુસાર વર્ત્યા કરતો હોય છે. કંઈક સમજણ ના પડતાં તે તેની સાથે પ્રાર્થનાભાવે પોતાના હૃદયનો તાર જોડી દે છે અને તે તે કાળનું જે તે બધું પ્રેમભક્તિજ્ઞાનભાવે એનાં ચરણકમળમાં સર્વ ભાવે સમર્પણ કર્યા કરે છે અને એને જોઈતી મદદ, સલાહ, દોરવણી મળતી રહે છે. એવા અનુભવ થતાં થતાં તેને પોતાના જીવનનો રાહબર પાસે ને પાસે જ છે એમ દૃઢ પ્રતીતિ થતાં એવાનાં નિરાંત, નિશ્ચિંતતા, શાંતિ, આનંદ વગેરેને કંઈ અવધિ હોઈ શકે ખરી ? એને માથે કેવી સમર્થ ઓથ છે !

જ્યારે સંપૂર્ણ નિરાસક્તિ, નિર્મમત્વ, નિરાગ્રહ નિરહંકારીપણું વગેરે વગેરે જીવનમાં કામ કરતાં થઈ જાય ત્યારે જ સાચી રીતે ભગવાન ઉપર આધાર રાખી શકાતો હોય છે. જીવ પ્રકારની સર્વ વૃત્તિથી મુક્તિ અને પ્રભુમાં લગની અને સત્ત્વગુણની પ્રતિષ્ઠા થાય ત્યારે શરણાગતિ પ્રગટી છે એમ ગણાય.

જે મન, વચન અને કર્મથી સાધનાના ભાવમાં સતત એકધારો રત થયેલો છે અને જે સકળ પ્રકારથી નિર્બળ થયેલો છે અને જેનો સકળ આધાર એકલા શ્રીભગવાન ઉપર જ જ્ઞાનભક્તિભાવે સંપૂર્ણપણે પ્રગટેલો છે, તેની સાધનાનું યોગક્ષેમનું વહન કરવાનું કામ શ્રીભગવાન પોતે પોતાના ઉપર ઉપાડી લે છે. એટલે કે

સાધનામાં તેને સરળતા સહજપણે મળ્યા કરે છે. અને સાધનામાં પ્રગટતા અનેક પ્રકારના અવરોધાત્મક સૂક્ષ્મ બળોને એ પોતાની કૃપાથી નિવારતો રહે છે.

સાચી રીતે તો જ્ઞાનભક્તિપૂર્વકની જીવતીજાગતી જાગૃતિ કેળવાતી જાય તે જ મહત્ત્વનું છે. તેમ થાય ત્યારે જીવનવિકાસ પરત્વેની ધ્યેયની દૃષ્ટિએ વિસંગત કે વિરુદ્ધની જે વૃત્તિ કે લાગણી તે કાળે ઊઠશે તેનો ઈનકાર થતાં થતાં તે અદૃશ્ય થવા માંડશે. એમ કરતાં કરતાં ભાવનામાં અખંડતા પ્રગટતાં પ્રગટતાં મનમાં નિરવતા, બુદ્ધિમાં પ્રજ્ઞાવસ્થા, ચિત્તમાં ચેતનાની ભાવના, પ્રાણમાં એકમાત્ર ભગવદ્ ભાવનાની ઝંખના અને અહમ્‌માં પ્રભુપ્રેરિત શક્તિ એવાં પરિણામમાં પ્રગટતાં પ્રગટતાં શરણાગતિને પ્રભુ કૃપાથી પામી શકીશું.

સર્વ પ્રકારનાં થતાં રહેતાં કર્મના ફળની કામનાઓનો, તેની કર્તુત્વબુદ્ધિનો, જો સમજણપૂર્વક સહજ મેળે સમૂળગો ત્યાગ થતો રહે, તો સમતા આપો આપ આધારનાં કરણોમાં સ્થપાતી અનુભવી શકાય. એવી સમતા સ્થપાતાં જ શ્રીપ્રભુની ચેતના આપણા આધારમાં ઠામ ઠેકાણે પ્રગટવાની અને તે પોતે જ કાર્ય કરવાનો આરંભ કરી દેવાની. સાધનાની એવી કક્ષા પ્રગટતાં જીવનમાં ‘અનારંભની સ્થિતિ’ પ્રગટી જતી હોય છે. એવી દશામાં રાગદ્વેષ ઈત્યાદિને મુદ્દલે સ્થાન નથી હોતું. આપણે ત્યારે સર્વ પ્રકારની નિરાંત અને નિશ્ચિંતતા અનુભવતાં હોઈએ છીએ.

***

# ૩૮. એક અનોખો ઉત્સવ

તા. ૩૧-૧-૧૯૯૩ના શુભ દિવસે પૂજ્ય શ્રીમોટાનું ગોકુળિયું ગામ લવાછા ફરીથી ભાવની ભરતીમાં ડૂબી જવાનું હતું. પૂજ્ય શ્રીમોટાએ તા. ૬-૧૧-૧૯૫૯ના દિવસે પ્રથમ વાર લવાછા ગામમાં પાવન પગલાં પાડ્યાં ત્યારે જેવું ભાવમય વાતાવરણ સર્જાયું હતું તેવું હજારોનાં હૃદયને ભીંજવી નાખે તેવું વાતાવરણ પૂજ્ય શ્રીમોટાના વહાલા શ્રી ઝીણાભાઈ તથા પૂજ્ય શ્રી નંદુભાઈના સાંનિધ્યમાં ઉજવાનારા પૂજ્ય શ્રીમોટાના દીક્ષાદિન મહોત્સવ પ્રસંગે સર્જાવાનું હતું.

લવાછા ગ્રામવાસીઓની પૂજ્ય શ્રીમોટા અને તેમના આશ્રમ પ્રત્યેની ભક્તિ સર્વ વિદિત છે. લવાછા ગામના લોકો તો હરિઃૐ આશ્રમની પાયાની ઈંટો છે. ૧૯૫૬માં આશ્રમના બાંધકામથી માંડીને આજ સુધી આશ્રમના કોઈ પણ પ્રસંગે ઉત્સવ હોય કે તાપીમાં આવેલી રેલ, લવાછાવાસીઓ સૈનિકની જેમ ખડેપગે હાજર હોય છે. લવાછા ગામ ધનથી ગરીબ છે, પરંતુ તેનું હૃદય પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની ભક્તિથી અમીર છે.

વસંતપંચમી એટલે પૂજ્ય શ્રીમોટાનો દીક્ષાદિન અને આ દીક્ષાદિને જાણે પૂજ્ય શ્રીમોટાની એક અંતરની ઇચ્છા પરિપૂર્ણ થવાની હોય એમ તા. ૩૧-૧-૧૯૯૩ના રોજ તેમનો દીક્ષાદિનનો મહોત્સવ તેમના 'ગોકુળિયા ગામમાં' એટલે કે તેમના 'વહાલા ઝીણાભાઈ'ની જન્મભૂમિ એવા લવાછા ગામમાં પ્રાથમિક શાળાના સંકુલમાં ઊજવવાનું નક્કી થયું.

ઉત્સવનું સ્થળ પણ કેવું કે જ્યાં પૂજ્ય શ્રીમોટાએ ૧૯૫૯માં પ્રથમ વાર પોતાનાં પાવન પગલાં લવાછા ગામમાં પાડ્યાં હતાં

ત્યારે આ જ પ્રાથમિક શાળાના એક ઓરડામાં રાત્રિ મુકામ કર્યો હતો. કદાચ તે જ રાત્રે એમણે ઈચ્છા કરી હશે કે 'મારા વહાલા ઝીણાભાઈ'ના ગામમાં ભવિષ્યમાં મારો એક ઉત્સવ ઉજવાવો જોઈએ અને જ્યારે આ ઉત્સવ ઊજવવાનું નક્કી થયું ત્યારથી જ આ ગામનાં નાનાંમોટાં સૌનાં હૃદયમાં આનંદ ઉત્સાહ છવાઈ ગયો હતો. શહેરના ઉત્સવો જેવી સગવડો ના મળી રહે તેમ છતાં કેવળ પૂજ્ય શ્રીમોટા અને વહાલા શ્રી ઝીણાભાઈ પ્રત્યેના હૃદયપૂર્વકના ભાવ અને ભક્તિથી પ્રેરાઈને અગાઉથી જ સૌ તૈયારીમાં લાગી ગયા. જાણે ઘેર ઘેર લગ્નપ્રસંગ ના હોય ! જ્યારે જ્યારે સુરત, હરિઃૐ આશ્રમમાં કંઈ પણ કામકાજ હોય ત્યારે કામ કરવા સદા તત્પર એવા ગ્રામજનો જ્યારે પોતાના જ ગામમાં ઉત્સવ ઊજવવાની રળિયામણી ઘડી હોય પછી લોકોના આનંદ ઉત્સાહનું તો પૂછવાનું જ શું રહે !

ઉત્સવની પૂર્વ સંધ્યાથી જ ઉત્સવનું ભાવભર્યું વાતાવરણ જાણે છવાઈ ગયું હતું. આગલે દિવસે રાત્રે ૯-૦૦ વાગ્યા સુધી ભજન-કીર્તન અને પ્રસાદનો કાર્યક્રમ ચાલ્યો. ઉત્સવના આગલા દિવસે સાંજે બનાવેલી રસોઈ પણ એટલી સ્વાદિષ્ટ હતી કે તેની દેવોને પણ ઈર્ષા આવે. પ્રસાદની અંદર ભળેલા પૂજ્ય શ્રીમોટા, શ્રી ઝીણાભાઈ પ્રત્યેના ભક્તિભાવનું જ આ પરિણામ હતું એમ કહી શકાય. અને આમ પૂજ્ય શ્રીમોટાના દીક્ષાદિનના યાદગાર ઉત્સવના દિવ્ય વાતાવરણની શરૂઆત થઈ. શ્રી ઝીણાભાઈ અને સુરત અમદાવાદનાં સ્વજનો રાત્રે ૯-૦૦ વાગ્યે લવાછાથી વિદાય થઈને સુરત પહોંચ્યાં.

રળિયામણી ઘડી આવી પહોંચી ! તા. ૩૧-૩-૧૯૯૩ની વસંતપંચમીના પવિત્ર દિવસે સવારે ૬-૦૦ વાગ્યામાં જ શ્રી ઝીણાભાઈ અને બીજાં ઘણાં સ્વજનો સુરતથી લવાછા આવી પહોંચ્યાં. થોડીવારમાં જ શ્રી નંદુભાઈ ૮૯ વર્ષની ઉંમરે પોતાની તબિયત નાજુક હોવા છતાં શ્રી ઝીણાભાઈ પ્રત્યેના તેમના પ્રેમભાવને લીધે ખાસ હાજરી આપવા પધાર્યા હતા. અને જ્યારે શ્રી ઝીણાભાઈ અને શ્રી નંદુભાઈ ઉત્સવના સ્થળે મંચ સુધી ચાલતાં ચાલતાં જતા હતા ત્યારે બધાં સ્વજનોએ પુષ્પોની વર્ષા કરી પોતાના હૃદયનો ભાવ પ્રગટ કર્યો.

ઉત્સવનું સ્થળ શ્રી ઝીણાભાઈના જન્મસ્થળના ફળિયામાં જ હતું. તેથી, સ્વજનો શ્રી ઝીણાભાઈને આગ્રહ કરીને એમના જન્મ-સ્થળના ઘરે લઈ ગયા. શ્રી ઝીણાભાઈનું બાપદાદાનું આ મકાન હવે ગામના બ્રાહ્મણ વાપરતા હતા. બ્રાહ્મણ અને ગામના ભાવિક સ્વજનોએ ભેગાં થઈને ઘરને સુંદર રીતે શણગારેલું હતું અને તેમના ઘર સહિતનાં આજુબાજુનાં ઘરોનાં બારણાં ઉપર પણ ફૂલહારનાં તોરણો શોભતાં હતાં. જાણે કહેતા ના હોય 'મારો વહાલો આવ્યાની વધામણી રે...સખી આજની ઘડી રળિયામણી '!

શ્રી ઝીણાભાઈને શણગારેલા ઢોલિયા ઉપર બેસાડ્યા અને ગામનાં અને બહારગામનાં સ્વજનો વારાફરતી ભાવથી શ્રી ઝીણાભાઈને પ્રણામ કરવા લાગ્યાં. સુરતના નજીકનાં સ્વજન મુરબ્બી કમુબા તો ભાવાવેશમાં આવીને શ્રી ઝીણાભાઈને ભેટી જ પડ્યાં. શ્રી ઝીણાભાઈને સ્વજનોએ ખૂબ પ્રેમભાવથી ખેસ ઓઢાડ્યો. તે તો સ્વજનોના માન ખાતર એમણે ઓઢ્યો, પણ ફૂલોના હાર તો એમણે પહેરવાની ના જ પાડી. ભકતની ભક્તિ

આગળ ભગવાન ઝૂકે છે, તેમ સ્વજનોના આગ્રહને વશ થઈ તેમણે હાર પહેર્યા, પરંતુ તરત જ ઉતારીને મૂકી દીધા.

સ્વજનોએ શ્રી ઝીણાભાઈના જન્મસ્થાનેથી તેમને આગ્રહ કરીને શણગારેલી વહેલમાં બેસાડ્યા. વહેલ ગલગોટાનાં ફૂલોના હારથી ખૂબ સુંદર રીતે શણગારેલી હતી. બળદો પણ હૃષ્ટપુષ્ટ હતા અને એમનાં શિંગડાં પણ રંગેલા હતાં. આજુબાજુનાં ગામનાં અને બહારગામનાં બધાં જ સ્વજનો ખૂબ ભાવથી હરિઃૐ ધૂન ગાતાં હતાં. જુવાનિયા છોકરાઓ ઢોલ, ત્રાંસા વગાડતાં વગાડતાં ચાલતા હતા. આમ, શ્રી ઝીણાભાઈના ઘરેથી તેમની શોભાયાત્રા કાઢવામાં આવી ત્યારે એક અદ્‌ભુત દૃશ્ય અને મંગળમય વાતાવરણ બની ગયું હતું. સમગ્ર વાતાવરણમાં જાણે પૂજ્ય શ્રીમોટાની દિવ્ય ચેતના શ્રી ઝીણાભાઈના માધ્યમથી છલકાઈ રહી. તેમાં પણ લવાછાવાસીઓનો તો જાણે આનંદ સમાતો જ ન હતો !

૧૯૫૯માં પૂજ્ય શ્રીમોટાની લવાછા ગામમાં પધરામણી વખતે ગ્રામવાસીઓએ આવી જ રીતે ભાવવિભોર બની પૂજ્ય શ્રીમોટાની શોભાયાત્રા કાઢી હતી ત્યારે અહીંની પછાત, ગરીબ પ્રજાનો પૂજ્ય શ્રીમોટા પ્રત્યેનો પ્રેમભાવ જોઈ શ્રી નંદુભાઈનું હૈયું પણ ગદ્‌ગદ થઈ ગયું હતું અને આંખો છલકાઈ આવી હતી. કહેવત છે કે 'ભક્તને આધીન ભગવાન'. તેમ ૧૯૫૯માં શ્રી ઝીણાભાઈના પ્રેમને વશ થઈ પૂજ્ય શ્રીમોટા લવાછામાં પધારેલા. તે જ રીતે આજે જાણે ૧૯૯૩માં લવાછાની પછાત ગરીબ પ્રજાના ભાવને વશ થઈ શ્રી ઝીણાભાઈના રૂપમાં જાણે પૂજ્ય શ્રીમોટા જ ફરી પધાર્યા હોય એવું ભાવભર્યું વાતાવરણ સર્જાઈ ગયું હતું.

મોટા ફળિયામાં આવેલા શ્રી ઝીણાભાઈના જન્મસ્થળેથી નીકળીને શોભાયાત્રા નિશાળ ફળિયામાં આવેલ પ્રાથમિક શાળાના

પ્રાંગણમાં- ઉત્સવ સ્થળે આવી પહોંચી. ત્યાં નાની નાની બાલિકાઓએ માથા ઉપર શ્રીફળ અને પાણીના ઘડા-જળકુંભથી બધાંનું સ્વાગત કર્યું. ઉત્સવના સ્થળે સ્ટેજ ઉપર ભૂરા રંગના બૅકગ્રાઉંડમાં પૂજ્ય શ્રીમોટાનો લાઈફ સાઈઝ સ્કેચ પધરાવવામાં આવ્યો હતો. આજુબાજુ 'હરિઃૐ' લખેલાં તોરણો લટકાવવામાં આવ્યાં હતાં. ઉત્સવ સ્થળ ઉપર સુંદર મંડપ બાંધવામાં આવ્યો હતો. સ્વજનોને મંડપ નીચે બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમયે હિંદુ-મુસ્લિમ હુલ્લડોને કારણે શહેરમાં કરફ્યુ લાગુ પાડવામાં આવ્યો હતો છતાં પૂજ્ય શ્રીમોટા અને શ્રી ઝીણાભાઈ પ્રત્યેના પ્રેમભાવને કારણે સ્વજનોથી મંડપ હકડેઠઠ ભરાઈ ચૂક્યો હતો. સ્ટેજ ઉપર એક સુંદર ખુરશી ઉપર ગાદીતકિયા મૂકી શ્રી નંદુભાઈને બેસાડ્યા હતા. સ્ટેજ ઉપર જ એમની બાજુમાં ગાદી બિછાવીને શ્રી ઝીણાભાઈને પણ બેસાડ્યા હતા. બીજી બાજુ ઉપર શ્રીમતી કલ્પનાબહેન ભરત અને અન્ય ગાયકવૃંદ હતું. શાળાના પાછળના ભાગમાં આવેલા મેદાનમાં અને તેની બાજુના ખેતરમાં રસોઈ અને જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

પૂજ્ય શ્રીમોટાનો ઉત્સવ હોય એટલે સમયની પ્રતિબદ્ધતા તો હોય જ ! અને તેથી ઉત્સવનો કાર્યક્રમ સમયસર ચાલુ થઈ ગયો. શ્રીમતી કલ્પનાબહેન ભરતે એમના સુમધુર કંઠથી ભજનો, ધૂન ગાયાં અને ગવડાવ્યાં. વળી, પૂજ્ય શ્રીમોટા રચિત 'શ્રી વહાલા ઝીણાભાઈને ચરણે'. ભાવાંજલિ પણ તેમણે સુમધુર સ્વરમાં ગાઈ સંભળાવી. તેમણે જ્યારે 'હરિઃૐ' બોલ... ની ધૂન ગવડાવી ત્યારે સમગ્ર વાતાવરણ 'હરિઃૐ' શબ્દ ગુંજતો

હોય એવું અલૌકિક દિવ્ય વાતાવરણ સર્જાઈ ગયું હતું. સમગ્ર વાતાવરણમાંથી જાણે ઉત્સાહ, આનંદ અને ભક્તિનો ધોધ છલકાતો હોય એવું અદ્ભુત લાગતું હતું. જ્યારે પૂજ્ય શ્રીમોટાનાં ૧૯૫૯માં પ્રથમવાર લવાછા ગામમાં પાવન પગલાં પાડ્યાં ત્યારના જેવું હજારોનાં હૃદયને ભીંજવી નાખે એવું ભાવવાહી વાતાવરણ સર્જાયું હતું. શ્રોતાઓ પણ જાણે ભગવાનમાં તલ્લીન બની ગયા હતા. તે પછી સમૂહપ્રાર્થના થઈ અને શ્રી ડૉ. રમેશભાઈ પટેલે સૌનું સ્વાગત પ્રવચન કર્યું.

લવાછાના ઈતિહાસમાં આજનો દિવસ જાણે ધન્ય દિવસ હતો, કેમ કે ગામમાં પૂજ્ય શ્રીમોટાનો દીક્ષાદિન ઊજવાઈ રહ્યો હતો. ગામનો પનોતો પુત્ર 'ઝીણિયો' આજે એના સદ્ગુરુનો વહાલો શિષ્ય બનીને 'વહાલા શ્રી ઝીણાભાઈ' તરીકે ગામને આંગણે ઉપસ્થિત હતો. ગામલોકો અને અન્ય સ્વજનો પૂજ્ય શ્રીમોટાના 'વહાલા ઝીણાભાઈ'નું સ્વાગત કરવા ઈચ્છતાં હતાં. તેથી, સ્વજનોના પ્રતિનિધિ તરીકે શ્રી ડૉ. રમેશભાઈ પટેલે શ્રી ઝીણાભાઈને શાલ ઓઢાડી અને સુંદર સાફો પહેરાવ્યો. શ્રી ઝીણાભાઈએ શાલ તો ઓઢી, પરંતુ સાફો તરત કાઢી નાખ્યો. શ્રી ઝીણાભાઈના મોટા ભાઈ-શ્રી ગાંડાભાઈના હસ્તે શ્રી ઝીણાભાઈની તે સમયની ઉંમરની યાદગીરીરૂપે શ્રી ઝીણાભાઈને રૂ. ૬૭,૦૦૦/-ની ધનરાશિ અર્પણ કરાઈ, પણ જેને શ્રીસદ્ગુરુના વહાલનું ધન મળેલું હોય તેને આવા ભૌતિક ધનની શું ખેવના ? શ્રી ઝીણાભાઈએ તરત જ તે રકમ માધ્યમિક શાળા માટે અર્પણ કરી દીધી. ડૉ. શ્રી કોકિલાબહેનના હસ્તે પૂજ્ય શ્રી નંદુભાઈને પણ શાલ ઓઢાડી સ્વજનોએ એમના પ્રત્યેનો ભાવ વ્યક્ત કર્યો.

સ્વજનશ્રી સચ્ચિદાનંદજીએ પણ સુંદર પ્રવચન કર્યું. એમને પણ સ્વજનોએ ભાવથી કંઈક રકમ અર્પણ કરી, પણ તેમણે તે રકમ સ્વીકારીને તરત જ લવાછામાં બંધાનાર શાળાને તે અર્પણ કરી દીધી. પૂજ્ય શ્રીમોટાની ઇચ્છા મુજબ શ્રી ઝીણાભાઈના નામની હાઈસ્કૂલ બનાવવામાં આવી હતી. તેની નામકરણવિધિ શ્રી નંદુભાઈના હાથે કરવામાં આવી હતી.

આમ, આ ઉત્સવમાં પૂજ્ય શ્રીમોટાની એક ઇચ્છા કે ‘વહાલા શ્રી ઝીણાભાઈ’ના નામની હાઈસ્કૂલ બને તો લવાછા ગામની આવનારી પેઢીને ખબર પડે કે આપણા ગામમાં ‘શ્રી ઝીણાભાઈ’ નામનો એક ‘વિરલ ભક્ત’ થઈ ગયો. એ સાકાર પામી ત્યારે સૌથી વિશેષ આનંદ તો શ્રીમોટાને જ થયો હોયને ! તેમનાં સ્વજનોને પણ શ્રીમોટાની ઇચ્છા સાકાર કરવામાં નિમિત્ત બનવા બદલ આનંદ થયો જ હોયને !

અંતમાં, ગુરુવંદના કર્યા પછી સહુ સ્વજનો ખીચડી, કઢી અને શાકનો પ્રસાદ લઈ વિદાય થયાં ત્યારે એક અનોખો ઉત્સવ ઊજવાયાનો અનેરો આનંદ પ્રસંગ લવાછા ગામના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ ચૂક્યો હતો. અને બહારગામથી પધારેલાં સ્વજનો પણ દરિયાકાંઠાના આ નાનકડા ગામની ગરીબ, અભણ તથા ભોળી પ્રજાની પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની ભક્તિથી ભરપૂર હૃદયની અમીરી જાણી માણી ધન્યતા અનુભવતાં રહેશે.

***

# ૩૯. શરીર સાથે યુદ્ધ

૧૯૯૦ની સાલમાં ઑગસ્ટ મહિનામાં એક દિવસ શ્રી ઝીણાકાકાને ૧૦૬ ડિગ્રી તાવ આવ્યો. તેઓ બેત્રણ ચાદર ઓઢી સૂઈ ગયા. આશ્રમમાં આવતા એક ડૉક્ટરે શ્રી ઝીણાકાકાને મેટાસીનની એક ગોળી આપી અને તેમના હાથપગ, માથું, પેટ ઉપર પાણીનાં પોતાં મૂક્યાં. આથી, તાવ ઓછો તો થયો, પરંતુ સાવ ઊતર્યો ન હતો. આથી, ડૉક્ટરે ઝેરી મલેરિયા હોય તેવું લોહીની તપાસ કરાવ્યા વગર અનુમાન કર્યું અને શ્રી ઝીણાકાકાને ક્વિનાઈનની ગોળી દિવસમાં ત્રણ વખત આપી. ચોથી ગોળી લીધા પછી શ્રી ઝીણાકાકાને તાવ ઊતર્યો, પરંતુ તેમને ભયંકર ગભરામણ થઈ આવી. આથી, ડૉક્ટરે તેમને ૧૦ મિલીગ્રામની કામ્પોઝની ગોળી આપી. આનાથી શ્રી ઝીણાકાકાને એકદમ સારું થઈ ગયું.

તાવ હજુ ઝીણાકાકાનો કેડો મૂકતો ન હતો. અઠવાડિયા પછી ફરી તાવ આવ્યો. આથી, સુરતના એક જાણીતા ફિઝિશિયનને બતાવ્યું અને લોહીની તપાસ કરાવી. છેવટે ઝેરી મલેરિયાનું નિદાન થયું. આ ડૉક્ટરે તેમને ૧૪ ક્લોરોક્વિનની ગોળી આપી. સામાન્ય રીતે ૧૨ ગોળી ખાવામાં જ દર્દી ગોળીની આડઅસરથી ત્રાસી જતો હોય છે. શ્રી ઝીણાકાકાએ ૧૪ ગોળીઓ પૂરી કરી.

તા.૨૧-૮-૧૯૯૦ના રોજ ડૉ.આર.કે.દેસાઈને બતાવવામાં આવ્યું. તેમણે પણ ક્લોરોક્વિન દવા જ લખી આપી. તથા, તા.૨૫- ૮-૧૯૯૦ના લોહીના રિપોર્ટમાં ઝેરી મલેરિયાના જંતુ જણાતા હતા. તાવ હજુ સંપૂર્ણ બંધ થયો ન હતો. આવજા,

આવજા કરતો હતો, પરંતુ આ દરમિયાન શ્રી ઝીણાકાકાને ગભરામણની વિચિત્ર બીમારી થઈ આવી હતી. જેના નિદાન માટે જુદા જુદા ડૉક્ટરોને બતાવવામાં આવતું. કોઈ ડૉક્ટર કહેતા કે 'મગજમાં લોહી ઓછું પહોંચે છે' તો કોઈ કહેતા કે 'ઍસિડિટી છે', કોઈ ડૉક્ટર હૃદયરોગની શંકા કરતા અને કોઈ સ્વજન વળી માનસિક બીમારીનું નિદાન કરતા.

તા.૧૦-૯-૧૯૯૦ના રોજ અમદાવાદના ડૉ.ટી.કે. પટેલને બતાવ્યું. તેમણે હૃદયરોગ માટેનો ટ્રેડમીલ ટેસ્ટ કર્યો. જેનો રિપોર્ટ નૉર્મલ આવ્યો. તેમણે શક્તિની અને ઍસિડિટીની દવા લખી આપી, પરંતુ શ્રી ઝીણાકાકાને ગભરામણ તો ચાલુ રહી. આ ગભરામણ સાથે બીજાં એવાં વિચિત્ર લક્ષણો હતાં જેને કોઈ ડૉક્ટર સમજી શકતા ન હતા. શ્રી ઝીણાકાકાને ગભરામણ થાય ત્યારે તેમને મોઢા ઉપર સોજો આવી જતો હતો, પરંતુ બે મિલીગ્રામની કામ્પોઝની ગોળી લેતાં ગભરામણ અને સોજો બંને અદૃશ્ય થઈ જતાં.

ઑક્ટોબર, ૧૯૯૦માં શ્રી ઝીણાકાકાને ફરી તાવ આવ્યો. આથી, સુરતના ડૉ. ગિરીશ ઝેડ. શાહને બતાવવામાં આવ્યું અને ઝેરી મલેરિયાનું નિદાન થયું. ડૉક્ટરે ક્વિનાઈન અને ટોરામાઈસનનો છ દિવસનો કોર્સ લખી આપ્યો. આ છ દિવસનો કોર્સ શ્રી ઝીણાકાકાએ ડૉ.કોકિલાબહેન રમેશભાઈ પટેલની 'સેવાસદન' હૉસ્પિટલમાં રહીને બાટલામાં ઇંજેક્ષન દ્વારા પૂરો કર્યો. આમ, ઝીણાકાકાનો તાવ તો ગયો, પરંતુ ગભરામણની તકલીફ ના ગઈ. તે માટે ઘણા ડૉક્ટરોને બતાવવામાં આવ્યું. આમ, ૧૯૯૦નું વર્ષ પૂરું થયું.

૧૯૯૧ના મે મહિનામાં શ્રી ઝીણાકાકા કુદરતી ઉપચાર માટે ચલથાણની સંજીવની હૉસ્પિટલમાં ડૉ. વિનોદ ભણશાલીની સારવાર હેઠળ દાખલ થયા અને ત્યાં પાંચછ દિવસ રહ્યા, પરંતુ તેમની ગભરામણની તકલીફ તો ચાલુ રહી. તા.૧૦-૯-૧૯૯૧ થી તા.૧૨-૯-૧૯૯૧ સુધી શ્રી ઝીણાકાકાને પૂરી તપાસ માટે સુરતની અશક્તાશ્રમ હૉસ્પિટલમાં દાખલ કર્યા. ત્યાં તેમનો રોજેરોજ કાર્ડિયોગ્રામ લેવામાં આવતો. ડૉક્ટરે હૃદયમાં લોહી ઓછું પહોંચતું હોવાનું નિદાન કર્યું. આ દરમિયાન શ્રી ઝીણાકાકાને બીજી તકલીફ શરૂ થઈ-કંપવાની. એક ગભરામણની તકલીફ તો હતી જ અને વળી કંપવા !

તા.૧૯-૧૧-૧૯૯૧ના રોજ વડોદરામાં ડૉ. એસ. આર. આયંગરે શ્રી ઝીણાકાકાના કાર્ડિયોગ્રામ અને ટ્રેડમીલ ટેસ્ટ કર્યાં. બંનેના રિપોર્ટ નૉર્મલ આવ્યા, પરંતુ ગભરામણ તો રહી જ !

શ્રી ઝીણાકાકાની શારીરિક તકલીફોની સંખ્યા વધતી જતી હતી. ૧૯૯૨માં બંને આંખે મોતિયાની તકલીફ થઈ. સુરતમાં બંને આંખમાં વારાફરતી મોતિયાનું ઑપરેશન કરાવ્યું. તે પછીની આંખની તકલીફો માટે ઘણી વખત નવસારીના ડૉ. અશોક શ્રોફને બતાવવામાં આવ્યું.

શ્રી ઝીણાકાકાની શારીરિક તકલીફમાં સુધારો થાય તે માટે ૧૯૯૨માં શ્રી હરિભાઈ અને શ્રી લાલાજી (હસમુખભાઈ)એ કુંભકોણમ્‌માં એક રસવૈદ્યને ત્યાં તપાસ કરાવવાનો શ્રી ઝીણાકાકાને આગ્રહ કર્યો. આ દરમિયાન એક મકાનનું વાસ્તુપૂજન પણ હતું.

તા. ૧૦-૫-૧૯૯૨ના રોજ શ્રી ઝીણાકાકા, સુરતથી મુંબઈ ગયા. ત્યાંથી તા. ૧૧-૫-૧૯૯૨ના રોજ એરઈન્ડિયા પ્લેનમાં બેસી મદ્રાસ પહોંચ્યા. શ્રી ઝીણાકાકાના જીવનની આ પ્રથમ અને એકમાત્ર હવાઈ જહાજની મુસાફરી હતી. મદ્રાસમાં બાબુભાઈ સરકારને ત્યાં રાત રોકાઈ તા. ૧૩મીની સવારે એસ.ટી. બસ દ્વારા એક વાગ્યે બપોરે કુંભકોણમ્ પહોંચ્યા. તા. ૧૪મીએ વાસ્તુપૂજનનો કાર્યક્રમ હતો. તે પછી શ્રી હરિભાઈ અને લાલાજીએ સૂચવેલા વૈદ્યને બતાવી દવા ચાલુ કરી. સુરત આવ્યા પછી પણ શ્રી ઝીણાકાકાની વૈદ્યની દવા ચાલુ રહે તે માટે પાર્સલ દ્વારા શ્રી હરિભાઈ દવા મોકલી આપતા. આ સારવારથી પણ શ્રી ઝીણાકાકાની તકલીફમાં કોઈ સુધારો ના થયો.

તા. ૨૪-૮-૧૯૯૨ના રોજ કોઈની સલાહથી શ્રી ઝીણાકાકાએ મુંબઈમાં ન્યૂરો ફિઝિશિયન ડૉ. નિર્મલ સૂર્યાને બતાવ્યું અને બધા પ્રકારના ટેસ્ટ કરાવ્યા, પરંતુ બધા જ રિપોર્ટ નૉર્મલ આવ્યા. કોઈ દવાથી સુધારો ના થયો. ગભરામણ ચાલુ રહી અને જમણા હાથમાં ધ્રુજારી વધતી રહી. આમ, ૧૯૯૨નું વર્ષ પૂરું થયું.

જાન્યુઆરી, ૧૯૯૩માં પૂજ્ય શ્રીમોટાનો દીક્ષાદિન ઉત્સવ લવાછા ગામે ઊજવાયો. તેની વિડિયો કૅસેટમાં શ્રી ઝીણાકાકાની તંદુરસ્તી જોઈ શકાય છે.

૧૯૯૩ અને ૧૯૯૪નાં વર્ષ દરમિયાન સ્વજનોની ઇચ્છા માન્ય રાખી ઉપચાર માટે જેમણે જે ઉપાય બતાવ્યા તે પ્રમાણે શ્રી ઝીણાકાકાએ કર્યું. કોઈ કહે 'નવસારી પાસે એક જગ્યાએ પીંછી મારી સારું કરે છે' તો ત્યાં ગયા. કોઈ કહે, 'રામપુરામાં એક મુસલમાન કોઈના ઘરે આવે છે અને લીંબુ પીવા આપે છે' તો ત્યાં

પણ ગયા. કોઈએ વળી ગલેમંડીમાં મરોલીથી આવતા વૈદ્યનું સૂચન કર્યું તો તેની પણ દવા કરી. કોઈએ નાનપુરાના આયુર્વેદમાં એમ.ડી. ડિગ્રીવાળા વૈદ્ય બતાવ્યા તો તેની પણ સારવાર લીધી. આ બધી વાતમાં શ્રી ઝીણાકાકા પોતે તો સ્વસ્થ, પરંતુ તેમનાં સ્વજનો અસ્વસ્થ હતાં. જેનું તેનું ચીંધ્યું કરવામાં શ્રી ઝીણાકાકાની જ્ઞાનપૂર્વકની આધીનતા માત્ર હતી. તેઓ ચીંધવાવાળાનું માને એટલું જ નહિ, પરંતુ જે વૈદ્ય પાસે જાય તેને પણ સંપૂર્ણ વફાદાર રહેતા. દવા આપતા વૈદ્ય જાતે થાકી જાય ત્યાં સુધી દવા લેતા. સારવાર શરૂ કરતાં પહેલાં દરેક વૈદ્ય એમ જ કહે, 'આવા તો ઘણા કેસો મેં સારા કર્યા છે'. છેવટ સુધી એનું અહમ્ ભાંગીને ભૂકો તો ના જ થાય.

૧૯૯૪માં શ્રી ઝીણાકાકાના જમણા હાથની ધ્રુજારી વધી અને થોડી થોડી ધ્રુજારી પગમાં પણ થવા માંડી. એટલે તા. ૮-૧૨-૧૯૯૪ના રોજ મુંબઈમાં ભારતના પ્રખ્યાત ન્યૂરો ફિઝિશિયન ડૉ. બી. એસ. સિંઘલને બતાવ્યું. એમણે કંપવા (પાર્કિન્સન)ની સામાન્ય દવા લખી આપી, પરંતુ તેનાથી સુધારો ના થતાં શ્રી ઝીણાકાકા ફરી મુંબઈ ગયા ત્યારે દવા બદલી આપી.

૧૯૯૫માં સુરતના બીજા ન્યૂરો સર્જન-ન્યૂરો ફિઝિશિયન ડૉક્ટરોને શ્રી ઝીણાકાકાએ ધ્રુજારીની તકલીફ માટે બતાવ્યું. ડૉક્ટરોએ ધ્રુજારીમાં અસરકારક દવા ચાલુ તો કરાવી, પરંતુ દવાની આડઅસર રૂપે પેશાબમાં અટકાવ આવતો હતો. એટલે તે બંધ કરવી પડી. જે દવાની આડઅસર ન હતી, તે તેમણે છેવટ સુધી ચાલુ રાખી.

તા. ૧૧-૩-૧૯૯૭ના રોજ હૃદયરોગના નિદાન માટે શ્રી ઝીણાકાકાની ઈકો કાર્ડિઓગ્રાફી કરવામાં આવી. જેનો રિપોર્ટ

નૉર્મલ આવ્યો. કંપવાની તકલીફ ઘણી વધવા લાગી એટલે સુરતના બીજા બે સ્પેશિયાલીસ્ટોને બતાવ્યું, પરંતુ કોઈ સુધારો થયો નહિ. જુદા જુદા સમયે કંપવાના કારણે બાથરૂમમાં અને બગીચામાં પડી ગયા. તા. ૧૩-૪-૨૦૦૦ થી તા. ૧૮-૪-૨૦૦૦ સુધી શ્રી ઝીણાકાકા, સુરતની અશક્તાશ્રમ હૉસ્પિટલમાં દાખલ થયા. ત્યાં તેમને શહેરના બધી જ જાતના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોએ તપાસ્યા અને વિવિધ ટેસ્ટ કરાવ્યા, પરંતુ કોઈ ફાયદો થયો નહિ. તેઓ હૉસ્પિટલમાં હતા તે દરમિયાનમાં રૂઘનાથપુરા રોડ, મોઢ વણિક વાડીમાં પૂજ્ય શ્રીમોટાનો ઉત્સવ હતો. પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં શ્રી ઝીણાકાકાએ ઉત્સવમાં હાજરી આપી.

કોઈ સ્વજનના કહેવાથી ફરી એક વખત મુંબઈમાં તા. ૨૯-૫-૨૦૦૧ના રોજ ડૉ. મિલિંદ સાંખેને બતાવ્યું, પરંતુ ફેર પડ્યો નહિ. હવે, તકલીફોની સૂચિમાં નવી તકલીફોનાં નામ ઉમેરાવા માંડ્યાં. ૨૦૦૧ની સાલમાં શ્રી ઝીણાકાકાને પ્રોસ્ટેટની તકલીફ શરૂ થઈ. આ માટે તા. ૨૫-૭-૨૦૦૧ના રોજ સુરતના પ્રખ્યાત નિષ્ણાત ડૉક્ટરને બતાવ્યું. તેમણે અસરકારક દવા લખી આપી, પણ દવાની આડઅસરને કારણે તે દવા બંધ કરવી પડી. એક સ્વજન ભક્તે પ્રોસ્ટેટની તકલીફ માટે ચીંધેલી આયુર્વેદિક દવા તેમણે શરૂ કરી અને આ દવા તેઓ છેવટ સુધી લેતા રહ્યા.

શ્રી ઝીણાકાકાનું શરીર તકલીફોથી ઘેરાતું જતું હતું. ત્યાં ડિસેમ્બર, ૨૦૦૧માં શિયાળામાં એક નવો રોગ આવ્યો. હાથેપગે ખંજવાળ ચાલુ થઈ અને તેમાંથી પાણી ઝરવા લાગ્યું. આથી, ચામડીના રોગના પ્રખ્યાત નિષ્ણાતને બતાવ્યું. શ્રી ઝીણાકાકાએ એક દિવસ પારિજાતનો રસ પીધો. તેનાથી તેમને બહુ સારું લાગ્યું.

આ રોગ તેમને દર વર્ષે એકવાર થતો. ઠંડી ઓછી થયા પછી તે મટ્યો. આમ, ૨૦૦૧નું વર્ષ પૂરું થયું.

શ્રી ઝીણાકાકાને કંપવા જેમ જેમ વધતો ગયો તેમ તેમ ધ્યાન ખેંચે તેવી બાબત એ જોવામાં આવી કે ગભરામણ ઓછી થતી ગઈ.૨૦૦૧ પછી ગભરામણની ગોળી લેવી પડતી ન હતી.

શ્રી ઝીણાકાકાની આંખની ઝાંખપ વધવા લાગી હતી. તે માટે નવસારીમાં ડૉ. અશોક શ્રોફને અને સુરતમાં પણ ૨૦૦૧ અને ૨૦૦૨ની સાલમાં બતાવ્યું હતું, પરંતુ ઉંમરને કારણે થતા ફેરફારોને લીધે આવતી ઝાંખપમાં દવા અસર કરતી નહિ. શ્રી ઝીણાકાકાની કંપવાની તકલીફ હવે ડાબી બાજુના હાથપગમાં પણ દાખલ થઈ હતી. ૨૦૦૩ના મે મહિનામાં મૌનરૂમોની પાછળ આવેલા બગીચામાં ગટર ઓળંગવા જતાં એક પડખાભેર પડી ગયા. કંપવાને લીધે જાતે ઊભા પણ થઈ ના શક્યા. તે દરમિયાન આશ્રમમાં કામ કરતા એક ભાઈનું ધ્યાન તે તરફ જતાં તેમણે શ્રી ઝીણાકાકાને ઊભા કર્યા. પડવાથી તેમનું જમણા હાથનું હાડકું ભાંગી ગયું. આથી, હાથમાં પ્લાસ્ટર રાખ્યું, પરંતુ કંપવાને લીધે હાડકાં સ્થિર રહેતાં ના હોવાથી હાડકું સંધાઈ શકે નહિ. તેથી, તેમાં ખીલી બેસાડવામાં આવી. તા. ૩૦-૧૦-૨૦૦૩ના રોજ મુંબઈમાં ડૉ. બી. એસ. સિંધલને બતાવ્યું. તેમણે દવાનો ડોઝ વધારી આપ્યો. માર્ચ, ૨૦૦૪માં હૃદયરોગ નિષ્ણાત પાસે શ્રી ઝીણાકાકાની ફરી તપાસ કરાવવામાં આવી અને ઈકોકાર્ડિયોગ્રાફીનો ટેસ્ટ કર્યો, પરંતુ રિપોર્ટ બધા નૉર્મલ આવ્યા.

એપ્રિલ, ૨૦૦૪થી શ્રી ઝીણાકાકાને ડાબા પગે ઘૂંટણના સાંધાનો દુખાવો શરૂ થયો. જે દિવસે દિવસે વધતો જ ગયો. આ

માટે વિવિધ ઉપચારો કરાવવામાં આવ્યા. સુરતના બે પ્રખ્યાત હાડકાંના ડૉક્ટરોને બતાવ્યું. તેમણે કહ્યું કે 'હાડકાં ઘસાઈ ગયાં છે'. આથી, શ્રી ઝીણાકાકાને કામચલાઉ રાહત માટે સાંધામાં ઇંજેક્ષનો આપવામાં આવ્યાં અને દુખાવાની ગોળીઓ આપવામાં આવી. તે ઉપરાંત, તેઓ ગરમ રેતીનો શેક પણ કરાવતા. તેમને દુખાવો મટે તે માટે કુંભકોણમ્‌થી માલિશ માટેનું ખાસ તેલ પણ મોકલવામાં આવ્યું. આશ્રમમાં કાયમ આવતા એક ડૉક્ટરે દુઃખતા પગમાં પહેરવાનો ખાસ જાતનો પટ્ટો પહેરાવ્યો અને શ્રી ઝીણાકાકાને ચલાવી જોયા, પરંતુ શ્રી ઝીણાકાકાએ તેમાં ખાસ રસ દાખવ્યો નહિ.

નિષ્ણાત ડૉક્ટરોએ છેલ્લા ઉપાય તરીકે શ્રી ઝીણાકાકાને ઑપરેશનની સલાહ આપી હતી.

***

# ૪૦. યુદ્ધમાં વિજય

ગભરામણ ગમે તે સમયે થઈ આવતી. ક્યાંય જવાનું નક્કી થયું હોય અને ગભરામણ થઈ આવે તો કાર્યક્રમ રદ કરવો પડતો. પૂજ્ય શ્રીમોટા કહેતા, ‘દેવતા ઉપર પગ મૂકીએ તો કેટલી વેદના થાય ? એવી વેદના થાય છે !’ આ દાખલો પૂજ્ય શ્રી ઝીણાકાકા ગભરામણ માટે આપતા. અસહ્ય ગભરામણ થતી ત્યારે દવા લઈને સૂઈ જવું પડતું. ગમે તેટલી ગભરામણ થઈ હોય તે સમયે અમે તેમને ઘસઘસાટ ઊંઘતા જોયા છે. આ એક વિસ્મયકારક વાત છે. એક દિવસ ગભરામણ થઈ આવી એટલે રૂમમાં જતાં જતાં એક સાદું વાક્ય બોલ્યા, ‘ગભરામણ થાય છે. અમે સૂઈ જઈએ’. એ અવાજમાં એટલી મૃદુતા, કરુણા કે શું હતું કે ડૉક્ટરની આંખમાં પાણી આવી  ગયાં ! એ અવાજનું વર્ણન થઈ શકે તેમ નથી. આ ડૉક્ટરની આંખમાં આંસુ આવવાં એ અસામાન્ય પ્રસંગ હતો. આવા  અસામાન્ય પ્રસંગો હવે ઘણા બનતા હતા.

ગમે તેટલી ગભરામણ થતી હોય કે તાવ આવ્યો હોય તોપણ તેમના નિત્યક્રમમાં કદી ફરક પડ્યો ન હતો. સવારમાં પોણાચાર વાગ્યે ઊઠી, રસોડું ખોલી, છોકરાઓને જગાડવાના. દેશી બાવળનું દાંતણ કરવું. ચા પીવી. સ્નાન કરવું. આશ્રમમાં ચાલવાની કસરત કરવી. વરંડામાં બેસવું અને આશ્રમની જરૂરિયાતો અને પ્રવૃત્તિઓ ઉપર નજર રાખવી. રસોડામાં ધ્યાન આપવું. મૌનરૂમોની સેવાક્રમમાં એક સેકંડનો પણ ફરક પડવા ના દેવો. આશ્રમે આવનારને હરિઃૐ બોલી આવકાર આપવો. ચાપાણી માટે પૂછવું. એમના કુટુંબના ખબરઅંતર પૂછવા, ટપાલો જોવી, ઑફિસના કામકાજ ઉપર નજર રાખવી, શહેરમાં અમુક

સ્વજનોને ઘેર સવારે સાત વાગ્યે મહિને-બેમહિને જવું, વર્ષમાં એકબે વખત વડોદરા, નડિયાદ આશ્રમ, પૂજ્ય શ્રી નંદુભાઈને મળવા વિદ્યાનગર જવું. વડોદરાથી દિવાળી પહેલાં આશ્રમના રંગ રોગાન માટે ઉષા પેઈન્ટસ્ કે ગુડલક પેઈન્ટસ્માંથી કલર લાવવો. સવારના પાંચ સાડા પાંચે નીકળી રાત્રે ૮-૯ વાગ્યે એકધારા આરામ કર્યા વગર આશ્રમમાં પાછા ફરતા. તેમની કોઈ પ્રવૃત્તિ હેતુ વગરની ન હતી. પૂજ્ય શ્રીમોટાનાં જૂનાં સ્વજનોને મળવા સરભોણ, વણીશા-પીસાદ, મંગલેશ્વર જઈ આશ્રમ માટે દાન-દક્ષિણા લાવવાં - આ બધા જ કાર્યક્રમમાં ૨૦૦૪ના એપ્રિલથી પગના ઘૂંટણનો દુખાવો શરૂ થયો ત્યાં સુધી કોઈ ફરક પડ્યો ન હતો. હાથપગ ચાલ્યા ત્યાં સુધી કોઈની સેવા લીધી ન હતી. બાજુમાં સ્વજન બેઠેલા હોય તોપણ જાતે જ પાણી પીવા ઊભા થવું, દવા પીવી વગેરે જાતે કરતા. એવી એમની નમ્રતા હતી.

નાની ઉંમરની વ્યક્તિ હોય તો કામ ચીંધે ખરા. ગભરામણ કે બીજી શારીરિક તકલીફ હોય છતાં છેલ્લા દિવસ સુધી તેમની પ્રસન્નચિત્તતા જળવાઈ રહી હતી. ગભરામણ થતી હોય અને વરંડામાં બેઠા હોય ત્યારે પણ પૂજ્ય શ્રીમોટાના, પૂજ્ય શ્રી ભીખુકાકાના અને અન્ય પ્રસંગો કહેતા અને હસતા પણ ખરા. ડૉ. કોકિલાબહેન રમેશભાઈની હૉસ્પિટલમાં દાખલ થયા હતા ત્યારે મળવા આવેલ સ્વજનોને સસલાની વાર્તા કહી સંભળાવી હતી અને બધાંને ખિલખિલાટ હસાવ્યા હતા, તે હજુ યાદ આવે છે. **શરીરના અંત સુધી આશ્રમની સેવા કરતા રહ્યા.**

***

## ૪૧. અંતિમ પ્રયાણ

ડાબા પગના ઘૂંટણનો દુખાવો અસહ્ય થવા લાગ્યો. સાંધા ઉપર સોજો આવી જતો અને ઘૂંટણ લાલ થઈ જતો. જાજરૂ માટે બેસવું અને ચાલવું અશક્ય થઈ ગયું. શ્રી ઝીણાકાકાએ ડૉક્ટરને કહ્યું, 'હવે, આપણે ઑપરેશન કરાવી નાખીએ.' ડૉક્ટરે કહ્યું કે ' આવાં ઑપરેશનો મુંબઈ, અમદાવાદ અને સુરતમાં થાય છે. આપણે ક્યાં કરાવવું છે ?' શ્રી ઝીણાકાકાએ જ નક્કી કર્યું કે 'ઑપરેશન સુરતમાં કરાવવું છે.' સુરતમાં ઑપરેશન કરનારા ડૉક્ટરો અને હૉસ્પિટલોના વિકલ્પો ડૉક્ટરે તેમને જણાવ્યા અને શ્રી ઝીણાકાકાએ ઑપરેશનની તારીખ લઈ લેવા જણાવ્યું. તે મુજબ ઑગસ્ટ, ૨૦૦૪ની તારીખ નક્કી થઈ.

જે દિવસે સાંજે દાખલ થવાનું હતું તે દિવસે સુરતમાં મુશળધાર વરસાદ પડ્યો અને શહેરમાં બધે પાણી ભરાઈ ગયાં. ચોમાસું બરાબર જામ્યું એટલે બીજી તારીખ લીધી. ડૉક્ટરે કહ્યું, 'ઊઘાડ થાય પછી ઑપરેશન કરાવીએ'. શ્રી ઝીણાકાકાએ મક્કમતાથી અસંમતિ બતાવી અને તા. ૧૦-૮-૨૦૦૪ની સાંજે હૉસ્પિટલમાં દાખલ થયા અને બધા જરૂરી ટેસ્ટ અને એક્સ-રે કરાવ્યા. બીજા ડૉક્ટરો આવીને તપાસી ગયા.

તા. ૧૧-૮-૨૦૦૪ની સવારે પાંચ વાગ્યે ઑપરેશન થિયેટરમાં શ્રી ઝીણાકાકાને લાવવામાં આવ્યા. કમરથી નીચેના અંગને બહેરું કરવા મણકા વચ્ચે ઇંજેક્ષન અપાયું. ઑપરેશનની બધી જ વિધિમાં શ્રી ઝીણાકાકા સાક્ષીભાવમાં જ રહ્યા. તેમના મોં ઉપર કોઈ હાવભાવ જોવા મળ્યા ન હતા. ત્રણ સાડા ત્રણ કલાક પછી સ્પેશિયલ રૂમમાં ખસેડવામાં આવ્યા.

તા. ૧૫-૮-૨૦૦૪ સુધી હૉસ્પિટલમાં રહ્યા તે દરમિયાન કસરતના ડૉક્ટર આવતા અને શ્રી ઝીણાકાકાને ચલાવતા. આટલા દિવસ ખોરાક લેવાયો ના હોવાથી ઝાડો થયો ન હતો.

તા. ૧૬-૮-૨૦૦૪ના રોજ હૉસ્પિટલમાંથી રજા આપી. બધાં સ્વજનો ખુશખુશાલ હતાં. પ્રોસ્ટેટને કારણે પેશાબ ઘણી વખત થતો. પગે બાંધેલા પાટા સાથે પથારીમાંથી ઊભા કરી પથારીની બાજુમાં પેશાબ કરાવવો પડતો. અશક્તિ ઘણી હતી. અને કંપવા હોવાથી શરીર ધ્રુજ્યા કરતું હતું. સ્થિતિ ઘણી અસહ્ય હતી. તા. ૧૭-૮-૨૦૦૪ના રોજ ડૉક્ટર, આશ્રમે આવ્યા ત્યારે જોયું કે શ્રી ઝીણાકાકાને ખૂબ પરસેવો થતો હતો અને ખૂબ જ ઊંઘમાં સરી જતા હતા. તપાસ કરતાં જણાયું કે પેશાબ બંધ થઈ ગયો હતો અને પેશાબની કોથળી ભરાઈ ગઈ હતી. તાત્કાલિક કૉર્પોરેશનમાંથી ઍમ્બુલન્સ બોલાવી સાંજે ફરી દાખલ થઈ ગયા. પેશાબ નળી નાખતાં એક લિટર જેટલો પેશાબ નીકળ્યો, પરંતુ બીજી એક તકલીફ શરૂ થઈ. આંતરડાંનું હલનચલન બંધ થઈ ગયું. એટલે પેટ ફૂલવા લાગ્યું. કિડ્ની કામ કરતી બંધ થઈ ગઈ હેડકી આવવા લાગી. એનિમા આપી ઝાડો કરાવવામાં આવ્યો, પણ પેટ ફૂલવાનું ચાલુ જ રહ્યું. એટલે નાકમાંથી પેટમાં નળી ઉતારવામાં આવી. સ્થિતિ બગડવા લાગી. પેટમાં ઉતારેલી નળી વાટે પેટમાંના પાચક રસો બહાર કોથળીમાં આવતા. આંતરડાંનું હલનચલન બંધ થઈ જાય એટલે ખોરાકપાણી બધું જ બંધ કરવું પડે. સ્વજનો નિરાશ થવા લાગ્યાં. સામાન્ય રીતે કોઈ પણ મોટા ઑપરેશન પછી આંતરડાં ૨૪ થી ૪૮ કલાક બંધ થઈ જાય તે પછી મેળે જ ચાલુ થઈ જાય છે, પરંતુ ત્રણ દિવસ વીતી ગયા

છતાં શ્રી ઝીણાકાકાની સ્થિતિમાં સુધારો જણાયો નહિ. એટલે બાજુની હૉસ્પિટલના ICU (Intensive Care Unit) માં તા. ૨૦-૮-૨૦૦૪ના રોજ દાખલ થયા.

ત્યાં નાની સરખી જગ્યા જોઈને શ્રી ઝીણાકાકા બોલ્યા, 'કોઢાર (ઢોરને બાંધવાની જગ્યા)માં ક્યાં લઈ આવ્યા ?' પેશાબની નળી, નાકમાં નળી અને છાતી ઉપર કાર્ડિયાક મૉનિટર (હૃદય માટે)ના વાયરો ! મોંઘાં મોંઘાં ઇંજેક્ષનો- બાટલા દ્વારા અપાતાં હતાં. કંપવાની ગોળીઓ પાણીમાં ઓગાળીને નળીથી આપવામાં આવતી. અનેક નિષ્ણાતો જોવા આવતા. લૅબોરેટરીના રોજેરોજ ટેસ્ટ કરાવતા. પેટની સોનોગ્રાફી કરાવતા. વધારામાં અસહ્ય ખાંસી આવતી હોવાથી છાતીના એક્સ-રે કરાવતા હતા.

સાત દિવસ આઈ. સી. યુ. માં રહ્યા પછી આંતરડાં શરૂ થયાં એટલે સ્પેશિયલ રૂમમાં ખસેડવામાં આવ્યા. ભારે ઇંજેક્ષનો ચાલુ જ હતાં. તેની આડઅસર ચાલુ થઈ અને ઝાડામાં પુષ્કળ લોહી નીકળવા લાગ્યું. ત્રણથી ચાર બૉટલ લોહી આપવામાં આવ્યું અને ભારે ઇંજેક્ષન બંધ કરવાથી લોહીના ઝાડા પણ બંધ થઈ ગયા. સતત દિવસો સુધી પથારીમાં એકધારા સૂવાથી પાછળના ભાગે ચામડીમાં ચાંદાં પડી ગયાં હતાં. તેનું ડ્રેસિંગ સવારસાંજ ચાલતું. હૃદય નબળું પડી ગયું હતું. એટલે એની પણ દવા શરૂ થઈ હતી. થોડો થોડો ખોરાક લેવાનો શરૂ થયો હતો.

તા. ૭-૯-૨૦૦૪ની સવાર પડી. બધાં સ્વજનો આનંદમાં જણાતાં હતાં. પૂજ્ય શ્રી ઝીણાકાકાની આંખ ભીની થઈ અને ડૂમો ભરાઈ આવ્યો હોય એવું લાગ્યું. પછીથી આ લખનારે પૂછયું હતું

કે 'શું થયું હતું ? કેમ ડૂમો ભરાઈ આવ્યો હતો ?' પૂજ્ય શ્રી ઝીણાકાકા બોલ્યા, ' તે દિવસે મને બધાંમાં 'મોટા'નાં દર્શન થતાં હતાં.' રાતદિવસ સ્વજનોએ કરેલી સેવાથી પૂજ્ય શ્રી ઝીણાકાકાને પૂજ્ય શ્રીમોટા માટે કૃતજ્ઞતાનો ભાવ થઈ આવ્યો હતો.

પેશાબની નળી સાથે લગભગ એક મહિનાના હૉસ્પિટલ રોકાણ અને યાતનાઓ પછી તા. ૭-૯-૨૦૦૪ના રોજ રજા આપવામાં આવી.

આશ્રમમાં સ્વજનોની રાતદિવસની સેવાથી તબિયતમાં સુધારો થવા લાગ્યો. પેશાબમાં હજુ ચેપ જણાતો હતો. છેવટે નિષ્ણાત ડૉક્ટરની સલાહથી બિટાડીનથી બ્લેડર વૉશ આપવામાં આવ્યો અને પેશાબ ચોખ્ખો થયો અને પેશાબની નળી કાઢી નાખવામાં આવી.

અશક્તિ ખૂબ જ હતી. બોલવામાં પણ તકલીફ થતી. બિલકુલ બોલાતું નહિ. ધીમે ધીમે ખોરાક લેવાતો થયો. ફેફસાંની કસરત અને પગની કસરત કરાવવામાં આવતી હતી. બ્લડપ્રેશર, પેશાબનું પ્રમાણ વગેરેની ૨૪ કલાકની નોંધ લેવાતી હતી. સ્વજનો રાતદિવસ સેવામાં લાગેલાં જ હતાં.

સારું થતું ગયું તેમ તેમ વ્હીલચૅરમાં બહાર આશ્રમમાં બધે સવારમાં ફરવા લઈ જવામાં આવતા. પાછળના ભાગે પડેલાં ચાંદાં રૂઝાવાં લાગ્યાં હતાં. ધીમે ધીમે રૂમમાં ખુરશી ઉપર બેત્રણ કલાક બેસતા થયા અને પછી રૂમમાં જ વૉકર (ઘોડી)ના ટેકે ટેકે ચાલતા થયા.

તા. ૨૦-૧૦-૨૦૦૪ના પૂજ્ય શ્રી નંદુભાઈના દેહાવસાનના સમાચાર મળ્યા. આ લખનારને પૂજ્ય શ્રી ઝીણાકાકાએ કહ્યું,

'નંદુભાઈ ગયા !' પૂજ્ય શ્રી ઝીણાકાકાની આંખ ભીની થઈ આવી. એવું દૃશ્ય ખૂબ ભાગ્યે જ જોવાં મળતું. તે પછીના દિવસે બોલ્યા હતા, ' નંદુભાઈ ગયા. હવે સૂનું સૂનું લાગે છે.'

તબિયત સુધરતી જતી હતી. હવે હાથ પકડીને સાત નંબરના મૌનરૂમ સુધી ચાલતા જતા અને વરંડામાં પૂજ્ય શ્રીમોટાની ગાદી પાસે નિત્યની જગ્યાએ થોડીવાર બેસતા. સ્વજનોને હવે ખાતરી થઈ ગઈ હતી કે હવે પૂજ્ય શ્રી ઝીણાકાકા ફરીથી પૂર્વવત્ થઈ જશે. આમ છતાં તેઓ કહેતા, 'હવે બહુ બહુ તો દિવાળી સુધી (જીવવાનું) !' રવિવારની પ્રાર્થનામાં બાંકડા ઉપર બેસતા થયા. એક દિવસ ટ્રસ્ટીઓની મિટિંગમાં પણ બેઠા.

રૂમમાં પથારીમાં ખુલ્લી આંખે ઉપર તરફ એકીટશે જોયા રાખતા ત્યારે અમે પૂછતા, 'શું જુઓ છો ? શું દેખાય છે ?' ત્યારે કહેતા, 'અમને બધે મોટા જ દેખાય છે !'

તબિયત સુધરતી હતી એટલે એક દિવસ અમે પૂછ્યું, 'આપણે નડિયાદ ક્યારે જવું છે ?' ત્યારે મૂછમાં હસતાં હસતાં જવાબ આપ્યો, 'ફેબ્રુઆરીમાં.' પૂજ્ય શ્રી નંદુભાઈના દેહાવસાન નિમિત્તે અમને વિદ્યાનગર જવાની ઇચ્છા થઈ આવી એટલે અમે પૂજ્ય શ્રી ઝીણાકાકાને કહ્યું, 'હું જઈ આવું ?' પૂજ્ય શ્રી ઝીણાકાકાએ કહ્યું, 'હા, હા, જઈ આવો. વડોદરા ગુડલકમાંથી કલર પણ લેતા આવજો.' અમે કહ્યું વડોદરા અને નડિયાદ કહી આવું કે ઝીણાકાકા, ફેબ્રુઆરીમાં આવશે.' અમે, ફરીથી પૂછ્યું તો સ્મિત આપ્યા કર્યું. છેવટે બોલ્યા, 'હા, કહી આવજો.'

તા. ૧-૧૧-૨૦૦૪ દિવાળીના દિવસે સવારે સાત વાગ્યે ઑપરેશન કરનાર ડૉક્ટર આશ્રમે આવ્યા. પૂજ્ય શ્રી ઝીણાકાકા

ચોતરા ઉપર ચાલતા આવ્યા અને બાંકડા ઉપર બેઠા. ડૉક્ટરે શક્તિની દવા લખી આપી.

બપોર પછી તબિયત બગડી. જમી ના શક્યા. કોઈને ખબર ના પડી શું થયું.

તા. ૧૩-૧૧-૨૦૦૪ બેસતા વર્ષને દિવસે સ્વજનો રૂમમાં પગે લાગવા લાઈનબંધ આવતા રહ્યાં. પૂજ્ય શ્રી ઝીણાકાકા જમી ના શક્યા. બોલવાનું બંધ કરી દીધું. કોઈને ખબર ના પડી શું થયું. ફિઝિશિયન આવ્યા. તેમણે તપાસ્યા. પૂજ્ય શ્રી ઝીણાકાકા કંઈ બોલતા ન હતા. સાંજે તાવ આવ્યો. પેશાબની તપાસ કરાવી તો તેમાં ચેપ જણાયો.

તા. ૧૪-૧૧-૨૦૦૪ના રોજ તાવની દવાઓ આપી. રાત્રે પેશાબ બંધ થઈ ગયો. રૂમમાં જ બાટલા ચડાવ્યા. ઇંજેક્ષનો આપ્યાં. પેશાબની નળી નાખી, પણ પેશાબ નીકળ્યો નહિ. શ્વાસ ચડવા લાગ્યો. ખૂબ જ પરસેવો વળવા લાગ્યો હતો. રાત્રે એક વાગ્યે મોટરમાં પાછળની સીટ ઉપર સુવડાવી અશક્તાશ્રમ હૉસ્પિટલમાં ICUમાં દાખલ કર્યા. તાવ ઊતર્યા પછી સ્પેશિયલ રૂમમાં રાખ્યા. ત્યાં ફરી તાવ આવ્યો. ખોરાક આપવા નાક વાટે પેટમાં નળી ઉતારવામાં આવી હતી. પેશાબમાં જંતુ આવવાથી તાવ આવતો હતો. અને ગળામાં પુષ્કળ ચીકાશવાળો કફ થયો હતો.ઇંજેક્ષનો આપવાં છતાં તાવ ઊતરતો ન હતો. ફરીથી પહેલાંની જેમ બિટાડીનથી બ્લેડર વૉશ આપ્યો અને તાવ ઊતરી ગયો. નાકમાંથી પેટમાં ઉતારેલી નળી કાઢી નાખવામાં આવી હતી, પરંતુ ખોરાક બંધ થઈ ગયો હતો. એટલે ફરી નળી નાખી. તા. ૯-૧૨-૨૦૦૪ના રોજ રજા આપવામાં આવી. આ વખતે પાછળના

ભાગે ત્રણથી ચાર ઈંચ મોટાં ચાંદાં પડ્યાં હતાં અને ઊંડાં પણ હતાં. તે જોતાં એમ લાગે કે રૂઝ આવતાં મહિનાઓ નીકળી જશે.

આશ્રમે આવ્યા પછી સ્વજનો રાતદિવસ સેવામાં લાગી ગયાં હતાં. પથારીમાંથી ઊઠી શકાતું નહિ. પડખું ફરી શકાતું નહિ. શરીર સાવ કૃશ થઈ ગયું હતું. હાથપગમાં હાડકાં જ દેખાતાં હતાં. ગળામાં ચીકાશ હતી. તે કાઢી શકાતી ન હતી. પુષ્કળ ખાંસી આવ્યા કરતી. અમને મનોમન એમ થતું કે હવે પૂજ્ય શ્રીમોટા તેમને લઈ લે તો સારું. અસહ્ય વેદનાકારી સ્થિતિ હતી. છતાં શ્રી ઝીણાકાકા શાંત પડી રહેતા. અદ્‌ભુત સહનશક્તિ હતી.

તા. ૧૧-૧૨-૨૦૦૪ના રોજ તાવ ફરી દેખાયો. સાંજે બ્લેડર વૉશ આપ્યો. તા.૧૨-૧૨-૨૦૦૪ના રોજ તાવ ચાલુ રહ્યો. દિવસ દરમિયાન તેમની સેવામાં રહેલી નાની બાળકી સામે હસ્યા અને સાંજે ઘરે જતી વખતે બાળકીએ 'આવજો' કહ્યું ત્યારે સામે 'આવજે' બોલ્યા. બ્લેડર વૉશ આપતી વખતે બે વખત સોય બ્લૉક થઈ ગઈ અને બિટાડીનની પિચકારી બહાર છંટાઈ ગઈ. આવું થવું અમને વિચિત્ર લાગ્યું. જાણે કોઈ કહેતું હોય કે હવે બ્લેડર વૉશની જરૂર નથી. તે રાત્રે પૂજ્ય શ્રી ઝીણાકાકા રાત્રિમાં રહેતા સેવકોને બોલ્યા. 'તમારે ઉજાગરો થાય છે !'

તા. ૧૩-૧૨-૨૦૦૪ના રોજ સવારે ડૉક્ટરે નળી વાટે પ્રવાહી ખોરાક અને દવા આપ્યાં. મોઢામાં અને ગળામાં ચાસણીના તાર હોય તેવી ચીકાશ હતી. ડૉક્ટરે આંગળી ઉપર કપડું વીંટી ચીકાશ બની શકે તેટલી દૂર કરી રહ્યા હતા ત્યારે આશ્રમના સ્વજનની નાની બાળકીએ આવી શ્રી ઝીણાકાકાને કહ્યું, 'હરિઃૐ ઝીણાદાદા' પણ જવાબ ના મળ્યો. આથી, થોડી એકદમ નજીક

જઈ ફરીથી બેવાર 'હરિઃૐ' કહ્યું પણ જવાબ મળ્યો નહિ. આથી, તે પાછી ફરવાની તૈયારી કરતી હતી ત્યારે ઓચિંતા ઝબકીને ઊંડાણમાંથી અવાજ આવતો હોય તેમ મોટેથી 'હરિઃૐ' કહી જવાબ આપ્યો. જે એમનો અંતિમ શબ્દ. ત્યાર પછી ડૉક્ટરે આંગળી ઉપર મીઠું લઈ દાંત અને જીભ ઉપર ફેરવ્યું. તેવી રીતે જીભ સાફ કરી, પછી કોગળો કરવા પાણીનો ઘૂંટડો આપ્યો. પણ કોગળો થઈ શક્યો નહિ અને પાણી ગળામાં અટકી ગયું. વિસ્ફારિત આંખે મારી સામે જોયું અને શ્વાસ બંધ થવા લાગ્યો. નાડીના ધબકારા મંદ થવા લાગ્યા. હાજર રહેલાં બધાં અંતિમ શ્વાસોના સાક્ષી બની ઊભા રહ્યાં. ડૉક્ટરે છેવટે ટૉર્ચથી આંખની કીકી જોઈ અને શરીરને નિષ્પ્રાણ જાહેર કર્યું. સવારે ૮.૩૫ વાગ્યે 'હરિઃૐ' આશ્રમનો પ્રાણ અનંતમાં વિરમી ગયો.

ભગવાન શ્રીરામે ચૌદ વર્ષ વનવાસનાં કષ્ટો સેવ્યાં હતાં તેમ પૂજ્ય શ્રી ઝીણાકાકાએ ૧૯૯૦ થી ૨૦૦૪ એમ ચૌદ વર્ષ સુધી શરીરનાં કષ્ટો સેવ્યાં. આટલાં કષ્ટો છતાં ડૉક્ટરો પૂછતાં, કેમ છો ? ત્યારે હંમેશાં કહેતા 'સારું છે !' એમના મોઢા ઉપર ક્યારેય વેદના જોવા મળતી નહિ !

તાત્કાલિક આશ્રમના ટ્રસ્ટીઓ ઉપરાંત, સુરત, લવાછા, મુંબઈ, વડોદરા, અમદાવાદ તથા પરદેશમાં-અમેરિકા અને ઝાંબિયામાં વસતાં સૌ પ્રિય સ્વજનોને આ અંગેની જાણ કરવામાં આવી. જેમ જેમ જાણ થતી ગઈ તેમ તેમ લોકો આશ્રમમાં દોડી આવ્યા. નશ્વર શરીરને વરંડામાં પૂજ્ય શ્રીમોટાના સ્થાન પાસે સુવડાવવામાં આવ્યું. 'હરિઃૐ'ની ધૂન બોલાતી હતી. સૌ સ્વજનોએ શરીરને ફૂલોથી ઢાંકી દીધું. શરીરનો અગ્નિસંસ્કાર

કુરુક્ષેત્ર સ્મશાનમાં સાંજે ચાર વાગ્યે રાખવામાં આવ્યો હતો. અમદાવાદ, વડોદરા, મુંબઈ, નવસારી, વ્યારા, બારડોલી, લવાછા, જ્યાં જ્યાંથી પહોંચી શકાય ત્યાંથી સેંકડો સ્વજનો આવી પહોંચ્યાં હતાં. આખું સ્મશાન ભાઈઓ અને બહેનોના 'હરિઃૐ'ના નાદથી ગુંજી ઊઠ્યું. નશ્વર શરીર પંચમહાભૂતમાં વિલીન થયું. શરીરની રાખ તાપી માતામાં સમાઈ ગઈ. તેમના ૭૮ વર્ષના આયુષ્યમાંથી ૫૦ વર્ષ તાપી માતાના સાંનિધ્યમાં રહીને તેમણે 'હરિઃૐ આશ્રમ'માં પ્રાણ સિંચ્યા હતા. શરીર ભલે વિલીન થયું. આશ્રમનો પ્રાણ તો અહીં જ રહ્યો અને રહેશે.

॥ હરિઃૐ ॥

***

આ સંકલિત પ્રકાશનમાં પૂજ્ય શ્રીમોટાનાં જે જે પુસ્તકોનો આધાર લેવાયો છે,તે પુસ્તકોનાં નામ નીચે મુજબ છે.

જીવનગીતા, જીવનપગથી, જીવનમંડાણ, જીવનપ્રવેશ, જીવનદર્શન, જીવનપોકાર, જીવનસંશોધન,જીવનસોપાન, જીવનમંથન, જીવનપ્રેરણા, જીવનસંદેશ, જીવનપગરણ, શ્રીસદ્‌ગુરુ, સંતહૃદય, નિમિત્ત, પ્રસન્નતા, મોહ, શ્રીમોટાની મહત્તા, મૌનએકાંતની કેડીએ, મૌનમંદિરનો મર્મ, આશ્રમની અટારીએથી, સમય સાથે સમાધાન, મોટાવાણી ભાગ-૧૩,

- સંકલનકર્તા

## ૪૨. અંતિમ ઈચ્છા

(તા. ૨૭-૧૦-૨૦૦૪ના રોજ સવારે ૮-૧૦ કલાકે કરસનભાઈ પટેલ, નિરંજનભાઈ રંગૂનવાળા, જયંતીભાઈ તમાકુવાળા અને ઘીમંતભાઈ ઘીવાળા વગેરેની પૂ. શ્રી ઝીણાકાકા સાથે કરેલ પ્રશ્નોત્તરીના કેટલાક અંશ.)

**પ્રશ્ન :** કેટલાંક સ્વજનો તમારી યાદગીરી માટે તમારી વસ્તુઓ માંગે, જેમ કે તમારી લુંગી, પહેરણ, કપડાં માંગે તો શું કરવાનું ?

**ઉત્તર :** કપડાં આપવાનાં.

**પ્રશ્ન :** ચંપલ, પગરખાં, ચશ્માં.

**ઉત્તર :** આપવાનાં.

**પ્રશ્ન :** લાકડી.

**ઉત્તર :** લાકડી નથી.

**પ્રશ્ન :** વૉકર. વૉકર સાથે તમે જોડાયેલા છો. ફરવાની ખુરશી.

**ઉત્તર :** ના.

**પ્રશ્ન :** આ બધી સાધનસામગ્રી છે. મને એકવાર રંગઅવધૂત મહારાજ સુરતમાં જ્યાં ઊતરતા હતા મોહનભાઈની વાડીમાં તે મોહનભાઈ વાડીમાં લઈ ગયા. ત્યાં ભંડારિયામાં જે સામાન ભર્યો છે. મેં પૂછ્યું કેમ આમ ? તો કહે રંગઅવધૂત મહારાજ આ બધી વસ્તુઓ વાપરતા હતા. આ બધી વસ્તુઓ સાચવી રાખી છે, પણ તેની સ્થિતિ સારી નથી. સમય જતાં આ બધી વસ્તુઓને કાટ લાગ્યો છે, ઝાંખી પડી ગઈ છે. ધૂળ ચડી ગઈ છે.

મોહનકાકાને રંગઅવધૂત મહારાજ પ્રત્યે ખૂબ જ ભાવ, પણ હવે ઉંમર થઈ એટલે એની દેખભાળ કરનાર કોઈ નથી. આ બધાં કારણસર કોઈ એમ કહે છે કે ઝીણાકાકાની આ બધી ચીજો એમ ને એમ રાખો, તેમનો હૉલ એમ ને એમ રાખો. (કાકા વચ્ચે જ ઉત્તર આપે છે - કશું કરવાનું નથી. કશું કરવાનું નથી. બે વાર)

**પ્રશ્ન :** આ હૉલ તમારે કાયમી રાખવાનો નહિ તેવી સૂચના નથીને ?

**ઉત્તર :** ના, એવી સૂચના નથી.

**પ્રશ્ન :** કેમ મોટાએ પોતાનો રૂમ રાખ્યો ? મોટાએ પણ પોતાનો રૂમ ક્યાં રાખ્યો ? પણ તમારી ઇચ્છા હોય તો અમે તો તમારો રૂમ રાખીશું.

**ઉત્તર :** બિલકુલ નહિ.

**પ્રશ્ન :** નહિ એટલે, જે ચીજો તમારી છે, તે બધી વિસર્જન કરી દેવાની ?

**ઉત્તર :** જે આપી શકાય હોય તે જ.

**પ્રશ્ન :** માંગનારા વધી જાય અને ચીજ વસ્તુઓ ઓછી હોય તો ? એવા સંજોગોમાં શું કરવું ? એવું થાય તો ડૉ. અનિલભાઈ નક્કી કરશે કે પછી ટ્રસ્ટીઓ નક્કી કરશે ?

**ઉત્તર :** ટ્રસ્ટીઓ નક્કી કરશે.

**પ્રશ્ન :** માંગનારા વધારે હશે તો ટ્રસ્ટીઓ લિસ્ટ બનાવશે અને ચિઠ્ઠીઓ બનાવીને પછી ઉપાડવાની. જેના નસીબમાં જે ચિઠ્ઠીની વસ્તુઓ આવે તે લેશે બરાબર...

**ઉત્તર :** હા.

**પ્રશ્ન :** હવે, આશ્રમમાં તમારી યાદગીરી જળવાઈ રહે એટલા માટે અમારે શું કરવાનું ? તમારો ફોટો અમારે ક્યાંક મૂકવો હોય, તમારી ખુરશી રાખવી હોય તો તમારો ફોટો અમારે ક્યાં મૂકવો ?

**ઉત્તર :** કાંઈ કરવાનું નહિ. ફોટોયે મૂકવાની જરૂર નહિ.

**પ્રશ્ન :** જરૂર નહિ એ તો તમે કહો છો, પણ અમારે મૂકવો હોય તો ?

**ઉત્તર :** રિવાજ નથી આશ્રમમાં.

**પ્રશ્ન :** વાત સાચી છે બિલકુલ તમારી, પણ લોકો કહે કે ઝીણાકાકાએ જિંદગી આખી આશ્રમ માટે ખર્ચી નાખી અને તમે એક ફોટોય ના રાખો આશ્રમમાં એમ કહેને ?

**ઉત્તર :** મોટાએ ના પાડેલી.

**પ્રશ્ન :** મોટાએ ના પાડી હતી ?

**ઉત્તર :** ફોટો મૂકવાની.

**પ્રશ્ન :** બરાબર, એટલે ત્યાં તમે બેસતા હતા તે ખુરશી જાળવી રાખીએ ?

**ઉત્તર :** ના. વેચી દેવાની. પૈસા આવે તે આશ્રમને કામ લાગે.

**પ્રશ્ન :** હસીને...સારું સારું સારું.
હવે તમારી જે ચીજવસ્તુઓ છે, જે આપી શકાય એવી હોય તે બધાંને આપવાની, જે વેચી શકાય એવી હોય તે વેચીને તેના પૈસા આશ્રમમાં જમા કરાવવાના ?

**ઉત્તર :** આશ્રમમાં જમા કરાવવાના.

**પ્રશ્ન :** હવે બીજી તમારી સૂચના હોય તો કહો ? તમારી કંઈ સૂચના, ઈચ્છાઓ, કંઈક વિચારતા હોવ કે આ રીતે કરો

એવું કંઈ હોય તો ?

**ઉત્તર :** એવી તો કોઈ ખાસ સૂચના નથી. જે છે તે બધું મોટાનું છે. મારે નામે આશ્રમનું સ્કૂટર ચાલે છે, તે આશ્રમનું છે.

**પ્રશ્ન :** એટલે જે કાંઈ વાહનો છે, તે આશ્રમનાં જ છે. એટલે તે આશ્રમનાં નામે ટ્રાન્સફર કરી દેવાનાં. બરાબર.

**ઉત્તર :** હા, બરાબર.

**પ્રશ્ન :** બીજી કોઈ સૂચના હોય તો કે મારી સમાધિ બનાવજો કે ઓટલો બનાવજો તો ?

**ઉત્તર :** (હસતાં હસતાં) ના, એવી કોઈ સમાધિ બનાવવાની જરૂર નથી.

**પ્રશ્ન :** આપણે તો ચોખવટ કરી લેવાની, કોઈ કાલે એમ કહે અમારે તો અહીં ઝીણાકાકાનો ઓટલો કરવો છે અને ઓટલામાં ત્યાં અમે ઝીણાકાકાનો ફોટો મૂકીશું.

**ઉત્તર :** કંઈ કશું કંઈ કરવાનું નથી. કંઈ નહિ.

**પ્રશ્ન :** આ શું ઝીણાકાકા, કાલે ઊઠીનૈ આવા કોઈ પ્રશ્નો ઊભા થાય ત્યારે અમે કહી શકીએ કે આ બધું ઝીણાકાકાની ઈચ્છા પ્રમાણે કરીએ છીએ. તમે જો એમ કહો કે કરવાનું, તો અમારી તૈયારી છે.

**ઉત્તર :** ના. ના પાડવાની.

**પ્રશ્ન :** કાલે કોઈ એમ કહે કે, તમે ટ્રસ્ટી તો ઘેર જઈને સૂઈ જાઓ છો, કાકાએ અમને કહેલું તો તે વખતે આ ચોખવટ કરી શકાય.

**ઉત્તર :** હા, આ ટેપ છે.

**પ્રશ્ન :** ભવિષ્યમાં કોઈ ગેરસમજૂતી ના થાય, કોઈનાં દિલ ના

દુભાય અને અમને પણ એમ થાય કે તમે આશ્રમમાં રહી આટલાં વર્ષો સુધી આખી જિંદગી સેવા કરી તો અમારી પણ એક ફરજ બને છે કે તમારી જે ઇચ્છાઓ હોય તે રીતે વર્તીએ. એટલે આ બધા સવાલો તમને તમારા અંગે પૂછ્યા. આ તો કોઈ એમ કહેતું આવે કે ઝીણાકાકાની ઇચ્છા આમ હતી તો અમને એમ કહેવા ચાલે કે આ રૅકૉર્ડિંગ છે.

**ઉત્તર :** હા, આ છે જ બરાબર.

**પ્રશ્ન :** હવે તમારી કોઈ ખાસ ઇચ્છા હોય તો જણાવો.

**ઉત્તર :** કોઈ એવી ઇચ્છા નથી કે આમ કરો, તેમ કરો.

**પ્રશ્ન :** કશું જ નહિ.

**ઉત્તર :** ના. ટ્રસ્ટીમંડળ કરે તે.

**પ્રશ્ન :** બરાબર છે. અમને કહો તો અમને આનંદ થાય એમ કરવાનો.

**ઉત્તર :** કોઈ ઇચ્છા નથી એવી.

***

## ૪૩. પૂજ્ય શ્રી ઝીણાકાકાના જીવનની મહત્ત્વની ઘટનાઓ

**નામ :** ઝીણાભાઈ (ખરું નામ : મણિલાલ)

**જન્મ :** તા. ૬-૫-૧૯૨૬, વૈશાખ સુદ ચૌદસને બુધવાર.

**પિતાનું નામ :** મકનજીભાઈ પ્રેમાભાઈ પટેલ.

**માતાનું નામ :** જીવીબહેન

**અભ્યાસ :** ચાર ધોરણ- અધૂરું.

**પ્રવૃત્તિ :** આકાશી ખેતી, ખેતરમાં છૂટક મજૂરી, લાકડાં વેચવાનો ધંધો.

**તાડી કેંદ્રમાં :** તરવાડાનું કામ, ૧૯૪૪ થી ૧૯૪૭.

**લગ્ન :** માતાની ઈચ્છા પૂરી કરવા લગ્ન માટે રાજી થયા, પરંતુ ઈશ્વર ઇચ્છાથી લગ્નમાંથી આબાદ બચાવ.

**માતાનું મૃત્યુ :** ૧૯૪૮

**નીરા કેંદ્રમાં :** તરવાડા તરીકે ૧૯૫૦ થી ૧૯૫૬ સુધી.

**પૂ. શ્રીમોટાનો પ્રથમ સ્પર્શ :** ૧૯૫૩માં પૂજ્ય શ્રીમોટાનું પુસ્તક ‘જીવન પગરણ’ વાંચવાથી.

**પૂ. શ્રીમોટાનાં પ્રથમ દર્શન :** તા. ૧-૩-૧૯૫૪માં શ્રીરામસ્વરૂપે સુરત રેલવે સ્ટેશને ટ્રેનના ડબ્બામાં.

**પ્રથમ મૌનસાધના** : કુરુક્ષેત્ર સ્મશાન સામે, મે, ૧૯૫૪, તે પછી શ્રીમોટા સાથે પત્રનિવેદન સાધનાની શરૂઆત.

**દ્વિતીય મૌન :** ઑગસ્ટ, ૧૯૫૪માં લવાછા ખેતરની ઝૂંપડીમાં.

**પૂ. શ્રીમોટાનાં દ્વિતીય દર્શન :** સપ્ટેમ્બર, ૧૯૫૪માં કતારગામ શ્રી ભીખુકાકાના ઘરે, પણ પૂ. શ્રીમોટાને ઓળખી ના શક્યા.

**કુરુક્ષેત્રમાં મૌનાર્થીની સેવામાં :** ૧૯૫૫, માર્ચથી મે.

**કુરુક્ષેત્રમાં આશ્રમ માટેની જમીન સુધારણા :** મે, ૧૯૫૫ પછી લવાછાથી સાઈકલ ઉપર આવતા.

**પૂ. શ્રીમોટાએ આશ્રમ માટે પસંદ કર્યા :** તા. ૨-૭-૧૯૫૫

**પૂ. શ્રીમોટાની સેવામાં પ્રથમ વખત :** સપ્ટેમ્બર, ૧૯૫૫માં રૂવાળા ટેકરે વીસ દિવસ.

**પ્રથમ વખત નડિયાદ આશ્રમ :** નવેમ્બર, ૧૯૫૫

**પૂ.શ્રીમોટા, નીરાબનમાં અને રાત્રિ રોકાણ :** ડિસેમ્બર, ૧૯૫૫. શ્રી ઝીણાભાઈને મળવા આવ્યા.

**તૃતીય મૌન પૂ. શ્રીમોટાનો ગૃહત્યાગનો હુકમ :** માર્ચ, ૧૯૫૬

**નીરામંડળીમાંથી રાજીનામું અને કુરુક્ષેત્રમાં કાયમી નિવાસ. પહેલાં સ્મશાન સામે ધર્મશાળામાં પછી પૂજારીના મકાનમાં :** એપ્રિલ, ૧૯૫૬થી.

**સુરત, હરિઃૐ આશ્રમનું ભૂમિપૂજન અને ચેતનાની પ્રાણપ્રતિષ્ઠા :** તા. ૨૩-૪-૧૯૫૬ રાત્રે ૧૨ વાગ્યે

**આશ્રમનું બાંધકામ** : નવેમ્બર, ૧૯૫૬થી માર્ચ ૧૯૫૭

**ઝૂંપડામાંથી આશ્રમમાં નિવાસ :** જૂન, ૧૯૫૭થી

**મૌનરૂમોની શરૂઆત :** તા. ૧૬-૮-૧૯૫૯માં વીજળી આવ્યા પછી.

**પૂ. શ્રીમોટાએ અંગ્રેજી સિનેમા ટેનકમાન્ડમેન્ટસ્ જોવા મોકલ્યા :** જાન્યુઆરી, ૧૯૬૦

**આશ્રમ માટે અનાજ ઉઘરાવ્યું :** ૧૯૬૧થી

**દક્ષિણ ભારત યાત્રા :** ૧૯૬૧

**હરિઃૐ આશ્રમ ટ્રસ્ટની સ્થાપના :** ૧૯૬૨થી

**શ્રી ઝીણાભાઈ ટ્રસ્ટી તરીકે :** તા. ૨૮-૩-૧૯૬૨

**ઉત્તર ભારત યાત્રા :** ૧૯૬૪

**પશ્ચિમ ભારત યાત્રા** : ૧૯૬૮

**પૂ. શ્રીમોટાએ ‘કૃપા’ પુસ્તકમાં ‘ભાવાંજલિ’ આપી** : ૧૯૭૨

**મૅનેજિંગ ટ્રસ્ટી તરીકે :** તા. ૧૧-૧૦-૧૯૮૭

**બીમારીઓની શરૂઆત** : ઑગસ્ટ, ૧૯૯૦થી

**બીમારીઓ :** ઝેરી મલેરિયા, ગભરામણ, આંખમાં મોતિયા, કંપવા, પ્રોસ્ટેટ, ચામડીની એલર્જી, હાથે ફ્રેક્ચર, ડાબા પગે ઘૂંટણનો વા.

**પ્રથમ અને એકમાત્ર હવાઈ જહાજ યાત્રા :** તા. ૧૧-૫-૧૯૯૨, મુંબઈથી મદ્રાસ અને મદ્રાસથી મુંબઈ.

**લવાછામાં દીક્ષાદિન :** તા. ૩૧-૧-૧૯૯૩

**ઉત્સવ અને તેમના નામની માધ્યમિક શાળાની નામકરણવિધિ :** શ્રી નંદુભાઈના હસ્તે

**મૅનેજિંગ ટ્રસ્ટીમાંથી રાજીનામું :** તા. ૧૪-૨-૧૯૯૫

**ડાબા પગના ઘૂંટણનું ઑપરેશન :** તા. ૧૧-૮-૨૦૦૪

દેહત્યાગ : તા. ૧૩-૧૨-૨૦૦૪

***

# હરિ ! હું શું કરું રે ?

હરિ ! હું શું કરું રે ? મુજને ચેન પડે નવ ક્યાંયે...ટેક.

ચિત્ત ચોંટે મુજ કોઈ વિશે ના, મનો મથામણ ભારે,
કાં હડસેલી મુજને મૂક્યો, વહેણ વમળમાં ભારે. હરિ.

સુંદર મેળ હતો જામેલો, મુજ જીવનનો બાપુ,
કોણે મારું ઘર વણસાવ્યું, હતું જે લીપ્યું ગૂપ્યું. ? હરિ.

જીવનપથમાં ક્યાંથી આવ્યાં, સૂકાં રણ મેદાનો ?
રસકસ મારા ઊડી ગયા ક્યાં ? ક્યાંથી આ તોફાનો ? હરિ.

ડામાડોળ થતી મુજ નૌકા, ચઢ્યું મુજ મન વંટોળે
નિવૃત્તિ પ્રવૃત્તિ વચ્ચે, કાં સપડાવી મારે ? હરિ.

જેમ સૂઝ્યું તેમ દીધે રાખ્યું, મદાર તુજ પર બાંધી,
હાવાં કાં અથડાવી મારે, આવી જ્યાં મને આંધી ? હરિ.

**- શ્રીમોટા**

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતી મહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઈંદ્રિયોના વિષયમાં,
અમ શરીર કેરા રોમરોમે, હૃદય કેરા લોહીમાં,
રગ રગ મહીં, નખશિખ મહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટ રસ તણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણા મહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશા માંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવન-પટ તણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુ-પદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતવન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતવન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતવન રહ્યાં કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦:** દક્ષિણભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હ્દયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહ્ય્દય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

१७. दुर्लभ देह मनुष्यनो २००७
१८. दैवासुर संग्राम २००७
१९. प्रसादी (गुजराती) २००८
२०. पूज्य श्रीमोटाना बे बोल २०१४
(तमाम पुस्तकोमांथी लेखकना बे बोलनुं स्वतंत्र पुस्तक)
२१. जीवनयोग भाग १ अने २ २०१६
२२. बुद्धि २०१७

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |


●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિ:ૐ ॥



॥હરિ:ૐ॥

# ભાવાંજલિ

## વહાલા ઝીણાભાઈને ચરણે...

(અનુષ્ટુપ)

આશ્રમની પહેલાંયે જેની પસંદગી થઈ,
કેવા કેવા તબક્કામાં તપશ્ચર્યા કર્યા કરી.

નિર્મોહી પૂર્ણ નિર્લોભી, સદ્‌ભાવ-ધારી જીવને,
જે જે મળે બધાંનેયે ચાહ્યા કરે ખરા દિલે.

આશ્રમ કાજ તો કષ્ટો કેવાં કેવાં સહ્યાં ચહી,
ફરિયાદતણો શબ્દ કાઢ્યો એકકે ન મુખથી.

એવા મને મળ્યા પોતે સંભાળવા જ આશ્રમ,
એવાને ચરણે હર્ષે ધરું ભાવાંજલિ પદ.

*'કૃપા', પ્રથમ આવૃત્તિ (સંકલન)*

- મોટા

કિંમત : રૂ. ૨૦/-